દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

શ્રીગુરુલીલામૃતનું ગદ્યાંતર



ભાગ-૧
અધ્યાય ૧થી૧૯

ગદ્યકર્તા
પ્રા.કુલીન ગ. ઉપાધ્યાય



(ઓવી)

''મૂળે **ૐ** બ્રહ્મ નિર્ગુણ ॥ ન થઈ, તિહાં અહં-સ્ફુરણ ॥ એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ॥ તદધ્યક્ષ શ્રીદત્ત ॥૧॥
પ્રાચી **ન** તત્ત્વ આ તો અતિ ॥ માને નૂતન અલ્પમતિ ॥ ચર્ચા માંહે આયુષ્યક્ષતિ ॥ કરે અતિ અજ્ઞાને ॥૨॥
રે ના **મો** અનેક એક નામી ॥ રામ કૃષ્ણ જે અનામી ॥ તે જ દત્ત સ્મર્તૃગામી ॥ આપ્યું જેણે આ બધું ॥૩॥
જેને **ભ** જન સાથે કામ ॥ તેને ચર્ચા છે હરામ ॥ બીજા જે કો ચર્ચાકામ ॥ લડવા દે તેમને ॥૪॥
ચાલે **ગ** તિ ન ત્યાં તર્કોની ॥ અગમ્ય લીલા એ પ્રભુની ॥ થાક્યા વર્ણવી સંતો ઝીણી ॥ ગાઈ વીણી અલ્પ ત્યાં ॥૫॥
સુખે **વ** ધો સંતોચ્છિષ્ટ ॥ સેવે સભાગી જે કો શિષ્ટ ॥ નિંદે ભલે ગ્રહદુષ્ટ ॥ માનું કષ્ટ ન કદા ॥૬॥
ગુરુ **તે** જ ઈશ્વર ॥ દત્ત ત્રિમૂર્તિ નિર્ધાર ॥ તલ્લીલાનો વિસ્તાર ॥ કલિતાર જાણ આ ॥૭॥
એકં **દ** ર ગ્રંથસંખ્યા ॥ ઊનવિંશતિ સહસ્ર લખ્યા ॥ દોહા ત્રણ કાંડે ભાખ્યા ॥ જ્ઞાન કર્મ ઉપાસના ॥૮॥
યત્સ **ત્તા** થી વર્તે દેહ ॥ તત્સેવામાં અર્પી એહ ॥ મન બુદ્ધિ ઇંદ્રિય સહ ॥ કર્યું સ્તવન તેહનું ॥૯॥
પદં ત્રે ધા નિદધે ॥ એમ વર્ણવ્યો જેને વેદે ॥ તે જ એક ત્રિધા ભેદે ॥ ગાયો સંદેહ મૂકી ॥૧૦॥
જેની **યા** દૃશ ભાવના ॥ ફળ તાદૃશ તેને શાણા ॥ અકર્મીના પડિયા કાણા ॥ શબ્દ ઘણા શું કરે ॥૧૧॥
ગંગા **ય** મુના વાચ્યભેદે ॥ લીલા વિધવિધ લક્ષ્યાભેદે ॥ રામકૃષ્ણદત્તાભેદે ॥ ભેદે લીલામાં તથા ॥૧૨॥
તત્સત્**ૐ** માટે તપસી ॥ રહ્યો અવધૂત બધે હસી ॥ વૃથા લેખિની વૃથા મસી ॥ જો પેસી અંતરે ॥૧૩॥''

- રંગ અવધૂત

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'RAHH' RANGPREM NI
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ-૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : શ્રી હર્ષલ કુલીન. ઉપાધ્યાય
'વરેણ્યમ્',
૬/એ, કલ્પતરુ સોસાયટી,
અંકુર, અમદાવાદ. ૩૮૦ ૦૧૩.
(૦૭૯-૭૪૮૦૦૮૮)

આવૃત્તિ : દ્વિતીય
રક્ષાબંધન, ૨૦૫૯.
મંગળવાર, ૧૨-૦૮-૨૦૦૩.

પ્રત : ૫૦૦

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી
શ્રી રંગ પરિવાર, ન્યુજર્સી, અમેરિકાના સૌજન્યથી.

ત્રીસ રૂપિયા

આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથએ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભકતો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણા દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણા ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભકતો મુશ્કેલી અનુભવતા હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કીશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આજ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભકતો તેમના કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાના-મોટા ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં ગઇ સાલ પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ . એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવા કાર્યો કરવાની મતિ, શક્તિ અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથ એમના માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડીને એમણે અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઉતરો તેવી મનીષા સહ.

ૐ
પ્રેમ

અવધૂત કુટિર
લીંચ (૩૮૪ ૪૩૫)
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છે કારણકે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણીવાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા,પરંતુ તે બધાંએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા.કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ.પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્‌ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **ગદ્યં કવીનાં નિકષં વદન્તિ** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રીકુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદુ છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

૨૮-૬-૨૦૦૩ - ધીરુભાઇ જોષી

ગ્રંથકર્તાનું નિવેદન

પરબ્રહ્મના મૂર્ત સ્વરૂપ પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ વિરચિત શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ગ્રંથ છે. સમાધિભાષામાં લખાયેલા આ ગ્રંથમાં **૧૯૦૦૫** દોહરા છે અને જ્ઞાન, કર્મ અને ઉપાસના એવા ત્રણ કાંડમાં વિભાજીત છે.

આ ગ્રંથનું પારાયણ કરનાર શ્રદ્ધાથી પારાયણ તો કરે છે પણ ઘણા દોહરા સમજી શકતો ન હોવાથી અમૂંઝણ અનુભવે છે. આનું ગ્રંથાંતર થાય તો મૂંઝવણ હળવી બને એવું વિચારીને પૂ.પ્રેમ અવધૂતજીએ ગ્રંથાંતર કરવાની આજ્ઞા કરી.

ઈશ્વરની કૃપા અને ગુરુદેવના આશીર્વાદથી આ કાર્ય ઝડપથી પૂર્ણ થયું. આ પ્રથમ ખંડનું સમગ્ર ગ્રંથાંતર અને પ્રેસકોપી પણ પુનામાં જ તૈયાર થયા એ પણ ઈશ્વરીય લીલાનો જ ભાગ છે.સપ્તાહ પારાયણને અનુલક્ષીને સાત ખંડમાં ગ્રંથાંતર પ્રકાશિત કરવાનું વિચાર્યું. આ પ્રથમ ખંડમાં પહેલા દિવસ માટે નક્કી થયેલા અધ્યાય- ૧ થી ૧૯નું ગ્રંથાંતર છે.

મારા પૂ.પિતાશ્રી ગણપતિશંકર ભાળચંદ્ર ઉપાધ્યાયે (પાપીગણુ) શ્રીગુરુલીલામૃતનો બે વાર ગદ્યમાં સારાંશ લખ્યો હતો. એમણે કરેલી પુણ્યની એ કમાણીના જોરે જ મેં આ સમગ્ર ગ્રંથનું ગ્રંથાંતર કર્યું છે એવી મારી લાગણી છે અને તેથી પ્રથમ ખંડ એમની સ્મૃતિમાં બહાર પાડવાની મને ભાવના જાગી અને પૂ. પ્રેમ અવધૂતજીએ એ વાતને સ્વીકારી પણ ખરી.

આ ખંડનું સમગ્ર લખાણ તૈયાર થયું પછી દેવની ઇચ્છાથી એનું કમ્પોઝ કરવાનું કાર્ય પણ મારા ભત્રીજા **રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાયે** કર્યું. ભગવાનની કૃપાથી ગ્રંથાંતરનું સમગ્ર કાર્ય અનુષ્ઠાનના રૂપમાં થયું અને એનું કમ્પોઝનું કામ પણ અનુષ્ઠાનના રૂપમાં જ થયું હતું એનો મને ઘણો આનંદ છે. મારા નાનાભાઇ **રાજેન્દ્રનું** આ **ષષ્ઠિપૂર્તિનું વર્ષ** છે. આ કાર્યમાં એના સમગ્ર પરિવારે પોતાના દાદાની સ્મૃતિમાં તૈયાર થતા ગ્રંથનું કાર્ય એક લહાવો માનીને સ્વીકારી લીધું. ભગવાનની કૃપા વગર આ શક્ય નથી.

આ ગ્રંથ તૈયાર કરવામાં મને મદદરૂપ બનેલા બધાનો હું અત્યંત ઋણી છું.

પૂ.શ્રીપ્રેમ અવધૂતજીએ આજ્ઞા કરીને કાર્ય કરવા પ્રેર્યો અને સમગ્ર લખાણ ધ્યાનપૂર્વક તપાસીને માર્ગદર્શન આપ્યું તથા આશીર્વચન લખી આપ્યાં એ માટે હું એમનો ઋણી છું.

મુ.ડૉ.ધીરુભાઈએ 'આવકાર' લખી આપીને, પ્રૂફ તપાસી આપીને અને દરેક બાબતમાં માર્ગદર્શન આપીને ઋણી બનાવ્યો છે. તેમનો પણ આભાર માનું છું.**મુ. નવનીતભાઇ પાઠક** તથા **મુ.ડૉ. સુભાષભાઇ દવે**નો પણ ખૂબ ખૂબ આભારી છું. બન્ને વડીલોએ અંગત રસ દાખવીને ગ્રંથની ઉપયોગીતા વધે એવી મદદ કરી છે.

પોતાના જ માન્યા હોવા છતાં આ પ્રસંગે જેમનો આભાર ન માનું તો હું નગુણો ગણાઉં એવા **મુ.અનિલભાઇ** શ્રોફનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

આ કાર્યમાં મદદરૂપ બનનાર **સૌ.અંજનીનો, પુત્ર હર્ષલનો અને પુત્રવધૂ સૌ.જૂઇ**નો પણ આભારી છું. મારી પૌત્રી **નિર્જરી** પણ "તમને પ્રેમુદાદાએ આટલું બધું લેસન આપ્યું છે?" એમ પૂછીને મારી સાથે લેસન કરવા બેસી મને હિંમત આપતી એવું લાગતું. એનું પણ સદ્‌ભાગ્ય છે કે આ કાર્યની એ સાક્ષી બની છે.

આ ગ્રંથને પ્રકાશિત કરવાની જવાબદારી સંભાળવા માટે પરિવારનો આભારી છું.

પ્રેસનું કાર્ય સંભાળનાર **શ્રીઇન્દ્રવદનભાઇ પટેલ**નો પણ આભારી છું.

- **કુલીન ગ. ઉપાધ્યાય**

અર્પણ

ગુરુદેવ ! દયાસિન્ધો સર્વવેદાન્તસાગર |
તુભ્યં દેયં ન પશ્યામિ કિંચિદત્ર ન મામપિ ||

તોચે

(માલિકની વાડીનાં ફૂલ માલિકને અર્પાય છે. - એ રાહ.)

માલિક તું, તારો બગીચો, ફૂલડાં તારાં પ્રભુ !
કૃતિહારમાં વીણી ગૂંથ્યાં છે, અર્પવાને હે વિભુ !

સિંચન કર્યું જળ અશ્રુનું, વારિ પ્રણયનાં પાઇને,
તુજ ચરણકમળે અર્પતાં રે ! હૈયું મુજ હરખાય છે.

આ છે પ્રસાદી તાહરી એમાં કશું મારું નથી,
તેમાં નવાઇ ના જરી પણ વાત સાચી પ્રીતની.

કીધી કૃતિ, થઇ આકૃતિ, જાણી સ્વકૃતિ નાથની,
જે જે લખાયું છે સ્વયં, એ વાત તારા હાથની.

ગુરુદેવ ! છો સર્વસ્વ મારે, જીવનભરના સારથી,
હું સ્વાર્થ પ્રેર્યો તો ય અર્પું હર્ષ ને ઉલ્લાસથી.

વિખરાય ના ફૂલડાં પ્રભુ ! પાપી ગણુની પ્રાર્થના,
સ્વીકારજો હે નાથ ! મારી આરતી, ના યાચના.

ગણપતિશંકર ઉપાધ્યાય.

સમર્પણ

દાદા દાદી ચરણકમળમાં મૂકી દઇને શીશ,
અર્પણ કરતાં ગ્રંથ, આપજો હૈયાના આશિષ.
તમ ફૂલવાડી કેરા ફૂલડાં મહેકે એવું કરજો,
ના વિખરાયે, ના કરમાયે એવી ફોરમ ભરજો.

કશ્યપ દેસાઇ — હર્ષલ ઉપાધ્યાય
સૌ.હેતલ દેસાઇ — સૌ.જૂઇ ઉપાધ્યાય
હીર દેસાઇ — નિર્જરી ઉપાધ્યાય

●



માલાકમંડલુરધઃ કરપદ્મયુગમે
મધ્યસ્થ પાણિયુગલે ડમરુ ત્રિશૂલે ।
યસ્ય સ્ત ઊદર્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્ક યુક્તમ્ ॥



મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્
દિવ્યૌજસા દિપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિનિત્યમ્ ॥



પ્રેમ અવધૂત (લીંચ)

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રંગાશયજ્ઞં સ્મિતયુતવદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબંધું શરણગતજન-પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરૈફમ્ ॥



પ્રકાશાનંદજી મહારાજ



પાગલ મહારાજ



રંગઅવધૂત મહારાજ



સ્વ. શ્રી ગણપતિશંકર ઉપાધ્યાય

સ્વ. સૌ. જયાબેન ઉપાધ્યાય

તત્ પ્રકાશ ને ત્વં પદ પાગલ, અસિ રંગથી તત્ત્વમસિ,
પાપીગણુના ગુરુત્રિતય આ, અંતરમાં તો રહ્યા વસી.
માત-પિતાના ચરણકમળમાં, શીશ નમાવે કુલીનગણુ,
જયા-ગણુનો પ્રેમમળ્યો, તે માને જાણે મળ્યું ઘણું.

કુલીન ઉપાધ્યાય

વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઇને હાથમાં,
તું પાન કર, પીવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત વાસુદેવના શ્રીપાદપદ્મે વંદના. .....(૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી રંગના ચરણારવિંદે વંદના. .....(૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીના છાંટણા,
એ સદ્‌ગુરુ શ્રીપ્રેમના પાદાબ્જે હો મમ વંદના. .....(૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ દત્તાત્રેયના હો ચરણકંજે વંદના. .....(૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઇ ગાણગાપુર વાડીમાં કંઇ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભકતો, હર્યા વળી દુ:ખડા કંઇ રંકના,
શ્રીપાદ નૃસિંહ સરસ્વતીનાં પદસરોજે વંદના. .....(૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસોમહી,
સુકાન લઇને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
પાગલ પ્રકાશાનંદના આ ચરણકમળે વંદના. .....(૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો પાપીગણુ,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણુ,
જેણે સિંચ્યા સંસ્કાર એ માતા જયાની અર્ચના,
એવા રૂડા માતા-પિતાના ચરણકંજે વંદના. .....(૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લ્હાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી રંગને, સહુની કરું હું વંદના. .....(૮)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

કેટલાક વિશિષ્ટ શબ્દોના અર્થો

૧. બ્રહ્મ : બ્રહ્મ શબ્દ બૃહદ્ ધાતુ ઉપરથી આવ્યો છે જેનો અર્થ વિશાળ થાય છે. આ બ્રહ્મના ત્રણ નામ છે. ૐ, તત્ અને સત્. બ્રહ્મ એટલે બ્રહ્માંડની અંદર અને બહાર વ્યાપી રહેલું ચેતન.

૨. સચ્ચિદાનંદ : સત્, ચિત્ અને આનંદને અસ્તિ (સત્), ભાતિ (ચિત્) અને પ્રિય (આનંદ) તરીકે પણ ઓળખવામાં આવે છે.

૩. સત્ : સત્ એટલે ત્રિકાલાબાધિત સત્ય. જે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે.

૪. ચિત્ : ચિત્ એટલે ચૈતન્ય. એનાથી જ બધી વસ્તુ પ્રકાશે છે.

૫. આનંદ : સાત્વિક સુખનો અનુભવ.
સચ્ચિદાનંદ એ બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે. એટલે કે એ હંમેશાં હોય છે, જ્યારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર એ તેનું તટસ્થ લક્ષણ છે જે હંમેશાં હોતું નથી, પણ જરૂર પડે ત્યારે જ જોવા મળે છે.

૬. માયા : માયા એટલે વાસ્તવમાં છે નહિ, પરંતુ એ જાણે કે સત્ય હોય તેવી જણાય છે. ટૂંકમાં માયા એટલે છેતરપિંડી.

૭. અધ્યાસ : અધ્યાસ એટલે આરોપ. જે હોય એના કરતાં બીજું દેખાય. દોરડીમાં સાપનો આરોપ, છીપમાં ચાંદીનો આરોપ, ઠૂંઠામાં ચોરનો આરોપ. એ જ રીતે બ્રહ્મ ઉપર જગતનો આરોપ. જગત દેખાય છે પણ છે નહિ અને બ્રહ્મ છે પણ દેખાતું નથી.

૮. અધિષ્ઠાન : જેને આધારે વસ્તુંનું અસ્તિત્ત્વ હોય તે અધિષ્ઠાન કહેવાય.

૯. સાધન ચતુષ્ટય : જ્ઞાનના ચાર સાધનો. આ સાધનો છે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા.

૧૦. વિવેક : નિત્ય અને અનિત્ય પૈકી નિત્ય સ્વીકારવું અને અનિત્યને છોડી દેવું. બ્રહ્મ નિત્ય છે અને માયા તથા માયાના કાર્ય અનિત્ય છે.

૧૧. વૈરાગ્ય : આલોકથી માંડીને પરલોક સુધીના વિષય સુખની અનિચ્છા. વૈરાગ્ય એટલે વિષયોમાં દોષ દર્શન કરીને એને ત્યજી દેવાની ઉત્કટ વૃત્તિ.

૧૨. ષટ્સંપત્તિ : ષટ્ એટલે છ. આ ષટ્સંપત્તિ છે : શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન. શમ એટલે મન ઉપરનો કાબૂ. દમ એટલે ઇંન્દ્રિયો ઉપરનો કાબૂ. ઉપરતિ એટલે દોષદર્શન વડે ત્યજી દીધેલા વિષયને ફરી ભોગવવાની ઇચ્છા ન થવી. તિતિક્ષા એટલે ભૂખ, તરસ, ટાઢ-તડકો, સુખ અને દુ:ખને આનંદપૂર્વક સહન કરવાની શક્તિ. શ્રદ્ધા એટલે શાસ્ત્ર અને ગુરુના વચન ઉપર પૂર્ણ વિશ્વાસ. સમાધાન એટલે પ્રારબ્ધવશ જે આવીને મળે તે બરાબર છે. એવી સંતોષની વૃત્તિ.

૧૩. મુમુક્ષુતા : મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા. (મોક્ષ માટેનો તલસાટ.)

૧૪. મળ : મળ એટલે દોષ, પાપ વગેરે. નિષ્કામ કરવાથી મળ દૂર થાય છે અને ચિત્ત શુદ્ધ થાય છે.

૧૫. વિક્ષેપ : વિક્ષેપ એટલે ખલેલ થવી.

૧૬. દેહાધ્યાસ : દેહને આત્મા માનવાની ભ્રાંતિ. હું દેહ છું એવી ખોટી માન્યતા એટલે દેહાધ્યાસ.

૧૭. અંત:કરણ : અંત: એટલે અંદર રહેલું અને કરણ એટલે સાધન. આ અંત:કરણની વૃત્તિ બદલાતા એનું નામ બદલાય છે. વૃત્તિ બદલાતાં ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર એવા નામે ઓળખાય છે.
ચિત્ત : અંત:કરણ જ્યારે ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય.
મન : અંત:કરણ જ્યારે સંકલ્પ વિકલ્પ કરે ત્યારે મન કહેવાય.
બુદ્ધિ : અંત:કરણ જ્યારે નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય.
અહંકાર : અંત:કરણ જ્યારે આ હું (અહં) કરું છું (કાર) ત્યારે ચિત્ત કહેવાય.

૧૮. જીવ : મલિન સત્ત્વગુણમાં બ્રહ્મનું પ્રતિબિંબ.

૧૯. ઇશ્વર : શુદ્ધ સત્ત્વગુણમાં બ્રહ્મનું પ્રતિબિંબ.

૨૦. મલિન સત્ત્વગુણ : રજોગુણ અને તમોગુણથી દબાયેલો સત્ત્વગુણ.

૨૧. શુદ્ધ સત્ત્વગુણ પ્રધાન : રજોગુણ અને તમોગુણને દબાવીને રહેલો સત્ત્વગુણ.

૨૨. અંતર્યામી : અંદર રહીને નિયમન કરનાર સચ્ચિદાનંદ રૂપ. (હૃદય નિયામક અંતરે બાહિર સદ્ગુરુરૂપ)

૨૩. જીવન્મુકત : શરીર વગેરે પ્રપંચ હોવા છતાં પોતાના આત્માનો બ્રહ્મથી અભેદપણાનો અનુભવ કરનાર.

૨૪. વિદેહમુકત : શરીર છોડ્યા પછી જેનો આત્મા બ્રહ્મથી અભેદ થાય તે.

૨૫. જ્ઞાનેન્દ્રિય : જીવને બહારના વિષયોનું જ્ઞાન મેળવવાનું સાધન. (આંખથી રૂપ, કાનથી શબ્દ, નાકથી ગંધ, ચામડીથી સ્પર્શ અને જીભથી રસનું જ્ઞાન થાય છે.)

૨૬. કર્મેન્દ્રિય : જીવને બહારના કર્મો કરવાનું સાધન. (હાથથી આપ-લે થાય, પગથી ચલાય, વાણીથી બોલાય, ગુદાથી મળત્યાગ થાય અને શિશ્નથી મૂત્રત્યાગ થાય.)

૨૭. કોશ : કોશ એટલે આત્માનું ઢાંકણ. જેમ મ્યાનથી તલવાર ઢંકાય છે તેમ કોશોથી આત્મા ઢંકાય છે. (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચ કોશો છે.)

૨૮. મહાવાક્ય : જીવ અને બ્રહ્મની ઐક્યતા સૂચવતું વાક્ય.

૨૯. વિવર્તવાદ : મૂળ પદાર્થમાં કોઇ પણ ફેરફાર થયા વગર તેમાં બીજા પદાર્થની પ્રતીતિ થવી. દા.ત. દોરડીમાં સાપની પ્રતીતિ થવી.

૩૦. ઉપાદાનકારણ : કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની સાથે સંબંધ રાખનાર કારણને ઉપાદાનકારણ કહેવાય. માટી એ ઘડાનું ઉપાદાન કારણ કહેવાય.

૩૧. નિમિત્તકારણ : જે દૂર રહીને કાર્ય ઉપજાવે અને કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશની સાથે જેને સંબંધ ન હોય તેને નિમિત્તકારણ કહેવાય. ઘડાનું નિમિત્તકારણ કુંભાર, ચાકડો, દંડ વગેરે છે.

૩૨. પ્રત્યક્ષપ્રમાણ : જ્ઞાનેન્દ્રિય દ્વારા થતું જ્ઞાન. આંખથી જોવું, જીભથી ચાખવું વગેરે.

૩૩. અનુમાન પ્રમાણ : પક્ષમાં હેતુ જોઇને સાધ્યનો નિશ્ચય કરાવવાનું સાધન. દૂર પર્વત ઉપર ધૂમાડો જોઇને ત્યાં અગ્નિના નિશ્ચય કરવો, એમાં પર્વત પક્ષ છે, ધૂમાડો હેતુ છે અને અગ્નિ સાધ્ય છે.

૩૪. શબ્દ પ્રમાણ : વેદ, શાસ્ત્ર કે ગુરુના વચનને પ્રમાણ માનવું.

૩૫. ચિદાભાસ : ચિદાભાસ એટલે અંત:કરણમાં પડેલું ચેતનનું (બ્રહ્મનું) પ્રતિબિંબ. ચિદાભાસને જીવ પણ કહેવામાં આવે છે.

૩૬. આત્મા : વ્યષ્ટિ (વ્યક્તિ)માં અવિદ્યાનું અથવા અંત:કરણનું અધિષ્ઠાન કૂટસ્થ ચેતન તે આત્મા કહેવાય.

૩૭. ભગવાન : ભગ એટલે ઐશ્વર્ય, વાન એટલે વાળો. જેનામાં છ ઐશ્વર્ય હોય તે ભગવાન. આ છ ઐશ્વર્ય છે : સમગ્ર વૈભવ, સમગ્ર ધર્મ, સમગ્ર યશ, સમગ્ર શ્રી, સમગ્ર જ્ઞાન અને સમગ્ર વૈરાગ્ય.

૩૮. વાસના : દૃઢ ભાવનાથી પૂર્વાપર વિચાર વિના પદાર્થનું ગ્રહણ કરવું તેનું નામ વાસના છે. (વસિષ્ઠ ભગવાન). વાસના બે પ્રકારની છે. મલિન વાસના ને શુદ્ધ વાસના.

૩૯. ઉપાધિ : જે વસ્તુ બીજી વસ્તુમાં પ્રવેશ કર્યા સિવાય, તે બીજી વસ્તુને જુદી પાડી બતાવે તેને ઉપાધિ કહે છે. દા.ત. ઘટાકાશમાં ઘડો એ આકાશની ઉપાધિ છે. ઘડો, ઘડામાં ઘેરાયેલા આકાશને મોટા આકાશથી જુદું પાડી બતાવે છે.

૪૦. ઉપહિત : ઉપાધિ વડે વ્યાવર્ત્ય પદાર્થને ઉપહિત કહે છે.

૪૧. વ્યાવર્તક અને વ્યાવર્ત્ય : બીજા પદાર્થોથી જુદુ કરીને જે સ્વરૂપ જણાવે છે તેને વ્યાવર્તક કહે છે અને જે વસ્તુને જુદી કરી જણાવવામાં આવે છે તેને વ્યાવર્ત્ય કહે છે. દા.ત. કાળો ઘડો. આમાં કાળો એ ઘડાનું વિશેષણ છે. આ વિશેષણ કાળા ઘડાને બીજા રાતા રંગના ઘડાથી જુદો કરીને જણાવે છે. કાળાપણું વ્યાવર્તક છે અને ઘડો વ્યાવર્ત્ય છે કારણકે ઘડાને જુદો પાડીને જણાવવામા આવે છે.

૪૨. જાગ્રત અવસ્થા: કર્ણ વગેરે જ્ઞાનેન્દ્રિયો વડે અને શબ્દાદિ વિષયો વડે જે જણાય છે તેને જાગ્રત અવસ્થા કહે છે.(સ્થૂળ શરીર સાથે તાદાત્મ્ય ધરાવતો આત્મા વિશ્વ કહેવાય છે.)

૪૩. સ્વપ્ન અવસ્થા : જાગ્રત અવસ્થામાં જે જોયું હોય અને જે સાંભળ્યું હોય તેમાંથી જન્મેલી વાસના વડે નિદ્રા દરમિયાન જે પ્રપંચ જણાય તેને સ્વપ્ન કહે છે. (સૂક્ષ્મ શરીર સાથે તાદાત્મ્ય ધરાવતો આત્મા તેજસ કહેવાય છે.)

૪૪. સુષુપ્તિ અવસ્થા: સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર એમ બંને શરીર સાથેના તાદાત્મ્યનો ત્યાગ કરીને કેવળ કારણ શરીર સાથે તાદાત્મ્ય સાધવામાં આવે છે ત્યારે તે અવસ્થાને સુષુપ્તિ કહેવામાં આવે છે. આ અવસ્થામાં અનુભવના અભાવનો અનુભવ હોય છે. (કારણ શરીર સાથે તાદાત્મ્ય ધરાવતો આત્મા પ્રાજ્ઞ કહેવાય છે.)

૪૫. પંચકોશ : કોઇ વસ્તુને જે ઢાંકી દે, આવૃત કરે તેને કોશ કહેવાય. દા.ત. તલવાર જ્યારે મ્યાનમાં હોય ત્યારે તલવાર દેખાતી નથી એટલે મ્યાન એ કોશ છે. આમ કોશ વસ્તુના વિશિષ્ટ જ્ઞાનને ઢાંકીને સામાન્ય જ્ઞાનને પ્રગટ કરે છે. પંચકોશ એટલે આત્માને ઢંકતા પાંચ કોશ. અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ.

૪૬. સંચિત કર્મ : અનંત કોટિ જન્મનો બીજભૂત જે પૂર્વાર્જિત કર્મનો સમૂહ છે તેને સંચિત કર્મ જાણવું.

૪૭. પ્રારબ્ધ કર્મ : આ વર્તમાન શરીરને ઉત્પન્ન કરીને આલોકમાં આ પ્રકારે જે કર્મ સુખ, દુ:ખ આપનારું હોય તેને પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. પ્રારબ્ધ કર્મનો ભોગથી જ ક્ષય થાય છે.

૪૮. ક્રિયમાણ કર્મ : ક્રિયમાણ કર્મ એટલે એવું કર્મ કે જેનું ફળ તરત જ મળી જાય છે. આ શરીરથી જે કાંઇ નિત્ય નૈમિત્તિક કર્મ થાય છે તેને ક્રિયમાણ કર્મ કહે છે.

૪૯. સ્થૂળ શરીર : પંચીકૃત પંચમહાભૂતથી બનેલું, સત્કર્મથી જન્મેલું, સુખ-દુ:ખ વગેરે ભોગવવા માટેનું આયતન એવું શરીર જે અસ્તિત્વ, જન્મ, વૃદ્ધિ, પરિણામ, અપક્ષીય અને વિનાશ એવા છ વિકારવાળું છે તે સ્થૂળ શરીર છે.

૫૦. સૂક્ષ્મ શરીર : અપંચીકૃત પંચમહાભૂતમાંથી બનેલું , સત્કર્મના પરિણામરૂપે જન્મેલું, સુખ-દુ:ખ વગેરે ભોગ માટેનું સાધન, જે પાંચ જ્ઞાનેંન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ એમ સત્તર તત્ત્વનું બનેલું છે તે સૂક્ષ્મ શરીર છે. (મનમાં ચિત્તનો અને બુદ્ધિમાં અહંકારનો સમાવેશ થઇ જાય છે.)

૫૧. કારણ શરીર : જે અનિર્વાચ્ય, અનાદિ અને અવિદ્યારૂપ છે, અને જે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને શરીરના કારણરૂપ છે, જે પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે, જે વિકલ્પ (દ્વૈત) વગરનું છે તે કારણ શરીર છે.

૫૨. શ્રવણ : શ્રવણ એટલે બ્રહ્મ અને આત્માના ઐક્યનો નિશ્ચય કરાવનાર છ પ્રકારના લિંગ (ષડ્‌લિંગ)થી સર્વ વેદાંત વાકયોનો અદ્વિતીય બ્રહ્મમાં જે તાત્પર્યનો નિર્ણય.

૫૩. મનન : શ્રવણ કરેલું જે અદ્વિતીય બ્રહ્મ વસ્તુ, તેમાં અસંભાવનારૂપ (સંશયરૂપ) દોષની નિવૃત્તિ થવા માટે વેદાંતાનુસાર યુક્તિથી નિરંતર ચિંતન કરવું તે મનન કહેવાય.

૫૪. નિદિધ્યાસન : હું દેહ નહિ, હું સ્થૂળ, કૃશ નહિ એવા પ્રત્યયનો પ્રવાહ તે નિદિધ્યાસન કહેવાય છે.

૫૫. વૃત્તિવ્યાપ્તિ : અંત:કરણની વૃત્તિ ઘટાદિ પદાર્થોમાં વ્યાપી પદાર્થ આકારે સ્ફુરે તેને વૃત્તિ વ્યાપ્તિ કહે છે.

૫૬. ફલવ્યાપ્તિ : ચિદાભાસના પદાર્થમાં આ ઘટ છે એવું જે જ્ઞાન થવું તેનું નામ ફલવ્યાપ્તિ.

૫૭. વ્યુત્થાન : સમાધિમાંથી જાગી ઊઠવું, એટલે જગતના વિષયોનું ભાન થવું, તેને વ્યુત્થાન કહે છે.

૫૮. સમાધિ : વ્યુત્થાન સંસ્કારોને દબાવી દઇને,નિરોધ-સંસ્કારોની પ્રકટતા થવાથી અંત:કરણનું જે એકાગ્રતારૂપ પરિણામ થાય- અંત:કરણ એકાગ્ર થાય તેને સમાધિ કહે છે.

૫૯. સવિકલ્પ સમાધિ : જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપ ત્રિપુટીના ભાન સહિત અદ્વિતીય બ્રહ્મમાં અતં:કરણની એકાગ્રવૃત્તિની સ્થિતિને સવિકલ્પ સમાધિ કહે છે.

૬૦. નિર્વિકલ્પ સમાધિ : ત્રિપુટીનાભાન રહિત અખંડ બ્રહ્માકાર અંત:કરણની સ્થિતિને નિર્વિકલ્પ સમાધિ કહે છે.

૬૧.અતદ્‌વ્યાવૃત્તિ : સર્વ ઉપાધિના નિષેધ વડે આત્માનો અનુભવ કરવો.

૬૨. મોક્ષ : મોક્ષ એટલે વિષયાદિકમાં વિરસતા. (નિરસપણું)

૬૩. ભોગ : તેલ, અત્તર, ફૂલ વગેરે સુગંધી દ્રવ્યો, સ્ત્રી, વસ્ત્ર, ગાયન, પાન, ભોજન, શૈયા અને અલંકાર એ આઠ પ્રકારના ભોગ છે.

૬૪. શ્રોત્રિય : શ્રુતિ (વેદ-ઉપનિષદ) જાણનારો.

૬૫. બ્રહ્મનિષ્ઠ : બ્રહ્મમાં સ્થિર થયેલો. (બ્રહ્મમાં દૃઢ વૃત્તિ ધરાવનાર)

●

|| શ્રી ગણેશાય નમ: ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યાંતર.

અનુ. નં.	વિગત	દોહરા	પૃષ્ઠ
૧.	શ્રીગુરુલીલામૃત (ટૂંકો પરિચય)	--	૧-૪
૨.	અધ્યાય-૧	૧૩૦	૫-૧૩
૩.	અધ્યાય-૨	૧૫૫	૧૪-૨૨
૪.	અધ્યાય-૩	૧૬૦	૨૩-૩૦
૫.	અધ્યાય-૪	૧૨૪	૩૧-૩૭
૬.	અધ્યાય-૫	૧૪૮	૩૮-૪૫
૭.	અધ્યાય-૬	૧૪૮	૪૬-૫૩
૮.	અધ્યાય-૭	૧૯૦	૫૪-૬૨
૯.	અધ્યાય-૮	૧૩૫	૬૩-૭૦
૧૦.	અધ્યાય-૯	૧૩૨	૭૧-૭૭
૧૧.	અધ્યાય-૧૦	૧૧૫	૭૮-૮૩
૧૨.	અધ્યાય-૧૧	૧૪૮	૮૪-૯૧
૧૩.	અધ્યાય-૧૨	૧૫૫	૯૨-૧૦૧
૧૪.	અધ્યાય-૧૩	૧૪૨	૧૦૨-૧૦૮
૧૫.	અધ્યાય-૧૪	૧૪૫	૧૦૯-૧૧૬
૧૬.	અધ્યાય-૧૫	૧૯૨	૧૧૭-૧૨૫
૧૭.	અધ્યાય-૧૬	૧૪૫	૧૨૬-૧૩૮
૧૮.	અધ્યાય-૧૭	૧૩૨	૧૩૯-૧૪૭
૧૯.	અધ્યાય-૧૮	૧૨૦	૧૪૮-૧૫૪
૨૦.	અધ્યાય-૧૯	૧૩૦	૧૫૫-૧૬૩

શ્રીગુરુલીલામૃત

(ટૂંકો પરિચય)

શ્રીગુરુલીલામૃત એક ઔપાસનિક (ઉપાસના કરવા માટેનો) ગ્રંથ છે. પ.પૂ.સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજે એની રચના કરી છે. આ ગ્રંથની સમાપ્તિ પૂ.શ્રીએ નર્મદાને તીરે = નારેશ્વર ધામમાં સંવત ૧૯૮૮ના અશ્વિન વદ બારસ એટલે કે ગુરુદ્વાદશીના રોજ બુધવાર તા. ૨૬-૧૦-૧૯૩૨ ના રોજ કરી.

આ ગ્રંથમાં દત્ત પ્રભુની, દત્તના અવતાર એવા શ્રીપાદવલ્લભ તથા નૃસિંહસરસ્વતી સ્વામીની અને પૂ.શ્રીના સદ્‌ગુરુ એવા દત્તાવતારી પ.પ.વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજની લીલાઓનું વર્ણન છે.

આ ગ્રંથનું નામ શ્રીગુરુલીલામૃત છે એ પણ ખૂબ સૂચક છે. 'ગુરુ' શબ્દ દ્વારા જ્ઞાનનું સૂચન છે, લીલા દ્વારા પ્રભુના અવતારી પુરુષનાં કર્મોનું સૂચન છે અને અમૃત દ્વારા ઉપાસનાનું સૂચન છે. આ જ્ઞાન (ગુરુ), કર્મ (લીલા) અને ઉપાસના(અમૃત) 'શ્રી'યુક્ત છે. આમ શ્રી (ભુક્તિ) અને ગુરુલીલામૃત (મુક્તિ) બન્નેનો અનુભવ કરાવનારો આ ગ્રંથ છે.

આ ગ્રંથમાં જ્ઞાનકાંડ, કર્મકાંડ, ઉપાસનાકાંડ એવા ત્રણ કાંડ છે. એમાં કુલે ૧૪૮ અધ્યાય છે અને ૧૯૦૦૫ દોહરા છે. હાલરડાં, સ્તુતિ અને સ્તોત્રો વધારામાં .

જ્ઞાનકાંડમાં **૫૫ અધ્યાય** છે અને **૭૨૮૦ દોહરા** છે. આ કાંડમાં જ્ઞાનના અવતાર એવા દત્ત પ્રભુની લીલાનું વર્ણન છે. દત્ત પ્રભુ જ્ઞાનનો અવતાર છે તેથી તે ચિરંજીવી છે. એમના જન્મની વિગત છે પરંતુ તિરોધાન લીલા (બ્રહ્મલીન થવાની લીલા)નું વર્ણન નથી. દત્ત પ્રભુનો જન્મ માગસર સુદ ચૌદશ પર પૂર્ણિમાને બુધવારના રોજ પ્રદોષ સમયે (સંધ્યા કાળે) થયો હતો. પરંતુ આ અવતારની સમાપ્તિ થઇ નથી. જ્ઞાનાવતાર શ્રીદત્તે બધાને તાર્યા જ છે. એમના હાથે કોઇનો વધ થયો નથી, મૃત્યુ થયું નથી. આ કાંડ દત્તપુરાણ ઉપર મુખ્યત્વે આધારિત છે.

કર્મકાંડમાં **૫૦ અધ્યાય** છે અને કુલે **૬૭૭૨ દોહરા** છે. સ્તોત્રો અને આરતી વગેરે જુદું . આ કર્મકાંડમાં ઇ.સ.૧૫૦૦ની આસપાસ કર્ણાટકમાં થઇ ગયેલા દત્તના અવતાર એવા શ્રીપાદવલ્લભ પ્રભુ અને એનાજ બીજા અવતાર રૂપ શ્રીમદ્ નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજની લીલાઓનું વર્ણન છે. આ કર્મકાંડ જે શ્રીગુરુચરિત્ર પર આધારિત છે તેનું સંક્ષિપ્ત સાર સ્વરૂપ તે જ દત્તાબાવની. (દત્તાબાવની શ્રીગુરુચરિત્રનો સાર છે, શ્રીગુરુલીલામૃતનો સાર નથી.)

ઉપાસના કાંડમાં **૪૩ અધ્યાય** છે અને કુલે **૪૯૫૩** દોહરા છે. આ કાંડમાં પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજના સદ્‌ગુરુ પ.પ.શ્રીમત્ વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજ (ટેંબે સ્વામી)ની લીલાઓનું વર્ણન છે. આ કાંડની રચના પ.પૂ.ગાંડા મહારાજ રચિત શ્રીગુરુમૂર્તિચરિત્ર પર આધારિત છે.

આમ જ્ઞાનકાંડમાં	**૧ થી ૫૫**	અધ્યાય	અને	**૭૨૮૦**	દોહરા છે.
કર્મકાંડમાં	**૫૬ થી ૧૦૫**	અધ્યાય	અને	**૬૭૭૨**	દોહરા છે.
અને ઉપાસનાકાંડમાં	**૧૦૬ થી ૧૪૮**	અધ્યાય	અને	**૪૯૫૩**	દોહરા છે.
				૧૯૦૦૫	

દેવની આજ્ઞા અનુસાર, દેવ દ્વારા લખાવાયેલો અને દેવપુરુષે લખેલો આ ગ્રંથ છે. આ ગ્રંથ સમાધિભાષામાં લખાયેલો હોવાથી દોહરા વાંચતી વખતે તેના શબ્દાર્થને બદલે તેના લક્ષ્યાર્થને જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ.

આ ગ્રંથ ભગવાને દત્તાવતારી પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ પાસે લખાવ્યો એ પહેલાં એમની પાસે કેવું તપ કરાવ્યું, કેવી મહેનત કરાવી તે પણ જાણવા જેવું છે.

પૂ. બાપજી આઠ વર્ષના હતા ત્યારે સ્વપ્નમાં એમને 'પોથી વાંચ' નો આદેશ થયો. આ પોથી એટલે શું તે કાંઇ સમજાયું નહિ. પરંતુ ભગવાન જ અનુકૂળ થાય પછી બધું જ અનુકૂળ બની જાય એ નિયમાનુસાર એમના મોંઘેમામા પાસેથી આ પોથી મળી. મોંઘેમામાને સંતાન ન હતું તેથી દત્તાવતારી પ.પૂ.સાંઇબાબાએ એમને શ્રી ગુરુચરિત્ર (પોથી) આપી, એના પારાયણ કરવાનું કહ્યું. એના પારાયણથી મોંઘેમામાને સંતાન થયું પણ ખરું. પોતાની જંગલ ખાતાની આકરી નોકરીમાં આ ગ્રંથનો નિયમ પાળીને એક અધ્યાય વાંચવાનું ઘણી વાર સમસ્યા ઊભી કરતું હતું. પોતાની બેન પૂ. રુકમામ્બાને આ તકલીફની વાત કરતા હતા ત્યારે આ 'પોથી' હું કોને આપું એવું બોલતાં પ.પૂ. બાપજીને પોથી એટલે શું તેની જાણ થઇ. મોંઘેમામા પાસેથી મળેલી આ પોથીનાં નાની ઉંમરથી પારાયણ થયાં. એના આધારે જ કર્મકાંડ રચાયો. (કર્મકાંડ એ પોથી-શ્રીગુરુચરિત્રનું ભાષાંતર નથી. એમાં ઘણા ફેરફારો પણ જોવા મળે છે.) અને આ જ પોથી-શ્રીગુરુચરિત્રનો સંક્ષિપ્ત સાર એટલે સંકટ વિમોચન સ્તોત્ર : દત્તબાવની.

પ.પૂ. બાપજી જ્યારે પાંડુરંગ વળામે તરીકે શિક્ષકની નોકરી કરતાં હતા ત્યારે પ્રવાસ દરમ્યાન ઇન્દ્રવર્ણા નામના ગામમાં મહાદેવના મંદિરમાં આરામ કરતા હતા ત્યાં નિદ્રા આવી ગઇ અને ત્યાં સ્વપ્ન આવ્યું કે 'દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરો'. વેદ વ્યાસ રચિત અઢારે પુરાણોની વિગત તપાસી તો તેમાં દત્તપુરાણ હતું નહિ. આ દત્તપુરાણ શું હશે? પરંતુ ભગવાનની કૃપાથી આ દત્તપુરાણ ગ્રંથ ભરૂચમાંથી શ્રી કલ્યાણજીભાઇ (પ.પૂ.ગાંડા મહારાજના બનેવી) પાસેથી મળ્યો. એ ગ્રંથનાં ૧૦૮ પારાયણ કરવા માટે જ પૂ.શ્રી નારેશ્વરમાં બેઠા. અને આ ગ્રંથને આધારે જ જ્ઞાનકાંડની રચના થઇ. આ ગ્રંથ પ.પૂ.સ્વામી મહારાજે સંસ્કૃત ભાષામાં મહત્પુરમાં રચ્યો હતો.

પૂ.શ્રી નારેશ્વરમાં બિરાજમાન હતા ત્યારે એક દિવસ સ્વપ્નમાં દેવે દૃષ્ટાંત આપ્યો કે 'ગાંડો તારી રાહ જુએ છે.' (ગાંડા તુજી વાટ પાહીતો) અને ગાંડા મહારાજને સ્વપ્ન આવ્યું કે 'બ્રહ્મચારી આવે છે .' (બ્રહ્મચારી એતો). આ દૃષ્ટાંત પાછળ ભગવાનની ઇચ્છા પૂ.શ્રીને પ.પૂ.શ્રી ગાંડા મહારાજ પાસે મોકલી ગુરુમૂર્તિચરિત્રનું કામ કરાવવાની હતી.

પ.પૂ.ગાંડા મહારાજ સુરત પાસેના તલંગપુર ગામના અનાવિલ દેસાઇ. મૂળ ગુજરાતી. પરંતુ સ્વામી મહારાજને સદ્ગુરુ તરીકે સ્વીકાર્યા પછી એમની સાથેને સાથે પ્રવાસમાં રહીને, સ્વામી મહારાજની લીલાનાં દર્શન કર્યા હતાં. પ.પ.સ્વામી મહારાજે ગરુડેશ્વરમાં સમાધિ લીધા પછી પ.પૂ.ગાંડા મહારાજે દક્ષિણ (મહારાષ્ટ્ર)ને કાર્યક્ષેત્ર બનાવ્યું અને તેમણે સ્વામી મહારાજનું જીવનચરિત્ર મરાઠીમાં તૈયાર કર્યું હતું. જેની માતૃભાષા મરાઠી હોય અને સ્વામી મહારાજ તરફ જેને પ્રેમભાવ હોય એવી વ્યકિત મળી જાય તો એને આ લખાણ જોઇ જવા આપી દઉં એવો પ.પૂ. ગાંડા મહારાજનો મનનો ભાવ હતો. પૂ.શ્રીને દૃષ્ટાંત થયું કે 'ગાંડો તારી રાહ જુએ છે' એમાં ગાંડો એટલે પ.પૂ. ગાંડા મહારાજ. હવે એ કયાં મળે એની તપાસ ચાલી. પૂ.શ્રીને જાણવા મળ્યું કે આ વર્ષની ગુરુપૂર્ણિમા પર તેઓશ્રી વાંકડી ગામે પધારવાના છે. ગોધરાથી મુંબઇ ફાસ્ટમાં જઇ મુંબઇથી ચાલતા ચાલતા કોપરગાંવ, શિરડી અને સાટોના થઇ દૂધના પહોંચ્યા. (રંગપત્રમંજુષા-પૂ.શ્રીના પત્રોની પુસ્તિકામાં આની વિગતો જણાવતા પત્રો વાંચવા જેવા છે.)પહોંચ્યા ત્યારે ખબર પડી કે

તેની આજુબાજુ વાંકડી નામનાં ત્રણ ગામ છે. એટલે કઇ વાંકડીમાં પ.પૂ. ગાંડા મહારાજ આવવાના છે તેની તપાસ શરૂ થઇ. આખરે જ્યાં પ.પૂ. ગાંડા મહારાજ આવવાના હતા તે વાંકડીમાં પૂ.શ્રી બે દિવસ પહેલા પહોંચી ગયા. પ.પૂ. ગાંડા મહારાજની પધરામણી થઇ અને પૂ.શ્રીને જોતાં જ એમને 'બ્રહ્મચારી આવે છે' ના દૃષ્ટાંતની યાદ આવી અને બ્રહ્મચારી એટલે આ જ વ્યકિત એવી લાગણી થઇ. પૂ.શ્રીએ સમગ્ર લખાણ જોયું અને મઠાર્યું. એ ગ્રંથને છપાવવાની-પ્રુફ જોવાની જવાબદારી પણ પ.પૂ. ગાંડા મહારાજે પૂ.શ્રીને જ સોંપી. ભરૂચમાં ભાગાકોટ ઉપર રહીને અને મુ.કલ્યાણભાઇને ત્યાં ભિક્ષા કરીને આ ગ્રંથ છપાવવાનું કામ પૂરું કર્યું. એનું પ્રથમ પારાયણ પણ પૂ.શ્રીએ જ કર્યું . ઉપાસનાકાંડ આ 'ગુરુમૂર્તિચરિત્ર' ગ્રંથ ઉપર આધારિત છે.

દત્તપુરાણના પારાયણ પત્યા પછી એના ઉદ્યાપન નિમિત્તે પૂ.શ્રીએ નર્મદાની પરિક્રમા કરી.

૧૯૩૦ના વર્ષમાં પૂ.શ્રી અમદાવાદ પાસે આવેલા સરખેજના શ્રી રતનલાલ મહાત્માના જામફળીના ખેતરમાં પધાર્યા હતા ત્યારે પ.પ. સ્વામી મહારાજે સ્વપ્નમાં દત્ત ભાગવત જેવો ગ્રંથ રચવાની આજ્ઞા કરતાં કહ્યું કે :

ચરિતામૃત ઘટ લે સુખે કરી પાન પીવાડ,
હોય તૃષાતુર તેહને મોત પાડશે રાડ.
દૈન્ય રહેશે ના કદી જા મોજ કર મસ્ત,
એમ કહી મૂક્યો શિરે વરદ સ્વપ્નમાં હસ્ત .

(અધ્યાય- ૧/ દોહરો ૯૩-૯૪)

સૌ પ્રથમ પૂ.શ્રીને સંસ્કૃતમાં ગ્રંથ રચવાની ઇચ્છા થઇ, પણ 'સંસ્કૃત કોણ વાંચશે?' એમ કહીને સ્વામી મહારાજે સંસ્કૃતમાં રચવાની ના કહી. પછી ગુજરાતીમાં ઓંવી છંદમાં ગ્રંથ રચવાની ઇચ્છા થઇ, તો પણ પ.પૂ. સ્વામી મહારાજે મના કરતાં કહ્યું કે ગુજરાતના લોકોને ઓંવી (મરાઠી છંદ) છંદ અનુકૂળ નહિ આવે. એટલે પૂ.શ્રીએ ગુજરાતી ભાષામાં દોહરા છંદમાં શ્રીગુરુલીલામૃત ગ્રંથ રચ્યો .

પોતાને થયેલી ઇચ્છાને સંતોષવાના હેતુથી દરેક અધ્યાયને અંતે આવતી પુષ્પિકા "ઇતિ શ્રી દત્તપાદારવિંદમિલિંદ બ્રહ્મચારિ પાંડુરંગ (રંગ અવધૂત મહારાજ) વિરચિતે શ્રીગુરુલીલામૃતે શિષ્ય વ્યાકુલતા નામો પ્રથમોડધ્યાય: સમાપ્ત:" સંસ્કૃતમાં લખાઇ અને દરેક કાંડની પ્રસ્તાવના ઓંવી છંદમાં.

દેવે લખાવેલો અને દેવપુરુષ દ્વારા સમાધિભાષામાં લખાયેલો આ ગ્રંથ ખૂબ જ દિવ્ય છે. આ ગ્રંથ દેવે લખાવ્યો છે એની સાબિતિરૂપ એક વાત જાણવા જેવી છે.

પૂ.શ્રી અધ્યાય-૭માં શાંડિલીનીના પતિનું વર્ણન કરતા હતા. એનો પતિ બ્રાહ્મણ હતો, પરંતુ કામી અને લંપટ હતો. એ વેશ્યાના ઘરે જ પડી રહેતો હતો. એનું વર્ણન કરતાં એક દોહરામાં પૂ.શ્રીથી 'દ્વિજવર' શબ્દ વપરાઇ ગયો.

"એમ કરી પ્રેમે ફરી પંપાળે એ કર;
દેખી શાંતિ એહની થયો શાંત દ્વિજવર" (અ. ૭ /દો. ૭૭)

પૂ. બાપજીને થયું કે 'દ્વિજવર' નો અર્થ બ્રાહ્મણમાં શ્રેષ્ઠ (વર) એવો થાય અને આ તો લંપટ બ્રાહ્મણ છે. પણ પછી થયું કે આ હું ક્યાં લખું છું? લખાવનાર તો બીજો (દેવ) છે. પછી કોષમાં 'દ્વિજવર' શબ્દનો અર્થ જોતાં, અનેક અર્થોમાં છેલ્લો અર્થ લંપટ બ્રાહ્મણ હતો.

આવી તો કંઇ કેટલી દિવ્ય વિગતોથી ભરેલો આ ગ્રંથ છે. પૂ.શ્રીએ તો લખ્યું જ છે કે આ ગ્રંથ શરૂઆતથી માંડીને અંત સુધી બ્રહ્મરસાસ્વાદે ભરેલો જ છે.

બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાધંત,

મદ્ભાકયે વિશ્વાસ જો જોશે પરચો સંત. (અ. ૧ / દો. ૧૧૩)

આ ઔપાસનિક ગ્રંથ છે,પૌરાણિક ગ્રંથ નથી એવું પૂ.શ્રીએ જ એમના એક પત્રમાં જણાવ્યું છે. આ ગ્રંથમાં જ્ઞાનની, યોગની, નિષ્કામ અને સકામ કર્મોની, દૈનિક જીવન જીવવાની અને ઉપાસનાની અનેક વિગતો છે. જેને જેની જરૂર હોય તેને જે તે વસ્તુ મળી રહે એવો આ દિવ્ય ગ્રંથ છે.

આ ગ્રંથની ઉપાસના દ્વારા, પારાયણ દ્વારા, સાંસારિક હેતુ પણ સિદ્ધ થયા છે અને આધ્યાત્મિક હેતુ પણ સિદ્ધ થયા છે.

આપણા દત્તાવતારી ગુરુ મહારાજનો આ ગ્રંથ આપણા જીવન માટે પથદર્શક બને, આપણે એ પ્રમાણે જીવન જીવીએ અને અંતે જન્મ મરણની પરંપરાનો અંત આણીએ એ જ પ્રાર્થના. આ ગ્રંથ આપણે નિરંજન બનીને વાંચીએ અને આશા રાખીએ કે આપણને પણ નિરંજન જેવી સમાધિ લાગી જાય.

●

અધ્યાય : ૧

આ અધ્યાયનું નામ **'શિષ્યવ્યાકુલતાવર્ણન'**છે. આ અધ્યાયમાં **૧૩૦** દોહરા છે.

ભગવાન ગણેશ, શારદા, સદ્‌ગુરુ, સંતો, માતા-પિતા વિ. ની વંદના, ગ્રંથનું માહાત્મ્ય અને ગ્રંથની શરુઆત આ અધ્યાયમાં છે.

શ્રી ગણેશ વંદના (દો.૧ થી ૧૬), મા શારદાની વંદના (દો.૧૭ થી ૩૯), સદ્‌ગુરુ ઇષ્ટદેવ દત્તાની વંદના (દો.૪૦ થી ૫૩), દત્તાના અવતાર શ્રીપાદવલ્લભ અને શ્રી નૃસિંહ સરસ્વતીની વંદના. (દો.૫૪ થી ૬૬), સદ્‌ગુરુની વંદના (દો.૬૭ થી ૭૭), સંતોની વંદના (દો.૭૮ થી ૮૨), માતા-પિતાની વંદના (દો.૮૩ થી ૮૪), સ્વપરિચય (દો.૮૫ થી ૮૮), પોતા વિશે દીનભાવ (દો.૮૯ થી ૯૧), ગ્રંથ રચનાનું નિમિત્ત (દો.૯૨ થી ૯૮), ગ્રંથ માહાત્મ્ય (દો.૯૯ થી ૧૧૪), (કથાની) ગ્રંથની શરુઆત (દો.૧૧૫ થી ૧૩૦).

શ્લોક : ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, અને ગુરુ ભગવાન શંકર છે.
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એવા શ્રીગુરુદેવને હું નમન કરું છું.

<u>ગણેશ વંદના</u> :

હે ગણરાજ (ગણપતિ) ! આ ગ્રંથનો (૧) આરંભ કરું છું ત્યારે હું આપના ચરણકમળમાં પ્રણામ કરું છું. હે મોરયા ! (૨) મને સદ્‌બુદ્ધિ આપો જેથી મારું આ (ગ્રંથ લખવાનું) કાર્ય સફળ થાય. (૧). હે મહેશ ! (મહાન ઇશ્વર) ! આપનો કોઇ જ આરંભ નથી (અનારંભ), પરંતુ બીજા બધાનો આરંભ આપ જ છો. આરંભનું મૂળ પણ આપ જ છો. આપને કોઇ આધાર (આલંબ)ની જરૂર નથી તેથી નિરાલંબ (૩) છો. પરંતુ આપ બધાના આધાર છો. આ સમગ્ર જગત આપના આધારે જ છે. અને આપ લોકોના ઇશ છો. (૨). શ્રુતિ આપને અણુથી પણ નાના અને મહાનથી પણ મોટા કહે છે (૪) તેથી બધા જ આપની સેવા કરે છે અને આપનું વાહન પણ તેથી જ ઉંદર (મૂષક) છે. (૩). આપે અનંત કોટિ (કરોડો) બ્રહ્માંડો આપના ઉદર (પેટ) માં સમાવ્યા છે. તેથી આપને લંબોદર કહેવામાં આવે છે. વેદ (શ્રુતિ) અને પુરાણો (સ્મૃતિ) આપનો જશ ગાય છે. (૪). વક પાપનો આપ નાશ કરો છો તેથી આપને વક્રતુંડ કહેવામાં આવે છે. વક્રવાણી જેને પ્રિય છે એવા હે ગણપતિ ! હું આપને લળી લળીને પગે પડું છું. (૫). હે ગુણોના ઇશ ! આપ નિર્ગુણ છો અને સગુણ પણ છો, નિરાકાર છો અને આકારવાળા (સાકાર) પણ છો. આપને કોઇના આધારની જરૂર નથી, પરંતુ આપ બધાના આધારરૂપ છો. હે ગણેશ ! આપ સર્વાધાર છો. (૬). મૂલાધાર ચક્રમાં વસીને આપ બુદ્ધિ (મતિ)ને પ્રકાશિત કરો છો. મેં ગુરુની લીલા ગાવાની જે આશા સેવી છે તે આપ પૂર્ણ કરો. (૭). ભક્તની ભાવના અનુસાર આપ અનેકરૂપ ધારણ કરો છો. આ બધાં રૂપો એ આપનાં જ રૂપો છે. સમગ્ર સંસારની શરૂઆત આપ છો અને અંત પણ આપ છો.(૮). હે ગજવદન (૫)(હાથી ના મુખવાળા) આપ ૐકાર સ્વરૂપ છો, આપની કેડે સાપરૂપી કંદોરો શોભે છે. ડાબા ખભે નાગરૂપી જનોઇ છે.

વળી આપે પવિત્ર પીતાંબર ધારણ કર્યું છે. (૯). આપ એકદંતી⑤છો. જે આપના ઉજ્જ્વલ જ્ઞાન-પ્રકાશનું પ્રતીક છે. અજ્ઞાનનો નાશ કરીને એ સંસારનાં બંધનોમાંથી મુક્તિ અપાવે છે.(સંસારનાં બંધનો કાપે છે.)(૧૦). કાર્યના આરંભમાં બધા જ દેવો આપને નમન કરે છે. હે વિનાયક ! આપ વિઘ્નનો નાશ કરો એટલી જ મારી પ્રાર્થના છે, એ સિવાય બીજી કોઇ માગણી નથી. (૧૧). આપ આપના ચાર હાથથી ચાર પ્રકારની મુક્તિનું ⑦ દાન કરો છો. હે ગૌરીનંદન(પાર્વતીપુત્ર)! આપનો જય હો ! હું આપને નમન કરું છું (નમું છું). આપ મને વિમલ (શુદ્ધ) વિચાર આપો.(૧૨). હે શત્રુઓનો નાશ કરનાર (અરિઘ્ન) ! આ ગુરુલીલામૃત ગ્રંથ રચવાનું કાર્ય નિર્વિઘ્ને પૂરું કરો. જ્ઞાનનો દીવો પ્રગટાવીને આપ અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરો. (૧૩). હું બુદ્ધિ વગરનો છું. મને કાવ્યશાસ્ત્રની કોઇ જાણકારી નથી. તેમ છતાં આપ તો મનની ઇચ્છા પૂરી કરનારા છો એટલે હે દેવ ! મારા કોડ (મનની ઇચ્છા) પૂરા કરો. (૧૪). આપ સિદ્ધિ તેમજ બુદ્ધિ દેનાર છો. અને હું તો સ્વચ્છંદિ (ઉદ્દામ) બાળક છું. મને કશીય વાતની ગતાગમ નથી. હું આપને અનન્ય ભાવથી પ્રણામ કરું છું. (૧૫). જડબુદ્ધિનું આવરણ હટાવી આપના સ્વરૂપનું દર્શન કરાવો. જેથી મારી ભ્રાંતિ (સમૂળી) નાસી જાય અને આ સંસારરૂપી કૂવો સૂકાઇ જાય. (૧૬).

(ગણેશવંદના સમાપ્ત)

શારદા વંદના :

હવે હું મા-શારદા (સરસ્વતી) ને પ્રણામ કરું છું. જે બ્રહ્મકુમારી છે. મા-શારદા જગતમાં વાણીની દેવી તરીકે પૂજાય છે. નિરાકાર (નિર્દેહ) સ્વરૂપે વાણીદેવી વિલસી રહ્યાં છે. (૧૭). અસાર સંસારમાં એ બ્રહ્મવિદ્યારૂપી સાર વસ્તુનું દાન કરનારી દેવી છે, અને તેથી એનું શારદા એવું નામ (અભિધાન) પડ્યું છે. (૧૮). પ્રાણીમાત્રના શરીરમાં પ્રાણ (હંસ) સ્વરૂપે તારું જ મૌન ગુંજન છે. શ્વાસ (સ) અને ઉચ્છવાસ (અહં)ની પ્રાણ (હંસ) પર તું જ બિરાજમાન છે. હે મા ! (પરા,પશ્યંતિ,મધ્યમા અને વૈખરી એવાં) તારાં વાણીનાં ચાર સ્વરૂપો છે. (૧૯). એ પ્રાણની (હંસની) ઉપાસના કરીને યોગીજન મુક્તિ પામે છે. તેઓ તારા ભેદ-અભેદ દ્વન્દ્વોથી મુક્ત નિર્ગુણ સ્વરૂપમાં સ્થિર થાય છે. (૨૦). મૂળમાં તું-અખંડિત, એક અને અસ્તિ (સત્), ભાતિ (ચિત્) અને પ્રિય (આનંદ) રૂપે પ્રગટે છે⑥. નામ અને રૂપને કારણે તું જ અનેકરૂપે દેખાય છે. (સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ પરબ્રહ્મ ઉપર નામ અને રૂપનો-મિથ્યારોપ છે, આભાસ માત્ર છે.) (૨૧). ૐકાર પ્રણવ તારું મૂળરૂપ છે, અને તેમાંથી જ બધા અક્ષરો (વર્ણો) વિકસ્યા છે. સ્વર અને વ્યંજનરૂપ પચાસ અક્ષરોનો પ્રકાશ તેં જ કર્યો છે. (૨૨). તારાથી નામ અને રૂપવાળું આ જગત ઉદ્ભવ્યું છે. શાસ્ત્રમાં એને વાણીનો વિકાર કહીને ઓળખાવાય છે. (વાણી એ કાર્ય છે અને કાર્યમાત્ર વિકારરૂપ છે.) એ જ રૂપ વાચારંભણ (વાણીનો વિકાર) કહેવાય છે. (૨૩). હે મા ! તું અનેકરૂપે એક જ છે. તારું આ સ્વરૂપ સુંદર છે. જ્ઞાની પુરુષને એનાં દર્શન થાય છે, ત્યારે પ્રસન્ન થાય છે અને અનુપમ મોદ (આનંદ)⑥ અનુભવે છે. (૨૪). મૂરખાઓ ભ્રાન્તિને કારણે ભેદ અને ખેદમાં દુ:ખી (ત્રસ્ત) થઇને રઝળપાટ અનુભવે (ભમે) છે. હે મા ! જો તારી કૃપા થાય તો જ મૂળ વસ્તુનું જ્ઞાન થઇ શકે. (૨૫). જે પ્રગટ છે, જે કલ્પિત છે તે બધું જ ૐકાર (પ્રણવ)નું જ સ્વરૂપ છે. તું જ એક અરૂપી સર્વત્ર વિવિધરૂપોમાં વસી રહી છે. (૨૬). મોહ ઉપજાવે એવા તારા સગુણરૂપનું મુનિજનો ધ્યાન ધરે છે. એનું દર્શન થતાં વાણી વિલાસ (વૈખરી) બધો શાંત થઇ જાય છે. અને જીવ શિવ સ્વરૂપ થઇને મુક્તિ પામે છે. (૨૭). તું ચંદ્રમુખી છે, તું શ્વેતાંગી છે. શ્વેત (સફેદ) વસ્ત્રમાં તું કેવી શોભે છે ! શ્વેત પુષ્પ (કુમુદ) અને હાથમાં વીણા છે ! અને આ વીણામાંથી નાદબ્રહ્મનું ગુંજન છે એમ શ્રુતિ (વેદ)ગાય છે. (૨૮). બીજા હાથમાં તેં અમને જ્ઞાનનું દાન કરવા માટે પુસ્તક રાખ્યું છે અને વળી અન્ય હાથમાં તેં

સ્ફટિકની માળા ધારણ કરી છે, જે જપયજ્ઞના મૂક ગુણ ગાય છે. (૨૯). ચોથો વરદ હાથ છે. ભક્તને વરદાન આપવા માટે તેં એ ખૂલ્લો રાખ્યો છે. તારી સમીપમાં મોર (નીલકંઠ) આનંદથી નૃત્ય કરે છે અને દેવોનો એ સાજ ડોલી રહ્યો છે. (૩૦). તું મહામાયા છે ! તું યોગિનિ (જોગણી) છે. તારામાંથી જ આ સમસ્ત જગતનો જન્મ છે. આ જગતનો લય પણ તારામાં જ થાય છે. તું જ કાળનો પણ કાળ છે. (પરબ્રહ્મ સ્વરૂપ છે - જગત એમાંથી જ જન્મે છે અને એમાં જ લય પામે છે.) (૩૧). તું શિવમાં શક્તિરૂપે રહે છે એવું કહેવું વ્યર્થ છે. બ્રહ્મ વિના અહીં બીજું કંઈ હોય તો જ એવું કહેવું યોગ્ય કહેવાય. (૩૨). હે મા ! હું તારું કઈ રીતે વર્ણન કરું? વેદ-શાસ્ત્ર તારા શ્વાસ છે. જ્ઞાનનો પ્રકાશ કરી મારી વાણીની જડતા દૂર કરો. (૩૩). તારું શબ્દોમાં વર્ણવી શકાય તેવું સગુણરૂપ સુંદર અને પવિત્ર છે.જ્યારે નિર્ગુણરૂપ જ્ઞાન દ્વારા જાણી શકાય એવું છે. એ સુંદર (ચિત્ર) નિર્ગુણ રૂપ બતાવો. (૩૪). મારા હૃદયમાં નાદબ્રહ્મના રહસ્યને પ્રગટાવી મારી જીભ ઉપર વસીને તું બોલ. હું તારા ચરણે પડ્યો છું. (હું તારા શરણે આવ્યો છું.) (૩૫). આ ગ્રંથ રસાળ થાય, હરિના જનો હર્ષ પામે અને એના શ્રવણ પારાયણથી ભવતર્ષ (સંસારની તરસ) મટે એવું વરદાન આપ. (૩૬). તારી આ કૃપા-વાણીથી વિક્ષેપ અને આવરણનો (૧૦) નાશ થાય અને સચ્ચિદ્ઘન પરબ્રહ્મનો વિમલ (શુદ્ધ-મળ વગરનો) પ્રકાશ થાય એવું વરદાન આપ. (૩૭). હે મા શારદા ! તું મને શબ્દની મૂળ ઉત્પત્તિનું જ્ઞાન (વ્યુત્પત્તિ) આપ. જેથી પવિત્ર ગ્રંથ રચી શકાય. મંત્ર રહસ્ય સુચારુ રીતે પ્રકાશિત થાય, એવું વરદાન આપ. (૩૮). હે મા ! તું જ ગુરુ સ્વરૂપ છે. તું જ ઇષ્ટદેવ દત્ત દિગંબર છે. એવું સમજીને તને હૃદયથી પ્રણામ કરું છું. મારી ભેદ બુદ્ધિનો નાશ થાઓ. (૩૯). **(શારદા વંદના સમાપ્ત.)**

ઇષ્ટદેવ દત્તની વંદના :

દત્તાત્રેય ભગવાન અનુપમ છે. એ ત્રિગુણ (સત્ત્વ,રજસ્ અને તમસ્)થી પર છે. અને ત્રિગુણમય પણ છે. એ મૂર્ત અને અમૂર્ત બંને સ્વરૂપવાળા છે. એમને જન્મ નથી (અજ છે), એમનો ક્ષય નથી (અક્ષય છે), અને એ વિનાશી નથી (અવિનાશી છે). (જન્મવું, ક્ષય પામવું, નાશ પામવું એ દેહનાં લક્ષણ છે.) (૪૦). દત્તપ્રભુ યોગીજનોના ઇશ છે. મુનિઓ એનું હંમેશા ધ્યાન ધરે છે. તેઓ ભક્તના ઉદ્ધારક છે. તેઓ ગુણોના ભંડાર છે. હવે હું આપને પ્રેમથી વિનવું છું. (૪૧). બ્રહ્મા, વિષ્ણુ (હરિ) અને શંકર (હર) રૂપ ત્રિમૂર્તિ આપ પૂર્ણ છો, આપ નિરામય (શુદ્ધ) છો. હે કૃપાના ભંડાર ! કરુણા કરી મારા હૃદયમાં વિવેક પ્રેરો. (૪૨). માયા તો તારી દાસી છે, તને એ કાયમ સલામ ભરતી હોય છે. સ્થાવર અને જંગમ તારાં જ રૂપો છે. તને કોટી (કરોડવાર) પ્રણામ કરું છું. (૪૩). અહીં બધે તું જ વિલસે છે. તારા વગરનું એક પણ સ્થાન (ખાલી) નથી. જીવ અને શિવ પણ તારાં રમકડાં જ છે. તારું ધામ એ અક્ષયધામ છે. (૪૪). તું આકાશની જેમ નિર્દોષ (શુદ્ધ) છે. આદિ અને અંત તારામાં નથી. તું તો અભંગ છે. માયાની ઉપાધિને કારણે વચમાં વિવિધ પ્રકારના રંગો ભ્રાન્તિને કારણે દેખાય છે. (૪૫). નામ રૂપની ઓથે રહીને તું પરબ્રહ્મ-સચ્ચિદાનંદ રમત રમે છે. આ બધી તારી ક્રીડા છે. (૪૬). તું જ સૂર્ય, ચંદ્ર, તારા, અગ્નિ, વરુણ, કુબેર, બ્રહ્મા, હરિ, હર, ગણપતિ, ઇંદ્ર અને કાળ છે. તું મહેર કર. (૪૭). તું જ સ્ત્રી, પુરુષ, નપુંસક (કલીબ), વૃદ્ધ અને બાળક છે. તારામાં એક અનેક એવા ભેદ જ નથી. આ બધા તો મિથ્યા માયાવી ખ્યાલો છે. (૪૮). આપ આખા જગતનું ભરણ પોષણ કરનાર (વિશ્વંભર) છો. સૌને ધારણ કરનાર છો, પિતા છો. આપની લીલા અગાધ છે. જેનું વર્ણન કરતાં શેષ (નારાયણ) પણ મૂંગો થઇ જાય ત્યાં બીજાની તો વાત જ શી ! (૪૯). તું દશે દિશામાં વ્યાપી રહ્યો છે તેથી તને લોકો દિગંબર કહે છે. તું દશે દિશામાં વ્યાપી એની બહાર પણ વિસ્તર્યો છે (૧૧). હું બાળક તારું શું વર્ણન કરી શકું? (દિગંબર-દિશા જેનું વસ્ત્ર છે તે, નગ્ન. બીજો અર્થ- જે દિશાનું

વસ્ત્ર છે તે.) (૫૦). હે દેવ ! તું સ્મરણ કરતાંની સાથે જ પ્રાપ્ત થનાર છે ! હું મારા વાળથી તારા ચરણ પખાળું છું, સાષ્ટાંગ પ્રણામ કરું છું, તારી દિવસ-રાત સેવા કરું છું. (અહર્નિશ =અહ: (દિવસ) + નિશા (રાત્રિ)) તને મારા દંડવત્ પ્રણામ. (૫૧). ભીતરમાં અપ્રગટ રહીને તું હૃદયનું નિયમન કરે છે(૧૨), સદ્‌ગુરુરૂપે તું બહાર પ્રગટરૂપે વિરાજે છે. હું તને વારંવાર પ્રણામ કરું છું. આ સંસારરૂપી કૂવો મને પીડા (ત્રાસ) આપે છે. (૫૨). હે પ્રભુ ! તું કેવળ ભાવનાનો જ ભૂખ્યો છે. તું ભક્તની ભાવનાને વશ થાય છે. અત્ર્યનસૂયાના વિશ્વાસ અને તપને કારણે તેં એમનાં પુત્ર તરીકે જન્મ લીધો છે. (૫૩). **(દત્તાવંદના સંપૂર્ણ)**

શ્રીપાદવલ્લભ નૃસિંહસરસ્વતીવંદના :

તારો કલિતારક તરીકેનો મહિમા વધ્યો છે અને તેં શ્રીપાદવલ્લભ અને નૃસિંહ સરસ્વતીરૂપે અવતાર ધર્યો. તું કલિતારક છે. (૫૪). નિર્ગુણ અને સગુણરૂપે બધે તું જ વસ્યો છે. તારો મહિમા અપરંપાર છે. આ ગ્રંથ રચી શકું એ માટે તું પ્રેરણા કર. મૂઢ પણ આ સંસાર તરી જાય એવી શક્તિ તું ગ્રંથમાં મૂકજે. (૫૫). લાકડાની પૂતળીને તેનો ચાલક જેમ નચાવે તેમ તે નાચે છે, તેવી જ રીતે તું મારો ચાલક છે, તું મારું યંત્ર ચલાવ. તું જેવું લખાવીશ તેવું હું લખીશ. (૫૬). તારા હાથમાં મારી લાજ છે. હું તો નિમિત્તમાત્ર છું. તું જેમ હલાવે તેમ આ અંગના અવયવો હાલે છે. (૫૭). તારું સચ્ચિદાનંદરૂપ સોહામણું છે, તે નિર્ગુણ છે અને અનંત ગુણવાળું પણ છે. એ અનંત નિર્ગુણના દર્શન કરાવીને ભેદ દૃષ્ટિ હરી લે. નિર્દ્વંદ્વ બનાવી મને નિર્ભય કરો. (૫૮). 'હું' અને 'મારું'ની વૃત્તિ બાળીને ભસ્મ કરો. મારી આત્મજ્યોતિને તેજસ્વી કરો. જ્ઞાનરૂપી ખજાનો ખોલી આપો અને અજ્ઞાનતારૂપી દરિદ્રતાનો નાશ કરો. (૫૯). ગુણ અને ઐશ્વર્યયુક્ત આપના દિવ્ય અને સુંદર-રૂપાળાં સાકાર સ્વરૂપનાં દર્શન કરાવો. એ સાકાર સ્વરૂપની લીલાઓનું રહસ્ય ખુલ્લું કરો અને ભવ્ય કલ્પના શક્તિની સ્ફુરણાઓ આપો. (૬૦). આપના ગુણલા ગાવાની મને ઇચ્છા થઇ છે. એટલે મારા અંત:કરણમાં આપ સ્ફુરણાઓ કરો જેથી મારી ઇચ્છા સિદ્ધ થાય. જેથી આપના ગુણલાનું ગાન કરી-કરાવીને ભક્તજનો ભવસાગર શીઘ્ર તરી જાય. (૬૧). સ્તુતિ કરવા યોગ્ય પ્રભુ, સ્તુતિ કરનાર ભક્ત અને પવિત્ર સ્તવન ત્રણેય આપ જ છો. કરનાર (કર્તા), કરાવનાર (કારયિતા) અને કર્મ પણ હે પ્રભુ ! આપ જ સ્વયં સુંદર છો. (૬૨). તું જ લેખક, લેખન અને લેખ્ય છે. તું જ ગાયક,ગાવાનો વિષય અને ગાન છે. આવું સમજીને ચિંતાનો ભાર મૂકી દઉં છું અને હે વરદાન દેનાર દેવ ! વિરમું છું. (૬૩). દેહ ભાવથી હું દાસ છું, જીવભાવે (દ્વૈતભાવે) હું તારો જ અંશ છું પણ આત્મભાવથી તો હું અને તું એક જ છીએ. આમ દ્વૈતભાવનો નાશ થયો છે(૧૩). (૬૪). તું ગુરુમૂર્તિરૂપે રહીને આત્મબોધ આપી રહ્યો છે. તારી કૃપાદૃષ્ટિ થતાં જ જ્ઞાનનો ધોધ વહે છે. (૬૫). દત્તરૂપ હે નૃસિંહસરસ્વતી દેવ ! હું તમને નમન કરું છું. આપે જ યતિવર વાસુદેવ રૂપે અવતરીને સદ્‌ગુરુનું રૂપ ધારણ કર્યું છે. (૬૬). **(શ્રીપાદવલ્લભ-નૃસિંહસરસ્વતીવંદના સંપૂર્ણ.)**

સદ્‌ગુરુ વાસુદેવ સ્વામીની વંદના :

જ્ઞાની અને ધ્યાની સ્વરૂપાનંદ પામવા માટે સચ્ચિદાનંદરૂપ દત્ત ભગવાન સ્વરૂપ તને જપે છે. (૬૭). હે ગુરુ ! તું (અજ્ઞાનરૂપી) દૈન્ય હરનાર છે. તું વિશિષ્ટ પ્રકાર (જ્ઞાન)નું દાન કરે છે. શિષ્યનું મૃત્યુ મારીને એને અમર અને પ્રમાણાતીત કરે છે. (૬૮). તારી પાદુકા સંસાર તારનારી છે. એને વારંવાર વંદન કરીને હું ધન્ય થાઉં છું. એના પર (પાદુકા ઉપર) મારા પ્રાણ ન્યોછાવર કરું છું અને એ અનન્ય ચરણને ભજું છું, સેવું છું. (૬૯). મૂળમાં તો તું એક, નિર્ગુણ, નિરાકાર અને નિ:સંગ છે પરંતુ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે વિવિધ રૂપો ધરે છે. (૭૦). રામ અને કૃષ્ણ વગેરે પણ

તારા જ અવતારો છે. હે દેવ ! આ ગ્રંથનો વિસ્તાર કરો એવી પ્રાર્થના કરું છું. (૭૧). વેદ અને શાસ્ત્ર પણ તારું અશેષ (સંપૂર્ણ) વર્ણન કરી શક્યા નથી. તો પછી મારા જેવો રાંકડો અને બાપડો તારા મહિમાનું વર્ણન કેવી રીતે કરી શકે? હું તો કેવળ તારા ચરણને જ સ્પર્શ કરી (સંતોષ માની) લઉં છું. (૭૨). હે વિભુ ! ક્યાં તારી લીલાનો સાગર અને ક્યાં મારી મંદ બુદ્ધિ ? હું તો જાણે નખથી મેરુ પર્વત ઉખાડી રહ્યો છું ! હે ભગવાન ! તમે કૃપા કરો. (૭૩). હું અનાથ છું અને અપંગ છું. તારા વિના મારો બીજો કોઇ સ્વામી (નાથ) નથી. હું સંસારરૂપી જંગલ (અટવિ)માં રખડું છું. હે સદ્‌ગુરુ ! તમે મારો સાથ કરજો. (૭૪). (હે ગુરુદેવ !) તું મા છે અને હું (તારો) બાળક છું. તું જ્ઞાનરૂપી દૂધનું પાન કરાવ જેથી તારી લીલાનાં અમૃતનું પ્રાશન કરીને જગતમાં ધન્ય બનું. (૭૫). તારી આજ્ઞા માથે ચઢાવી હું લખવા માટે તૈયાર થયો છું. તું જેમ લખાવીશ તેમ હું લખીશ. યોગ્ય-અયોગ્યનું મને ભાન નથી. (૭૬). ભ્રાંતિનું પડળ દૂર કરી, જ્ઞાનનું આંજણ કર જેથી અનેરું કાવ્ય સ્ફુરે અને ગ્રંથ સુંદર બને. (૭૭). **(સદ્‌ગુરુવંદના સમાપ્ત.)**

<u>સંતોની વંદના</u> :

કવિશ્રેષ્ઠ વાલ્મીકિ, વ્યાસ, પરાશર, સંત, મહંત, પ્રભુના લાડીલા ભક્ત અને સહુ સુશીલ ભક્તોને હું વંદન કરું છું. (૭૮). ગુજરાતી ભાષા, કાવ્યાલંકારો વગેરે હું જાણતો નથી. એ જ્ઞાનનો સાગર અપાર છે. કલા કૌશલની હોશિયારી મારામાં નથી. (૭૯). હું તો એક મગતરું છું. ગુરુની હૂંફ ન મળે તો મારું શું ગજું? મારા બધા દોષો માફ કરો અને હે સજ્જનો ! (સદ્‌ગૃહસ્થો) મને સહકાર આપો. (૮૦). મુજ ગરીબ પર કૃપા કરી જ્ઞાનનું દાન આપો. હું હંમેશા સંતોનો દાસ છું. મને બીજું કાંઇ ભાન નથી. (૮૧). ઋષિ, મુનીશ્વર, સંત, કવિવર વગેરેને વંદન કરીને હવે હું માતા-પિતાના ચરણોમાં વંદન કરું છું. જેથી મારું કલ્યાણ થાય. (૮૨). **(સંત વંદના સંપૂર્ણ.)**

<u>માતા-પિતાની વંદના</u> :

સદ્‌ગુણના ભંડાર (ખાણ) સમા વિઠ્ઠલ પિતાને અને રુક્મા માતાને કોટિ કોટિ વંદન કરું છું. (૮૩). જેની શુભ આશિષથી આ દીન રંગ તરી ગયો એ માતા-પિતાના ચરણોમાં મારું મન હંમેશા વિલિન થજો. (૮૪).

(માતા-પિતાની વંદના સંપૂર્ણ.)

<u>સ્વપરિચય</u> :

મહારાષ્ટ્ર બ્રાહ્મણની કહ્યાડે પેટા જ્ઞાતિમાં આ દેહનો જન્મ થયો છે. (૮૫). મારું અત્રિ ગોત્ર, ત્રિપ્રવર (૧૪), ઋગ્વેદ, આશ્વાલાયન સૂત્ર અને શાકલ શાખા છે. (૮૬). જે જ્ઞાતિ અને ગોત્રમાં વાસુદેવ ગુરુ જન્મ્યા, તેના સંગથી જ આ શરીર પુણ્યશાળી થયું (૧૫). (૮૭). મારી અટક (ઉપનામ) વળામે છે. નામ (અભિધાન)પાંડુરંગ છે. અભિમાન છોડી હું સહુને નમ્રભાવે વંદન કરું છું. (૮૮). બાળક ભાંગ્યું, તૂટ્યું ને બોબડું બોલે તો પણ બધા કૌતુકથી સાંભળે છે અને એને ખૂબ કિંમતી માને છે. (બીજો અર્થ: માતાને (માને) મન એ બહુ કિંમતી છે.) (૧૬) (૮૯). હે સંતો ! આ ગાનને બાળકના વાક્ય જેવું માનીને મત્સર છોડીને એનો સ્વીકાર કરો, તો પરમાત્મા (અનંત) પ્રસન્ન થશે. (૯૦). હું કાવ્ય કરવાની કળા (કવિત્વની રીત) જાણતો નથી. અને મારામાં શબ્દ વ્યુત્પત્તિનું જ્ઞાન પણ નથી. હું મૂરખ અને નાદાન છું. એમ છતાં સમર્થ ઘરનું શ્વાન છું. (૯૧). **(સ્વપરિચય સંપૂર્ણ)**

ગ્રંથ રચનાનું નિમિત્ત :

ગુરુની આજ્ઞા માથે ચઢાવીને ગુરુલીલા પ્રેમથી ગાવા માટે પ્રવૃત થયો છું. હે સદાચારરત સંતો ! એ ગાનનું શ્રવણ કરો (૧૭). (૯૨). "આ ગુરુની લીલાના ચરિત્રનો અમૃત કુંભ તું લે. અમૃતનું પાન કર અને જે તૃષાતુર હોય (જેને તરસ લાગી હોય) તેને પાન કરાવ. તે અમૃતપાનથી મોત પણ બ્હી જઇને રાડ પાડી જશે. દૈન્ય રહેશે નહિ. જા, તું મોજ કર અને મસ્ત બન". સ્વપ્નમાં આવો આશીર્વાદ આપીને ગુરુએ મારા માથે વરદ હસ્ત (હાથ) મૂક્યો. (૯૩-૯૪). ગુરુ મહારાજની લીલાનો મર્મ ગુરુ જ જાણી શકે. વરદાન આપ્યું છે તે પૂરું કરશે જ. મૂંગાને પણ જો બોલવાના આશિષ ગુરુ આપે તો તે તુર્ત જ વેદવાણી ઉચ્ચારવા સમર્થ થાય છે. (૯૫). ગુરુવાક્ય એ કામધેનુ છે, એમાં શંકા નથી. વાસુદેવસરસ્વતી, નૃસિંહસરસ્વતી અને શ્રીપાદવલ્લભ દત્તાત્રેય સ્વરૂપ છે. એમનો મહિમા કોણ વર્ણવી શકે? એ બધાં બ્રહ્મા હરિહરનાં સ્વરૂપો છે. (૯૬-૯૭). આ મુખરૂપી તંબૂરાને એ જેમ વગાડશે તેમ વાગશે. સપ્તમ અને પંચમ બધા એના જ સૂર છે. (૯૮).

ગ્રંથ માહાત્મ્ય :

ગુરુનું જ્ઞાન રુચિર (સુંદર), રમ્ય અને રસાળ છે. તે કલિતારક છે. અને જો મનનો દૃઢ નિશ્ચય હોય તો તે મોતને પણ પાછું ઠેલે છે. (૯૯). જે કોઇ આ કથાનું સદા વાચન કરશે કે હંમેશાં શ્રવણ કરશે તે આ લોકમાં અને પરલોકમાં હરેક પ્રકારની સંપતિ પામશે અને એનું દુર્ભાગ્ય પણ ટળશે. (૧૦૦). જે ઘરમાં ગુરુકીર્તન થાય તે ઘરમાં પુત્ર, પૌત્ર, ધન ધાન્યની વૃદ્ધિ થાય છે. અને હંમેશ માટે લક્ષ્મીદેવી વસે છે. (લક્ષ્મી ચંચળ હોવાથી એક ઠેકાણે કદી કાયમ માટે રહેતી નથી.) (૧૦૧). આ ગ્રંથના સાત દિવસના (સપ્ત=સાત, અહ=દિવસ) પારાયણથી પાપનો નાશ થાય છે. હરેક પ્રકારનું સુખ મળે છે અને ગુરુકૃપાથી રોગની કે ગ્રહની પીડા રહેતી નથી. (૧૦૨). આ કળિયુગમાં દત્તાની કથાનું આ અમૃત કામધેનુ સમાન છે. એનું પાન કરવાથી વસ્તુ સિદ્ધ થશે, ભવભય દૂર થશે અને મુક્તિ મળશે. (૧૦૩). હું આ અનુભવની વાણી બોલી રહ્યો છું. હૃદયમાં શ્રદ્ધા રાખજો. (શ્રદ્ધાથી શ્રવણ-પઠન કરજો) એ વિશે તર્ક-વિતર્ક કરશો નહિ. (૧૦૪). ભરપેટ જમ્યા પછી સ્વાભાવિક રીતે જેમ ઓડકાર આવે છે તેમ ગુરુકૃપાના સ્વયં અનુભવોનો પ્રસાદ માણ્યો છે તેનું આ ઓક્કસ પરિણામ છે. (૧૦૫). આ (ગુરુલીલામૃત ગ્રંથ) ગુજરાતી (પ્રાકૃત) ભાષામાં છે એટલા માટે એની કોઇ મશ્કરી (ઉપહાસ) રખે કરતા ! કારણકે ભાષાડંબર તો વ્યર્થ છે. લાકડાની પેટીમાં રત્ન-ઘરેણાં (આભૂષણો) ભર્યાં હોય તો લાકડાની પેટીને જોઇને એને જે ત્યજી દે છે તે સાવ અભાગી છે. ખરો ખજાનો તો અર્થમાં (અંદર) છે. એમાં કેમ શંકા (સંદેહ) કરો છો? (૧૦૬-૧૦૭). મને (ગ્રંથ રચનારને) નાનો જાણી ગ્રંથની ઠેકડી કરશો નહિ. કારણકે નાની અમથી મધમાખીના મુખેથી જ મીઠું મધ પ્રાપ્ત થાય છે. (૧૦૮). નકામી જણાતી છીપમાં અમૂલ્ય મોતી પાકે છે. નિંદાયોગ્ય કાગડાની વિષ્ઠાથી ઉદ્ભવેલો હોવા છતાં પીપળો તો પૂજ્ય જ ગણાય છે. (૧૦૯). શેરડીનો સાંઠો ભલે બહારથી વાંકો અને મેલવાળો જણાય, એમ છતાં એમાં ભરેલા મીઠા રસને ત્યજવાની કયો મૂરખ ઇચ્છા કરશે? (૧૧૦). માટે આ ગ્રંથની કોઇ અવગણના કરશો નહિ કે એના પ્રત્યે ઉદાસીનતા દાખવશો નહિ. અને એ રીતે આયુષ્ય નકામું જાય નહિ (એની તકેદારી રાખશો). (૧૧૧). હંસ મોતીનો ચારો ચરે છે પણ કાગડો તો વિષ્ઠા જ ખાય છે. તેમ વિષયીજન વિષયો તરફ જ દોડે છે,પરંતુ ભક્ત હોય તે તો ગુરુકથાનું ગાન કરવા જ પ્રેરાય. (૧૧૨). આ ગ્રંથમાં શરુઆતથી માંડીને અંત પર્યંત બ્રહ્મરસ જ ભર્યો છે. (૧૮) મારી આ વાણીમાં વિશ્વાસ રાખનાર સજ્જનોને એની દિવ્યતાના સચોટ અનુભવો થશે જ. (૧૧૩).

ગુરુની કથા જ્ઞાન આપનારી છે, કામધેનુની જેમ (ઇચ્છા પૂરી કરનારી) છે. હે સજ્જનો (સંતો) ! આ મારું સત્ય વચન છે. હવે તમે ધ્યાનથી (કથા) સાંભળો. (૧૧૪).

ગ્રંથ (કથા)ની શરૂઆત :

નિરંજન નામનો એક ભાવિક બ્રાહ્મણ ભક્ત હતો. તે શાન્ત, દાન્ત અને ઉપરતિ (વૈરાગ્ય)વાળો હતો અને ભાવથી હરિગુણગાન કરતો હતો. (૧૧૫). હરિના ચરણનાં દર્શન માટે તેનાં નયનો રાત દિવસ તલસી રહ્યાં છે. મન બેચેન છે અને શરીર રોજ રોજ ક્ષીણ થતું જાય છે. (૧૧૬). ઘણાં તીર્થો ફર્યો, ઘણાં વ્રત અને દાન કર્યાં. ગ્રંથોનાં વાંચનથી પણ કંટાળ્યો અને છેવટે જંગલમાં જઇને રહેવાનું રાખ્યું. (૧૧૭). અતિ વ્યાકુળ ચિત્તવાળા નિરંજને દેહદમન કર્યું. આળસ-નિદ્રાનો ત્યાગ કરી ઉગ્ર સાધના કરવા લાગ્યો. (૧૧૮). ગુરુ વગર માર્ગ કોણ બતાવે? એવું જાણીને બેચેન (નિર્વેદ) થયો. અતિશય ખિન્ન થયેલો શિષ્ય ગુરુ શોધવા નીકળ્યો. (૧૧૯). નસીબમાં હોય તો જ ભગવાનનાં દર્શન થતાં હોય તો પછી ભક્તિ કરવાની જરૂર જ શી? [૧૮] પુસ્તકો વાંચવાથી જ પ્રભુ મળતા હોય તો પુસ્તકમાં રહેલા કીડાને તો દર્શન થવાં જ જોઇએને ! (૧૨૦). ડગલે ને પગલે લીમડાનું વૃક્ષ જોવા મળે છે, જ્યારે ચંદનનું વૃક્ષ તો જવલ્લે જ જોવા મળે છે, અને કલ્પવૃક્ષ તો કરોડ વૃક્ષમાં એકાદ હોય અને તે કોઇ વિરલ પુરુષને જ જોવા મળે. (૧૨૧). સાધુનો વેષ લઇને ફરનારા તો રસ્તામાં મળવાના જ પરંતુ સાચા સંત મળવા મુશ્કેલ છે. જ્યારે પુણ્ય ફળે છે ત્યારે સદ્‌ગુરુ મળે છે અને જ્ઞાનનું દાન કરે છે. (૧૨૨). શિષ્યનું ધન હરી લેનારા (ગુરુ) તો ઘણા મળે પરંતુ ચિંતા હરનારા (ગુરુ) તો કોક જ હોય છે. [૧૯] વિપ્ર (નિરંજન) ગુરુની શોધમાં ફરે છે, એને જોઇને દુષ્ટ લોકો હસે છે,મશ્કરી કરે છે. (૧૨૩). (નિરંજન) ખાવા-પીવાનું ભૂલી ગયો. રાત છે કે દિવસ તેનું પણ ભાન રહ્યું નહીં. એના મનમાં એક જ લગની લાગી છે કે મને પ્રભુ ક્યારે મળે? મને ક્યારે પ્રભુનાં દર્શન થાય? (૧૨૪). આંખો ઊંડી જતી રહી, શરીર ધૂળથી ખરડાયેલું છે. (એને ગાંડો સમજીને) છોકરાંએ પથ્થર મારીને એનું કમંડળ (પાત્ર) ફોડી નાખ્યું. (૧૨૫). વસ્ત્રો ફાટી ગયાં, માથાનાં વાળ જેમ તેમ ઊડે છે. ખાવા માટે કશું મળતું નથી તો પણ પોતાના ધ્યેયમાંથી જરા પણ ડગતો નથી. (૧૨૬). ભૂતના જેવો બાવરો બનીને (નિરંજન) ફરતો ફરતો ભગવાન દત્ત-દિગંબર વસે છે તે ગિરનાર પર્વત પર આવ્યો. અને ત્યાંજ ચાર કડાકા થયા. (૧૨૭). કરગરીને પ્રાર્થના કરતો નિરંજન કહેવા લાગ્યો કે હે ગુરુદેવ ! હવે દોડ. અને ત્યાં તરત જ દત્તપ્રભુ કૃપા કરીને પ્રગટ થયા. (૧૨૮). હે ધીર સંતો ! એ રસમય કથા હવે પછીના અધ્યાયમાં સાંભળો. પ્રથમ અધ્યાયમાં ધીર અને ગંભીર બનાવે એવું આ મંગલ વંદન કર્યું છે. (૧૨૯). સદ્‌ગુરુને શોધવામાં શિષ્ય અપાર કષ્ટ સહન કરે છે. એ કથાનક શ્રદ્ધા અને ભક્તિથી સાંભળતાં સૌનો સર્વત્ર જયજયકાર થશે. (૧૩૦). [૨૦]

શ્રીદત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શિષ્યવ્યાકુલતા વર્ણન '**નામનો **પહેલો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧

(૧) ગ્રંથારંભે એટલે ગ્રંથની શરૂઆત કરું છું ત્યારે એ તો શબ્દાર્થ છે. પરંતુ સાધનાની શરૂઆતમાં જુદી જુદી ઘણી ગ્રંથીઓ હોય છે ત્યારે પણ ભગવાન ગણપતિનું સ્મરણ જરૂરી છે. મારું-તારું, સુખ-દુઃખ, રાગ-દ્વેષની ગ્રંથીઓ આરંભમાં હોય છે ત્યારે સન્મતિની માગણી જરૂરી છે એવો અર્થ કરી શકાય.

(૨) મહારાષ્ટ્રમાં મોરયા નામના ગણપતિના એક મહાન ઉપાસક થઇ ગયા. એ ભક્તની ઉપાસનાના સ્વીકારરૂપે ગણપતિનું એક નામ મોરયા થયું.

(૩) નિરાલંબનો અર્થ એવો પણ થઇ શકે કે એના જેવો બીજો કોઇ આધાર નથી તે.

(૪) અણોરણિયાન્ શ્લોક કઠ ઉપનિષદમાં આ પ્રમાણે છે :-

અણોરણીયાન્મહતો મહીયાનાત્માસ્ય જન્તો નિંહિતો ગુહાયામ્ |
તમક્રતુઃ પશ્યતિ વિતશોકો ધાતુપ્રસાદાન્મહિમાનમાત્મનઃ ||

(દ્વિતીય વલ્લી. શ્લોક ૨૦.)

(૫) ગજવદનની વિશિષ્ટતા છે કે સફળ નેતા માટેના બધા જરૂરી ગુણો હાથીમાં જણાય છે. ગણપતિ પણ વિનાયક નેતા જ છે. (ગણ=સમૂહના પતિ) બધા પ્રાણીઓમાં હાથી વિશિષ્ટ પ્રકારનું પ્રાણી છે.

(૬) ગણપતિના બે દાંતો પૈકી એક દાંત ભગવાન કૃષ્ણ સાથેના યુદ્ધમાં તૂટી ગયો હતો. ત્યારથી એ એક દાંતવાળા થયા.

(૭) ચાર પ્રકારની મુક્તિ આ પ્રમાણે છે. સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય અને સારૂપ્ય.

(૮) સચ્ચિદાનંદ એટલે જ અસ્તિ(સત્), ભાતિ (ચિત્) અને પ્રિય (આનંદ). આ પરબ્રહ્મના લક્ષણો છે. આત્મા પણ સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે.

(૯) સ્મરણમાત્રથી હર્ષની લાગણી થાય તે **પ્રિય**, જોવાથી એવી લાગણી થાય તે **મોદ** અને ઉપભોગ કરવાથી એવી લાગણી થાય તે **આનંદ** કહેવાય.

(૧૦) મળ, વિક્ષેપ અને આવરણ પૈકી નિષ્કામ કર્મથી મળનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધિ થાય છે. ઉપાસનાથી વિક્ષેપ દૂર થાય છે અને ચિત્ત સ્થિર થાય છે અને જ્ઞાનથી આવરણ દૂર થાય છે અને આત્માનું દર્શન થાય છે. વિક્ષેપ એટલે મનમાં ખલેલ પડવી, મન અસ્થિર હોવું. આવરણ એટલે ઢાંકવું, આચ્છાદન કરવું.

(૧૧) **પુરુષસૂક્ત શ્લોક : ૧.**

સહસ્રશીર્ષાઃ પુરુષાઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ |
સ ભૂમિગ્ગૂં સર્વતઃ સ્પૃત્વાત્યતિષ્ઠદશાંગૂલમ્ ||

(૧૨) અંતર્યામી= અંતઃ (અંદર રહીને) યામી (નિયમન કરનાર. યમ શબ્દનો અર્થ કાબૂ રાખવો, અંકુશ રાખવો એવો થાય છે.) અંતર્યામી સચ્ચિત્સુખ બહાર સદ્‌ગુરુ ત્રિભુજ સુમુખ (દત્તાબાવની). અંતર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો ! (દત્તાપ્રણતિ).

(૧૩) ભગવાન રામચંદ્રજીએ હનુમાનને પૂછ્યું હતું કે તું કોણ છે? ત્યારે એના જવાબમાં હનુમાનજીએ આવો જ જવાબ આપ્યો હતો.

દેહદૃષ્ટયા તુ દાસોઽહં જીવદૃષ્ટયા ત્વદંશક: |
વસ્તુતસ્તુ ત્વમેવાહમિતિ મે નિશ્ચલા મતિ: ||

(અધ્યાત્મ રામાયણ)

(૧૪) ત્રિપ્રવર એટલે આત્રેય, આર્ચનાનસ અને શ્યાવાશ્વ એ ત્રણ પ્રવર.

(૧૫) પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ અને પ.પૂ.શ્રી રંગ અવધૂત બાપજીનાં ગોત્ર, પ્રવર, વેદ, સૂત્ર અને શાખા એક જ છે. કેવો સુંદર યોગ !

(૧૬) 'માને' એટલે માનવું એવો અર્થ પણ થાય અને માને એટલે માતાને એવો પણ અર્થ કરી શકાય.

વાણીઓ પ્રેમથી ભીની, ગમે છે પ્રભુને ખરે !
બાળની તોતડી વાતો, માતા મન ભાવતી.

(પાગલ પરમાનંદ પરમહંસ)

(૧૭) પૂ.શ્રીનો મુકામ મુ.રતનલાલ મહાત્મા (સરખેજના ભકત)ની જામફળીની વાડીમાં હતો ત્યારે પ.પ.સ્વામી મહારાજે પૂ.બાપજીને સ્વપ્નમાં દર્શન આપીને આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી. આ સ્વપ્નમાં જે કહ્યું તે પૂ.શ્રીએ દોહરા-૯૪- ૯૫માં જણાવ્યું છે. "ચરિતામૃત લે--સ્વપ્નમાં હસ્ત" આ દર્શન પછી પૂ.શ્રીએ ભજન લખ્યું-- 'ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં'.

(૧૮) બ્રહ્મસૂત્રનું પહેલું જ સૂત્ર છે: 'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'. એમાં 'અથ' એટલે હવેનું વિવેચન કરતાં પ.પ.શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્યજીએ એવું જણાવ્યું કે 'હવે' એટલે વિવેક, વૈરાગ્ય,ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું મેળવ્યા પછી. જો બ્રહ્મ જાણવા માટે આટલી તૈયારી જરૂરી હોય તો પછી બ્રહ્મરસનું પાન કરવા માટે તો કેટલી તૈયારી જોઇએ?

(૧૮) ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં અર્થ અને કામ પ્રારબ્ધ પ્રમાણે મળે છે. જ્યારે ધર્મ અને મોક્ષ માટે મહાપુરુષાર્થ કરવો પડે છે, લોહીનું પાણી કરવું પડે છે. ઉપનિષદ પણ કહે છે : 'નાયમાત્મા બલહીનેન લભ્ય:' બળ વગરના (પુરુષાર્થ વગરના) માનવને આત્માનાં દર્શન થતાં નથી. આપણે ભૂલમાં ઊંધુ સમજી બેઠા કે અર્થ અને કામ મહેનતથી મળે અને ધર્મ તેમજ મોક્ષ નસીબમાં હોય તો મળે.

(૧૯) સામાન્ય સંત શિષ્યનું વિત્ત હરે, સાચો સંત એનું ચિત્ત હરે, એની જન્મમરણની પરંપરા દૂર કરે. શ્લોક છે :-

ગુરવો બહવ: સન્તિ શિષ્યવિત્તાપહારકા: |
દુર્લભ: સ ગુરુર્લોકે શિષ્યચિત્તાપહારક: ||

(સુભાષિત)

(૨૦) 'સદ્ગુરુ શોધે શિષ્ય હા !' આનો અર્થ એ પણ કરી શકાય કે સદ્ગુરુ પણ યોગ્ય શિષ્યની શોધમાં ફરતા હોય છે. પ.પૂ.રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે :

'સદ્ગુરુ શોધવાની જરૂર નથી, સચ્છિષ્ય (સત્+શિષ્ય) બનવાની જરૂર છે'. સાચા શિષ્ય બનવાથી સદ્ગુરુ સામેથી આવીને મળે છે.

●

અધ્યાય : ૨

આ અધ્યાયનું નામ '**ગુરુપ્રાપ્તિકથન**' છે. આ અધ્યાયમાં **૧૫૫** દોહરા છે.

ભગવાનના વિરહમાં દુ:ખી થયેલા નિરંજનની મનોવેદના (૧ થી ૨૨), સ્વપ્નમાં દર્શન (૨૩થી ૨૭), અલખ નિરંજન સંવાદ (૨૮ થી ૫૩), સૃષ્ટિની ઉત્પત્તિ અને સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચારે યુગોની વાતો (૫૪ થી ૧૫૫) વિગતવાર આ અધ્યાયમાં છે.

હે પાર્વતી પુત્ર (અંબાસુત) ગણપતિ ! હે ઘોડા (ગંધર્વ) પર બેઠેલા દેવ ! હું તમને નમન કરું છું . આપના સ્મરણથી વિઘ્નો નાસી જાય છે. દેવો અને મનુષ્યો આપની સેવા કરે છે. (અંબાસુતનો બીજો અર્થ નૃસિંહસરસ્વતી પણ થાય. અને ગંધર્વ સ્થિત એટલે ગાણગાપુરમાં રહેલા દેવ એમ પણ અર્થ થાય.) (૧). **રંગ** કહે છે કે હે ભાવિક ભક્તો ! તમે હવે ધ્યાનથી કથા આગળ સાંભળો. ગિરિ ગિરનાર પર વિપ્ર નિરંજન પહોંચ્યો છે અને ત્યાં સ્તુતિ કરે છે અને વારે વારે જયજયકાર કરે છે (જયઘોષ કરે છે). (૨). આંખમાંથી ચોધારા આંસુ વહે છે. વાણી ગદ્‌ગદિત છે. શરીર રોમાંચિત થઇને ધ્રૂજે છે અને આંખ અડધી ઊઘાડી અને અડધી બિડાયેલી છે. (૩). ક્ષણે ક્ષણે મૂર્છિત થઇને પૃથ્વી પર પડે છે અને સ્તબ્ધ થઇ જાય છે. ફરીથી ભાનમાં આવતાંની સાથે જ ફરી પોકાર કરે છે. (૪).

હે ગુરુવરા ! તું દોડ. મારી મર્યાદાઓ ના જોઇશ. હું તારે બારણે ઊભો છું. (જો હવે તું નહિ આવે તો) આ શરીર હવે ટકશે નહીં. (૫). તારા નામનું સ્મરણ કરવાથી જ પળવારમાં જો દીનતા ટળી જતી હોય તો પછી હજી સુધી મારી વેદના (વ્યથા) કેમ દૂર નથી થઇ? (૬). પ્રતિકૂળ નસીબ જ જો બળવાન હોય તો પછી દેવનું સ્મરણ કોણ કરશે? હે પ્રભુ! તારી કૃપા થયા પછી દૈવ (નસીબ)ની શી વિસાત? (નસીબ શું કરી શકે ?) (૭). હે પ્રભુ ! તું આપનાર (દાતા) છે અને હું દીન (ભિખારી) છું. તું મેઘ છે અને હું ચાતક છું. તું પારસમણિ છે અને હું લોખંડ છું. તું જલ્દીથી દોડ, જલ્દીથી દોડ. (૮). હું પાપી છું અને તું પાપનો નાશ કરનાર છે; તું તારા બિરુદની (બાનાની) તો આબરૂ જાળવ. અગ્નિના સંગમાં ભીનું હોય તો તે પણ પલકમાં બળીને ખાખ થઇ જાય છે ને ! (૯). હે પ્રભુ ! તું ભક્તનો સારથિ છે. રથની લગામ તારા હાથમાં છે. તારા ચરણમાં મેં માથું મૂકી દીધું છે. તો હવે અધવચ્ચે ઘાત કરીશ નહિ. (૧૦). તમે નીચ વેશ્યા (ગણિકા)ને, શિકારી (વ્યાધ)ને અને પંખીને તાર્યા છે ①. આ બાળક શું એવો નાલાયક (કુજાત)છે કે તે તને ભારે પડ્યો છે ! (૧૧). હે કૃપાસાગર ! આજે તારી કરુણા કેમ દેખાતી નથી? તું પહેલાં ભક્તોને માટે તરત જ દોડ્યો હતો એ વાત કોણ માનશે? (૧૨). મારું મન ચંચલ છે અને એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. દર્શન આપીને આશ્વાસન (હૂંફ) આપ અને મનમાં વિવેક જગાડ. (૧૩). હે પ્રભુ ! તારું ભક્ત વત્સલનું બિરુદ છે તે તું જાળવ. અને તું જલ્દી જલ્દી દોડ, કારણકે તારું બાળક તારા વિરહમાં રડે છે. (૧૪). તું માતા છે, પાલન કરનાર પિતા પણ તું જ છે. કાયમ (ચિરંતન) નો મિત્ર પણ તું જ છે. તું જ ઇષ્ટદેવ છે અને કુલગુરુ પણ તું જ છે. તું મારી ચિંતાનો ઢેર (ઢગલો) દૂર કર. (૧૫).

હે પ્રભુ ! તું કેમ નિર્દય થયો છે ? તું ક્રોધ છોડી દે. હે પ્રભુ ! મારા અપરાધ માફ કરો. હું તો મૂઢ અને ગમાર છું. (૧૬). (સંસારમાં) પિતા કોઇ વાર ગુસ્સે થાય તો માતા બાળકને આશરો (આશ્વાસન) આપે છે. (મા એને પક્ષે રહે છે.) અને માતા ક્રોધાયમાન થાય તો પિતા આળપંપાળ કરે છે. (૧૭). પરંતુ હે ગુરુ ! મારે માટે તો તું જ 'મા' છે અને તું જ 'બાપ' પણ છે. તું ગુસ્સે થાય તો મારે કોને જઇને દુ:ખ કહેવું ? અને એ કષ્ટ દૂર પણ કોણ કરે? (૧૮). હે નાથ ! તું ગરીબનો બેલી છે. અને હું તો અનાથ (નોધારો) અને નાદાર છું. આ દાસ તારા ચરણે પડ્યો છે. તારે મારવું હોય તો માર અને તારવો હોય તો તાર. (૧૯). હે ત્રિલોકના નાથ ! તને દુ:ખિયાનો બેલી (મદદ કરનાર) કહ્યો છે. મારા ગરીબનો પોકાર તું કેમ સાંભળતો નથી? (૨૦). હે પ્રભુ ! આવી નિષ્ઠુરતા તને શોભતી નથી. હવે અંત આવી ગયો છે. પથ્થર પણ પીગળી જાય એવું મારું આ રુદન હોવા છતાં, હે ગુરુદેવ ! તમે કેમ પ્રસન્ન થતા નથી ? (૨૧).

આમ બોલતાં બોલતાં ધરતી ઉપર બાળ નિરંજન મૂર્છા ખાઇને ઢળી પડ્યો. એને મૂર્છિત થઇને પડતાં જોઇને ભક્તના પ્રતિપાળ એવા સદ્ગુરુ દોડી આવ્યા. (૨૨). માથા ઉપર જટાનો મુગટ (તાજ) ધર્યો છે. શરીર ભસ્મથી લેપાયલું છે. વ્યાઘ્રચર્મ (વાઘનું ચામડું) શરીરે વિંટાળેલું છે અને મુખ પર ધીર ગંભીર હાસ્ય છે. (૨૩). શાંતિની પ્રતિમા સમાન આવી મૂર્તિનું (સ્વપ્નમાં) દર્શન થતાં બાળ નિરંજને સ્વપ્નમાં કોડથી પૂજન કરવા માંડ્યું. (૨૪). ગંધ અને ચોખા (અક્ષત)થી પૂજન કરી, આનંદ (મુદા)થી ભગવાનને ભેટીને વારંવાર પગે લાગે છે. (૨૫). જયાં ચરણામૃતનું પાન કર્યું ત્યાં જ અગમ્ય ઘંટ વાગ્યો (આ બધું સ્વપ્નમાં બને છે.) ઘંટના નાદથી મીઠા સ્વપ્નમાંથી નિરંજન જાગ્યો અને ત્યાં મોહક મૂર્તિ જોઇ. (૨૬). તેજના ભંડાર સમું શરીર છે. નાકના ટેરવે (નાકના આગળના ટોચના ભાગે) સ્થિર થયેલી દૃષ્ટિ શોભે છે. સ્વપ્નમાં જોયેલી છબી જ આંખ સામે ઉભેલી જોઇ અને નિરંજન સફાળો બેઠો થઇ ગયો②. (૨૭). વાળ (કેશ)થી ચરણ પખાળે છે. આંખમાંથી ચોધાર આંસુ વહે છે. આનંદથી વાણી પણ ગદ્ગદ્ થઇ ગઇ છે. અને શિષ્ય (નિરંજન) જયજયકાર કરે છે. (૨૮). હે યોગીશ્વર ! તમારો જય હો ! હું તમને વંદન કરું છું. તમારું દર્શન પાવનકારી છે. મારા ત્રિવિધતાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ) શમી ગયા છે અને મારું મન સંપૂર્ણ પણે શાંત થઇ ગયું છે. (૨૯). મેં વેઠેલા (સહન કરેલા) બધાં કષ્ટ આજે સફળ થયાં છે. આજનો દિવસ ધન ધન દિવસ છે. તમે અપૂર્વ (પહેલાં કદી ન બન્યું હોય એવું) દર્શન આપીને આ દીન બાળક (અર્ભક)નો ઉદ્ધાર કરી દીધો છે. (૩૦). હે દેવ ! મને કૃપા કરીને કહો કે તમે ક્યાંથી આવ્યા છો? આપનું શુભનામ શું છે ? હે ગુરુદેવ ! આપ ક્યાં રહો છો ? (પહેલા દેવ કહ્યા, પણ પછીથી ગુરુદેવ કહ્યા.) (૩૧).

યોગીશ્વરે કહ્યું કે આ શરીરને લોકો અલખ કહે છે③. અમે કોઇ એક સ્થળે કાયમ રહેતા નથી અને તીર્થોમાં ફરતા ફરીએ છીએ. (૩૨). અમે શ્વાસે શ્વાસે દત્ત દિગંબરનું સ્મરણ કર્યા કરીએ છીએ. અને ગુરુની કથામૃતનું પાન એ જ હમારું ભોજન છે. (૩૩). (અલખે પૂછ્યું કે) તું કોણ છે? તું અહીં એકલો કેમ વિલાપ કરે છે? હે બેટા (વત્સ) ! તેં શા માટે આ દેહદમન કર્યું છે? (૩૪). નિરંજને કહ્યું કે હે પ્રભુ ! મારું મન રાત દિવસ ભગવાનનાં દર્શન ઝંખે છે. અને એ વિના એ કોઇ પણ રીતે શાંત થાય એમ નથી. (૩૫). ચારે દિશામાં (બધે) રખડી રખડીને હું થાકી ગયો છું છતાં કાંઇ સાર ન જોયો. (સંતોષ ના થયો). અનેક શાસ્ત્રોનું વાંચન કરવાથી ઉલટાની મારી ભ્રાન્તિ વધી અને એ પણ સાર વગરનું નિવડ્યું. (૩૬). છેવટે હતાશ થઇને મેં પ્રાણ ત્યજવાનો નિશ્ચય કર્યો ત્યાં જ સદ્નસીબે હે અલખ ! આપનાં દર્શન થયાં. આપનો જય હો ! જય હો ! (૩૭). કળિયુગમાં આજે પણ દત્તપ્રભુ ગુરુરૂપે હાજરા હજૂર (પ્રત્યક્ષ) છે એવું સાંભળીને,

મનમાં ટેક રાખી હું ગિરિ (ગિરનાર) પર દોડી આવ્યો છું. (૩૮). ચાર ચાર દિવસના મને ઉપવાસ થવા છતાં દેવ પ્રસન્ન થતા ન હતા. મરણ ઘડી આવી પહોંચી ત્યારે મને સર્વસારરૂપ આપનાં ચરણના દર્શન થયાં. (૩૯). હે નાથ ! હું આ સંસાર સાગરમાં ડૂબી રહ્યો છું. તમે મને પાર ઉતારો. એ તરવાનું મને સરળ સાધન કહો. હે ગુરુદેવ ! તમે મારો હાથ પકડો. (૪૦). એવું કહીને નિરંજન ફરી પગે પડ્યો તેથી યોગીશ્વર અલખ પ્રસન્ન થયા અને માથે હાથ મૂકીને કહ્યું કે બેટા ! તું બ્હીશ નહી. (ગુરુદેવ હાથ પકડે, માથે હાથ મૂકે અને તું બ્હીશ નહીં એમ કહે એટલે શિષ્યનો ઉદ્ધાર થયો જ સમજો.) (૪૧).

કળિયુગમાં તરી જવા માટે ગુરુનું નામ છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. જો (શિષ્ય ગુરુને) એક નિષ્ઠાથી ભજે તો પછી ભ્રમ કેવી રીતે રહે? (શિષ્યનો ભ્રમ ભાગી જાય.) (૪૨). ગુરુની બધા પર સમાન દૃષ્ટિ છે. એ કૃપાની વર્ષા કરતા રહે છે. એની કૃપાથી બધા દેવો પણ વશ થઇ જાય છે ને સંસારનો જન્મમરણરૂપી તાવ મટી જાય છે. (૪૩). ગુરુને ભજવાથી કળિયુગ પીડા આપતો નથી (અથવા કલિ અને કાળ પીડા આપતા નથી.) મોત પાસે આવતું નથી. (મોતની બીક લાગતી નથી.) ગરીબાઇ અને પાપ બધા નાસી જાય છે અને સિદ્ધિઓ દાસી થઇ જાય છે. (૪૪). ગુરુભક્ત માટે શું દુર્લભ છે? જો શિષ્યનો નિશ્ચય દઢ હોય, વિશ્વાસ અડગ હોય તો ગુરુ તેની ટેક પૂર્ણ કરે છે. (૪૫). ગુરુ ત્રિમૂર્તિરૂપ છે એવી અનન્ય નિષ્ઠા મનમાં હોય અને શુદ્ધ ભાવ હોય તો શિષ્ય પણ તે (ગુરુ) સ્વરૂપ બની જાય છે. (૪૬). ભગવાન વિષ્ણુ કે શંકર ક્રોધ કરે તો ગુરુ પોતાના શિષ્યનું રક્ષણ કરે છે. પરંતુ ગુરુનો કોપ નિવારવા માટે કોઇ દેવ શક્તિશાળી નથી. (૪૭). આવો ગુરુનો મહિમા છે. ગુરુનું નામ એ (ભવસાગર) તારનાર છે. મુખથી એની લીલા ગાવાથી શિષ્યનું કામ થાય છે. (૪૮).

આવાં વચન સાંભળીને શિષ્યે (નિરંજને) ચરણમાં વંદન કરીને ભાવ અને વિનયથી પ્રાર્થના કરી પૂછ્યું કે- હે ગુરુદેવ ! હે ચિદ્ઘન ! મારા મનમાં શંકા ઊઠે છે તો એ શંકા દૂર કરો. આપે કહ્યું તેમ ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એમ ત્રિમૂર્તિ કેવી રીતે થયા? (૪૯-૫૦). દેવ કોપાયમાન થતાં ગુરુ એના સેવકનું (શિષ્યનું) રક્ષણ કરે છે. પણ ગુરુ ક્રોધાયમાન થાય ત્યારે શિષ્યનું રક્ષણ કરનારું કોઇ નથી. (૫૧). આ તમે કોનું વચન કહ્યું? એ અંગેનો શાસ્ત્રનો આધાર જણાવો. હે સંસારસાગર તારનારા અલખ ગુરુ ! તમે મારા હૃદયની શંકા દૂર કરો. તમને ધન્ય છે. (૫૨). જવાબમાં કૃપાના ભંડાર એવા અલખ અવધૂત બોલ્યા કે હે સદ્બુદ્ધિવાળા શિષ્ય ! તારો પ્રશ્ન પવિત્ર છે. (પૂછવા યોગ્ય પ્રશ્ન જ તેં પૂછયો છે.) હવે તું સાંભળ. (૫૩). મેં તને જે કહ્યું તે વેદના આધારે જ કહ્યું છે. હું તને મૂળથી (માંડીને) વાત કરું. મૂળ આદિ પુરુષ-વિષ્ણુની નાભિમાંથી ચતુર્મુખી બ્રહ્મા પ્રગટ્યા, જે (આ વિશ્વના) પિતા (તાત) છે. (૫૪). એના (બ્રહ્માના) મુખમાંથી ચાર પવિત્ર વેદો પ્રગટ (પ્રકાશિત) થયા. આ ચાર વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ)ના વિસ્તાર રૂપ પરમ સુંદર (વિચિત્ર) અઢાર પુરાણો થયાં. (૫૫). દ્વાપરયુગના અંતમાં વ્યાસના રૂપમાં ભગવાન નારાયણે પૃથ્વી પર એ પુરાણો પ્રગટ કર્યાં, જે પાવનકારી છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૫૬). એ પુરાણો વેદવ્યાસના શિષ્યો દ્વારા લોકોમાં પ્રસિદ્ધિ પામ્યાં. બાળકોથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીનાં માનવીઓ, દેવો અને સિદ્ધો પણ આ પુરાણોની વંદના કરે છે. (૫૭). તે પૈકી ત્રણે ભુવનમાં પ્રખ્યાત એવું બ્રહ્મવૈવર્ત નામનું જે એક પુરાણ છે તેમાં આવેલો આ સદ્ગુરુ કથન વિવેક તને કહું છું. (૫૮). એમાં કળિયુગે બ્રહ્માને ગુરુનો મહિમા પૂછતાં બ્રહ્માજીએ સ્વયં વિસ્તારથી ગુરુકથા ગાઇ હતી. (૫૯-૬૦). અલખનાં આવાં વચન સુણીને નિરંજને વિનમ્ર ભાવે ફરીથી પ્રશ્ન કર્યો કે હે તૃષ્ણારહિત અલખ ! હે કૃપાના સાગર ! લોકોનું ભલું કરવા માટે આપ બધે ફરો છો. તો હે ગુરુજી ! એ સઘળી કથા મને

વિસ્તારપૂર્વક સંભળાવો. (૬૧).

અલખ ગુરુ બોલ્યા કે હે વત્સ (બેટા) ! તું સાંભળ. જ્યારે નૈમિત્તિક કલ્પ થયો ત્યારે સમગ્ર પૃથ્વી જળમય થઇ રહી. (પ્રલય થઇ ગયો) અને કાંઇ કહેતા કાંઇ બચ્યું નહિ. (૬૨). કલ્પસાગરમાં વડનાં પાન (વટપત્ર) ઉપર ભગવાન વિષ્ણુ સૂતા છે. આ અવ્યકત એવા નારાયણે ④ ત્યાં કલ્પના કરી કે મારામાં વિવિધ પ્રકારના (નાના) જીવવાળી જે સમગ્ર સૃષ્ટિ લીન થઇ છે તેને એમનાં કર્મો ભોગવવા માટે હું બધાંને ફરીથી જીવતાં કરું. (૬૩-૬૪). નવો વારાહ નામનો કલ્પ આવ્યો જાણીને પૂર્વની સૃષ્ટિનું જ્ઞાન ધરાવતા શ્રીહરિએ સંસારની (પ્રપંચની) રચના કરવાનું વિચાર્યું. (૬૫). આ માટે તેમણે યોગનિદ્રા ત્યજી જગતની ઉત્પત્તિ માટે સંકલ્પ કર્યો, એમનું નાભિ (ડૂંટી) કમળ જે નાનું હતું તે ક્ષણમાત્રમાં વિકસિત કર્યું અને એમાંથી ચતુર્મુખી બ્રહ્મા (વિરિંચી) પ્રગટ્યા અને તેઓ (બ્રહ્મા) ચારે બાજુ જોવા લાગ્યા. (૬૬-૬૭). આજુબાજુ કશું જ ન દેખાતાં બ્રહ્માજીએ અભિમાનથી મનોમન વિચાર્યું કે મારા જેવો કોઇ બળવાન નથી અને હું જ સૌથી મોટો છું. (૬૮).

બ્રહ્માના મનની વાત જાણીને ગંભીર હાસ્ય કરીને નારાયણ ભગવાન બોલ્યા કે હે બાળ ! તું અભિમાન ના કર. હું મહાવિષ્ણુ તારો બાપ (તાત) છું. તું નિરભિમાની થઇને મને ભજ. આ સાંભળીને બ્રહ્માએ નીચે જોયું તો એમણે મહાન વિષ્ણુને જોયા. (૬૯-૭૦). પ્રેમપૂર્વક નમસ્કાર કરીને બહ્માએ સ્તુતિ કરી. કમળાસન ⑤ (બ્રહ્મા- કમળના આસનવાળા)ની લાંબા સમય સુધીની પ્રાર્થનાથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન (રાજી) થયા. (૭૧). નારાયણે (વિષ્ણુએ) કહ્યું કે હે વત્સ ! તું મારી આજ્ઞા સાંભળ. તું સૃષ્ટિનું સર્જન કર. આથી તરત જ પ્રણામ કરીને બ્રહ્માએ (વિષ્ણુને) કહ્યું કે હે હરિ (વિષ્ણુ) ! સૃષ્ટિના સર્જનની પદ્ધતિ હું બિલકુલ જાણતો નથી. કોઇ દિવસ એની રચના થતી પણ જોઇ નથી. હે વિષ્ણુ (હૃષીકેશ) ! હું કેવી રીતે સૃષ્ટિ રચું? (હૃષીકા:= ઇંદ્રિય, ઇશ = સ્વામી, પ્રેરક). (૭૨-૭૩). બ્રહ્માનાં આ વચન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને કહ્યું કે આ દર્પણ (અરીસા) સમાન અનાદિ વેદ લો. (૭૪). એમાં રચના વિધિ કહ્યો છે. એ પ્રમાણે સાવધાનીપૂર્વક વિધિ પ્રમાણે રચના કરો (સૃષ્ટિ પ્રગટ કરો). (૭૫). પોતાના કર્મો સાથે જીવો સૂક્ષ્મરૂપે લીન થયા છે. એમનું વેદોકત માર્ગે સર્જન કરો અને પછી વિશ્રાંતિ લો, આરામ કરો. (૭૬). આજ્ઞા માથે ચઢાવીને બ્રહ્માજીએ જમીન ફોડીને ઊગતી વનસ્પતિ (ઉદ્ભિજ્જ), પરસેવામાંથી જન્મનારા (સ્વેદજ), ઇંડામાંથી જન્મતા(અંડજ) અને ઓરથી વિંટળાઇને જન્મતા (જરાયુજ) એમ ચાર પ્રકારના દેહવાળી સૃષ્ટિ રચી. (૭૭). બ્રહ્મનિષ્ઠ એવા સનક વગેરે (સનક, સનંદન, સનાતન અને સનત) અને મરીચિ, અત્રિ વગેરે (મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ) સૃષ્ટિનો ફેલાવો કરનારા માનસ પુત્રો, દેવ-દાનવ અને વર્ણાશ્રમધર્મવાળા બ્રાહ્મણો, માનવો, યક્ષ, કિન્નર વગેરેનું સતત પુરુષાર્થ કરીને સર્જન કર્યું. (૭૮-૭૯).

કૃત (સત્ય)યુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલિયુગ (એમ ચાર યુગો)નું સર્જન કરીને એક એકને બોલાવીને વારાફરતી જગતમાં જવાની પ્રેરણા કરી. (૮૦). સૌ પ્રથમ સત્ય (કૃત) યુગને બોલાવીને બ્રહ્માજીએ કહ્યું કે- "હે સત્યયુગ ! તું સાંભળ. મારી આજ્ઞા છે કે તું જગતમાં જા અને તારા ગુણોનો ફેલાવો (પ્રચાર) કર". (૮૧). "આપની આજ્ઞા માથે ચઢાવું છું" એમ કહીને સત્યયુગ તરત જ જવા તૈયાર થયો. હે નિરંજન ! તું સત્યયુગનાં લક્ષણ સાંભળ. (૮૨). જે કદી જૂઠું બોલે નહિ, જ્ઞાન અને વૈરાગ્યવાળો, ડાબા ખભા ઉપર શ્વેત જનોઇ ધારી, અને હાથમાં કંકણ

તથા રુદ્રાક્ષની માળા ધારણ કરનાર સાત્ત્વિક રૂપવાળો (સત્યયુગ) આવીને પ્રણામ કરીને કહેવા લાગ્યો કે હે બ્રહ્માજી ! તમે મને મૃત્યુલોકમાં શા માટે મોકલો છો? (૮૩-૮૪). પૃથ્વી ઉપર વસનારા પૈકી મોટાભાગના લોકો નિંદા કરનારા, જૂઠું બોલનારા, ચાડિયા અને લુચ્ચા છે. અને શરીરને પોષનારા (શરીરનું જ જતન કરનારા) છે. (૮૫). એવા દુર્જન માણસોને જોઇને મને તો ધ્રૂજારી છૂટી જાય છે. હું પૃથ્વી પર કેવી રીતે જાઉં ? ત્યાં મારી શી દશા થાય? ત્યાં જવાનું મારું ગજું નહિ. (હાય !) (૮૬). એ સાંભળીને બ્રહ્માએ કહ્યું કે હે સત્યયુગ! તું ડર નહિ. તને મુશ્કેલી નહિ પડે અને તારો સમય જલ્દીથી પસાર થઇ જશે. (૮૭). તું પૃથ્વી પર સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર (૧૭,૨૮,૦૦૦) વર્ષ સાવધાનીપૂર્વક રહે. એ સમય પૂરો થતાં જ હું અન્ય (ત્રેતાયુગ)ને મોકલીશ. હે સત્યયુગ ! તું હવે વાર કર્યા વગર જા. એમ કહીને સત્યયુગને તરત જવા માટે પ્રેર્યો. (૮૮-૮૯). (સત્યયુગનો) સમય પૂરો થતાં બ્રહ્માએ ત્રેતાયુગને બોલાવીને આજ્ઞા કરી કે હવે તારે જવાનું છે. (૯૦). હે મસ્ત બાળ નિરંજન ! તું એનું (ત્રેતાયુગનું) લક્ષણ સાંભળ. એનું શરીર ભોગથી પુષ્ટ થયેલું છે અને હાથમાં યજ્ઞ સામગ્રી છે. (૯૧). આને કારણે જ ત્રેતાયુગમાં બ્રાહ્મણો યાગ-હોમમાં પ્રવૃત્ત રહે છે અને કર્મમાર્ગને અનુસરીને ગર્વપૂર્વક ધર્મનું આચરણ કરે છે. (૯૨). ધર્મ અને શાસ્ત્રનો ફેલાવો કરનાર ત્રેતાયુગ બાર લાખ છન્નુ હજાર વર્ષ રહ્યો (૧૨,૯૬,૦૦૦). (૯૩).

પછી બ્રહ્માએ મિશ્રરૂપધારી દ્વાપરને બોલાવીને પૃથ્વી પર જવા કહ્યું ⑥. હે દ્વિજશ્રેષ્ઠ ! હું તને તેના લક્ષણો કહું છું તે તું સાંભળ. (૯૪). હાથમાં તલવાર (ખડ્ગ), ખપ્પર, ચાપ, બાણ અને શસ્ત્ર છે. ઉગ્રતા-શાંતિ, દયા-ક્રોધની તે સાક્ષાત્ મૂર્તિ છે. (૯૫). પાપ અને પુણ્યથી યુક્ત એવાને (દ્વાપરયુગને) બોલાવીને બ્રહ્માજીએ કહ્યું કે તું સુખેથી પૃથ્વી પર જા અને આઠ લાખ ચોસઠ હજાર (૮,૬૪,૦૦૦) વર્ષ ત્યાં રહે. (૯૬). એ સમય (વર્ષો) પૂરો થતાં બ્રહ્માએ કલિયુગને જવા કહ્યું ⑦. (૯૭).

(હે નિરંજન ! તું કલિયુગનાં લક્ષણ સાંભળ). એનું રૂપ મલિન છે, અંત:કરણ પણ મેલું છે. વિચારશૂન્ય અને પિશાચ જેવા મુખવાળો છે. (૯૮). એ ઝગડાખોર, સદા લડાઇ કરનારો, નીચા મોઢે ફરનારો, અશુદ્ધ અને લથડિયાં ખાતો-ફરતો, લાલ આંખવાળો અને ક્રોધી છે. (૯૯). પ્રેમભાવ વગરનો, હંમેશાં વ્યસનમાં ચકચૂર, બીક લાગે એવી દ્વેષની મૂર્તિ સમાન, દયા વગરનો અને અતિ ક્રૂર છે. (૧૦૦). ડાબા હાથથી લિંગ (જનનેંદ્રિય)ને દૃઢતાથી પકડીને અને જમણા હાથથી જીભને પકડીને વિચિત્ર દેહવાળો કલિયુગ આવ્યો. (૧૦૧). પાપ (કરનારા)નું ટોળું સાથે લઇને ફરે છે, નાચે છે, કૂદે છે. વાણી મીઠી છે પરંતુ હૃદય ઝેરીલું છે. એ હસે છે અને પાછો રડે પણ છે.(૧૦૨). વાંદરાના જેવા હાવભાવ કરતો એ (કળિયુગ) બ્રહ્માની પાસે આવીને પૂછવા લાગ્યો કે "મને શું આજ્ઞા છે? મને કહો કે ક્યાં જઇને મારે કંકાસ કરવાનો છે?"(૧૦૩). એનું પિશાચ જેવું રૂપ જોઇને બ્રહ્માજી ખડખડાટ હસીને કહેવા લાગ્યા કે, હે કલિ ! હે વાનર ! હે મૂરખ (અડબંગ) ! આ જીભ અને લિંગ કેમ પકડી રાખ્યાં છે? તું ભાગંભાગ કરીને ક્યાં જાય છે? હે કલિ ! તારા આવા વિચિત્ર ઢંગ કેમ છે? (૧૦૪-૧૦૫). કલિ કહેવા લાગ્યો કે, 'હે બ્રહ્મદેવ! લિંગ અને જીભથી હું લોકોને ક્ષણવારમાં જીતી લઇશ. એમાંથી ભાગ્યે જ કોઇ બચી શકશે. (૧૦૬). હે બ્રહ્માજી ! આ મારો સ્વભાવ જ છે. મારું રાજ થતાં લોકો જીભ (ખાવા-પીવામાં) અને લિંગ (સ્ત્રીસંબંધ)માં રચ્યા પચ્યા રહેશે અને લોકો લાજ-શરમ વગરના થશે. (૧૦૭). આ બે (જીભ અને લિંગ)ને જે સંયમથી વશમાં રાખશે તેની આગળ ખરેખર ! મારું જોર ચાલશે નહિ. (૧૦૮)⑧. આ કારણસર મેં આ જીભને અને લિંગને પકડી રાખ્યાં છે. એ સિવાય હું બધે નિર્ભય (નીડર) છું. મારે શું કરવાનું છે

તે કહો '. (૧૦૯). કલિનાં આવા વચનો સાંભળીને સર્જનહાર બ્રહ્માજી બોલ્યા કે, થોડો સમય જગતમાં જા અને તારા ગુણનો ફેલાવો કર. (૧૧૦). કલિયુગ બોલ્યો કે (હે બ્રહ્માજી !) તમે મને પૃથ્વી પર શું કામ મોકલો છો? હું તમને મારા સ્વભાવ અને દુર્ગુણ વિશે કહું તે સાંભળો. (૧૧૧). હે બ્રહ્માજી ! હું ધર્મના સેતુ (પૂલ)નો નાશ કરનાર છું. અતિશય બેશરમી છું. કલહ અને દ્વેષ એ બે મારા મંત્રી (સચિવ)ઓ છે જેના પર કોઇ અંકુશ નથી. (૧૧૨). બીજાની સ્ત્રી અને બીજાનું ધન જે હરી લે છે તે મારા ભાઇ છે. પ્રપંચ, દંભ અને અદેખાઇ (મત્સર)વાળા માણસો જ મારા મિત્રો છે. (૧૧૩). હે બ્રહ્માજી ! બગલા જેવા અતિ દંભી અને પ્રાણીમાત્રનો દ્રોહ કરનારા અને જે યતિ અને તપસી કપટી છે તેને તમે મારા પ્રાણ સમજો. (૧૧૪). આ બધાથી મને બીજું કોઇ વધારે વહાલું નથી. પુણ્યશાળી માણસોને તો મારા દુશ્મન જ જાણો. (૧૧૫). બ્રહ્માજીએ કહ્યું કે હે કલિ ! મેં તને જે આજ્ઞા કરી છે તે શિરોમાન્ય ગણીને શંકા કર્યા વગર સુખેથી જા. (૧૧૬). કળિયુગમાં સો વર્ષનું ટૂંકું આયુષ્ય છે. એમાં થોડા જ પ્રયત્ને માનવ મોક્ષ પામશે. (૧૧૭). બીજા યુગોમાં લોકો તપ અને અનુષ્ઠાનનાં કષ્ટો ઊઠાવી ઊઠાવીને મરી જાય ત્યારે કોક સિદ્ધિ પામે છે. (૧૧૮). અન્ય યુગોમાં લાંબું આયુષ્ય હોવાને કારણે લોકોએ ઘણાં કષ્ટો (તપ-અનુષ્ઠાનનાં) ઊઠાવવાં પડે છે. પરંતુ હે કલિ ! તારામાં તો ભક્તિ દ્વારા થોડી મહેનતે સિદ્ધિ પામશે. (૧૧૯). માટે (હે કલિ !) જે બ્રહ્મજ્ઞાની છે, દેવના ભક્ત છે, હરિના જનો છે, તેમને તું હેરાન કરીશ નહિ. એમને તું ક્ષણે ક્ષણે મદદરૂપ બનજે. (૧૨૦).

બ્રહ્માજીના આવા વચન સાંભળીને કળિયુગ વંદન કરીને કહેવા લાગ્યો કે હે સ્વામી ! તેં આ જે કહ્યાં તે બધા તો મારા વેરી (દુશ્મન) છે. (૧૨૧). હે બ્રહ્માજી ! જ્યાં મારા વેરી (શત્રુ)ઓ રહેતા હોય ત્યાં હું કેમ કરીને જઉં ? એમનું નામ સાંભળતાની સાથે જ હું ડરી જઉં છું અને દુ:ખી થઉં છું. (૧૨૨). પૃથ્વી ઉપર પુણ્યશાળી ઘણા માણસો વસે છે. તેમાં પણ ભારતમાં તો હંમેશા અતિશય (અમાપ) પુણ્ય થાય છે. (૧૨૩). અરેરે ! એ લોકો તો મને જોતાંની સાથે જ મારવા માંડશે. હે ભગવાન ! મારી શી હાલત (ગતિ) થશે તે કહો. (૧૨૪). કળિયુગના આવા વચનો સાંભળીને બ્રહ્માજી હસ્યા અને કહેવા લાગ્યા કે તું ગભરાઇશ નહિ. આ કાલાત્માને સાથે લઇને તું નિર્ભય થઇને પૃથ્વી પર જા. (૧૨૫). આ (કાલાત્મા) બધાની ધર્મવાસના ફેરવશે. એના જતાંની સાથે જ પુણ્યશાળીની બુદ્ધિ પણ પાપવાળી થઇ જશે (બુદ્ધિ બગડી જશે). (૧૨૬). કલિ કહેવા લાગ્યો કે હે બ્રહ્માજી ! કોણ કોણ મારા વેરી (શત્રુ-દુશ્મન) છે એ હું તમને વિસ્તારપૂર્વક કહું છું તે તમે સાંભળો : તીર્થમાં વસનારા, મૌન ધારણ કરનારા, શિવ અને વિષ્ણુના બધા ઉપાસકો અને જે ધર્મનિષ્ઠ છે તે બધા મને હેરાન કરે છે. હું એમને નહિ છોડું. (૧૨૭-૧૨૮). જે ગંગા કિનારે રહે છે, કાશીમાં વસે છે, સંયમી છે , વ્રતી (વ્રત આચરનારા) છે, જપ કરનાર (જપી) છે, ધીરજવાળા છે, એવા બીજા પણ મારા અનેક શત્રુઓ છે. (૧૨૯). જે હંમેશાં તીર્થયાત્રા કર્યા જ કરતા હોય, ધ્યાનનિષ્ઠ રહેતા હોય, મુનિ હોય,જે હંમેશા શાસ્ત્રોનું શ્રવણ કરવા તૈયાર હોય અને દાન કરવા માટે તૈયાર હોય તે બધા મારા દુશ્મનો છે. (૧૩૦). હે બ્રહ્માજી ! શાન્ત (મન પર કાબૂ મેળવનાર), અને દાન્ત (દેહ પર કાબૂ મેળવનાર)ને જોઇને હું ધ્રૂજી જઉં છું. (મને કંઇ કંઇ થાય છે). દંભ વિનાના (નિર્દંભ) અને પુણ્યશાળીને જોઇને તો હું ગભરાઇ જઉં છું, ડરી જઉં છું. (૧૩૧). નિષ્ઠાવાળા બ્રાહ્મણ (વાડવ)© ને જોઇને મારા પ્રાણ તો આકુળ-વ્યાકુળ થાય છે. નાકના ટેરવે સ્થિર દૃષ્ટિ રાખનારા યોગીને જોઇને તો મારા પેટમાં શૂલ (ભયંકર દુખાવો)ઉપડે છે. (૧૩૨). પત્ની અને પુત્રના સ્નેહ પાશથી બંધાયેલા માયાદાસોને જોઇને મારા હૃદયમાં પ્રેમના ખાસ ફૂવારા ઊડે છે. (૧૩૩). વેદ અને શાસ્ત્રોમાં દોષો જોનારા, વિષ્ણુ (હરિ) અને શંકર (હર)ની નિંદા કરનારા અને

ભેદ દૃષ્ટિથી જોનારા મારા ભાઇ-ભાંડુ છે. એ મારા એકદમ અંગત માણસો છે. (૧૩૪). જે સદા જિતેંદ્રિય છે, હરિહરને અભેદભાવે (બંનેને એક જ માની ને) પૂજે છે અને રાગ-દ્વેષ વિનાના છે તે બધાથી હું ખૂબ જ ડરું છું. (૧૩૫). બ્રહ્મદેવ બોલ્યા કે હે કલિ ! તું પૃથ્વી પર જલ્દી જા. તારા જવા માત્રથી જ ત્યાં તારો પ્રખર (તીવ્ર) પ્રભાવ પડશે. (૧૩૬). બધા જ માનવીઓ તારી ઇચ્છા મુજબ વર્તશે, તારા દાસ થશે. એમાં કોક જ પુણ્યશાળી એવો હશે કે જે તને વશ નહિ થાય. (૧૩૭). હે કલિયુગ ! એવા ધર્મીને તું કદિ પણ હેરાન કરીશ નહિ. પૃથ્વી વિશે સૂગ રાખ્યા વિના તું જા અને વિજયી થા. (૧૩૮). બ્રહ્માજીનું કહેવું સાંભળી કલિયુગે વંદન કર્યા અને વિનમ્ર ભાવે એ કહેવા લાગ્યો કે હે બ્રહ્માજી ! મારું મન બહુ મેલું (દુષ્ટ) છે. (૧૩૯). કેમ કરીને મારો આ સ્વભાવ બદલાશે? મારું દુષ્ટ મન કેવી રીતે સુશીલ થશે? ધર્મની સાથે મારી કોઇ દિવસ મિત્રતા (ભાઇબંધી) થાય ખરી કે? (૧૪૦). બ્રહ્માજી હસીને કહેવા લાગ્યા કે હું તને રહેવા માટેના સ્થાનો બતાવું છું. હે કલિ ! મલિન કાલાત્મક એવો અધર્મ તને મદદરૂપ બનશે. (૧૪૧). તું અધર્મને સાથે લઇને જા અને નિર્ભયતાથી ફર. સજ્જનો ભલે દુશ્મન બનીને રહેતા પણ અસંખ્ય દુષ્ટો તારાં આપ્તજન (સગાં સંબંધી) થશે. (૧૪૨). હે કલિ ! આ બધામાં જે પુણ્યશાળી હશે એવો કોક જ માનવી તને જીતી શકશે. બાકી બીજા બધા તો તારા દાસ બની જશે. (૧૪૩). મોટે ભાગે બધા જ લોકો પૃથ્વી પર તને વશ થઇ જશે. આ સાંભળીને કલિ બે હાથ જોડીને કહેવા લાગ્યો કે તમે આ બધું કહો છો પણ પૃથ્વી પર જવા માટે મારું મન માનતું નથી. મારી છાતી ધગધગ થાય છે. હે બ્રહ્માજી ! તમે જ કહો કે હું શું કરું? (૧૪૪-૧૪૫). કલિનાં શંકાયુક્ત આ બધાં વચન સાંભળીને બ્રહ્માજી તરત જ પાછા બોલ્યા કે હે બાળક ! તું ધ્યાન દઇને સાંભળ. (૧૪૬). જે સદા દિલથી નિર્લોભી હશે, શુદ્ધ હશે, જ્ઞાની (બુદ્ધ) હશે, ધીરજવાળો હશે, તેવાને તારા દોષો જરા પણ સ્પર્શી શકશે નહિ. (૧૪૭). જે માનવી હરિ અને હરને અભેદભાવે (એક છે એવા ભાવે) ભજે છે (૧૦) તેની આગળ અને ગાયની સેવા કરનારની આગળ તારું જોર નહિ ચાલે. (૧૪૮). કાશીમાં વસનારા, બ્રાહ્મણોની અને માતા પિતાની સેવા કરનારા, અનન્ય ભાવે ગુરુની સેવા કરનારા, શિવ અને વિષ્ણુના ભક્ત અને તુલસી પૂજનારાને તું પીડા આપીશ નહિ (હેરાન કરીશ નહિ) એવી મારી તને આજ્ઞા છે. (૧૪૯-૧૫૦). હે કલિ ! જે હંમેશાં શાસ્ત્રોનું શ્રવણ કરતો હોય, પોતાના ધર્મમાં રચ્યો-પચ્યો રહેતો (રત) હોય અને શ્રુતિ (વેદ), સ્મૃતિ તથા પુરાણ તેમજ ધર્મને જાણતો હોય એને પણ તું એક ક્ષણ પણ હેરાન કરીશ નહિ. એમાં પણ ખાસ કરીને ગુરુભક્ત હોય તેને તો નહિ જ. કલિ બોલ્યો કે હે ભગવાન ! તમે મને ગુરુ સ્વરૂપ વિશે સંપૂર્ણપણે વાત કરો. (૧૫૧-૧૫૨). તમે મને ગુરુનો મહિમા અને શિષ્યનું સ્વરૂપ સમજાવો. આ સાંભળીને બ્રહ્માજીએ અનુપમ એવું ગુરુ માહાત્મ્ય કહેવાનું શરૂ કર્યું. (૧૫૩). રંગગુરુ કહે છે કે હે શ્રોતાઓ ! થોડી ધીરજ રાખો. આગળ ઉપર રસથી ભરપૂર કથા છે. ગુરુની કૃપાથી આ સંસારનું પૂર પલક માત્રમાં સૂકાઇ જશે. (૧૫૪). આ અધ્યાયમાં શિષ્ય નિરંજનને અલખ યોગીશ ગુરુ કેવી રીતે મળ્યા તે કથા સંભળાવી. આગળ ઉપર ગુરુના મહિમાની કથા છે, જે સાંભળતાં જ દત્ત ભગવાન પ્રસન્ન થશે.(૧૫૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુપ્રાપ્તિકથન '** નામનો **બીજો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૨

(૧) પિંગલા નામની વેશ્યા. શિકાર માટે અજાણતા બીલીના ઝાડ ઉપર ચઢેલો શિકારી આખો દિવસ અને રાત શિકારની રાહ જોતાં ભૂખ્યો રહ્યો અને કંટાળીને બીલીના પાન તોડી નીચે ફેંકતો હતો. એને ખબર ન હતી કે નીચે શિવલિંગ છે. આમ શિવરાત્રીના દિવસે ઉપવાસ કરી, જાગરણ કરી, શિવપૂજા કરી તેથી તરી ગયેલો શિકારી (વ્યાધ) અને પંખીની જાત એટલે જટાયુ, જેણે રામચંદ્રના ખોળામાં દેહ ત્યાગ કર્યો અને ભગવાને એનો અગ્નિસંસ્કાર કર્યો અને એનો મોક્ષ થયો. ભગવાન રામચંદ્ર પિતા દશરથનો અગ્નિસંસ્કાર કરી શક્યા નથી, પણ જટાયુનો અગ્નિસંસ્કાર કર્યો એ કેવી વિધિની કરામત કહેવાય !

(૨) ભગવાનનાં દર્શન પહેલાં સ્વપ્નમાં થાય છે અને પછી પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) જ્ઞાની પુરુષની વાણી કેવી હોય તેનું આ ઉદાહરણ છે. લોકો આ શરીરને 'અલખ' કહે છે. નામ અને રૂપ દેહના છે, આત્માનાં નથી, આવી સ્પષ્ટ સમજ અલખની અને પૂ.શ્રીની છે. પૂ.શ્રીએ 'મારું નામ અલખ છે' એવો દોહરો નથી લખ્યો.

(૪) નૈમિત્તિક કલ્પના અંતે બધે પાણી પાણી જ હતું. સંસ્કૃતમાં પાણી માટે 'નાર' શબ્દ છે. એમાં ભગવાન રહ્યા, અને શયન કર્યું તેથી એમનું નામ નારાયણ પડ્યું (જુઓ વિષ્ણુસહસ્રનામ ઉપરનું-શ્રીમદ્ જગદ્‌ગુરુ શંકરાચાર્યનું ભાષ્ય).

(૫) કમલાસન એટલે બ્રહ્મા પરંતુ કમલાપતિ એટલે વિષ્ણુ. (કમલ+આસન; કમલા-પતિ)

(૬) દ્વાપરયુગનું રૂપ મિશ્રરૂપ છે તેથી એના વર્ણનમાં બે વિરોધાભાસી વસ્તુ જોડે મૂકી છે. ઉગ્રતા અને શાંતિ, દયા અને ક્રોધ, પાપ અને પુણ્ય.

(૭) કલિયુગનો સમય છે ૪,૩૨,૦૦૦ વર્ષ (ચાર લાખ બત્રીસ હજાર વર્ષ). દ્વાપરયુગનો સમય કલિયુગના સમય કરતાં બમણો (૮,૬૪,૦૦૦ વર્ષ), ત્રેતાયુગનો ત્રણ ગણો (૧૨,૯૬,૦૦૦ વર્ષ) અને કૃત (સત્ય) યુગનો ચાર ગણો (૧૭,૨૮,૦૦૦ વર્ષ) છે.

(૮) જીભ અને લિંગ (શિશ્ન) આ બે કલિએ પકડ્યાં છે. જીભ એ આપણા શરીરની Main Switch છે. એને વશ કરવી ખૂબ અઘરી છે અને જેણે ખાવામાં અને બોલવામાં જીભ ઉપર પૂરેપૂરો સંયમ રાખ્યો હોય તે વિદ્વાન ન હોય તો પણ સ્વયં ભગવાન છે એવું પૂ.શ્રી કહે છે.

જીત્યો રસ તેણે નકી જીત્યું સઘળું એમ,
હોય સુજ્ઞ કે અજ્ઞ પણ, સ્વયં ઈશ એ તેમ.

(ગુ.લી.અ. ૫૨/ દો. ૯૪)

આ ખાવાની વૃત્તિ અને જાતીયવૃત્તિ દરેક પ્રાણીને જન્મથી મળેલી વૃત્તિ છે. એનો નાશ નથી કરવાનો, એના પર સંયમ રાખવાનો છે. જીભે ખાવામાં અને બોલવામાં બંનેમાં સંયમ રાખવાનો છે.

"જીભમાં અમી, તો દુનિયા નમી".

(૯) વડવા એટલે ઘોડી અને સમુદ્રનું વાહન ઘોડી છે એવી કલ્પના છે. એટલે સમુદ્રમાં રહેલા અગ્નિને વડવાનલ કહે છે. (હેયે વડવાનલ જલે તો યે સાગર ગાય) અગ્નિ અને બ્રાહ્મણ બંને ભગવાનના મોંમાંથી ઉત્પન્ન થયા તેથી બ્રાહ્મણ માટે વાડવ શબ્દનો પ્રયોગ થયો.

(૧૦) હરિ (વિષ્ણુ) અને હર (શિવ)ના ભકતો વચ્ચે એવો વેરભાવ પ્રવર્તે છે કે વૈષ્ણવ સંપ્રદાયના ચુસ્ત ભકતો બીજા દેવનો ભૂલેચૂકે પણ આશ્રય (અન્યાશ્રય) ન થાય તે માટે વધુ પડતા જાગ્રત છે. 'કપડાં સીવડાવવા જઉં છું' એવું નથી બોલતા કારણકે સીવડાવવામાં પણ સીવ શબ્દ આવે ને ! તેથી કપડા ઘડાવવા જઉં છું એમ કહે છે. સુભાષિતકારે આ વૈમનસ્યનો ખ્યાલ આપતાં શ્લોક રચીને કહ્યું કે "જો ભાઇ ! સાંકડી ગલીમાંથી તું જતો હોય અને તારી પાછળ માતેલો આખલો પડે તો તું મરવાનું પસંદ કરજે પણ પાસે આવેલા શિવના મંદિરમાં ના જતો". પૂ.શ્રીએ આ બધું જોયું હતું તેથી શ્રીગુરુલીલામૃતમાં અનેક જગ્યાએ હરિહર વચ્ચેની અભેદ ઉપાસનાનો ઉલ્લેખ કર્યો છે. આવા ભેદો ધર્મના નથી, જે તે સંપ્રદાયના વડાએ સ્વાર્થ માટે ઊભા કરેલા છે. (અ.૩/દો. ૧૩૨)

●

અધ્યાય : ૩

આ અધ્યાયનું નામ **'ગુરુ માહાત્મ્ય વર્ણન છે'**. એમાં **૧૬૦** દોહરા છે.

આ અધ્યાયમાં ગુરુના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧-૨૨). અને એ મહિમાને સ્પષ્ટ કરવા માટે દીપક આખ્યાન આપવામાં આવ્યું છે. (૨૩-૧૩૮). અને અંતમાં ભગવાન વિષ્ણુ દ્વારા ગુરુસેવાનું મહત્ત્વ જણાવાયું છે. (૧૩૯-૧૪૬). છેવટે દીપક શિષ્યને વેદધર્મા (મુનિ) ગુરુ, વરદાન આપી એની ગુરુ ભક્તિની પ્રશંસા કરે છે. (૧૪૭-૧૬૦).

લક્ષ્મી (રમા) અને પાર્વતી (ઉમા)ના મુખારવિંદને જે પ્રફુલ્લિત કરે છે (વિષ્ણુ અને શંકર) તે ભવતારક અને મોક્ષપદ આપનાર પરબ્રહ્મના ચરણોમાં વંદન કરું છું. (તત્=પરબ્રહ્મ). (બીજો અર્થ : રમા=સ્વામી મહારાજનાં માતા. એને આનંદ આપનાર એટલે વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ અને ઉમાને આનંદ આપનાર એટલે ભગવાન ગણેશ.)[1](૧). રંગ (ગુરુ મહારાજ) કહે છે કે હવે આગળ કથા સાંભળો. બ્રહ્માજીએ કહ્યું કે હે કલિ ! તું ધ્યાનથી સાંભળ. ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. (૨). 'ગુરુ' (શબ્દ)માં જે 'ગ' છે તે સિદ્ધિ આપનારો છે, 'ર' છે તે પાપ બાળનારો છે અને 'ઉ'કાર એ અવ્યક્ત વિષ્ણુ છે. આમ ગુરુ ત્રિમૂર્તિરૂપ છે. (૩). 'ગ'કારને તું ગણપતિ જાણ(સિદ્ધિ દેનાર), 'ર' કારને તું અગ્નિ માન (પાપ બાળનાર છે તેથી) અને ઉકાર એ વિષ્ણુ સ્વરૂપ છે. આમ ગુર ત્રિ-સ્વરૂપ છે. (૪). ગુરુ પિતા છે, માતા છે અને શ્રીમદ્ શંકર પણ છે. આ બે અક્ષરનો મંત્ર 'ગુરુ' ચારે પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) આપનારો છે.[2] (૫). રખેને કોઇ વાર ઇશ્વર ક્રોધાયમાન થાય તો તે સમયે ગુરુ પોતાના ભક્તનું રક્ષણ કરે છે. પણ જો ગુરુ કોપાયમાન થાય તો તે વખતે કોઇ દેવમાં (રક્ષણ કરવાની) શક્તિ નથી. (૬). ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે અને ગુરુ મહાદેવ પણ છે. ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ છે એવું સમજીને એમની સેવા કરવી જોઇએ.[3] (૭). સદ્ગુરુ શિષ્યનો જીવભાવ દૂર કરીને એને બ્રહ્મસ્વરૂપ બનાવે છે. તેથી હે કલિ ! (શ્રીગુરુ) તે બ્રહ્માજી છે. (૮). શિષ્યના અજ્ઞાનાદિ ક્ષણમાં દૂર કરીને એ પોતાના ભક્તને પાળે છે તેથી શ્રીગુરુ વિષ્ણુ છે એમ વેદ (શ્રુતિ) પોકારીને કહે છે. (૯). શ્રીગુરુ સંસારનો (જન્મ-મરણનો) નાશ કરે છે તેથી તે શિવરૂપ છે. આમ ત્રિમૂર્તિ સ્વરૂપ શ્રીગુરુ એક અને અનુપમ છે. (૧૦). જ્યારે શ્રીગુરુ પ્રસન્ન થાય ત્યારે હરિનો જન (શિષ્ય) અખંડ ગુરુ ભક્તિની એક જ માગણી કરે છે એમાં કોઇ સંદેહ નથી. (૧૧). જો સદ્ગુરુ પ્રસન્ન થાય તો જગન્નાથ (આપોઆપ) સંતુષ્ટ થાય છે. સિદ્ધિઓ ચરણમાં હાજર થઇ જાય છે અને ભયંકર પાપોનો નાશ થાય છે. (૧૨). કદાચ ઇશ્વર રાજી થાય તો એને લીધે સદ્ગુરુ પણ રાજી થાય જ એવું નથી. પણ શ્રીગુરુદેવ રાજી (પ્રસન્ન) થાય એટલે ભગવાન તો પાસે આવીને જ ઊભો રહે. (૧૩). માટે અનન્ય ભક્તિભાવથી ગુરુદેવને ભજતાં મોક્ષ વગેરે સહુ ફળ મળે છે એમ શાસ્ત્રમાં વર્ણવેલો વિવેક કહે છે. (૧૪). શ્રીસદ્ગુરુ શિષ્યને જ્ઞાન, કર્મ અને ભક્તિનું અનુપમ રહસ્ય પ્રગટ કરીને સંસારરૂપી કૂવાને શોષી લે છે (સૂકવી નાંખે છે). (૧૫). બ્રહ્માજીનાં આ વચનો સાંભળીને કળિયુગે વિનયથી પૂછયું કે "પરંતુ ગુરુ આ બધા (ત્રણે) દેવો સમાન કેવી રીતે થયા?" (૧૬).

ત્યારે બ્રહ્મા બોલ્યા કે, હે કલિ ! હું તને વિસ્તારપૂર્વક કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. ગુરુ વિના મુક્તિ નથી. (૧૭). ગુરુ વિના (શાસ્ત્રનું) શ્રવણ શક્ય નથી. શ્રવણ વિના ભય દૂર થતો નથી. હે કલિ ! તું જ કહે કે ગુરુકૃપા વિના 'મગતરું' (પામર-ક્ષુદ્ર) કેવી રીતે શૂરવીર બને? (૧૮). શાસ્ત્રોનું વાંચન સહેલું છે પણ એમાં રહેલા તત્ત્વજ્ઞાનને ④ સમજવાનું કામ અતિ કપરું (અતિ મુશ્કેલ) છે. અહીં બુદ્ધિ અને અભિમાન કામ લાગતાં નથી. ગુરુ વિના પાર પામી શકાતો નથી. (૧૯). ગમાર એવા કંઇ પોથી પંડિતો સદ્‌ગુરુ વિના ડૂબી ગયા અને ઊંડું રહસ્ય સ્હેજ પણ સમજી શક્યા નહિ.⑤(૨૦). ગુરુ વિના સત્શાસ્ત્રો પણ સાર (પાણી) વિનાના ઊંડા કૂવા સમાન છે. શ્રીગુરુ આત્મજ્યોતિ પ્રગટ કરે છે . (દર્શન કરાવે છે.) (૨૧). જગતમાં ગુરુની સેવાથી સહુ કંઇ સિદ્ધ થઇ શકે છે. તારી શંકા ટળી જાય એવી એક પૌરાણિક કથા તને સંભળાવું છું. (૨૨).

પહેલાના સમયમાં ગોદાવરી નદીના કિનારે, અંગિરસ નામના ઋષિનો નંદનવન (ઇંદ્રના બગીચાનું નામ) સમાન આશ્રમ હતો. (૨૩). વિવિધ પ્રકારના વૃક્ષ, વેલ (લતા)થી એ આશ્રમ શોભતો હતો. પશુ (મૃગ) પક્ષી નિર્ભયતાથી હરતાં-ફરતાં હતાં અને આ આશ્રમ દર્શન માત્રથી થાક ઉતારી દેતો હતો. (શ્રમ દૂર કરે તે આશ્રમ) (૨૪). જપ અને તપના સાધનને સિદ્ધ કરી ચૂકેલા ઘણા બ્રહ્મર્ષિઓ ત્યાં વસતા હતા. એમાં પ્રસિદ્ધ પૈલ મુનિના પુત્ર વેદધર્મા પણ વસતા હતા. (૨૫). તેમના અનેક શિષ્યો હતા અને તે બધા શાસ્ત્રાભ્યાસ કરતા હતા. તેઓ સદ્‌ગુરુની સેવા કરતાં કરતાં શાસ્ત્રોનું શ્રવણ-મનન પણ કરતા હતા. (૨૬). એ બધા શિષ્યોમાં દીપક નામનો એક મુખ્ય અને પવિત્ર શિષ્ય હતો. એક દિવસ એની ભાવનાની વિચિત્ર પરીક્ષા લેવાનું શ્રીગુરુએ વિચાર્યું. (૨૭). એક દિવસ ગુરુએ બધા શિષ્યોને એકઠા કરી કહ્યું કે, હું તમને એક વાત કહું છું. તમારામાંથી એ કામ કરવા માટે અહીં કોણ તૈયાર છે? (૨૮). બધા જ શિષ્યોએ (એકી અવાજે) કહ્યું કે, હે ગુરુદેવ ! તું જ અમારો એક માત્ર તારનાર (તારક) છે. તમારી આજ્ઞા અમોને શિરોમાન્ય છે. (૨૯). જે કોઇ ગુરુના વચનનું ઉલ્લંઘન કરે છે તે રૌરવ (નામના) નરકમાં જાય છે. જે ગુરુનું કહેલું કરતો (માનતો) નથી, તે અનન્ત ગોથાં ખાધા કરે છે. (૩૦). સઘળા શાસ્ત્રો એવું કહે છે કે આવો માનવી માયાના સમુદ્રમાં ડૂબી જાય છે અને દુર્ગતિ પામે છે. કલ્પના અંતે પણ એની સદ્‌ગતિ થતી નથી. (૩૧).

શિષ્યોનાં આવાં વચન સૂણીને ગુરુ રાજી (પ્રફુલ્લિત) થયા અને દીપક વગેરે શિષ્યને સંદેહ રાખ્યા વગર બધી વાત (વિગતો) કહેવા લાગ્યા. (૩૨). પૂર્વ જન્મોમાં મેં અનેક ગહન કર્મો કર્યાં હતાં તેથી પાપનો ઢગલો એકઠો થયો હતો. તેમાંથી મેં થોડો તો તપ અને અનુષ્ઠાન કરીને ક્ષીણ (ઓછો) કર્યો છે. પરંતુ તોયે હજી (ઘણો) બાકી રહ્યો છે. પાપના એ ઢગલાને ભોગવ્યા વિના ક્ષીણ કરવો યોગ્ય (ઉચિત) જણાતું નથી. (૩૩-૩૪). એ બાકી રહેલા પાપનું પ્રારબ્ધ તપશ્ચર્યા અને ધર્મવિધિ દ્વારા પાછું ઠેલીએ તો પરિણામે એ મોક્ષમાં વિઘ્નરૂપ થાય. (૩૫). ભયંકર (ઘોર) પાપની કદી પણ અવગણના (ઉપેક્ષા) ન થવી જોઇએ. જાતે ભોગવ્યા વિના એ ટળતું નથી એ વાત નિશ્ચિત (નિઃશંક) છે. (૩૬). એ પાપના નિવારણ (નિષ્કૃતિ) માટે વારાણસીમાં (કાશી-વરુણ અને અસિ નદીનો સંગમ પ્રદેશ) જઇ, એ બધા પાપો જાતે ભોગવવાનું મેં નક્કી કર્યું છે. (૩૭). મારા આવા નિશ્ચયને કોણ સફળ બનાવશે? અતિ દુઃખ દેનારી એવી સેવા કરે એવો શિષ્ય કોણ છે? (૩૮). પુરાણોમાં પ્રસિદ્ધ એવી કાશી નગરી બધાં પાપો નાશ કરનારી છે. કોણ મને ત્યાં લઇ જવા માટે તૈયાર છે? (૩૯). તમારા બધામાં મારું રક્ષણ (સેવા) કરે એવો સમર્થ શિષ્ય કોણ છે? આ સેવાકાર્ય કોણ સ્વીકારશે? અને મફતમાં દુઃખો કોણ વેઠશે? (૪૦). આવાં વચનો સાંભળીને, ગુરુ સેવામાં જ રચ્યો પચ્યો રહેનાર, શિષ્યોમાં શ્રેષ્ઠ અને

ગુરુને માન્ય એવા સદ્‌શિષ્ય દીપકે કહ્યું કે હે ગુરુદેવ ! ભોગવ્યા વિનાનું પાપ કદી રહેવા દેવું નહિ. એનો નાશ કરવાનો ઇલાજ સત્વરે કરીને એમાંથી મુક્ત થઇ જવું જોઇએ. (૪૧-૪૨). એટલે વેદધર્મા બોલ્યા કે જ્યાં સુધી આ શરીર સુદૃઢ (તંદુરસ્ત) હોય ત્યાં સુધીમાં પાપનો ક્ષય (નાશ) કરી નાંખવો, કારણકે એ (બાકી રહેલું) પાપ ઝેર સમાન છે. (૪૩). તીર્થમાં રહીને સેવા કરવાથી, કૃચ્છ્ર ચાંદ્રાયણ જેવા વ્રતથી, પ્રાયશ્ચિત કર્મોથી અને શરીરે રોગ નીકળવાથી પાપનો નાશ થાય છે. (૪૪). આ (ભોગવ્યા) સિવાય બીજો કોઇ ઉપાય જ નથી. એમાંથી કોઇ છટકી શકતું જ નથી. પોતાના કર્મોનું ફળ પોતે (જાતે) જ ભોગવવું પડે. અને તો જ પાપનો નાશ થાય. (૪૫). કર્મનો કાયદો ટાળી શકાય એવો નથી (અટલ છે). દેવ, ઋષિ, કિન્નર, જ્ઞાની કે મૂઢ, કોઇ પણ એ કાયદામાંથી છટકી શકતું નથી.⑦(૪૬). શિષ્ય દીપક બોલ્યો કે હે ગુરુજી ! આપનું આ વચન તદ્દન સત્ય છે. મેં મારી જાત આપને ચરણે ધરી દીધી છે. આ (ગરીબ) સેવકને આજ્ઞા આપો. (૪૭).

વેદધર્મા બોલ્યા કે, હે દીપક ! હે બાળક! તું સાંભળ. હું (ત્યાં) તરત જ ગલત્કોઢવાળો, આંધળો અને પાંગળો થઇશ. (૪૮). એકવીસ વર્ષ સુધી અતિશય ત્રાસ પડે એવું મારું પાપ છે. એટલે તું લાંબો (બધો) વિચાર કરીને, તારામાં પૂરી તાકાત (શક્તિ) હોય તો જ હા પાડજે. બન્ને હાથ જોડીને દીપક તરત જ કરગરીને કહેવા લાગ્યો કે- હે ગુરુજી ! આપ આજ્ઞા આપો તો હું મારા શરીર પર રોગ થવા દઉં અને પાપના નાશનો ઇલાજ કરું. હું એકવીસ વર્ષ માટે કોઢિયો અને આંધળો થવા તૈયાર છું. એમ કહીને ચરણોમાં પડીને દીપક કરગરવા લાગ્યો. (૪૯-૫૨). આ સાંભળીને પ્રસન્ન (રાજી) થઇને મુનિશ્રેષ્ઠ કહેવા લાગ્યા કે હે બેટા ! એ નિશ્ચિત વાત છે કે પાપની ગતિ ગહન છે. (૫૩). પોતે કરેલું પાપ પોતે જ ભોગવવું જોઇએ. શિષ્યાદિ દ્વારા એ પાપનો ક્ષય થાય એ યોગ્ય નથી. (૫૪). એટલા માટે જ એ બધાં પાપો હું મારી જાતે (મારા શરીર દ્વારા) જ ભોગવીશ. જો તારું મન માને તો એકવીસ વર્ષ મને સંભાળ. (મારી સેવા કર.) (૫૫). રોગીને રોગને લીધે થતાં ત્રાસ કરતાં પણ વધારે ત્રાસ તો સેવા કરનારને ભોગવવો પડે છે. તારે ઘણું ઘણું કષ્ટ સહન કરવું પડશે.⑦(૫૬). આ બધું તને પહેલેથી જ સ્પષ્ટ પણે જણાવી દીધું છે. હવે જો તારામાં શક્તિ હોય તો મને કાશીમાં લઇ જા. ત્યાં હું મારી જાતે (સ્વદેહે) પાપ ભોગવું ત્યારે મારી રાત દિવસ (સેવા કરજે) સંભાળ લેજે. તારા સહકાર (ઉપકાર)થી પાપ ભોગવીને હું સુંદર શરીરવાળો થઇશ. (૫૭-૫૮). પાપનો નાશ થતાં હું મુક્ત થઇને અક્ષયપદે સુસ્થિર થઇશ. વંદન કરીને દીપક બોલ્યો : આપનો આ નિર્ણય યોગ્ય જ છે. (૫૯). હું તમને કાશીમાં લઇ જઇશ અને અનન્ય ભાવે સેવા કરીશ. હે ગુરુ ! (મારે માટે) તમે વિશ્વનાથ સમાન છો અને તમારાથી વધારે મારે મન બીજું કશું નથી. (૬૦). હે કલિ ! શિષ્યોમાં શ્રેષ્ઠ એવા દીપકે સેવાનું વ્રત સ્વીકારીને તારક એવી કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર કંબલાશ્વતર પાસે ગુરુનો વાસો કરાવ્યો અને દીપક વિશિષ્ટ રીતે સેવા કરવા લાગ્યો . (૬૧-૬૨).

મુનીશ્વરે સ્નાન કરીને મણિકર્ણિકા માતને પ્રણામ કર્યાં અને વિશ્વનાથનું પૂજન કર્યું . (૬૩). પછી તરત જ પાપ ભોગવવાનો સંકલ્પ કર્યો. પરિણામે દંભ વગરના (ઋષિ) ગલત્કુષ્ઠી, અંધ અને અપંગ (પાંગળા) થયા. (૬૪). દીપક (ઘણા) ભાવથી સેવા કરવા લાગ્યો. ગુરુ ખૂબ જ ક્ષીણ (નબળા) થઇ ગયા. કુષ્ઠ રોગને કારણે લોહી બગડયું અને રાત દિવસ પરુ વહેવા લાગ્યું. (૬૫). શરીરના બધાં અંગોમાં જીવડા (કૃમિ) પડ્યા. યાદશક્તિ પણ નાશ પામી. (ભૂલકણાપણું આવ્યું) ન જોવાય એવી પીડા થવા લાગી. તો પણ દીપક એને દુ:ખરૂપ ગણાતો નથી, કંટાળતો નથી. (૬૬). તે આનંદપૂર્વક ભિક્ષા માગી લાવી, ગુરુજીને વિશ્વનાથ (મહાદેવ) માનીને ભોજન અર્પણ કરતો હતો

અને ખિન્ન થયા વિના (રાજી થઇને) (ગુરુને) રોજ પૂજતો હતો. (૬૭). જગતમાં મોટેભાગે બધા જ રોગી ચીડિયા સ્વભાવના થઇ જાય છે તેમ આ શાંત મુનિ પણ સ્વભાવે નિર્દય (ક્રૂર) થઇ ગયા. (૬૮). શિષ્ય રોજ જ મિષ્ટાન્નની ભિક્ષા લાવીને ભાવથી અર્પણ કરતો હતો પણ ગુરુ તો ક્રોધમાં બધું ફેંકી દેતા હતા. કોઇવાર આટલું થોડું કેમ? એમ કહીને ભૂખ્યા રહે (ખાય નહિ). એટલે શિષ્ય પણ ઉપવાસ કરે. બીજે દિવસે ઘણું બધું લાવે તો કહે કે અલ્યા (દીપક) બાળક ! આ ખાવાનું તો ખરાબ છે. એમ કહીને ખાધું, ન ખાધું કરીને રોજ અન્ન ફેંકી દે. એમ છતાં હંમેશાં પ્રસન્ન ચિત્તથી સેવા કરતા એ શિષ્યને ધન્ય છે. (૬૯-૭૧). અરે ! તું રોજ મીઠાં પકવાન અને સરસ મજાનાં શાક-ફળ વગેરે કેમ લાવતો નથી એવું કહીને કોઇ વાર ક્રોધ કરતા. (૭૨). જો કહ્યા મુજબનું લઇ આવે તો કહે કે, અરે ! તું અધમ (દુષ્ટ) છે. મારો રોગ વકરે (વધે) એવું કેમ લાવે છે? તને એમાં આનંદ આવે છે કે શું? (૭૩). એમ બોલીને કોઇ વાર મારે પણ ખરા અને ક્રૂર (કઠણ) વચન બોલે પણ ખરા. તો પણ કોઇ દિવસ એ શિષ્ય ઉદાસ થતો નથી. ખરેખર એને ધન્ય છે. (૭૪). વળી કોઇવાર પ્રેમથી કહે પણ ખરા કે હે શિષ્ય-શિરોમણિ ! તને ધન્ય છે. તેં મારે માટે અનન્ય કષ્ટ સહન કર્યાં છે. તને ધન્ય છે. (૭૫). વળી પાછા ક્રોધથી કહે કે, જા ! તારું મોઢું કાળું કર અને તું અહીંથી જતો રહે. તું મને નાહક શું કામ દુ:ખી કરે છે? (દુ:ખ આપે છે) (૭૬). આ જીવડાં મને કરડે છે અને મારું શરીર ગંધાય છે. તું આ પરુ (પૂય) અને લોહી વારે ઘડી સાફ કેમ નથી કરતો? (૭૭). જો કહ્યા મુજબ કરવા માંડે તો ત્યાં કહે કે મને બહુ ભૂખ લાગી છે. આમ તદ્દન વિરોધાભાસી વચનો બોલ્યા કરે. પરંતુ આ બધું જ (દીપક) શિષ્ય હસતા મોંએ સહન કરી લેતો હતો. (૭૮).

પાપના ફળરૂપ બુદ્ધિ બગડે ત્યારે વિચારો પણ ખરાબ થાય. સારું-નરસું સૂઝે નહિ અને ખોટા વિચારોને કારણે ક્રોધ પણ વધારે થાય. (૭૯). ગરીબીના દુ:ખના ત્રાસથી ગાંડાની જેમ જે હંમેશાં ઊંધું જ બોલે તેને પાપી અને પતિત જાણવો. (૮૦). અઢાર પ્રકારના કોઢોમાં ગળતો કોઢ (ગલત્કુષ્ઠ) અતિશય દુ:ખદાયી છે. મુનિ જેવા મુનિ પણ લાચાર થયા. (૮૧). આમ છતાં શિષ્યનું મન એના દોષો જોતું નથી. એ તો એમને (ગુરુને)ભગવાન માનીને તનતોડ સેવા કરે છે. (૮૨). સદ્‌ગુરુ જે કાંઇ માગે તે તે વસ્તુ એ માગી લાવે છે અને એમને વિષ્ણુ ભગવાન માનીને શંકા કર્યા વિના એમની પૂજા કરે છે. (૮૩).કાશીમાં રહેતો હોવા છતાં (વિશ્વનાથ) દેવના દર્શને જતો નથી કે તીર્થયાત્રા કરતો નથી. એનું મન તો ગુરુસેવામાં જ રચ્યું પચ્યું રહે છે.⑦⑧ (૮૪). શિષ્યને પોતાના શરીરની જરા પણ ચિંતા નથી. સદા ગુરુના ચરણની સેવા કરે છે અને ગુરુના નામ વિના બીજું કશું બોલતો નથી. (ગુરુ વિના અન્ય કોઇ સાથે બોલતો નથી.) (૮૫). ગુરુની નિષ્ઠુર વાણી સાંભળવા છતાં મનમાં ખેદ થવા દેતો નથી. ગુરુને જીવતા (પ્રત્યક્ષ) વેદ માનીને એમની આજ્ઞાનુસાર વર્તન કરે છે. (૮૬).

એની સેવા જોઇને ભગવાન શંકર (પિનાકી-પિનાક નામનું ધનુષ્ય ધારણ કરનાર) પ્રસન્ન થયા. પોતે પ્રગટ થઇને કહેવા લાગ્યા કે, હું સંતુષ્ટ થયો છું. તું માગ, જે જોઇએ તે માગ. (૮૭). હે સદ્‌ભક્ત ! તને ધન્ય છે, તને ધન્ય છે. હે દીપક ! તું કુળદીપક છે. હું તારા પર પ્રસન્ન થયો છું. તું વિના સંકોચ તારી જે ઇચ્છા હોય તે માગી લે. (૮૮). દીપક બોલ્યો કે, હે મૃત્યુંજય ! હે બુદ્ધિ (ધી)ના પ્રેરક(ઇશ) ! તું મને માફ (ક્ષમા) કર. હું મારા ગુરુદેવને પૂછ્યા વિના કશું માગીશ નહિ. (૮૯). આવું કહીને વિનયગંભીર એવો એ (દીપક) સદ્‌ગુરુ પાસે આવ્યો અને કહ્યું કે, વિશ્વનાથ નટરાજ મારા પર પ્રસન્ન થયા છે. (૯૦). મને વરદાન આપવા માટે મહાદેવ શંકર (વ્યોમકેશ-આકાશ જેના વાળ છે તે) આવ્યા છે. હે ગુરુજી ! આપની આજ્ઞા (મંજૂરી) હોય તો હું રોગમાંથી છૂટકારો માગું. (૯૧-૯૨).

એમના વરદાનથી આ ખરાબ રોગ તરત જ શાન્ત થઇ જશે. આ સાંભળતા જ મુનિશ્રેષ્ઠ ક્રોધાયમાન થયા અને કહેવા લાગ્યા કે, વાહ રે વાહ ! શું તું સેવાથી થાકી ગયો છે? આ રોગ મહામુશ્કેલીથી ટળે એવો છે. તું એ શાંત થાય એવી ઇશ્વર પાસે ક્યારે પણ પ્રાર્થના કરીશ નહિ. (એવું વરદાન માગીશ નહિ.) (૯૩). હે સમજુ શિષ્ય ! આ પાપ ભોગવ્યા વિના ટળે એવું નથી. વરદાન દ્વારા એનો નાશ કરવાની કદી ભૂલ ના કરતો, નહિતર પછીના જન્મોમાં એ ભોગવવું પડે છે એવું બધાં શાસ્ત્રો કહે છે. આ વાતમાં તું શંકા કરીશ નહિ. (૯૪-૯૫). માટે આ જન્મમાં જ આ બધું પાપ ભોગવી લઇ એનો નાશ કરું. જો કદાચ એ બાકી રહી જાય તો એ મોક્ષમાં વિઘ્નરૂપ થઇ પડશે. (૯૬).

ગુરુનાં આવાં વચનો સાંભળીને સમજુ શિષ્ય દીપકે કહ્યું કે, આપ કહો તે બરાબર છે. (આપની આજ્ઞા શિરોમાન્ય છે.) એમ કહીને તે શંકર ભગવાન ઊભા હતા ત્યાં આવ્યો. (૯૭). એણે ત્યાં આવીને ભગવાન શંકરને કહ્યું કે મારા ગુરુએ ના કહી છે તેથી મારે કોઇ વરદાનની જરૂર નથી. આપ આપના ધામમાં સુખેથી પધારો. (૯૮). આવાં આશ્ચર્યકારક વચન સાંભળીને ભગવાન શંકર દંગ થઇ ગયા (આશ્ચર્ય પામ્યા) અને દોડતા દોડતા દેવસભામાં આવ્યા અને ભગવાન શંકરે વિષ્ણુને બધી વાત કરી. (૯૯). આ વિચિત્ર હકીકત સાંભળીને દેવસભામાં બેઠેલા વિષ્ણુએ પૂછ્યું કે હે શિવજી ! આ ગુરુ કોણ છે અને શિષ્ય કોણ છે તે મને કહો. (૧૦૦). શિવજી કહેવા લાગ્યા કે હે વિષ્ણુ ! મેં જે અચરજ જોયું તે તમે સાંભળો. ગુરુભક્તિમાં તલ્લીન એવો એ બાળ ખરેખર અજોડ છે. (૧૦૧). ત્યાં વેદધર્મા નામે એક ગોદાતટવાસી મહાતપસ્વી મુનિ વસે છે. તેનો એ જાણીતો શિષ્ય છે. (૧૦૨). જે રીતે દીપક ગુરુની અવિરત (સતત) સેવા કરે છે તે રીતે (ગુરુની) સેવા કરનારો બીજો કોઇ મેં આ ત્રિલોકમાં જોયો નથી. (૧૦૩). હે હરિ ! એની ભક્તિ જોઇને હું પ્રસન્ન થયો અને મને થયું કે લાવ હું એને વરદાન આપું. (૧૦૪). હું સામે ચાલીને ત્યાં (એની પાસે) ગયો અને 'વરદાન માગ' એમ કહ્યું ત્યારે એ શિષ્યએ મને કહ્યું કે મારા ગુરુની મને આજ્ઞા નથી એટલે (મારે કશું જોઇતું નથી.) એણે કશું માગ્યુ નહિ. હે હરિ ! વધારામાં એણે કહ્યું કે જે લોકો હજારો વર્ષ રાત દિવસ તપ કરે છે તેમની તરસ કેમ હરતા નથી? (તેમને કેમ વરદાન આપતા નથી?) (૧૦૫-૧૦૬). તપસ્વી અને યોગીઓની અવગણના (ઉપેક્ષા) કરો છો અને મને બળજબરીથી વર માગવાનુ કેમ કહો છો? (૧૦૭). આ રીતે શ્રીગુરુના પર તન, મન, ધન અને વાણી ન્યોછાવર કરીને સંશયરહિત દીપક રાત દિવસ સેવા કરે છે. (૧૦૮). ગુરુ જ માતા છે, પિતા છે અને ગુરુ જ ત્રિમૂર્તિરૂપ છે. એનો એવો દૃઢ નિશ્ચય છે. ખરેખર દીપક એક અને અજોડ શિષ્ય છે. (૧૦૯). એના ગુણનું હું કેટલું (શું) વર્ણન કરું? હું તો જોઇને છક (દંગ) જ થઇ ગયો. ખરેખર, દીપક તો અજ્ઞાનરૂપી અંધારુ દૂર કરનાર દીવા જેવો કુળદીપક જ છે. (૧૧૦). ગુરુના ચરણકમળમાં જ્ઞાન, ધર્મ, યશ અને સંપદા બધું જ છે એવા (દૃઢ) નિશ્ચયથી એ હંમેશ માટે ગુરુના ચરણની સેવા કરે છે. (ભજે છે.) (૧૧૧). શંકર (વિશ્વના ઇશ)ની વાત સાંભળીને ભગવાન વિષ્ણુ (શાર્ઙ્ગ પાણી-જેના હાથમાં સારંગ નામનું ધનુષ્ય છે તે-વિષ્ણુ)© પણ ગુરુ-શિષ્યને જોવા માટે ઝડપથી દોડ્યા. (૧૧૨). મહાદેવજીએ કહ્યું તેનાથી પણ વધુ સેવાવ્રત જોઇને ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા. (૧૧૩). શિષ્યને પાસે બોલાવીને ભગવાન વિષ્ણુએ કહ્યું કે, હું તારી ગુરુભક્તિ જોઇને ખૂબ જ સંતુષ્ટ થયો છું. (મને ઘણો સંતોષ થયો છે.) (૧૧૪). માટે તારે જે વરદાન માગવું હોય તે માગ. આ સાંભળી દીપક બોલ્યો કે તમે મારી શું ભક્તિ જોઇ? મેં તો તમારી સેવા પણ કરી નથી. (૧૧૫). મને (માગવાની) કોઇ ઇચ્છા જ નથી પછી મને શું કામ વરદાન માગવાનું કહો છો? મેં ક્યારે પણ તમારું સ્મરણ કે ભજન પણ કર્યું નથી. (૧૧૬). વનમાં વસનારા તપસ્વીઓ રાત દિવસ તમારું ધ્યાન ધરે છે છતાં તેમને તો તમે સ્વપ્નમાં

પણ દર્શન આપતા નથી. (૧૧૭). અને હું તો તપ પણ કરતો નથી અને નાદાન છું, તો મને બળજબરીપૂર્વક વરદાન માગવાનું કહીને તમે કેમ હેરાન કરો છો તેનું કારણ કહો. (૧૧૮). એના નિર્દોષ વચન સાંભળીને વિષ્ણુને સંતોષ થયો. એની ભક્તિથી પ્રસન્ન થઇને બોલ્યા કે, હે વત્સ(બેટા) ! તેં અનન્ય ભાવથી ગુરુની જે ભક્તિ કરી છે તે મારી જ ભક્તિ કરી છે એમ ગણાય. અને તેથી જ હું પ્રસન્ન થયો છું. (૧૧૯-૧૨૦).

જે કોઇ ગુરુસેવામાં (ભજનમાં) રચ્યો પચ્યો રહે છે તેને પણ હું મારો ભકત જ ગણું છું. હું એને વશ થઇને, એ જે માગે તે આપું છું. એમાં શંકાને કોઇ અવકાશ નથી. (૧૨૧). જે કોઇ અનન્ય ભાવે મા-બાપની સેવા કરે છે કે પતિવ્રતા સ્ત્રી પતિને જીવતા (પ્રત્યક્ષ) ભગવાન માનીને તેને ભજે છે (તેની સેવા કરે છે) તે બધા પણ મને જ ભજે છે(એમ હું માનું છું) અને એવા ભકતો મને અનહદ પ્રિય છે. જે કોઇ સાધુ સંતની સેવા કરે છે એ પણ મારા જ ભકત છે. (૧૨૨-૧૨૩)(૧૦). વિષ્ણુ ભગવાનની આ બધી વાતો સાંભળીને દીપકે પ્રણામ કર્યા અને વિનમ્ર ભાવે કહેવા લાગ્યો કે હે ભગવાન ! તમે મારો નિશ્ચય સાંભળો. વેદ-શાસ્ત્ર વગેરે બધાનો દાતા એક સદ્‌ગુરુ જ છે એ વાતમાં મને કોઇ શંકા નથી. (૧૨૪-૧૨૫). સદ્‌ગુરુ પોતે સર્વ જ્ઞાનનું મૂળ છે. તે બે (ગુરુ અને જ્ઞાન) એક જ છે, અને અભિન્ન છે (બંને જુદા નથી.) બ્રહ્મા, હરિ અને હર એ ભિન્ન દેવો સહિત બધા જ દેવો તેને (ગુરુને) આધિન છે. (૧૨૬). ગુરુના ચરણની સેવામાં બધા જ તીર્થો અને દેવો આવી જાય છે. શ્રીગુરુ, દેવથી પણ વધુ ચઢિયાતો દેવ છે. પછી બીજાની શું જરૂર? (૧૨૭). યોગી હોય કે સિદ્ધ હોય, પણ કોઇને ગુરુ વિના જ્ઞાન મળતું નથી અને એક વાર જ્ઞાન થઇ જાય પછી તો ઇશ્વર ક્યાં દૂર રહે છે તે તમે જ કહો. (૧૨૮). હે હરિ ! જે વરદાન તમે આપી શકો છો તે વરદાન શું મારા ગુરુજી ના આપી શકે? ઘરનું છોડીને કોઇ શંકાયુકત બનીને શું કામ બહાર ખોળે? (૧૨૯).

નિર્દોષ હૃદયના આવાં ભાવથી ભરેલાં વચનો સાંભળીને ભગવાન વિષ્ણુ ખૂબ જ પ્રસન્ન થયા અને કહ્યું કે, હે શિષ્યશ્રેષ્ઠ ! તું કાંઇ પણ મનગમતું માગ. (૧૩૦). તું મારો પ્રાણથી પણ પ્રિય એવો મિત્ર છે. તું મને ખૂબ જ વ્હાલો છે. હું તારી ભક્તિને વશ થયો છું. મારું માન રાખવા પણ તું કાંઇ મનગમતું માગી લે. (૧૩૧). તને વરદાન આપવા માટે પહેલા શંકર ભગવાન આવી ગયા અને હવે હું વિષ્ણુ આવ્યો છું. અમે બે હોવા છતાં એક જ છીએ, જુદા નથી. (અભિન્ન છીએ.) (૧૩૨). જો તું કંઇ પણ વરદાન માગશે તો અમને બન્નેને સંતોષ થશે. તને જે ઇચ્છા હશે તે હું તને પ્રેમથી આપીશ. તું તર્ક-વિતર્ક (અનુમાન) કરીશ નહિ. (૧૩૩). દીપક બોલ્યો કે હે હરિ ! હું શું માગું? ઉત્તમ માગણી તો એક જ છે કે ગુરુ ચરણમાં મારી ભક્તિ ઉત્તરોત્તર વધતી રહો. (૧૩૪). હે હરિ ! મને ગુરુનું સ્વરૂપ સમજાય અને મને પ્રેમલક્ષણા ભક્તિ મળે એવો વર આપો. એ સિવાય મારે બીજું કશું જોઇતું નથી. (૧૩૫).

આવું બોલીને શિષ્ય (દીપક) તરત જ ભગવાન વિષ્ણુના ચરણમાં પડ્યો. એને ઉઠાડીને વિષ્ણુ ભગવાને કહ્યું કે, હે પ્રાણપ્રિય બાળ ! તને ધન્ય છે. (૧૩૬). ગુરુભક્તિથી તું ધન્ય ધન્ય થઇ ગયો છે. તું મુકત થયો છે તેથી પણ તને ધન્ય છે. તું પરબ્રહ્મપદ પામીને જીવન્મુકત થઇશ. (૧૩૭). તું કોઇવાર ધર્મ બુદ્ધિથી તો કોઇવાર લૌકિક બુદ્ધિથી શ્રીગુરુને ભજ અને એમની માનસિક રીતે સ્તુતિ કર. (૧૩૮). ગુરુની સ્તુતિ એ નિશ્ચિત રૂપથી મારી જ સ્તુતિ છે એવું તું જાણ. ગુરુભજનથી હું પ્રસન્ન થાઉં છું એ મારું પ્રમાણભૂત વચન છે. (૧૩૯). વેદપાઠકો નિરુકત, વ્યાકરણ વગેરે છ અંગો સાથે વેદનું ચિંતન કરે છે અને એ ચિંતનને અંતે એ લોકો નિશ્ચય (નિર્ણય) કરે છે કે શ્રીગુરુ એ પરબ્રહ્મ છે. (૧૪૦). એ (વેદપાઠકો) પણ મને પ્રાણથી પણ અધિક વ્હાલા છે. હે બાળક ! માટે તું ગુરુનું ભજન કર. ગુરુને સંતોષ થતાં જ દેવો

તરત જ વશ થઇ જશે. (૧૪૧). બે અક્ષરનો શબ્દ 'ગુરુ' એ અમૃતનો સાગર છે. એમાં સ્હેજ જ ડૂબકી મારતાં ત્રિતાપ નાશ પામે છે. (ત્રિતાપ રહે જ ક્યાંથી?) (૧૪૨). જે કોઇ સદ્‌ગુરુનું સતત સ્મરણ કરે છે તે લોકોમાં પૂજવા યોગ્ય બને છે. અને ગુરુના નામના અમૃતના પાનથી મરણની શંકા ટળી જાય છે. (૧૪૩). ભગવાન બ્રહ્મા, શંકર અને મારી તેમજ બ્રહ્મનિષ્ઠ સંતની કૃપા થાય તો જ સદ્‌ગુરુ મળે છે. એ વિના સદ્‌ગુરુ મળતા નથી. (૧૪૪). અમે દેવો જે આપીએ તે બધું જ ગુરુ પણ આપે છે. માટે શ્રીગુરુ ત્રિમૂર્તિ છે એમાં શંકા કરવા જેવું કંઇ નથી. (૧૪૫). દીપકને આવું કહીને વિષ્ણુ ભગવાન પોતાના ધામમાં જતા રહ્યા. ગુરુસેવકને શાની ખોટ હોય? બધી ઇચ્છાઓ એની દાસી થઇ જાય છે. (૧૪૬).

હે કલિ ! આવો વર પામ્યા પછી (દીપક) ગુરુની સામે (સંમુખ) જઇ પહોંચ્યો અને વંદન કરીને ઊભો રહ્યો ત્યારે, એણે સદ્‌ગુરુને પ્રસન્ન મુખમુદ્રાવાળા જોયા. (૧૪૭). સર્વજ્ઞ હોવાથી શ્રીગુરુ ઘટ ઘટનું બધું જ જાણે છે. એમણે પૂછ્યું કે વિષ્ણુ ભગવાન ક્યાં ગયા? મનમાં મૂંઝાય છે કેમ? (સંદેહ કેમ કરે છે?) તું એની સાથે વાતચીત કરીને આવ્યો છે તો હે બાળ ! તેં શું માગ્યું? તને શ્રીહરિએ શું આપ્યું? એ બધું તું મને તરત જ કહી દે. (૧૪૮-૧૪૯). શિષ્ય બોલ્યો કે એમણે ખૂબ આગ્રહ કર્યો એટલે મેં પણ તમારા ચરણમાં મારી હંમેશાં દૃઢ ભક્તિ રહે અને પ્રામાણિકતાથી તમારી અખંડ સેવા કરું એવું એક વરદાન માગી લીધું. (૧૫૦).

એ વરદાન આપીને શ્રીહરિ જતા રહ્યા. હે ગુરુદેવ ! તમેજ કહો કે હું શું કરું? શિષ્યનાં વચનો સાંભળીને શ્રીગુરુદેવે કહ્યું કે, તું ચિરંજીવી થા ! (દીર્ઘાયુ થા). (૧૫૧). તું કાયમ કાશીમાં રહે. બધી સિદ્ધિઓ તારી દાસી થશે. નવે નિધિ (ભંડાર) તારા બારણામાં હશે અને તારી બધી આશાઓ ફળીભૂત (પૂર્ણ) થશે. (૧૫૨). મને સંતોષ થવાને લીધે, જા ભગવાન શંકર તારે આધિન રહેશે. જે કોઇ તારું સ્મરણ કરશે તેનાં સર્વ કષ્ટો સમૂળ (મૂળમાંથી) નાશ થશે. (૧૫૩). તારા સ્મરણ માત્રથી લોકો સ્ત્રી-પુત્રાદિથી સંપન્ન થશે અને હંમેશ માટે આનંદ કલ્લોલ કરશે. આ મારું સત્ય વચન છે, પ્રતિજ્ઞા છે.[૧૧] (૧૫૪). આવું બોલીને વેદધર્મા મુનિ ક્ષણવારમાં દિવ્ય શરીરવાળા અને નીરોગી થયા. શોધવા છતાં રોગ દેખાતો ન હતો. (૧૫૫). શિષ્યની કેવળ પરીક્ષા કરવા માટે જ એ જ્ઞાની કુષ્ઠરોગી થયા. બાકી આવા મહા તપસ્વીને ક્યાંથી પાપ ભોગવવાનું હોય? (૧૫૬). લોકોનું ભલું કરવાના હેતુથી (લોકો પર ઉપકાર કરવા માટે) તેઓ કાશીમાં આવ્યા હતા. બધાં પાપોને હરનાર આ (કાશી) ક્ષેત્રના મહિમાનું વર્ણન થઇ શકે એમ નથી. (૧૫૭). જે કથા બ્રહ્માજીએ કલિને કહી, શૌનક ઋષિએ સૂતજીને કહી, અલખે નિરંજનને કહી તે ગુરુના દૂત એવા રંગ અવધૂત ગુરુ મહારાજે આપણને કહી. (૧૫૮). બ્રહ્માની આજ્ઞા માથે ચઢાવીને કળિયુગ જગતમાં ગયો અને કહ્યા પ્રમાણે હંમેશને માટે વર્તવા લાગ્યો અને ગુરુ તેમજ એમના ભક્તનો જશ ગાવા લાગ્યો. (૧૫૯). આ ત્રીજા અધ્યાયમાં દીપકનાં આખ્યાનની આ સુંદર કથા સાંભળી ગુરુની આશિષથી અગમ્ય રંગ જામે છે. (૧૬૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુમાહાત્મ્યવર્ણન'** નામનો **ત્રીજો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૩

(૧) શ્રીગુરુલીલામૃતમાં પૂ.શ્રીએ પહેલા ત્રણ અધ્યાયમાં ભગવાન ગણેશની અચૂક વંદના કરી છે તે ધ્યાન પાત્ર છે.

(૨) ગુરુ એ શબ્દ નથી, બે અક્ષરનો મંત્ર છે. અરે ! મંત્ર નહિ પણ ઉત્તમ મંત્ર છે.

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ.
(અ.૪૧/દો.૧૨)

(૩) ગુરુર્ બ્રહ્મા ગુરુર્ વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ |
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ||

(૪) તત્ત્વજ્ઞાન એટલે પરબ્રહ્મ (તત્) વિશેનું જ્ઞાન. પરબ્રહ્મ સૂચક ત્રણ શબ્દો છે. (૧) ૐ (૨) તત્ (૩) સત્. જુઓ ગીતા અ.૧૭/શ્લોક ૨૩.

(૫) શબ્દજ્ઞાન મહત્વનું નથી. એ શબ્દાર્થ પાછળ રહેલો લક્ષ્યાર્થ - તત્ત્વાર્થ જ મહત્વનો છે. આ બતાવવાનું કામ જ ગુરુનું છે. વાંચવાથી સમજ પડી જતી હોય તો તો પછી પ્રેસકામ કરનારા કંપોઝીટરો કયારના જ્ઞાની થઇ ગયા હોત.

(૬) કરેલાં કર્મો જાતે જ ભોગવવાં પડે છે એ નિયમ યાદ રાખીને સારા કર્મો કરવાં. **"જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે"** એવી પૂ.પ્રેમ અવધૂતજીની વાત યાદ રાખવા જેવી છે. બીજું આપણા કર્મોનું ફળ હસતાં હસતાં ભોગવી લેવું જોઇએ, અને કોઇ સંત દૂર કરે એવું ઇચ્છવું ન જોઇએ.

(૭) સેવા કરવાનું કાર્ય ખૂબ કપરું છે. સેવા ધર્મ યોગીઓ માટે પણ અગમ્ય છે. **સેવાધર્મઃ પરમગહનો યોગીનામપ્યગમ્યઃ|**

(૮) ગુરુમાં શ્રદ્ધા હોવી એક વાત છે, પણ અડગ નિષ્ઠા હોવી દુર્લભ છે. ગુરુને દિલથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સાક્ષાત્ પરબ્રહ્મ માનનાર શિષ્યને મન બધા દેવો અને તીર્થો ગુરુના ચરણમાં છે.

ગુરુ સેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,
ગુરુ સેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,
ગુરુ સેવા જેવું ફલદ વ્રત-ઉદ્યાપન નથી,
ગુરુ સેવા જેવું ઇતર હૃદયાશ્વાસન નથી.

ગુરુની સેવા કરનાર ગુરુને ભગવાન કહે તે એક વાત અને ભગવાન સમજી વર્તે તે બીજી વાત.

(૯) સમુદ્ર મંથનમાંથી જે ચૌદ રત્નો નીકળ્યાં હતાં તેમાં એક સારંગ નામનું ધનુષ્ય હતું જે ભગવાન વિષ્ણુ પાસે છે. તેમના હાથ (પાણિ)માં સારંગ નામનું ધનુષ્ય છે તેથી તેમનું નામ સારંગપાણિ છે. ભગવાન શંકર પિનાક નામનું ધનુષ્ય ધારણ કરે છે તેથી તેમનું નામ પિનાકપાણિ અથવા પિનાકી છે. (પિનાકીન્ શબ્દનું પ્રથમા એક વચન થાય પિનાકી.)

(૧૦) દોહરા નં.૧૨૦ થી ૧૨૩માં પૂ.શ્રીએ પ્રભુ ભક્તિનો સાચો અને વિશાળ અર્થ સમજાવ્યો છે તે સમજવા જેવો છે.

(૧૧) ગુરુની અનન્ય ભાવથી સેવા કરનારને ગુરુ શું આપે તે માટે દોહરા નં.૧૫૧ થી ૧૫૪ વાંચવા અને સમજવા જરૂરી છે. ગુરુ તો શિષ્યને પોતાનું સ્વરૂપ આપી દે છે.

" આપ સમાન કરે શિષ્ય ન કો દેવે પદ નિર્બાના " - (અવધૂતી આનંદ)

●

અધ્યાય : ૪

આ અધ્યાયનું નામ **'ભક્તિસ્વરૂપવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૨૪** દોહરા છે.

આ અધ્યાયમાં ભગવાનના વિવિધ અવતારોનું કારણ અને નવધાભક્તિનું વર્ણન છે.

ભગવાનના વિવિધ અવતારોના મૂળ કારણરૂપ અંબરીષ રાજાની કથાનું વર્ણન છે. (૧-૪૮). ભક્તિ માહાત્મ્યનું (૪૯-૫૯) વર્ણન કર્યા પછી નવધા ભક્તિની (૧) શ્રવણ ભક્તિ (૬૦-૬૬), (૨) કીર્તન ભક્તિ (૬૭-૭૩), (૩) સ્મરણ ભક્તિ (૭૪-૭૮), (૪) પાદસેવન ભક્તિ (૭૯-૮૩), (૫) અર્ચન ભક્તિ (૮૪-૯૨), (૬) વંદન ભક્તિ (૯૩-૧૦૧), (૭) દાસ્ય ભક્તિ (૧૦૨-૧૦૬), (૮) સખ્ય ભક્તિ (૧૦૭-૧૧૨) અને (૯) આત્મનિવેદન ભક્તિનું વર્ણન છે. (૧૧૩-૧૨૦).

અંતમાં નિરંજનના પ્રશ્ન દ્વારા આગલા અધ્યાયનું વિષયસૂચન છે. (૧૨૧-૧૨૪).

અલખનાં એવાં વચન સાંભળીને શિષ્ય (નિરંજન)ને સંતોષ થયો. અતિશય આનંદિત મનવાળો નિરંજન બોલ્યો કે હે અલખ ગુરુ ! આપનો જય હો ! જય હો ! હું તમને વંદન કરું છું. સંસારના જન્મમરણના જંગલમાં તું દીવડા (દીપ) સમાન છે. તેં જ્ઞાનદીપ પ્રગટાવીને મારી શંકાનું અંધારું દૂર કર્યું છે. (૧-૨). તમારા મુખેથી સદ્‌ગુરુમહિમાનું આ જે અમૃત ઝર્યું છે તે અમૃત પીતાં મનમાં આનંદ સમાતો નથી. (૩). સંસારરૂપી રણમાં તરસની વ્યાકુળતામાં મરવાના આરે ઊભેલા મને, સદ્‌ભાગ્યે ચરિતામૃત પાનાર તમારા જેવા ગુરુદેવ મળ્યા છે. (૪). ત્રિમૂર્તિ સ્વરૂપ શ્રીગુરુ સાક્ષાત્ ભગવાન છે તો પછી એ અરૂપી, મનુષ્યના રૂપે કેમ અવતાર લે છે? (૫). હે પ્રભુ ! મને આ શંકા થઇ છે તો તે તમે દૂર કરો. એમ કહીને વંદન કરતાં, એ શંકા દૂર કરવા માટે અલખ પ્રભુ બોલ્યા કે, તારો આ પ્રશ્ન ખૂબજ પ્રશંસાપાત્ર છે. તું શિષ્યરૂપી ચંદ્રનો આ વિવેકયુક્ત પ્રશ્ન સાંભળીને મારા જ્ઞાનનો સાગર ઉછાળા મારે છે①. (૬-૭).

ગુરુલીલામૃતના પાનની તને જે ઇચ્છા થઇ છે તે બ્રહ્મપ્રાપ્તિનું મંગલ સૂચક છે. જેમ પહેલાં વીજળી ચમકે (જિજ્ઞાસા જન્મે) છે અને પછી વરસાદ આવે (પરબ્રહ્મની પ્રાપ્તિ) છે, જે જગતને ઠંડક આપે છે અને લોકો પછી એ વરસાદનાં વખાણ કરતાં વર્ષાગીતો ગાય છે. (૮-૯). હું આ પૃથ્વી ઉપર ઘણું ફર્યો, પણ પેટ પોષવામાં અને જાતીય સુખ માણવામાં રચ્યા પચ્યા રહીને પશુની જેમ જીવતા કોઇ માનવીએ આવો પ્રશ્ન નથી પૂછ્યો. (૧૦). આવો પ્રશ્ન પૂછનાર આજે એકમાત્ર તું મળ્યો છે. હું તને આ સંસાર પાર ઉતારનારી સઘળી પાવન કથા કહું છું તે તું સાંભળ. (૧૧). દેવ (બ્રહ્મ) મૂળે અરૂપી છે, પરંતુ ભકતોનો ઉદ્ધાર કરવા માટે અને પૃથ્વીનો ભાર ઉતારવા માટે એ અરૂપી (નિર્ગુણ) બ્રહ્મ સ્વરૂપ (સગુણ) ધારણ કરે છે. (નિરાકારી સાકાર બને છે) (૧૨). મનુષ્યરૂપે અવતાર ધારણ કરીને, ધર્મનું પાલન કરીને અને અધર્મનો નાશ કરીને ભકતનું રક્ષણ કરે છે②. (૧૩).

અલખનાં એવાં વચનો સાંભળીને નિરંજને પ્રશ્ન કર્યો કે, હે પ્રભુ ! મને એ અવતારના કારણ વિશે માંડીને વાત કરો. (૧૪). અલખ બોલ્યા કે, હે બાળ ! તું સાંભળ. મૂળે બ્રહ્મ નિર્ગુણ, એક અને અનાદિ છે. એ પોતાની માયાથી

ત્રણ ગુણવાળું (સત્વ, રજસ્, તમસ્) થયું. (૧૫). આ સમગ્ર વિશ્વની ઉત્પત્તિનું એવું એ કારણ ત્રણ પ્રકારે પ્રતીત થયું. સર્જન (સૃષ્ટિ), પાલન (સ્થિતિ) અને સંહારના કાર્યભેદેએ ત્રણ રૂપવાળું થયું. (૧૬). રજોગુણની અતિશયતાથી સર્જન કરનાર જે બ્રહ્મા છે, તે જ સત્ત્વગુણની અતિશયતાને કારણે પાલન કરનાર વિષ્ણુ કહેવાય છે. તમોગુણની અતિશયતાને કારણે સંહાર કરનાર એ જ સ્વયંભૂ શંકર (ઇશ) છે. એકરૂપ એવા એ બધા ત્રણ સ્વરૂપે વિધ વિધ લીલા કરે છે. (૧૭-૧૮).

અંબરીષ નામનો એક સૂર્યવંશી રાજા હતો. એ વિષ્ણુનો ભક્ત હતો અને વ્રત તેમજ ટેક રાખીને એકાદશી કરતો હતો. (૧૯). એ (અંબરીષ) અવતારો માટે કારણભૂત બન્યો. હું તને માંડીને બધી વાત કરું છું તે તું સાંભળ. (૨૦). વિધિ અનુસાર અગિયારસ (એકાદશી) કરી, ઉપવાસ કરીને તે ભગવાન વિષ્ણુનું સ્મરણ (ચિંતન) કરતો અને આખી રાત જાગરણ કરતો. (૨૧). રાજાનો આ વ્રત કરવાનો કાયમનો નિયમ હતો. એક દિવસ દુર્વાસા ઋષિ એના મહેલમાં આવી ચઢ્યા. (૨૨). કમનસીબની વાત એ હતી કે આ ક્રોધી ઋષિ એના વ્રતનો ભંગ કરવા માટે જ રાજમહેલમાં અતિથિ તરીકે પધાર્યા હતા. (૨૩). એ દિવસે સાધનદ્વાદશી હતી અને હવે એક જ ઘડી (૨૪ મિનિટ) રહી હતી. (એક ઘડી પછી તેરસ થતી હતી.) 'વિશિષ્ટ સ્વભાવવાળા અતિથિને જોઇને રાજા મનોમન બીધો (બી ગયો). (૨૪). અતિથિ ભક્ત એવો એ રાજા દોડીને સામો ગયો અને એને માન-પાન પૂર્વક લાવીને' પ્રસન્ન વદનથી (હસતા મુખે) પૂજન કરવા લાગ્યો. (૨૫). પ્રણામ કરીને આનંદથી ક્ષેમ કુશળના પ્રશ્નો પૂછ્યા અને પછી કહ્યું કે આજે પારણાં કરવાના છે અને બારસનો (દ્વાદશી) હવે થોડો જ સમય રહ્યો છે. (૨૬). ભોજન તૈયાર જ છે. આપ સ્નાન વગેરે કરીને જલ્દી આવો. "ભલે" એમ કહીને ઋષિશ્રેષ્ઠ બધા શિષ્યો સાથે નદીએ (સ્નાન કરવા) ગયા. (૨૭).

સ્નાનાદિ કર્મમાં (ઋષિ) (જાણી બુઝીને) મોડું કરતા હતા. રાજા મૂંઝાયો કે હવે હું શું કરું? બારસ વીતી ગયા પછી ભોજન કરું તો વ્રતનો ભંગ થાય એમ હતો અને અતિથિને મૂકીને ભોજન કરું તો પણ મહાન દોષ લાગતો હતો. રાજાએ મનોમન વિચાર્યું કે જો થોડું પાણી પી લઉં તો બન્ને વાત સચવાશે અને જરા દોષ પણ નહિ લાગે. એમ વિચારીને રાજાએ પાણી પીને (મનનું) સમાધાન કર્યું. (પાણી પીવાથી પારણાં થયાં પણ ગણાય અને અતિથિને મૂકીને જમ્યા એવું પણ કહેવાય નહિ.) (૨૮-૩૦). ત્યાં દુર્વાસા આવ્યા અને કહેવા લાગ્યા (ધમકાવવા લાગ્યા) કે હે રાજા ! અતિથિને ભૂખ્યા મૂકીને તેં પાણી કેમ પીધું? (૩૧). તું અભિમાનમાં છકી ગયો છે એટલે તને યોગ્ય શિક્ષા થવી જ જોઇએ. એમ કહીને ઋષિ શાપ આપવા તૈયાર થયા. (૩૨). ક્રોધની મૂર્તિ સમાન ઋષિને જોઇને રાજા ભયભીત થયો અને ભક્તનું કલ્યાણ કરનાર ભગવાન વિષ્ણુનું અંતરમાં સ્મરણ કર્યું. (૩૩). જેમ વાછરડા માટે ગાય દોડે, તેમ શરણે આવેલાનું રક્ષણ કરનાર ભગવાન નારાયણ (વિષ્ણુ) સ્મરણ કરતાંની સાથમાં જ ત્યાં પ્રગટ થયા.(૩૪). ત્યાં તો મુનિના શાપ વચન અચૂકપણે નીકળ્યાં કે હે રાજા ! વિવિધ પ્રકારની યોનિમાં તું જલદીથી ભ્રમણ કર. (૩૫). મુનિનો શાપ (વચન) નિષ્ફળ નહિ જાય એવું જાણીને રાજા શ્રીહરિના ચરણમાં પડયો અને કહેવા લાગ્યો કે મારું રક્ષણ કરો. (મને બચાવો). (૩૬).

ભક્ત વત્સલ ભગવાન બોલ્યા કે, હે મુનિશ્વર ! હું મારા ભક્તનું ગમે તે ભોગે રક્ષણ કરીશ. તમે મારું એક વચન માનો. (૩૭). એ તમારો શાપ સહન કરી શકશે નહિ, તેથી તમે મને શાપ આપો. જેમ બાપ (ભગવાન) બાળક (ભક્ત) માટે સહન કરે છે તેમ હું બધું સહન કરીશ. (૩૮). ઈશ્વરના અંશાવતારી એવા દુર્વાસાએ મનમાં વિચાર્યું કે શાપને કારણે (શ્રીહરિ) વિવિધ અવતારો ધારણ કરીને પૃથ્વીનો ભાર ઉતારશે. (૩૯). કઠોર અને લાંબી તપશ્ચર્યા પછી પણ શ્રીહરિને પૃથ્વી પર લાવવાનું અઘરું છે. પરંતુ અંબરીષને કારણે શાપ નિમિત્તે એ સરળતાથી અવતાર ધારણ કરશે. (૪૦).

લક્ષ્મીજી સાથે વિવિધ પ્રકારના અવતારો પૃથ્વી પર ધારણ કરીને એ ભકતોદ્ધારક ભગવાન પાપનો નાશ કરશે. (૪૧). અંબરીષ વિવિધ યોનિમાં અવતાર લે તો તેનાથી કોઇ ફાયદો થવાનો નથી. એના બદલે બીજાના ભલા માટે નારાયણ (વિષ્ણુ) ને શાપ આપું. (૪૨). મનમાં આવું વિચારીને દુર્વાસા બોલ્યા કે "તને ધન્ય છે. હે વિષ્ણુ ! હું તને અજોડ એવો શ્રાપ આપું છું તે તું સાંભળ." (૪૩). આ વિશ્વના બધા જ સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપમાં તું જ રહેલો છે. તું અજ (જન્મ રહિત) અને અક્ષય હોવા છતાં, હે હરિ ! તું મત્સ્યાદિ સ્વરૂપ લે. (૪૪). મારા શાપને કારણે તું મૃત્યુલોકમાં (પૃથ્વી પર) દશવાર અવતાર ધારણ કર, અને હે હરિ ! દુષ્ટને માર અને પાપનો (અઘ) નાશ કર (૬૨). (૪૫). સચ્ચિદઘન (સત્ ચિત્ રૂપ) શ્રી હરિએ પ્રેમપૂર્વક એ શ્રાપ સ્વીકાર્યો . એ પરમાત્મા નારાયણ ભકતવત્સલ છે અને વેષ ભજવવામાં કુશળ (નાટકી) છે. (૪૬).

ભાગવત વગેરે ગ્રંથમાં મત્સ્યાદિ (દશે) અવતારોનું વિગતવાર સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે. એના શ્રવણથી દુ:ખડાં ટળે છે. (૪૭). કોઇ વાર સ્પષ્ટ (વ્યકત) અને કોઇ વાર ગુપ્ત (અવ્યકત) રહેતાં એને બ્રહ્મવિદ્ (બ્રહ્મને જાણનાર) જાણે છે, પરંતુ એકદમ મૂઢને ક્યાંથી સમજ પડે? એ તો વેદમાં જ શંકા કરે છે. (૪૮). ભગવાન (શ્રીહરિ) ભાવના ભૂખ્યા છે. જાગતાં, સ્વપ્નમાં અને ગાઢ નિદ્રામાં પણ અખંડ નિયમ (ટેક)થી એક માત્ર એની ભક્તિ કરવી જોઇએ. (૪૯). કળિયુગમાં ભક્તિ સૌથી શ્રેષ્ઠ સાધન છે અને પરમ પદ આપનારી છે એવું બધા જ શાસ્ત્રો કહે છે અને મારો જાત અનુભવ પણ એમ જ કહે છે. (૫૦). ભક્તિ એ જ્ઞાનની માતા છે અને તે ભેદ દૂર કરે છે ③. ગુરુદેવની કૃપા થતાંની સાથે જ સંસારરૂપી રેલ (પૂર) પણ સૂકાઇ જાય છે. (૫૧). ભક્તિનો પ્રભાવ અલૌકિક છે. એને કારણે નિર્ગુણ બ્રહ્મ નામ-રૂપથી સગુણ બનીને ભ્રમનું નિવારણ કરે છે. (૫૨). આવાં વચનો સાંભળીને એ શિષ્ય નિરંજને વંદન કર્યાં અને કહેવા લાગ્યો કે, હે યોગીશ્વર ! તમને ધન્ય છે. હું મારું જીવન આપના ચરણમાં સમર્પિત કરું છું. (૫૩). હે ગુરુરાયા ! કૃપા કરીને મને વિસ્તારપૂર્વક ભક્તિનું સ્વરૂપ કહો જેથી મારાં બધાં પાપો ટળી જાય. (૫૪) અલખ બોલ્યા કે, હે બાળ ! તું ભક્તિનું ગૂઢ સ્વરૂપ સાંભળ. નિર્મળ, અનન્ય અને આનંદ આપનાર (રમ્ય) જે સર્વશ્રેષ્ઠ પ્રભુ પ્રત્યેનો પ્રેમ છે તે જ ખરેખર ઇશ્વર ભક્તિ છે ④ . એના સંગમાં આનંદ અને એના વિરહમાં દુ:ખ છે. સતી સ્ત્રી જે રીતે પતિને ભજે છે તે જ રીતે ભકત ભગવાનને ભજે છે. (૫૫-૫૬). એવા ભાવથી શ્રીહરિને અને શ્રીહરિ સ્વરૂપ સદ્ગુરુને ભજતાં ભકત પરમાનંદ પામે છે. પછી એને સંસારનો કૂવો (સંસાર) ક્યાંથી રહે? (૫૭). શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ-સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એવી નવ પ્રકારની પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવી છે.⑤ (૫૮-૫૯).

હે સમજુ શિષ્ય ! હું તને પ્રથમ શ્રવણ ભક્તિ કહું છું તે તું સાંભળ. કાયા, વાણી અને મનને હંમેશાં સુદૃઢ રાખીને, નિદ્રા-તંદ્રા છોડીને અને આળસનો ત્યાગ કરીને, શૂરવીર જેમ યુદ્ધ કથા સાંભળે તેમ હંમેશાં હરિગુણ સાંભળવા. (૬૦-૬૧). હંમેશાં અંતર્નિષ્ઠ રહે, પવિત્ર આસન પર વ્યવસ્થિત રીતે બેસે અને અસૂયા (બીજાના ગુણમાં પણ દોષ જોવાની વૃત્તિ)નો ત્યાગ કરીને શ્રીહરિ અને ગુરુની નવાઇ પમાડે એવી (વિસ્મયકારી) લીલા કથા સાંભળે. (૬૨). હૃદયમાં અડગ (નિશ્ચલ) શ્રદ્ધા રાખી, અન્ય વાતો કર્યા વિના, સ્થિર દૃષ્ટિથી (એક ધ્યાનથી) સાંભળે તે જ સાંભળ્યું (શ્રવણ) કહેવાય. (૬૩). સદા સદ્ગુણનું સેવન કરે અને શાસ્ત્રનું શ્રવણ કરે તો મન નિર્મળ થાય અને આત્મ સ્વરૂપનો નિશ્ચય થાય. (૬૪). જે કોઇ શ્રદ્ધા વિના કથા સાંભળે, તર્ક-વિતર્ક કરે અને શ્રવણ અંગેનો વિવેક છોડીને દેવ મંદિરમાં ઊંઘે તો એવા શ્રવણની મહેનત માથે પડે છે અને એનાથી એનો ભ્રમ જતો નથી (શ્રવણનું ફળ મળતું

નથી.). આવા શ્રવણથી મુક્તિનો ક્રમ પણ હાથમાં આવતો નથી. (૬૫-૬૬). માટે સાવધાન થઇને પ્રેમથી શ્રવણ કરવું જોઇએ.

હે બાળ ! હવે હું તને બીજી ભક્તિ 'કીર્તન ભક્તિ' વિશે કહું છું તે તું સાંભળ. (૬૭). જેને જન્મ જ નથી (અજન્મા) તે પરમાત્માની જે દિવ્ય જન્મકથા છે તે ભાવપૂર્વક ગાવાથી આપણું જન્મ લેવાનું બીજ-કારણ- છે તેનો સંદેહ રહેતો નથી. (૬૮). જે કશું જ કરતો નથી (અક્રિય) એવા ઇશની પવિત્ર દિવ્ય કર્મ-લીલાનું પ્રેમથી ગાન (કીર્તન) કરવું જેથી આપણી ચિત્ર વિચિત્ર બધી જ કર્મ-વાસના ટળી જાય.⑥ (૬૯). હરિ-ગુરુ-સંતની લીલાનું શ્રદ્ધાભક્તિથી અખંડ ગાન કરવું જેથી દેહાભિમાન ટળી જાય. (૭૦). આ લીલાનું કીર્તન (ગાન) કરતાં કરતાં ચિત્તામાં જો સાત્ત્વિક ભાવ ઊઠે તો જ જન્મ સફળ થાય અને ત્રિતાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ) ટળી જાય. (૭૧). હૃદયમાં ભાવ માય નહિ, કંઠ ગદ્‌ગદ્ થઇ જાય, પ્રેમભાવથી શરીર રોમાંચિત થઇ જાય, આંખમાંથી દડ્ દડ્ આંસુ વહે, દેહનું ભાન ન રહે અને ભકત વિદેહી દશા અનુભવે તો એવી કીર્તન ભક્તિ જ એ ખરેખરી ભક્તિ છે. એ સિવાયના બધા દંભ છે અને એ કરનાર સાચો ભકત નથી. (૭૨-૭૩).

હવે તને ત્રીજી ભક્તિ 'સ્મરણ ભક્તિ'નાં શ્રેષ્ઠ લક્ષણ કહું છું. આઠે પ્રહર (પ્રહર=૩ કલાક)માં વ્યાપી રહેલી એ ભક્તિ વહાલામાં વહાલી (ભગવદ્ પ્રેષ્ઠ) છે. (૭૪). જેનાં હજારો (અનંત) અંગ છે, હજારો સુંદર રૂપ છે, હજારો નામ છે અને (ન સમજાય તેવા) ચિત્ર વિચિત્ર કર્મો છે, એ બધાનું રાત દિવસ ભાવ અને નિષ્ઠાપૂર્વક અખંડ સ્મરણ કરવું, જેથી માયાનું તોફાન (બંડ) નડે નહિ. (૭૫-૭૬). હરતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં, ખાતાં-પીતાં, સૂતાં અને જાગતાં પણ સ્મરણ બંધ થવું જોઇએ નહિ. (૭૭). હૃદયમાં સદા પ્રભુનું ધ્યાન, મુખમાં એનું પવિત્ર નામ, અને એના સ્મરણ વિના એક પણ શ્વાસ ખાલી જવો ના જોઇએ. (૭૮). આ સ્મરણ ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે.

ચોથી ભક્તિ 'સેવન ભક્તિ' છે. જ્યાં મૂળે ઇશ્વર જ એક માત્ર છે ત્યાં સેવક અને સેવ્યની વાત જ મિથ્યા છે, અતાત્ત્વિક છે. (૭૯). પરાપૂર્વથી ચાલી આવતા એ અજ્ઞાનથી ઉત્તમ અને અધમ ભાવને કારણે ભિન્નતાનો (બે હોવાનો-દ્વૈતનો) વ્યર્થ આરોપ કરે છે. (૮૦). અજ્ઞાની લોકોની આ પ્રવૃત્તિ જોઇને દયાળુ શ્રુતિ (વેદ-ઉપનિષદ) પરાપૂર્વનો (સનાતન) નિયમ વદે છે કે આનાથી સંસારના આવાગમન (આવવા-જવાની)ની જંજાળ નડતી નથી. (૮૧). વજ્ર ,અંકુશ, ધ્વજ, કમળ (કંજ)થી શોભતા શ્રીહરિના ચરણ (કમળ)ને જે કોઇ શ્રદ્ધા ભક્તિથી સેવે છે તે મોક્ષ (તત્) પદને પામે છે. (૮૨). જે કોઇ સાધુ સંતની સેવા કરે છે, ગુરુના ચરણકમળને સેવે છે, અને માતા-પિતાની સેવા કરે છે તેને જરા પણ રંજ રહેતો નથી. (૮૩)⑦. આ પાદસેવન ભક્તિ છે.

પાદસેવનના પરિણામરૂપ ખરેખર પાંચમી અર્ચન ભક્તિ છે જે મોક્ષ પદને આપે છે. (૮૪). દેવની , કલ્પના મુજબની, સગુણ અને સુંદર પ્રતિમા બનાવી, માનવી એને દેવ સમાન માનીને એનું સદ્‌ભાવથી પૂજન કરે છે. (૮૫). પરંપરાગત માર્ગથી જરૂરી એવી બધી જ પૂજન-સામગ્રીથી યથાસાંગ અર્ચન કરવાથી તે તરત જ સિદ્ધિ પામે છે. (૮૬). સવારે ષોડશોપચારથી પૂજન કરવું, બપોરના રોજ પંચોપચારથી નિષ્ઠાપૂર્વક પૂજન કરવું અને રાત્રે આરતી ઉતારીને પુષ્પાંજલિ અર્પણ કરવી. આમ જે મળે તે સામગ્રીથી, ભાવથી ત્રિકાળ (સવાર, બપોર, સાંજ) નિયમપૂર્વક કરવું. અથવા અનન્ય નિષ્ઠાથી માનસ પૂજન કરવું. (૮૭-૮૯). પોતાને જે જે ગમતું હોય તે બધું પ્રથમ ભગવાનને ભાવથી અર્પણ કરવું. વળી ગુરુના અર્ચનનો ક્રમ એવો છે કે અર્ચનમૂર્તિનું પગથી માથા સુધી વિશ્વાસપૂર્વક હંમેશાં ધ્યાન ધરવું, જેથી બધાં પાપ

(અઘ) અને દુ:ખ (અક) ટળી જાય. (ગુર્વર્ચન=ગુરુ+અર્ચન) (૯૦-૯૧). વૃત્તિને સારી એવી સ્થિર રાખીને અખંડ ધ્યાન ધરવું અને પૂજન થયા પછી (ઉત્તર) ગુરુએ આપેલા મંત્રનો નિયમસર નિત્ય જપ કરવો. (૯૨). આ અર્ચન ભક્તિ છે.

છઠ્ઠી ભક્તિ વંદન ભક્તિ છે. આનાથી (આ ભક્તિથી) વૃત્તિમાં સમતા આવે છે અને સચ્ચિદાનંદની પ્રાપ્તિ થાય છે. (૯૩). પરબ્રહ્મથી માંડીને નાનામાં નાના અણુ (વસ્તુ) સુધીની સ્થાવર-જંગમ (જડ-ચેતન) બધી જ વસ્તુ એ અનંત પરબ્રહ્મનું જ રૂપ છે એવો અંતરમાં દૃઢ નિશ્ચય રાખીને અને અભિમાન દૂર કરીને, રુદ્રાધ્યાયમાં જણાવ્યા પ્રમાણે બધાને ભાવથી વંદન કરવાં. (૯૪-૯૫). બધાને સમાન દૃષ્ટિથી જોઇને, બ્રાહ્મણ-અંત્યજ, જ્ઞાની, મૂરખ, બધાને દેવ સમાન માનીને વંદન કરવાં. (૯૬). ગાય, કૂતરો, ઘોડો, ગધેડો અને જડ ચેતન બધી વસ્તુને મનમાંથી શંકા દૂર કરીને, દેવ ભાવથી વંદન કરવાં(૮). (૯૭). 'સગુણ દેહ' એમ કહીએ ત્યારે લક્ષ્ય તો નિર્ગુણ બ્રહ્મ જ છે. અંતરમાં રહીને નિયમન કરનાર (અંતર્યામી) એ એક જ બધાનો ચાલક અને પૂર્ણ પ્રકાશક છે. (૯૮). બધાં શરીરો એ પરમાત્મા (દેવ)ને રહેવાનાં સ્થળો (મંદિરો)છે. અને એમાં અભેદ આત્મારૂપી દેવ રહેલો છે. આવા નિશ્ચિત ભાવથી બધાંને વંદન કરતાં શોધવા છતાં શોક (ખેદ) જડતો નથી(૯). (૯૯). એ એક સચ્ચિદાનંદરૂપ આત્માનું અસ્તિ, ભાતિ અને પ્રિય રૂપ છે. એવી નિષ્ઠા રાખીને વંદન કરતાં એને અજોડ લોકની પ્રાપ્તિ થાય છે. (૧૦૦). આ રીતે વર્તતાં કદાચ લોકો નિંદા કરે તો પણ એ એનો શોક (ખેદ) કરે નહિ, માન-અપમાન ધ્યાનમાં લે નહિ, અને બધામાં રહેલા એ દેવને અભેદભાવે વંદન કરે છે. (૧૦૧). આ વંદનભક્તિ છે.

હવે દાસ્યભક્તિના લક્ષણ સાંભળ. પોતાને પ્રભુનો સેવક (દાસ)માનીને સાવધાન થઇને વર્તન કરે. (૧૦૨). ઇશ્વર અને ગુરુની રાત દિવસ સેવા કરવી, શરીરનું અભિમાન ઓગાળી નાંખવું અને વૃત્તિને પરબ્રહ્મમાં લીન રાખવી. (અથવા વૃત્તિને ઇશ્વર-ગુરુમાં લીન રાખવી એવો અર્થ પણ કરી શકાય.) (૧૦૩). પ્રમાદ અને આળસ છોડીને, માન અને અપમાન સહન કરીને અને અનન્ય નિષ્ઠા રાખીને શ્રીહરિની સેવા કરવી. (૧૦૪). યોગક્ષેમની ક્યારે પણ, એક ક્ષણ પૂરતી પણ, ચિંતા ન કરે અને સેવામાં મન, વચન અને તન (શરીર-દેહ) સમર્પિત કરે(૧૦). (૧૦૫). આ દાસ્યભક્તિથી પળવારમાં પાપ ટળી જાય છે, અંતરમાં વૈરાગ્યનો ઉદય થાય છે અને હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. (૧૦૬).

સખ્ય (મિત્રતા) ભક્તિ નામની આઠમી ભક્તિનાં લક્ષણ સાંભળ. ભગવાનની મિત્રતા કરવી, જેથી આ સઘળો સંસાર (જન્મ મરણની જંજાળ) ટળી જાય. (૧૦૭). અનેકવાર શરીર ધારણ કર્યાં અને છૂટી ગયાં, અનેક કલ્પો વીતી ગયા છતાં પણ આપણા અંતરમાં જે સૌથી વધુ પ્રિય એવો મિત્ર વસે છે અને આપણાથી ક્ષણવાર પણ છૂટો પડતો નથી તેની સાથે અનન્ય ભાવે અને નિ:સ્વાર્થપણે મૈત્રી કરવી જેથી બ્રહ્મ નામનું (મોક્ષ) પદ મળે. (૧૦૮-૧૦૯). એના વિના એક ક્ષણ પણ ગમે નહિ, જરા પણ ચેન પડે નહિ, એના વિના બીજી કોઇ પ્રવૃત્તિ નહિ અને એના વિના બીજું બધું જ નીરસ (અસાર) લાગે. (૧૧૦). અંતરમાં રહીને નિયમન કરનાર (અંતર્યામી) એ ઇશ્વર જ બહાર સદ્‌ગુરુરૂપે રહેલો છે. એ સૌથી વધુ પ્રિય અને પરમ મિત્ર છે. એની મિત્રતા અજોડ છે. (૧૧૧). એની સાથેની મિત્રતાથી ભ્રાંતિ ટળી જાય છે. જીવ અને શિવનો સંતાપ (ખેદ) નાસી જાય છે. અને બધે જ એક, અખંડ અને અભેદ બ્રહ્માનંદનાં દર્શન થાય છે. (૧૧૨).

તન, મન, ધન, સ્ત્રી (પત્ની), પુત્ર, ઘર, ખેતર, અને પરિવાર બધું જ અહીં ઇશ્વરરૂપ સદ્‌ગુરુના ચરણમાં સમર્પિત કરી દેવાં. સાત્ત્વિક ભાવથી આવું હંમેશાં અનન્યભાવે અર્પણ કરવું એ જ આત્મનિવેદન ભક્તિ છે, જેનાથી

ભવસંદેહ ટળે છે. (૧૧૩-૧૧૪). હું સદાકાળ (હંમેશ માટે) શુદ્ધ છું, બુદ્ધ છું, પાપથી અસ્પૃષ્ટ છું (પાપનો સ્પર્શ નથી), પવિત્ર છું, અને હું અદ્વૈત છું. એ તો સ્વત: સિદ્ધ જ છે. (આમ જ હોય તો પછી) ત્યાં સાક્ષિત્વ શું? (સાક્ષિત્વ શાનું?). (૧૧૫). જો હું ક્યારે પણ કર્તા જ નથી તો પછી મારે ભોગવવાનું પણ ક્યાં રહ્યું? બંધન-મોક્ષ વગેરે એ બધું તો તૂતે તૂત છે. (બધું ખોટું છે.) (૧૧૬). હું સદાનો મુક્ત જ છું, અને નિ:સંગ છું એવો અખંડ અભ્યાસ રાખવો એવી આત્મનિવેદન ભક્તિ જ શ્રેષ્ઠ છે. અને એ જ ભક્તિનું મોટું મસ (કદાવર) સિંહાસન છે. (૧૧૭). એ સિંહાસન (તખ્ત) પર બેસીને જ બધા સંતો દેવ સમાન થયા. એ બધામાં શિરોમણિરૂપ અત્રિ (ઋષિ) છે જેના ત્રણે દેવો (બ્રહ્મા, વિષ્ણુ અને શંકર) પુત્રો થયા. (૧૧૮). એમની પત્ની સતી અનસૂયા (અસૂયા વગરની) જે વિખ્યાત પતિવ્રતા હતાં એ બન્નેની નિષ્ઠા જોઇને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણે દેવો એક થઇને દત્ત સ્વરૂપે સાક્ષાત્ અવતર્યા. સતી અનસૂયાને ધન્ય છે અને ધન્ય છે અત્રિના વિવેકને. (૧૧૯-૧૨૦). આ સાંભળીને નિરંજન બોલ્યો કે, હે દયાળુ (અલખજી) ! તમોને ધન્ય છે. હે અલખજી ! એ દેવો શા માટે (અથવા કેવી રીતે) પુત્રો થયા તે આશ્ચર્યકારક વાત મને કહો. (૧૨૧). એ ભાગ્યવાન અત્રિ કોણ હતા? અને અનસૂયા કોણ હતાં? શાનાથી દેવો રાજી થયા (પ્રસન્ન થયા) અને એમના પુત્રો થયા? (૧૨૨). આ પ્રશ્ન સાંભળીને એના જવાબમાં અલખજી હવે પછી જે કથાનક કહેશે તે સાંભળવાથી રંગ ગુરુ કહે છે કે તમે જીવન્મુક્ત થશો. (૧૨૩). આ અધ્યાયમાં અંબરીષનું આખ્યાન અને નવધાભક્તિનું વર્ણન કર્યું છે. જે સાંભળવાથી કલ્યાણ પામશો. (૧૨૪).

શ્રીદત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુમાહાત્મ્યવર્ણન'** નામનો **ચોથો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૪

(૧) સરસ ઉપમા દ્વારા ઘણું બધું કહેવાયું છે. જીજ્ઞાસાવૃત્તિવાળો શિષ્ય એ ચંદ્ર સમાન છે. અને એવા શિષ્યને જોઇને જ્ઞાની ગુરુરૂપી સમુદ્ર ઉછાળા મારે છે, ભરતી આવે છે. પૂ.શ્રીની પાસે જે જ્ઞાન હતું તે મેળવવાની ઇચ્છાથી કોઇ જાય તો એમને જરૂર આનંદ થાય. પણ એવું ઓછું બને છે. તેથી તો તેમને ભજનમાં લખવું પડ્યું કે :

દિલરૂબા દિલકી સૂનાઉં સૂનનેવાલા કૌન હે?
જામે હક ભર ભર પીલાઉં, પીનેવાલા કૌન હે?

(૨) પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્|
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ||
(ગીતા અ. ૪ / શ્લોક ૮)

(૩) ભાગવત માહાત્મ્યમાં જણાવ્યા પ્રમાણે ભક્તિ એ માતા છે અને જ્ઞાન તથા વૈરાગ્ય તેના બે બાળકો છે. વળી ભક્તિ એટલે જોડનારી, ભેદ હરનારી. એનાથી વિરુદ્ધ તે વિભક્તિ. વિભક્તિ જુદા પાડે, ભક્તિ ભેગા કરે.

જે ભગવાન સાથે જોડાય તે ભકત.

(૪) નારદભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આવી છે.

સા પરાનુરકિત.

સા પરમ પ્રેમરૂપા ચ અમૃત સ્વરૂપા ચ.

(૫) શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનં |
અર્ચનં વંદનં દાસ્યં સખ્યમાત્મ નિવેદનમ્ ||

(ભાગવત સ્કંધ ૭/ અ. ૫/ શ્લોક. ૨૩)

(૬) જેનો જન્મ જ નથી - અજન્મા છે તેની જન્મકથાનું ગાન કરવું અને તે દ્વારા આપણા જન્મનું બીજ દૂર કરવું - એ જ રીતે જે અક્રિય છે - કર્મો કરતો જ નથી - તેના પવિત્ર અને દિવ્ય કર્મોનું ગાન કરવું, જેથી આપણી કર્મવાસના ટળે. કેટલું સાહિત્યિક વર્ણન છે !

(૭) પૂ.શ્રીની વિધાયક દૃષ્ટિનો પરિચય અહીં થાય છે. પરિવારને, સમાજને બાંધી રાખે એ રીતે ધર્મનું દર્શન કરાવે છે. પાદસેવનમાં કેવળ હરિના પાદ જ નહિ પરંતુ સાધુ, સંત, ગુરુ, માતા અને પિતાની સેવા એ પણ પાદસેવન છે. ઘરડા ઘરની સંખ્યા આવા સંતો જ ઘટાડી શકે.

(૮) વિદ્યા વિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિની |
શૂનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનાઃ ||

(ગીતા.અ. ૫ /શ્લોક ૧૮)

(૯) દેહો દેવાલયઃ પ્રોકતો જીવો દેવઃ સદાશિવઃ |
ત્યજેદજ્ઞાનનિર્માલ્યં સોડહં ભાવેન પૂજયેત્ ||

(૧૦) સેવા ધર્મ પરમ ગહન છે અને યોગીઓને પણ અગમ્ય છે એવું કહેવાનું શું કારણ? તો દોહરા નં. ૧૦૩, ૧૦૪, અને ૧૦૫ વાંચો. ગુરુની અને ઈશ્વરની સેવા કરનારે આટલું કરવું પડે. (૧) આ સેવા કાર્ય રાત દિવસ કરવાનું હોય છે. (૨) દેહાભિમાન કાઢી નાંખવું પડે. (૩) વૃત્તિ સ્વામીમાં જ લીન રાખવી પડે. (૪) પ્રમાદ અને આળસ ખંખેરી નાંખવા પડે. (૫) માન-અપમાન સહન કરવાં પડે. (૬) અનન્ય નિષ્ઠા રાખવી પડે. (૭) પોતાના યોગક્ષેમની ચિંતા રાખી શકાય નહિ, અને (૮) તન, મન, વચનથી સ્વામીને સર્મપિત થઇ જવું પડે.

●

અધ્યાય : ૫

આ અધ્યાયનું નામ **'શક્તિત્રયખેદોદ્‌ભવ'** છે. આ અધ્યાયમાં **૧૪૮** દોહરા છે.

આ અધ્યાયમાં બ્રહ્માના સાત માનસપુત્રો પૈકીના અત્રિના જીવનનું, એમની તપશ્ચર્યાનું અને એમના આશ્રમનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧-૭૩). ઉમા, લક્ષ્મી અને સાવિત્રી એમ ત્રણે દેવીનું અભિમાન ઉતારવા માટે ભગવાને નારદ દ્વારા કરેલી લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. (૭૪-૧૩૨). અને અંતમાં અત્રિ-અનસૂયાનો મહિમા વર્ણવતું વર્ણન કરીને આ પછીના અધ્યાયની વસ્તુનો નિર્દેશ કર્યો છે. (૧૩૩-૧૪૮).

શિષ્ય (નિરંજન)નો એ પ્રશ્ન સાંભળીને અલખજીએ તરત જ કહ્યું કે તારો આ પ્રશ્ન અતિ સુંદર છે અને તારી મતિને પણ ધન્યવાદ આપવા ઘટે. (૧). વિરાટરૂપ શ્રીહરિ (વિષ્ણુ)ના નાભિ (ડૂંટી) કમળમાંથી પહેલા બ્રહ્માજી પ્રગટ થયા હતા. તેના પુત્ર અત્રિ હતા. (૨). સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવા માટેનો સંકલ્પ કરતાંની સાથે બ્રહ્માજીએ સાત માનસપુત્રોનું સર્જન કર્યું. (મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સાત માનસપુત્રો છે.) (૩).

એમાં અત્રિ એ બીજા ક્રમે હતા અને બ્રહ્માજીના નેત્રમાંથી પ્રગટ્યા હતા. ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)થી પર હોવાથી એમનું અત્રિ એવું નામ યોગ્ય જ હતું. (૪). ખરેખર બ્રહ્માજીનું નિષ્કલંક (નિષ્કલ્મષ) તપ અત્રિ ઋષિના રૂપે પ્રગટ થયું હતું. એ શ્રુતિતાત હતા. (૫). જ્યારે પ્રથમ સૂર્યગ્રહણ વિષે કોઇ જાણતું ન હતું ત્યારે તેના વિષે સર્વજ્ઞ એવા અત્રિ ઋષિએ બધી માહિતિ (જાણકારી) પ્રસિદ્ધ કરી. (૬). ઋગ્વેદનું પાંચમું મંડળ પણ એમણે જ પ્રગટ કર્યું, જેમાં અગ્નિ, ઇંદ્ર વગેરેના ઝડપથી ફળ આપનારાં સ્તવનો આવેલાં છે. (૭). સત્યયુગ (કૃતયુગ)માં બધાને રોગગ્રસ્ત થયેલાં જોઇને અત્રિએ આયુર્વેદની રચના કરી અને બધા રોગોના ઉપાયો સૂચવ્યા. (૮). લોકોને સાચી રીતે સમજવામાં અતિ મુશ્કેલ જણાતી એ મનુસ્મૃતિના વિકલ્પે અત્રિએ સરળતાથી સમજાય એવી સ્પષ્ટ અર્થવાળી સ્મૃતિની રચના કરી. (૯). બ્રહ્મનિષ્ઠ અને તદ્દન ઇચ્છા વિનાના બ્રહ્માના એ પુત્રને ધન્ય છે. એનું વર્ણન કોણ કરી શકે? (૧૦).

પિતાની આજ્ઞાને કારણે એમણે સુંદર, સાધ્વી તેમજ સતીઓમાં શિરોમણિરૂપ એવી કર્દમ ઋષિની પુત્રી સાથે લગ્ન કર્યું.[1] (૧૧). પિતાની આજ્ઞા (મંજૂરી) લઇને અત્રિ ઋષિ પત્ની સાથે ઋક્ષ નામના કુલાચલ પર્વત પર આવ્યા અને ત્યાં નિત્ય કર્મ કરવા લાગ્યા. (કુલાચલ પર્વત સાત છે : મહેન્દ્ર, મલય, સહ્ય, શક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પરિયાત્ર.) (૧૨). એક પગ પર જ ઊભા રહીને, વાયુનું ભક્ષણ કરીને, ગરમી તેમજ ઠંડી વેઠીને (સહન કરીને) તેઓ એક ભક્તિથી શ્રીહરિને ભજતા હતા. (૧૩). સેંકડો વર્ષો સુધી આવી કઠોર (ભયંકર) તપશ્ચર્યા કરી, (તેથી ત્રણે) લોકમાં હાહાકાર મચી ગયો અને સ્વર્ગ સુધી આ વાત પહોંચી ગઇ. (૧૪). એમની ટેક જોઇને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર (હરીશ=હરિ+ઇશ) એમ ત્રણે દેવો પ્રસન્ન થયા અને પળવારમાં (ક્ષણ માત્રમાં) પોતાના આયુધો લઇને (ચિહ્નથી અંકિત) તેઓ એમની પાસે આવીને ઊભા રહ્યા. (૧૫). એ દેવોના તેજને લીધે એમનું ધ્યાન છૂટી ગયું અને આંખ ખોલીને જોવા લાગ્યા. ત્યાં ત્રણે દેવોને જોઇને રાજી થયા અને મધુર વાણીથી સ્તુતિ કરવા લાગ્યા. (૧૬). ત્રણે દેવોને જોઇને

આશ્ચર્યચકિત થયેલા એમણે પ્રણામ કર્યા અને બે હાથ જોડીને પૂછ્યું કે હે ભગવાન ! મને એક શંકા થઇ છે. (૧૭). મેં તો એક (દેવ)નું ધ્યાન ધર્યું હતું, તો તમે ત્રણ (દેવો) કોણ છો? હે દેવો ! મારા પર કૃપા કરીને મારી શંકા દૂર કરો કે જેથી મારું મન શાંત થાય. (૧૮).

જવાબમાં દેવોએ કહ્યું કે હે અત્રિ ! તમે સાંભળો. અમારાં શરીર ત્રણ હોવા છતાં અમારું રૂપ તો એક જ છે. (૧૯). અમારા ભક્તો (અમારા) જે રૂપને ભજે છે તેમને અમે તે રૂપથી દર્શન આપીને અમે એક જ સ્વરૂપે રહીએ છીએ. (૨૦). મૂળે પરબ્રહ્મ એક, સત્ય અને અખંડ છે. તેમાં માયાની ઉપાધિને કારણે વિવિધ સ્વરૂપો ભાસે છે. (૨૧) જીવ, શિવ અને પ્રકૃતિ એ સત્ સ્વરૂપ પરબ્રહ્મ પરના મિથ્યા આરોપ માત્ર છે, જેનો જ્ઞાનથી લોપ થાય છે. (૨૨). એક જ દેવને, કાર્યભેદને કારણે જુદા જુદા નામે (લોકો) ઓળખે છે. આ જગતમાં જ્ઞાન અને અજ્ઞાનને કારણે એકને સિદ્ધ અને બીજાને મૂઢ તરીકે ઓળખવામાં આવે છે. (૨૩). સૃષ્ટિની ઉત્પત્તિના કારણરૂપ જેને બ્રહ્મા કહેવામાં આવે છે તેને જ પાલન કરવાના કાર્યને લીધે વિષ્ણુ કહેવામાં આવે છે અને તે જ સંહાર કરે ત્યારે શિવ તરીકે ઓળખાય છે. (૨૪) સિંહાસન ઉપર બેસે ત્યારે જે રાજા કહેવાય છે, તે જ રણમાં જાય ત્યારે યોદ્ધો કહેવાય છે અને રાણીવાસમાં જાય ત્યારે પ્રિયતમ કહેવાય છે. વ્યક્તિ એક જ છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૫). માટે અમે ત્રણે એક જ છીએ. એ (ત્રણે)માં જરા પણ ભેદ જોઇશ (માનીશ) નહિ. એમ કહીને ત્રણે દેવો તરત જ એક સ્વરૂપ થયા. (૨૬-૨૭).

આ જોઇને પ્રસન્ન થયેલા અત્રિએ હૃદયમાં ધ્યાન કર્યું અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યા. (૨૮). હે કમળમાંથી જન્મેલા (બ્રહ્માજી) ! હે વિષ્ણુ (હરે) ! હે પાર્વતીપતિ મહેશ ! હું રાંક તમારો દાસ છું. હે ત્રિગુણેશ ! (સત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણોના ઇશ) ! મારા પર કૃપા કરો. (૨૯). હે વિભો ! તમારાં દર્શન થતાં ભવબંધન તૂટે છે અને જો તમારા નામનું સ્મરણ કરે તો પાપી પાવન થાય છે. (૩૦). અભેદ દૃષ્ટિ આપીને મને સાચો પ્રકાશ આપો. 'હું' અને 'તું' ની વૃત્તિ હરી લઇને આ દાસને ચરણમાં રાખો. (સેવક તરીકે સ્વીકારો) (૩૧). હે વિભુ ! પિતાની આજ્ઞાનું પાલન કરીને હું આપના ચરણમાં લીન થાઉં અને બધા બંધનો ક્ષીણ થઇ જાય એ જ એક માગું છું. (૩૨). ત્રણે દેવોએ જવાબ વાળતાં કહ્યું કે, હે જ્ઞાની (સુજાણ)-અત્રિ ! તમને ધન્ય હો ! અમે તમને આજે વરદાનમાં પ્રેમથી અમારી જાતને અર્પી દીધી છે. (૩૩). અમારા રૂપનું ધ્યાન ધરવાથી તમને દૈવી પુત્ર થશે, તમારી અનુપમ કીર્તિ ફેલાવશે અને તમારી બધી ઇચ્છાઓ પૂર્ણ થશે.(૩૪). આવું બોલીને ત્રણે દેવો અંતર્ધાન થયા. એમની આજ્ઞા માથે ચઢાવીને, એ પવિત્ર ઋષિ પત્ની સાથે રેવા કિનારે આવ્યા. નર્મદા તીર ખૂબજ સુંદર છે. આ મહા નદી અતિ પાવનકારી છે. ત્યાં આ પતિ-પત્ની (દંપતી) રહેવા લાગ્યાં. (૩૫-૩૬). નર્મદા નદીના બન્ને કિનારા પાવનકારી છે. નર્મદા (રેવા) ભગવાન શિવનું જ સ્વરૂપ છે, જે દર્શનમાત્રથી પાપ હરી લે છે. આવી અજોડ રેવાને ધન્ય હો ! (૩૭). એના સ્પર્શથી દરેક પ્રકારના તાપ શમી જાય છે. એનું અગાધ નીર અમૃત સમાન છે, એના કંકર એ શંકર અને ગણપતિ ગણાય છે. સાધુ સંતો એને પૂજે છે અને એ ઇચ્છિત વસ્તુ આપે છે. (૩૮). વિંધ્યાચલમાં નિવાસ કરનારી, મેકલ પર્વતની કન્યા (મેકલ પર્વતમાંથી નીકળનારી), પશ્ચિમ સાગરની પત્ની (પશ્ચિમ સાગરને મળતી) અને કુમારી ગંગા એવી નર્મદાની સુર, કિન્નર, માનવ, દૈત્ય અને દાનવો કલ્યાણની ઇચ્છાથી ભાવપૂર્વક પરિક્રમા કરે છે. (૩૯-૪૦). એના કિનારે નંદનવન સમાન વન (અરણ્ય) શોભે છે અને બન્ને કિનારે અનહદ પુણ્ય દેનારા પવિત્ર દેવાલયો શોભે છે. (૪૧). એનું નામ સ્મરણ કરતાની સાથે (કરતા વેંત) વિષબાધા ક્ષણમાં ટળી જાય છે અને કુષ્ઠાદિ જેવા મહારોગો પણ સ્નાન કરવાથી દૂર થઇ જાય છે. (૪૨).

એ ખરેખર મા-અન્નપૂર્ણા જ છે. અને કલિમાં તારનારી છે. ભગવાન શંકર (રુદ્ર) ના શરીરમાંથી પ્રગટેલી નર્મદા પતિતનો ઉદ્ધાર કરનારી છે. (૪૩). અગાઉ જયારે મહાદેવે મૃત્યુ પર વિજય મેળવવા માટે ઉગ્ર (કઠોર) તપ કર્યું હતું ત્યારે તેમના પરસેવા રૂપે આ શાંત નર્મદા પ્રગટ્યા હતાં.② (૪૪). ભગવાન શંકરમાંથી પ્રગટેલી, કલ્યાણ કરનારી (મોક્ષ દેનારી) રેવા પાવન કરનારી છે. ઋષિવર અને સતી અનસૂયા ત્યાં આનંદથી આવ્યા. (૪૫). ગુજરાતમાં રેવા અને એરંડી નદીનો પવિત્ર સંગમ છે ત્યાં સુંદર આશ્રમ બાંધીને રહ્યાં. (૪૬). જયાં વ્યાસક્ષેત્ર છે એની પાસે આ પાવન આશ્રમ આવેલો છે, અહીં જ શુકયોગીનો જન્મ થયો હતો અને અક્ષયધામ પામ્યા હતા. (૪૭). એની પાસે ઉત્તરતટે થાક દૂર થઇ જાય એવો આ આશ્રમ આવેલો છે જેને લોકો અનસૂયા-માતા તરીકે ઓળખે છે. (૪૮). ત્યાં આગળ આ પવિત્ર પતિ-પત્ની③ વસતાં હતાં અને અદ્વૈતની ઉપાસના તેમજ હંસોપાસના કરતાં હતાં. એમને ધન્ય છે. (૪૯). બ્રહ્મા, હરિ (વિષ્ણુ) અને હર (શંકર) ને એક સ્વરૂપ માનીને એમની પ્રેમથી ઉપાસના કરતાં હતાં અને શ્વાસોચ્છ્વાસ ઉપર અજોડ એવો વિજય મેળવ્યો હતો. (૫૦). પતિને પરમેશ્વર માનીને સાધ્વી (સતી અનસૂયા) હંમેશાં સેવામાં રચ્યાં પચ્યાં રહેતાં અને પતિની ઇચ્છાને અનુરૂપ વર્તીને નિરંતર સેવા કરતાં હતાં. (૫૧). સ્નાન, દાન, પૂજન કરતાં, હંમેશાં ભજન કરતાં અને અતિથિની સરભરા કરવાનું વ્રત અને ટેક પાળતાં હતાં. (૫૨).

એમનું આવું ઉગ્ર (કઠણ) તપ જોઇને દેવો ગભરાયા અને એ દંપતીને અનુકૂળ થઇને એમની ઇચ્છા પ્રમાણે વર્તતા હતા જેથી એ ક્રોધ ન કરે. (૫૩). સૂર્ય પોતાના ઉગ્ર કિરણોને બદલે શીતલ કિરણોથી તપતો હતો, જેથી દંપતીને તાપ ન લાગે, એ રીતે સૂર્ય દંપતીનું મન સાચવતો હતો. (૫૪). ત્યાં હંમેશાં મંદગતિથી પવન વહે છે, ઋતુઓ પણ અનુકૂળ થઇને વર્તે છે અને એને પરિણામે એમની ઇચ્છા મુજબ જ સુંદર શાક, ફળ અને ફૂલ આપે છે. (૫૫). એમની આજ્ઞા માથે ચઢાવીને ઇંદ્ર માપસરનો (પ્રમાણસર) વરસાદ વરસાવતો હતો. ચંદ્રમા અમૃત વરસાવતો હતો અને કુબેર ધન આપતો હતો. આનંદ આપનારી આવી પરિસ્થિતિ હતી. (સુધન્ય.) (૫૬). રખેને એના પગમાં કાંકરા ખૂંચે એવું વિચારીને પૃથ્વી પોતે નરમ (મૃદુ) થઇ ગઇ હતી અને કાળ પણ તેમનાથી ડરતો હતો. (૫૭). યમરાજાએ મૃત્યુને તથા રોગને એવી સૂચના આપી હતી કે તમારે સતી અનસૂયાની પરવાનગી (આજ્ઞા) વગર આશ્રમમાં જવું નહિ. (૫૮). જન્મજાત વેર ભૂલીને વાઘની સાથે બકરી④, અને સાપની સાથે ઉંદર રમતા હતા. વળી બગલા માછલીને રમાડતા હતા. (૫૯). આવો આનંદ ઉત્સવ ત્યાં કાયમ જણાતો હતો. આ બધું જોઇને અબુધ (અણસમજુ) એવા બધા દેવો ઇર્ષ્યા કરતા હતા. (૬૦).

બધા દેવો અંદરથી હલી ગયા (મનમાં ગભરાયા). અને ખળભળાટ થઇ ગયો. ઇંદ્રને આગળ કરીને બધા વૈકુંઠમાં આવ્યા. (૬૧). બે હાથ જોડીને પ્રાર્થના કરીને ભગવાન શ્રીહરિને બધી બાબતથી વાકેફ કર્યા, અને કહ્યું કે હવે સ્વર્ગમાં રહેવાય એવું રહ્યું નથી. (૬૨). સતી અનસૂયાને અને અત્રિ ઋષિને ધન્ય છે. એમની તપશ્ચર્યા પણ ધન્યવાદને પાત્ર છે અને એમના જીવનને પણ ધન્ય છે. (૬૩). હે પ્રભુ ! અમોને દિવસ રાત મનમાં ડર રહે છે અને અમે બીકના માર્યા એમની સેવા કરીએ છીએ. હે ભકતવત્સલ ! અમને એક માત્ર તમારી ઓથ (આશરો) છે. (૬૪). એ કોણ જાણે છે કે એ ક્યારે, કોને શાપ આપશે કે કયા દેવનું સ્થાન છીનવી લેશે? તમે દેવોનું રક્ષણ કરો. (૬૫). આ પ્રાર્થના સાંભળીને વિષ્ણુ ભગવાને મનમાં વિચાર્યું કે અત્રિ અને અનસૂયાના મનમાં તો સ્વર્ગની જરા પણ ઇચ્છા નથી. (૬૬). એમને તો સ્વપ્નમાં પણ દેવોનું સ્થાન મેળવવાની ઇચ્છા નથી. તો પણ આ દેવો નાહકના શું કામ ડરે છે? (૬૭).

આમ છતાં આ દેવોનો ભય દૂર કરવા હું કોઇ ઉપાય કરું. એમ વિચારીને ભગવાન બોલ્યા કે હે પરાક્રમી દેવો ! તમે શંકા-કુશંકા છોડીને નિર્ભય થઇને તમારા ધામમાં જાઓ. તમારું વિઘ્ન (સંકટ) હરીને, તમારો ભય હું દૂર કરીશ[૫]. (૬૮-૬૯) . હું જોઉં તો ખરો કે એ અત્ર્યનસૂયા કોણ છે? એમના તપનું જોર કેવું છે? એમની નિષ્ઠા કેવી છે? એમની ટેક કેવી છે? અને એમની શી ઇચ્છા છે? (૭૦). આવું કહીને બધા દેવોને વિદાય કર્યા અને ભકતને વરદાન આપનારા (વિષ્ણુ) મનમાં યોજના ઘડવા લાગ્યા. (૭૧). અત્રિ તો મારો અનન્ય એવો જ્ઞાની ભકત છે અને અનસૂયા તો અનન્ય એવી સાધ્વી સતી છે. એમના જેવું બીજું કોઇ નથી. (૭૨). એમને મનગમતું હું કાંઇ કરું અને એમને દર્શન આપું. એવું વિચાર્યું ત્યાં જ એક પ્રસંગોચિત વાત યાદ આવી. (૭૩).

ત્રિભુવન (ત્રણેલોક)માં અમારા જેવી કોઇ સતી નથી એવું વ્યર્થ (ફોગટ) અભિમાન સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી રાખે છે. (૭૪). હું એમનો ગર્વ ઉતારું. એવો સંકલ્પ થતાં જ નારદ ઝડપથી બ્રહ્મલોકમાં આવી પહોંચ્યા.[૬] (૭૫). એમની ખાંધે વીણા છે, હાથમાં નાની અને મધુર અવાજવાળી કરતાલ છે. કપાળમાં વિશાળ તિલક શોભે છે અને મુખથી ભગવાનના ગુણ ગાય છે. (૭૬). એમને પ્રેમથી આસન આપી, એમનું પૂજન કરીને પછી સાવિત્રીએ એમને પૂછ્યું કે બહુ દિવસે ક્યાંથી ભૂલા પડ્યા? તમારાં દર્શન કેમ દુર્લભ થયાં છે? હે નારદ ! આ બધાનો જવાબ આપો. નારદ બોલ્યા કે અત્યારે તો હું પૃથ્વી પરથી આવી રહ્યો છું. (૭૭-૭૮). સાવિત્રીએ પાછું પૂછ્યું કે, હે બ્રહ્મસુત ! પૃથ્વી ઉપર આશ્ચર્ય થાય એવું તે શું જોયું છે કે જેથી હે મુનિ ! ત્યાં મન દોડે છે? (ત્યાં જવાનું મન થાય છે?) (૭૯). નારદ બોલ્યા કે હે મા ! મેં ત્યાં જે કૌતુક જોયું તે તમે સાંભળો. એની આગળ તો બ્રહ્મલોક પણ છેક ઝેર જેવો લાગે છે. (બ્રહ્મલોકનો હિસાબ નથી) (૮૦). હમણાં મૃત્યુ લોકમાં પુણ્યશાળી લોકો વસે છે તેમાં પણ ઋષિ શ્રેષ્ઠ અને ઋષિ પત્ની જેવા તો બીજા કોઇ જ નથી. (૮૧). એમણે જપ અને તપ દ્વારા દેવોને પ્રસન્ન કરી રાખ્યા છે. દેવો પણ ત્યાં એમની સામે એમની આજ્ઞામાં હંમેશાં ઊભા રહે છે. (૮૨). ત્યાં સ્વપ્નમાં પણ કોઇ દિવસ દુ:ખ પડતું નથી. ત્યાં તો કાયમનો આનંદ ઓચ્છવ (ઉત્સવ) રહે છે. એવું સ્થાન છોડીને બીજે ક્યાંયે જવાનું મન થતું જ નથી. (૮૩). આ ઋષિઓના આશ્રમની તુલનામાં તો નંદનવન પણ પાણી ભરે છે. (નંદનવનની કોઇ વિસાત નથી.) હે મા ! ત્યાંના આનંદનું કોણ વર્ણન કરી શકે? (૮૪). સાવિત્રીએ પૂછ્યું કે હે નારદ ! શું અહિયાં કરતા પણ ત્યાં વધુ આનંદ છે અને શું ત્યાંના લોકો વધુ સુશીલ છે? (૮૫). નારદ બોલ્યા કે હે મા ! હું તને શું કહું? ખરેખર મૃત્યુલોકને ધન્ય છે. એ સુશીલ લોકોને ધન્યવાદ છે અને એ ઋષિજનોને પણ ધન્ય છે. (૮૬). આ બધામાં પણ ઋષિ-પત્નીઓની તો વાત જ થાય એમ નથી. ધન્ય છે એમના પતિવ્રતપણાને. એનું તો વર્ણન જ શક્ય નથી. (૮૭). હે મા ! અહીંના આનંદ કરતાં ત્યાંનો આનંદ અનેક ગણો (સો ગણો) છે. અને એની આગળ બ્રહ્માનંદની તો કોઇ વિસાત નથી. (૮૮). આ સાંભળીને સાવિત્રી બોલી કે હે મુનિરાય ! તમને ધન્ય છે. મને તમે એ કહો કે શું મારા કરતાં પણ શ્રેષ્ઠ પતિવ્રતા ત્યાં વસે છે? (૮૯). નારદે જવાબમાં કહ્યું કે ઋષિ પત્નીની અનન્ય પતિભક્તિનું કોણ વર્ણન કરી શકે? (વર્ણન કરી શકાય એમ જ નથી.) (૯૦). મા પાર્વતી અને લક્ષ્મી (રમા) પણ એમની સામે ગરીબડાં છે તો પછી તમારો તો હિસાબ જ શું? એ ઋષિ પત્નીઓને ધન્ય છે. એ ધારે તે કરી શકે છે. (ક્યાંકનું ક્યાંક કરી શકે છે.) (૯૧). તેઓ પતિવ્રતપણાને કારણે પલકમાત્રમાં બ્રહ્માંડ ડોલાવે તો એમાં શું આશ્ચર્ય? (૯૨). હે મા ! હું તને વધારે તો શું કહું? તમારા પતિદેવ બ્રહ્મા પણ તેમને ખૂબ માનથી જુએ છે. પછી બીજાની તો શું વાત કરવી? (૯૩). સાવિત્રીએ ફરી પૂછ્યું કે હે નારદજી ! જેની અડગ ટેક હોય એવી ઋષિ પત્ની કોણ છે તે

મને કહો. (૯૪). એ સાંભળીને નારદ બોલ્યા કે જેમનો અડગ પ્રેમ છે એવી તો કંઇ કેટલી ઋષિ પત્નીઓ પૃથ્વી પર વસે છે. (૯૫). પરંતુ એ બધામાં પણ અત્રિ ઋષિની પત્ની તો અજોડ અને સર્વ શ્રેષ્ઠ છે. પતિવ્રતામાં શિરોમણિ એવાં અનસૂયા તો ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. (૯૬). જો એનું વર્ણન કરતાં શેષ પણ થાકી જાય તો બીજા તો એનું વર્ણન શું કરી શકે? આવાં વચન સાંભળીને સાવિત્રી ઉદાસ અને મૂંગી થઇ ગઇ અને વિચારમાં પડી ગઇ. આ જોઇને તેમને નમન કરીને નારદજી વિષ્ણુલોકમાં આવ્યા. ⑦ (૯૭-૯૮).

એમને જોઇને લક્ષ્મીજીએ પ્રેમપૂર્વક પૂછ્યું કે, હે નારદ ! તને ધન્ય છે. મેં તને હજી હમણાં જ યાદ કર્યો હતો તમે ક્યાંથી આવ્યા? (૯૯). નારદે પ્રણામ કરીને કહ્યું કે હું મૃત્યુલોકમાંથી બ્રહ્મલોક થઇને અહીં વૈકુંઠમાં આવ્યો છું. (૧૦૦). લક્ષ્મીજી બોલ્યા કે હે નારદ ! તું ત્રણે લોકમાં ફરે છે તો તે કાંઇ આશ્ચર્યજનક (કૌતુક) જોયું હોય તો તેની વાત કર. (૧૦૧). બ્રહ્માજીના પુત્ર નારદ બોલ્યા કે હે મા ! નર્મદાતીરને ધન્ય છે, જયાં મૃત્યુલોકમાં ઋષિ અને ઋષિ પત્નીઓ વસે છે. (૧૦૨). આશ્રમની શોભાથી થતા આનંદનું તો મુખથી વર્ણન જ થાય એમ નથી. જે કોઇ જુએ છે તે આનંદથી જ ત્યાં લોભાઇ જાય છે. (૧૦૩). બધી જ ઋષિ પત્નીઓ સાધ્વી (સતી) છે. એ પતિવ્રતાઓ (પતિભકતો) ને ધન્ય છે. સાધુ-સંતોની સેવા કરવામાં પોતાની જાત ઘસી નાંખે છે. (શરીરને કષ્ટ આપે છે.) (૧૦૪). તેઓ મન, વાણી અને કર્મથી પોતાના પતિને ભજે છે અને સ્વપ્નમાં પણ અતિથિ વિમુખ થઇને કોઇ દિવસ ન જાય એવું એમનું વ્રત છે. (૧૦૫). એમનું આ વ્રત જોઇને રાજી થયેલા (સંતુષ્ટ થયેલા) દેવો ત્યાં વસીને એમની આજ્ઞા માથે ચઢાવે છે અને રાજી થઇને વરદાન આપે છે. (૧૦૬). હે મા ! બીજું તો શું કહું, પણ બ્રહ્માજી અને વિષ્ણુ પણ એમનો વિશુદ્ધ ભાવ જોઇને સ્તબ્ધ (અવાક્) થઇ ગયા છે, અને એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. (એમનું કહેલું કરે છે.) (૧૦૭). આવાં વચનો સાંભળીને લક્ષ્મીજીએ કહ્યું કે હે નારદ ! તમને ધન્યવાદ છે. તું મને કહે કે અનન્ય પતિભક્તિવાળી એવી ધન્યભાગી ઋષિપત્ની કોણ છે? (૧૦૮). શું એની નિષ્ઠા મારા કરતાં પણ વધારે છે? શું એ મારા કરતાં પણ વધુ પતિવ્રતા છે? નારદ બોલ્યા કે મા ! જો સાચી વાત કરું તો એ છે કે તમારા કરતાં પણ એ સો ગણી ચઢિયાતી છે. (૧૦૯). બધા જ મુનિની પત્નીઓ આમ તો સાધ્વી છે પરંતુ એ બધામાં પણ એક તો એવી સર્વશ્રેષ્ઠ છે કે જેના દર્શનમાત્રથી પામર પણ પાવન થઇ જાય છે. (૧૧૦). અત્રિ ઋષિની પરમ પવિત્ર પત્ની અનસૂયાની પતિભક્તિ જોતાં તો એની આગળ તમારી સૌની પ્રીત પણ ફીકી પડે છે. (૧૧૧). નારદના વચન સાંભળીને લક્ષ્મીજી એકદમ વિચારમાં પડી ગયાં. એ જોઇને એમની આજ્ઞા લઇને નારદજીએ આગળ ચાલવા માંડ્યું. (૧૧૨).

ત્યાંથી નારદ કૈલાસમાં આવ્યા અને મા-પાર્વતીને પ્રણામ કર્યા. પાર્વતીએ નારદને પૂછ્યું કે તમે કેમ છો? ક્યાંથી આવો છો? નવાજુનીમાં શું છે? આમ દોડાદોડી કેમ કરો છો? નારદ બોલ્યા કે હે માતાજી ! આપ તો ઉંમરમાં વૃદ્ધ છો અને પવિત્ર છો. હું તમને શું કહું?(૧૧૩-૧૧૪). હું તો મૃત્યુલોકથી ફરતો ફરતો બ્રહ્મલોકમાં થઇને, વૈકુંઠ ધામમાં થઇને, અહીં આવ્યો છું. (૧૧૫). પૃથ્વી ઉપર વિશેષ રૂપે જે આત્માનંદનો અનુભવ થયો (જોવા મળ્યો) તેવો આનંદ આજ દિન સુધી કોઇ જગ્યાએ જોવા મળ્યો નથી. (૧૧૬). મા ઉમિયા બોલ્યા કે તમે આ જે કહ્યું તે જરા વિસ્તારપૂર્વક કહો. નારદમુનિ બોલ્યા કે હે મા ! મેં તમને જે કહ્યું તે એકદમ સાચું છે. એમાં શંકા કરશો નહિ. (૧૧૭). ઋષિઓ અને ઋષિપત્નીઓ પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરતાં કરતાં દેવ-પિતૃ કર્મ કરે છે અને તપશ્ચર્યા કરીને પોતાના શરીરને કૃશ કરે છે. (દેહનું દમન કરે છે.) (૧૧૮). એમનું એ ઉત્તમ તપ અને અનન્ય શ્રદ્ધા જોઇને દેવો તેમજ પિતૃગણો પણ સંતોષ

પામે છે. (૧૧૯). ખાસ કરીને ઋષિપત્નીઓની પતિભક્તિને ધન્ય છે. એમની શ્રદ્ધાભક્તિ અજોડ છે એ નિ:શંક વાત છે. (૧૨૦). દેવો પણ એના ધાકથી ડરીને એમની હંમેશા સેવા કરે છે. બ્રહ્મા, હરિ અને હર પણ એનો ભાવ જોઇને એના ચાકર (નોકર-કિંકર) થયા છે. (૧૨૧). મા ! ત્યાંના આનંદની હું શું વાત કરું? ધન્ય છે એ તપ અને અનુષ્ઠાનને. આ બધું જોયા પછી એ સ્થાન છોડવાનું મન જ થાય નહિ. (૧૨૨)૮.

આ સાંભળીને પાર્વતીજી બોલ્યા કે હે પ્રિય નારદ ! તું મને એ કહે કે શું એ સાધ્વી ઋષિપત્નીઓ મારા કરતાં પણ શ્રેષ્ઠ (ચઢિયાતી) છે? (૧૨૩). જેના ચરણે દેવો પણ દાસ થઇને સેવા કરે છે એવી સતી શિરોમણિ કોણ છે? (૧૨૪). નારદજી બોલ્યા કે હે મા! તું મનમાં ક્ષોભ શું કામ પામે છે? જો હું સ્હેજ પણ જૂઠું બોલું તો તારા સોગંદ. (૧૨૫). બધી જ ઋષિપત્નીઓ સાધ્વી અને પતિનિષ્ઠ છે પરંતુ એમાં પણ અનસૂયા તો શિરોમણિ છે. (મહાસતી છે.) (૧૨૬). અત્રિપત્ની સૌમાં શ્રેષ્ઠ છે અને આખા ભૂ-મંડલ (વિશ્વ)માં પ્રખ્યાત છે. એ પવિત્રતાની મૂર્તિ છે અને પતિવ્રતપણાનો સાક્ષાત્ અવતાર છે. (૧૨૭). જ્યાં લક્ષ્મીજી જેવાં પણ રાંક ગણાય ત્યાં તારો શું હિસાબ? આવાં વચનો સાંભળીને ઉમા(માતા) અતિશય ખિન્ન (ઉદાસ) થઇ ગયા. (૧૨૮). એમને વિચાર વમળમાં અટવાયેલાં જોઇને નારદજી વંદન કરીને પાછા ફર્યા, અને આ રીતે આગ લગાડી. (૧૨૯).

પ્રભુની માયાને ધન્ય છે કે જેને લીધે ત્રણે દેવીઓ ખિન્ન થઇ. અનસૂયાની વાહ વાહ સાંભળીને તેઓ બેચેન બની ગઇ. (૧૩૦). બીજાનું સારું ન જોઇ શકવાનો સ્ત્રીનો સહજ સ્વભાવ છે અને તેથી ઉમા, રમા અને સાવિત્રી હંમેશાં ચિંતામગ્ન રહેવાં લાગ્યાં. (૧૩૧). મનમાં દ્વેષનો સંચાર થતાં મન બેચેન થઇ ગયું. સતીનું સત્ત્વ કેવી રીતે હરવું એ વિચારવા માટે ત્રણે ભેગા થયા. (૧૩૨).

જ્યારે કર્મોનું અપૂર્વ ફળ આપવાની ભગવાન ઇચ્છા કરે છે ત્યારે આવી અકળ (કળી ન શકાય, જાણી ન શકાય) એવી લીલા કરે છે. (૧૩૩). અત્ર્યનસૂયાની ભક્તિનું ફળ આપવા માટે જ શ્રીહરિએ નારદને નિમિત્ત કરીને (ત્રણે) શક્તિઓને ઉદાસ (ખિન્ન) કર્યાં. (૧૩૪). ઉદાર ચરિત્રવાળા અત્રિને ધન્ય છે અને ધન્ય છે અનસૂયાને, અને એમની ભક્તિને પણ ધન્ય છે. એના જેવું બીજું કોણ છે? (એટલે કે કોઇ નથી.) (૧૩૫). કર્દમ ઋષિનું તપ મૂર્તિમંત થયું અને ખરેખર ! અનસૂયારૂપે પ્રગટ્યું. (૧૩૬). એને ચંદ્ર સમાન કહેતાં પણ મન શરમાય છે, કારણકે ચંદ્ર તો કલંકવાળો છે, એટલે એના સંતાન તરીકે (અનસૂયા) પણ કલંકવાળા ગણાય. (૧૩૭). એને સૂર્ય સમાન તેજસ્વી કહું તો સૂર્યનો તો અસ્ત થાય છે, જ્યારે આ બ્રહ્મતેજનો અસ્ત પણ નથી અને કોઇ એનો ગ્રાસ (કોળિયો) પણ કરી શકે નહિ. (સૂર્યગ્રહણ જેવું એનું ગ્રહણ થતું નથી.) (૧૩૮). ઉદારતામાં ભગવાન વિષ્ણુ સમાન અને જ્ઞાનમાં ભગવાન શંકર જેવાં હતાં. આ બન્ને (દેવો)ના સેવક અને સંતાન સમા બન્ને જણાં ઉપમા ન આપી શકાય એવાં હતાં. (૧૩૯). ઇશ્વરે નિર્ગુણ (નિરાકાર)માંથી સગુણ (સાકાર) બનવા માટે સૌ પ્રથમ માયાનું સર્જન કર્યું અને પછી તે જગતમાં પ્રગટ થયો. (૧૪૦). જગતમાં પ્રગટ થવાના સ્થાન તરીકે અને નવો અવતાર લેવા માટે આ અનસૂયાના દેહ (શરીર)ને પ્રગટ કર્યું. (૧૪૧). પરંતુ એને (અનસૂયાને) માયા ગણવાની પણ ભૂલ રખે કોઇ કરતાં. કારણકે માયા તો જડ છે, જ્યારે આ સુંદરી તો ચૈતન્યસભર છે. (૧૪૨). બ્રહ્મસ્વરૂપ અત્રિ અને બ્રહ્મચિત્કલારૂપ અનસૂયા- બન્નેનાં દેહ જુદા છે પણ સ્વરૂપ તો એક જ છે. (૧૪૩). એમ ન હોય તો ત્રણે દેવો એના પુત્ર તરીકે અવતરે જ નહિ. આવા મહાસતી અનસૂયાને ધન્ય છે અને મહાન અત્રિને પણ ધન્ય છે. (૧૪૪). ત્રણે દેવો એકરૂપ થયા અને એ દેવ ત્રિમૂર્તિ બાળ રૂપે પ્રગટ થયા, જેના નામસ્મરણથી

પાપ ટળે છે અને કલિકાળ ડરે છે. (૧૪૫). ત્રણે શક્તિ (દેવી)ઓ પોતાના પતિદેવોને સતીનું સત્ત્વ હરણ કરવા મોકલે છે એ રસમય વાતનું નિરૂપણ હવે પછી થશે. (૧૪૬). પોતાની શક્તિ (પત્ની)નું અભિમાન ઉતારવા માટે શ્રી હરિએ કેવી યોજના ઘડી તેનું વર્ણન આ અધ્યાયમાં કર્યું છે. (૧૪૭). પરમાત્માની અકળ કળાનો કોઇ પાર પામી શકતું નથી. હે રંગ ! ગુરુદેવની કૃપા થશે તો જ ભવપાર થઇ જવાશે. (૧૪૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શક્તિત્રયખેદોદ્‌ભવ'** નામનો **પાંચમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૫

(૧) અનસૂયાના પિતા કર્દમ ઋષિ અને માતા દેવહૂતિ. દેવહૂતિ એ મનુ (પિતા) અને શતરૂપા (માતા)નાં દીકરી. જ્યારે મનુ અને શતરૂપા દેવહૂતિનો વિવાહ કર્દમ સાથે કરવાની ઇચ્છાથી કર્દમ ઋષિના આશ્રમે ગયાં ત્યારે કર્દમ ઋષિએ ત્રણેને બેસવા માટે આસનો મૂક્યા. મનુ અને શતરૂપા તો બેઠાં, પણ દેવહૂતિને થયું કે જો આમની સાથે મારા લગ્ન થાય તો મારે તો એમની સેવા કરવાની હોય, એની સેવા કેવી રીતે લેવાય? પરંતુ ના બેસું તો એમનું અપમાન થયું ગણાય. એટલે દેવહૂતિ જમીન પર બેઠા અને આસન પર પોતાનો હાથ મૂક્યો. આવો વિવેક-સંસ્કાર સંતાન બતાવે તેનો યશ મા-બાપને ફાળે જાય.

(૨) નર્મદા ભગવાન શંકરના પરસેવામાંથી ઉત્પન્ન થઇ. આવી પરસેવામાંથી જન્મેલી નર્મદાના કિનારે બાપજી રહ્યા એ વાતની રજૂઆત 'ચાચના' માં પૂ. મણિશંકર શાસ્ત્રીજીએ આ રીતે કરી છે.

જનની કરકંજકૃતાહારો વિબુધાવરનીરજલાધારો
જગતીહ જનો વદ કો નુ પરો ચમુદારતરં કૃપણો યાચે . . . . હે રંગ ગુરો !

વિબુધ=મહાદેવ, અવર=હલકું, નીર=પાણી, હલકું પાણી=પરસેવો

આમ વિબુધાવરનીર=નર્મદા. એના જળનો આધાર કરીને રહ્યા એટલે નર્મદાતટે રહ્યા.

(૩) દંપતી=જાયા ચ પતિ ચ=જંપતી-દંપતી. (જાયા એટલે પત્ની અને પતિ)પત્ની સંસારનો ભાર વહે તેથી ભાર્યા, પરંતુ સંતાનને જન્મ આપે પછી જાયા. (જન્મ આપનારી.)

(૪) અજા એટલે બકરી. બીજો અર્થ 'માયા'. જે જન્મી જ નથી તે. માયા દેખાય છે પણ હોતી નથી, એનો મિથ્યાભાસ થાય છે.

(૫) સમગ્ર ગુરુલીલામૃતમાં અને અન્ય ધર્મશાસ્ત્રોમાં પણ દેવો હંમેશા બીજાના તપથી કે નિષ્ઠાપ્રભાવથી ડરતા જ હોય છે એનું કારણ એ ભોગ-વિલાસમાં રહેનારા છે. **"વિષયેચ્છુને સર્વદા પીડે રાગ દ્વેષ"**, એવું પૂ.શ્રીએ ભલે આપણને ઉદ્દેશીને લખ્યું પણ દેવોને પણ એ લાગુ પડે છે. વળી દેવો સ્વાર્થી પણ છે. શ્રીમંતો અને દેવો બે સરખા

લાગે. **શુચીનાં શ્રીમતાંની વાત જુદી છે.**

(૬) દોહરા- ૭૨,૭૩, ૭૪. ભગવાનને સાચા ભક્ત માટે કેટલું વહાલ હોય છે અને પાસે રહેનારા કે ખુદ પત્ની પણ અભિમાની હોય તો કેવી વ્યથા હોય છે તે જણાવ્યું છે. એ જ રીતે સંત પાસે રહેનારે પણ સદ્‌ગુણ સેવવા જોઇએ. ભગવાન કે સંત બોલતા નથી, પરંતુ હૃદયમાં લાગણી તો અનુભવતા જ હોય છે. ગીતામાં પણ ભગવાને **'મારો ભક્ત નાશ પામતો નથી','આવો ભક્ત મને ઘણો જ વહાલો છે'** એવું કહ્યું છે.

(૭) સાવિત્રી, લક્ષ્મી અને ઉમા. ત્રણેમાં નારદ સાથેના સંવાદમાં બે વસ્તુ પૂ.શ્રીએ મૂકી છે. (૧) એક લૌકિક વાતો જાણવાની ઇચ્છા. નારદ તમે ક્યાંથી આવ્યા? અને પૃથ્વી પરથી આવ્યા તો કાંઇ જાણવા જેવું? (૨) બીજા કોઇનાં વખાણ સાંભળતાં જ અંતર દુભાય એવી વૃત્તિ. અમારાથી બીજું કોઇ શ્રેષ્ઠ હોઇ જ ના શકે એવી ગુરુતાગ્રંથી (Superiority Complex). જો બીજાનાં વખાણ થતાં હોય તો તેને કેમ નીચો પાડવો એવી હલકી વૃત્તિ જન્મે છે. અહીં દેવીને તો નિમિત્ત બનાવી છે પણ આપણે શીખવાનું છે.

(૮) દોહરા- ૧૧૮ થી ૧૨૨ : કોઇ પણ વ્યક્તિ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો બજાવી અને સદ્‌ગુણો કેળવી ઊંચા ધ્યેયની ધૂણી ધખાવે તો કેવી પરિસ્થિતિ સર્જી શકે એનું ઉત્તમ ઉદાહરણ છે. દેવો પણ ધાકથી ડરે, સેવા કરે અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ દાસ થઇ જાય.

'મોટાઇ માગવાથી નથી મળતી. સત્કાર્ય નિષ્ઠાપૂર્વક કરવાથી મોટાઇ સામે ચાલીને આવી મળે છે'.

●

અધ્યાય : ૬

આ અધ્યાયનું નામ **'શક્તિત્રિતયગર્વપરિહાર'** છે. આ અધ્યાયમાં ૧૪૮ દોહરા છે.

આ અધ્યાયમાં સતી અનસૂયાની પ્રશંસા સાંભળીને ત્રણ દેવીઓએ સતીનું સત્ત્વહરણ કરવા ત્રણે દેવોને મોકલ્યા તેનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧-૨૦). દેવોએ એમને આવું ન કરવા ખૂબ સમજાવ્યાં પણ તેઓ માન્યાં નહિ. (૨૧-૩૧). આખરે દેવો સત્ત્વહરણ કરવા અતિથિના રૂપમાં ભિક્ષા માટે ગયા અને આકરી શરતનું પાલન કરે તો જ ભિક્ષા લઇશું એ વાતનું વર્ણન છે. (૩૨-૫૦). સતી અનસૂયાનું ઊંચું ચિંતન અને પોતાના પતિવ્રતપણામાં વિશ્વાસ હોવાથી શરતનું પાલન કરીને એમણે ભિક્ષા આપી, અને ત્રણે દેવોને બાળ સ્વરૂપ બનાવ્યા. (૫૧-૭૪). અત્રિ-અનસૂયાની સ્તુતિ, ત્રણે દેવીઓની ચિંતા તથા અકળામણ અને અંતે લાચારીપૂર્વક અનસૂયાના આશ્રમે ગયા તેનું વર્ણન છે. (૭૫-૧૪૩). છેવટે અનસૂયાને પતિદેવો પાછા આપવાની વિનંતી કરી તેનું વર્ણન છે. (૧૪૪-૧૪૮).

રંગ કહે છે કે હવે (કથા) આગળ સાંભળો. દયાળુ અલખજી બોલે છે અને શિષ્ય નિરંજન ધ્યાન દઇને સાંભળે છે. આ નિરંજન બાળ ધન્યવાદને પાત્ર છે. (૧). દ્વેષનો સંચાર કરીને નારદ ઝડપથી પલાયન થઇ ગયા (ભાગી ગયા) પછી ત્રણે શક્તિઓ ખૂબ જ આકુળ વ્યાકુળ થઇ ગઇ અને બેચેન બની ગઇ. (૨). ક્ષણવારમાં જ સાવિત્રી છન છન (ગુસ્સો) કરતી નીકળી અને વિષ્ણુલોકમાં આવી અને નારદજીએ જે કંઇ કહ્યું હતું તે બધું લક્ષ્મીજીને કહી સંભળાવ્યું. લક્ષ્મીજી બોલ્યાં કે આ બધું હું જાણું છું કારણકે મને પણ એમણે આ વાત કરી છે. (૩-૪). અનસૂયાની આવી વાહ વાહ તો સહન થાય જ કેવી રીતે? (સહન કરાય જ કેવી રીતે?). ચાલો મા ઉમિયા પાસે જઇને બધી વાતો કરીએ. (૫). ત્યાં (વિષ્ણુલોક)થી નીકળીને બન્ને જણાં કૈલાસ આવ્યાં, તો ત્યાં સામે જ મા પાર્વતીને વ્યગ્ર અને ઉદાસ જોયાં. (૬). એમણે બધી વાત કરી એટલે સતી ઉમા બોલ્યાં કે મને પણ નારદે જ્યારથી આ વાત કરી છે ત્યારથી મારું મન પણ ઉદાસ (ખિન્ન) થયું છે. (૭). આજકાલની આ (અનસૂયા) છોકરીની બધા જ વાહ વાહ (વખાણ) કરે એ તો સહન કરાય જ કેવી રીતે? તમે કેમ કશું બોલતાં નથી? ① (૮). પછીથી એ ત્રણેએ એમ નકકી કર્યું કે આપણે પોત પોતાના પતિને એની પરીક્ષા કરવા મોકલવા. (૯). એનાં શ્રદ્ધા-ભક્તિની એવી આકરી કસોટી કરે કે એમાં એનું સત્ત્વહરણ થાય અને સતી પણ નિસ્તેજ (તેજહીન) થાય. (૧૦). આવું નકકી કરીને બધાં પોત પોતાના ધામમાં ગયાં. ખરેખર હે પ્રભુ ! તારી લીલા અકળ છે અને તારી ઇચ્છા વિના તો પાંદડું પણ હાલી શકતું નથી. (૧૧). તારી ઇચ્છાને કારણે જ (તારી પ્રેરણા થતાં જ) શક્તિઓ પણ રાગદ્વેષથી વ્યાકુળ થઇને દીન (ગરીબડી) બની ગઇ અને હલકી સ્ત્રી વર્તે તે રીતે વર્તવા લાગી. (૧૨).

ત્રણેય શક્તિ પોતાના ધામમાં આવી અને સતીનું સત્ત્વહરણ કરવા જવા માટે પોતાના પતિને સમજાવવા લાગી, અને કહેવા લાગી કે હે પ્રિયતમ ! હે પ્રાણનાથ ! અરેરે ! મૃત્યુલોકમાં અમારા કરતાં પણ ઋષિપત્નીઓ વધુ મોજ કરે છે. (૧૩-૧૪). જ્યારથી નારદના મોઢેથી એમના વૈભવનું અને કીર્તિનું આશ્ચર્યચકિત વર્ણન સાંભળ્યું છે ત્યારથી એ સાંભળીને અમારું અંત:કરણ બળે છે. (હૃદયમાં ઝાળ લાગી છે.) (૧૫). એમના આ વચન સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે પોત પોતાની પત્નીને પૂછયું કે એ શ્રેષ્ઠ (સતી) કોણ છે? (૧૬). વૈભવશાળી કોણ છે? અને

કોની કીર્તિની તમે વાત કરો છો? એટલે ત્રણે શક્તિઓ બોલી કે તમે શંકા કર્યા વગર સાંભળો. (૧૭). અત્રિ ઋષિની પત્ની (પ્રિયતમા) અનસૂયા સ્ત્રીની કીર્તિ સાંભળીને અમને લગીરે (જરા પણ) ચેન પડતું નથી. (૧૮). નર્મદા કિનારે પુણ્ય અને પવિત્ર એવા આશ્રમમાં એ રહે છે. જ્યારથી નારદે એના આશ્ચર્યજનક તપનો પ્રભાવ કહ્યો છે ત્યારથી ચેન પડતું નથી. (૧૯). માટે તમે હવે એકદમ ત્યાં જાવ અને યુક્તિપૂર્વક એના વ્રતનો ભંગ કરી એનું સત્ત્વહરણ કરો તો જ રંગ રહી જશે. (આનંદ જામશે.) (૨૦).

દેવો બોલ્યા કે રાગ દ્વેષને વશ થઇને, તમારી જ પુત્રવધૂ પર અંતરમાં ક્રોધાયમાન થાઓ છો તે ઠીક નથી. (પછી તમારી વાત તમે જાણો.)② (૨૧). રાગ-દ્વેષ એ ખરાબ વસ્તુ છે. વ્રતનો ભંગ કરવા મોકલો છો પણ ત્યાં કંઇ ખરાબ બનશે તો? તમે સતી પર પ્રેમ કરો. (૨૨). અનસૂયાએ અતિથિ અને અભ્યાગતની સેવામાં અને ભક્તિમાં આખી જીંદગી કાઢી છે. (૨૩). મા-નર્મદાની કૃપાથી અને પતિભક્તિથી એણે આ અલૌકિક શક્તિ અને સામર્થ્ય મેળવ્યાં છે. (૨૪). કારણ વગર કોઇની સતામણી કરવાથી અનિષ્ટ થાય છે અને પવિત્ર (સાધુ) સ્વભાવવાળી વ્યક્તિની સતામણી કરનારના કુળનો ચોક્કસ નાશ થાય છે.③ (૨૫). પ્રાણ જાય તો પણ સાધુ ક્રોધ કરતો નથી, પરંતુ જ્યારે આપણું પ્રારબ્ધ રૂઠે ત્યારે સાધુ ક્રોધ કરે છે. (૨૬). સાધુના ક્રોધનું નિવારણ કરવાની કોઇનામાં શક્તિ નથી. આ સમજીને તમે જે કંઇ કરો તે વિચારીને કરજો, નહિતર તમારું અહિત થશે. (૨૭). આમ બધા દેવો-ત્રિમૂર્તિ સમજાવે છે તો પણ એમનાં હૈયામાં દ્વેષની ચિતા (ભડભડ) બળતી હોવાથી દેવીઓએ માન્યું નહિ. (૨૮). મરણ પથારીએ પડેલાને જેમ દવા લેવી ગમતી નથી, તેમ પ્રારબ્ધ કોપતાં (રૂઠતાં) કોઇની જરા સરખી શિખામણ પણ સાંભળવી ગમતી નથી.④ (૨૯). રાજહઠ, યોગીહઠ, બાળહઠ અને સ્ત્રીહઠ પૈકી સ્ત્રીહઠ કદી નમતી નથી. (ધાર્યું કરાવીને જ છોડે છે.) (૩૦). ત્રણે દેવીઓએ પતિદેવોને કહ્યું કે હવે ક્ષણની પણ વાર કર્યા વગર તમે ઝડપથી પૃથ્વી પર જાઓ અને સતીનું સત્ત્વહરણ કરો. (૩૧).

આ સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ જવા તૈયાર થયા. ત્રણે રસ્તામાં ભેગા થયા અને એક વડના ઝાડ નીચે બેસીને વિચાર કરવા લાગ્યા. (૩૨). નારદે આપણા ઘરમાં ખરી ઉપાધિ કરી, ચાલો હવે કોઇ યોજના વિચારો ; જેથી આપણો હેતુ સિદ્ધ થાય. (૩૩). ચર્ચા-વિચારને અંતે એવું નકકી કર્યું કે અત્રિની પત્ની સુંદર છે. અતિથિની મહેમાનગતિમાં રચી પચી રહે છે. સાધુ સંત પર પ્રેમ રાખે છે. અને અતિથિ તેમજ સાધુ સંતોને ભાવથી રોજ જમાડે છે. તદુપરાંત શ્રદ્ધા ભક્તિથી એમની અખંડ સેવા કરે છે. (૩૪-૩૫). માટે આજે બપોરે આપણે બધા ત્યાં ભિક્ષુક થઇને જઇએ અને તું નગ્ન સ્વરૂપે ભિક્ષા આપ એવી માગણી કરીએ એટલે આપણો હેતુ બર આવશે. (હેતુ સફળ થશે.) (૩૬). આ યુક્તિ બધાને ગમી. બ્રહ્મા-વિષ્ણુ અને શંકર, ભિક્ષુક થઇને ઝડપથી આશ્રમના દ્વારે આવ્યા. (૩૭). 'નારાયણ'ના ઉચ્ચારથી બૂમ પાડી (ટહેલ નાંખી) ને એમણે ભિક્ષા માગી. એ સાંભળતાં જ સ્વરૂપવાન સતી અનસૂયા બહાર આવ્યાં. (૩૮). સૌમ્ય (શાંત) મૂર્તિને જોતાં જ એમણે પ્રણામ કર્યા અને પૂછ્યું કે હે દેવ! આપ ક્યાંથી પધાર્યા છો? અને કહો કે હું તમારી શું સેવા કરું? (૩૯). તમે સુખેથી સ્નાન સંધ્યા કરીને જલદીથી આવો. રસોઇ તૈયાર જ છે. હું આપને અનન્ય ભાવથી પ્રણામ કરું છું. (૪૦). મારા સ્વામી પોતાનું ખટ્કર્મ (છ કર્મ-સ્નાન, સંધ્યા, સ્વાધ્યાય, તર્પણ, તપ અને વૈશ્વદેવ માટે) નર્મદા તટે ગયા છે. ધર્માનુષ્ઠાનો કરીને એ હવે આવતા જ હશે. (૪૧). વૈશ્વદેવ વગેરે કરીને અને મંડલપૂજન કરીને આપને વિધિ અનુસાર ભિક્ષા અર્પણ કરશે. (૪૨). હે સંતો ! તમે પણ આપના નિત્યકમથી પરવારીને જલ્દીથી આવો. એમનો રોજનો આવવાનો સમય થયો જ છે. પતિદેવ કદાચ તમને સામા જ મળશે. (૪૩).

આ વચન સાંભળીને દેવો બોલ્યા કે હે મા ! અમે ઘણા દિવસના ઉપવાસી છીએ. અમે આજે જ સમાધિમાંથી ઊઠીને આવ્યા છીએ. અમને બહુ જ ભૂખ (કકડીને ભૂખ) લાગી છે. તેથી ભિક્ષા માટે એકદમ આવી પહોંચ્યા છીએ. તારે ભિક્ષા આપવી હોય તો આપ, નહિતર ના કહે. તો પછી બીજે ઘેર જઇએ.(૫) (૪૪-૪૫). એમનાં વચન સાંભળીને સતીએ એમને (તરત જ) આસન આપ્યું અને ત્યાં પ્રાર્થના પૂર્વક બેસાડ્યા અને ભાવથી પૂજન કર્યું. (૪૬). વિધિ મુજબ અને યોગ્ય ઉપચારોથી મંડલપૂજન કરીને પાત્રને શુદ્ધ કરવા માટે સતી ઘી લઇ આવી. (૪૭). ત્યાં તો તપસ્વીઓ બોલ્યા કે- હે સતી અનસૂયા ! તું એક વાત સાંભળ. અમે તારી કીર્તિ સાંભળીને આવ્યા છીએ. તારા વિવેક-વિચારને ધન્ય છે. (૪૮). અમારો એક નિયમ છે. એ અનુસાર જો તું નગ્ન થઇને ભિક્ષા આપશે તો જ અમે સ્વીકારીશું. (૪૯). માટે તું નગ્ન (વસ્ત્ર વિનાની) થઇને બધું જમવાનું (અન્ન) પીરસ. જો આ શક્ય ના હોય તો સમયસર ના કહે જેથી અમે બીજે ઘરે જઇએ. (૫૦).

આવાં વિપરીત (અણછાજતા-અયોગ્ય) વચનો સાંભળીને સાધ્વી સતી અનસૂયા મનોમન વિચાર કરવા લાગ્યાં અને મનોમન કહેવા લાગ્યાં કે, હે ગુરુરૂપ પતિદેવ ! તમે જ મને આમાંથી પાર ઉતારો. (૫૧). આ નથી ભિક્ષુક કે નથી અતિથિ. આ દેવો છે એ ચોક્કસ વાત છે. તેઓ મારી પરીક્ષા કરે છે અને આ મારા મનમાં શું છે તેની કસોટી કરે છે. (૫૨). આ અતિથિઓ ખાલી હાથે પાછા જાય તો મારા ગૃહસ્થાશ્રમપણાને ધિક્કાર છે. જે ઘરે ભિક્ષુકને તકલીફ પડે એ ઘર, ઘર નથી પણ જંગલ છે. (૫૩). મારું મન ગંગાજળ જેવું અતિ નિર્મળ છે. હું મનમાં હંમેશા નિર્ભય રહું છું એ દુષ્ટ કામ (જાતીય વાસના) મને શું કરી શકશે? (૫૪). દેહરૂપી (શરીર) આ મારું સુંદર ઘર છે. એમાં શુદ્ધ અને નિરંજન સ્વરૂપ આત્મદેવ રહે છે. (૫૫). આંખ વગેરે ઇંદ્રિયોરૂપી બારણાઓથી આ ઘર સુંદર દેખાય છે. આ નવ દ્વાર (બારણા)વાળા ઘરમાં, ઘરનો માલિક આનંદથી રહે છે.(૫૬). એ જ રીતે આ શરીર એ આત્માનું ઘર છે અને અશુદ્ધ વસ્તુનો ત્યાગ કરવા માટે જેમ ઘરમાં મોરી (ગટર-ખાળ) હોય છે તેમ મારા આ શરીરમાં યોનિ અને ગુદા છે. (૫૭). આત્મા તો વ્યાપક, નિર્વિકાર અને દેહાધ્યાસથી પર છે. એને વિકારરૂપ પાપ નડતું નથી. (૫૮). જયાં અભિમાન ન હોય ત્યાં પાપ પણ ન હોય, કારણકે અભિમાન એ પાપનું મૂળ છે. (જેમ મૂળમાંથી વનસ્પતિ ઊગે તેમ અભિમાનમાંથી પાપ જન્મે). મેં આ બ્રહ્મજ્ઞાન પતિદેવના ઉપદેશમાંથી મેળવ્યું છે. (૫૯). દેહને આત્મા માની(દેહાધ્યાસ)ને જો હું ડરી જાઉં તો પછી હું બ્રહ્મવાદિની શાની? નગ્ન થઇને ભિક્ષા આપીને હું કૃતકૃત્ય થઇ જાઉં. (જીવન સફળ કરી દઉં.) (૬૦). મારા હૃદયમાં જ્ઞાનનો અગ્નિ હંમેશાં સળગતો હોવાથી મને પાપપુણ્યનો સ્પર્શ થતો નથી અને વિકારો બળીને ભસ્મ થઇ જાય છે. (૬૧). વાસનારૂપી વસ્ત્ર વગરની હું દિગંબર (નગ્ન-વાસના વિનાની) છું. અજોડપણે આમ નગ્ન થઇને હું ભિક્ષુકોને ભિક્ષા આપીશ. (૬૨).

આમ વિચારીને પ્રેમથી કહેવા લાગી કે હે યતિવરો ! આપને ધન્ય છે. આપ સ્વસ્થતાપૂર્વક બેસો અને હું તમારો પ્રશંસનીય નિયમ પાળીશ. (૬૩). સતીના આવાં વચન સાંભળીને સાધુશ્રેષ્ઠો રાજી રાજી થઇ ગયા અને કહેવા લાગ્યા કે હે મા ! તું જલ્દીથી ભોજન પીરસ. અમે ખૂબ ભૂખ્યા છીએ. (૬૪). અનસૂયા મનમાંને મનમાં વિચારવા લાગ્યાં કે આ લોકો તો મને 'મા' જ કહે છે. આ બાળક (પુત્ર) ભાવ ધરાવતા મારા આ અતિથિઓ તદ્દન નિર્વિકારી છે. (૬૫). એટલે એમને નગ્ન થઇને જમાડવામાં મને કોઇ દોષ (પાપ) નહિ લાગે. અને અભ્યાગત રાજી થશે. એટલે પતિદેવને પણ સંતોષ થશે. (૬૬). પતિદેવની મને આજ્ઞા છે કે પ્રાણ જાય તો ભલે જાય પણ અતિથિ નારાજ થઇને ના જાય એનું

તું ધ્યાન રાખજે. (૬૭). આ પુત્રરૂપ અતિથિઓ તો બિચારા બીજું કશું માગતા નથી. જો એ લોકો કદાચ મારા પ્રાણ માગે તો હું તો તે પણ ખરેખર આપી દઉં. (૬૮).એવું વિચારીને તરત જ પતિના ચરણનું ધ્યાન ધર્યું અને રસોડામાં આવીને નગ્ન થઇ. (વસ્ત્ર ઉતારી નાંખ્યા.) (૬૯). (વસ્ત્ર વગરની એ) અન્ન (ભોજન) લઇને ત્યાં આવ્યા એવામાં દેવો બાળ સ્વરૂપ થઇ ગયા. આ જોઇને સતી નવાઇ પામી ગઇ અને તરત જ એમને ઊંચકી લીધા. (૭૦).

એમને પ્રેમથી ખોળામાં લઇને સુગંધીદાર તેલનું માલિશ કર્યું અને જેને જરા પણ મેલ નથી એવાને(એ દેવોને) ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. (૭૧). ભૂખ લાગવાને કારણે બાળકો બિચારા રડવા લાગ્યા એટલે સતી વિચારમાં પડી ગઇ. ત્યાં તો બન્ને સ્તનમાંથી અમૃત જેવા દૂધની ધાર વહેવા લાગી (ફૂટી). (૭૨). વારાફરતી એક એકને આનંદથી લઇને સતી સ્તનપાન કરાવવા લાગી.(૬) યજ્ઞોથી પણ તૃપ્ત ન થનાર દેવો, સ્તનપાનથી તૃપ્ત થયા. (૭૩). ત્રિમૂર્તિરૂપ (દેવો)ને તૃપ્તિ થઇ ગઇ. એમને પારણામાં(નાંખીને) સૂવડાવીને આનંદપ્રદ મધુરાં હાલરડાં ગાવા લાગી. સતીના સામર્થ્ય (તાકાત)ને ધન્ય છે. (૭૪).

એટલામાં (અત્રિ) મુનિ પોતાનું નિત્યકર્મ પૂરું કરીને આશ્રમમાં આવી પહોંચ્યા, ત્યાં તો મીઠાં-મધુરાં હાલરડાં સાંભળીને નવાઇ પામ્યા. (આશ્ચર્ય ચકિત થયા). (૭૫). ધીમી હલકથી ને મીઠા અવાજથી વેદગર્ભરૂપ ધીર અનસૂયા માતા ગીત ગાય છે. મુનિશ્રેષ્ઠને જોતાં જ પ્રણામ કરીને ગંભીર ઘટના કહી સંભળાવી. (૭૬). આ વાત સાંભળીને અત્રિ ઋષિ બોલ્યા કે, હે અનસૂયા ! તને ધન્ય છે, તારી તપસ્યાને ધન્ય છે અને વિવેકયુક્ત તારી ભક્તિને પણ ધન્ય છે. (૭૭). તેં તારા માત-પિતાનું નામ અમર કરી નાંખ્યું છે અને હે પ્રિયે ! તેં મારું કુળ પણ તારી દીધું છે. દેવો તારા ગુણગાન ગાશે. (૭૮). પછી ધ્યાનમાં જોયું તો ઓળખી ગયા કે આ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. એમણે અનસૂયાને કહ્યું કે હે પ્રિયે ! ત્રણે દેવોને બાળક બનાવી દઇને તેં તો હદ કરી નાંખી છે. (૭૯). સતી બોલ્યા કે હે નાથ ! આ સઘળો આપના ચરણનો પ્રભાવ છે. એને સેવવાથી પળવારમાં ત્રિતાપ દાવાનળ શાંત થઇ જાય છે. (૮૦).

પછી પારણા (વળતી) પાસે જઇને બન્ને ભાવથી વંદન કરીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યાં કે- "હે સચ્ચિદ્ઘન ! હે જગદીશ્વર ! અમે તમને નમન કરીએ છીએ. તમારું નામ પાવનકારી છે. એના સ્મરણથી પામર પણ તરી જાય છે અને પાંગળાનાં પણ કામ થઇ જાય છે. (૮૧-૮૨). તમે એકમાત્ર ભાવનાને વશ થઇને અનેકરૂપ ધરો છો. હે બ્રહ્માહરિહર ! તમને ધન્ય છે. તમે ભકતની ટેક (આબરૂ) રાખો છો. (૮૩). તમે ત્રણે એક જ રૂપ છો. એ બાળ સ્વરૂપને અમે નમન કરીએ છીએ. સુંદર (અનુપમ) લીલાઓ કરીને અમારા મનના કોડ પૂરા કરો. (૮૪). હે દેવ ! આજે અમારા આશ્રમે પધારીને અમારું આંગણુ પાવન કર્યું. હે પ્રભુ ! અમે આપને બીજું શું કહીએ? અમેતો ફક્ત એટલું જ કહીશું કે અમારા બધા મનોરથો આજે સફળ થયા છે." (૮૫). અલખજી કહે છે કે હે નિરંજન ! તું સાંભળ. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ જ્યાં બાળક થઇને કૌતુકથી રમે છે એવા અત્રિના વૈભવને ધન્ય છે. (એના વૈભવની શી વાત કરવી !) (૮૬). અનંત બ્રહ્માંડોનું સારી રીતે અને હંમેશ માટે પાલન કરનાર, સતીના સ્તનના અમૃતપાનથી તૃપ્ત થઇ જાય છે. એ પ્રીતને પણ ધન્ય છે. (૮૭). બાળ સ્વરૂપે આમ રમતાં ખેલતાં છ મહિના વીતી ગયા. સાવિત્રી, લક્ષ્મી અને ઉમા ઉદાસ થઇને વિચાર કરવા લાગ્યાં. (૮૮). પતિની રાહ જોવામાં રાત દિવસ ચિંતામાં ડૂબેલી ત્રણે શક્તિઓ આખરે ભેગી થઇ અને એકમેકને કહેવા લાગી કે આપણા પતિદેવો કયાં હશે? (૮૯). છ માસ વીતી ગયા છતાં પતિદેવ આવ્યા નથી. અરેરે ! કોને ખબર કે અનસૂયાએ ત્યાં શું કર્યું હશે ! (૯૦). નારદ પણ દેખાતા નથી. એના વગર કોણ સમાચાર લાવે? યાદ કરતાંની સાથે

જ બ્રહ્માજીના પુત્ર (નારદ) તરત જ હાજર થયા. (૯૧).

આનંદથી વીણા વગાડતા અને હરિના ગુણગાન કરતાં નારદને જોઇને શક્તિઓએ માન મૂકીને પૂછ્યું કે હે નારદજી ! ત્રણે દેવો અનસૂયાના આશ્રમમાં ગયા પછી શું થયું? છ મહિના થવા છતાં હજી દેવો કેમ પાછા આવ્યા નથી? તમને કોઇ માહિતિ છે? નારદે પ્રણામ કરીને કહ્યું કે સાચી વાત કહું કે પછી જુઠું બોલું? (૯૨-૯૪). અરે વાહ ! તમારા ત્રણેના પતિદેવો પારણામાં ઝૂલે છે અને અરેરે ! એ તો સતીના સ્તનપાનમાં જ લોભાઇ ગયા છે. (૯૫). ત્રણે દેવીઓ કહેવા લાગી કે અમારી આમ ખાલી-ખોટી મશ્કરી શું કામ કરે છે? પતિ વગર એક પળ પણ ગમતું નથી અને સ્વર્ગના ધામ તો સૂનાં (ખાલી) પડ્યાં છે. (૯૬). નારદ બોલ્યા કે હું તમને સાચું કહું છું કે તેઓ વ્રતભંગ કરવા તો ગયા પણ સતીના પ્રભાવથી બધું અવળું થઇ ગયું. (૯૭). એ (સતી)ની શ્રદ્ધા જોઇને ત્રણે દેવો બાળક થઇ ગયા. અને ત્યાં તો એવો પરમાનંદ (આનંદમેળો) જામ્યો છે કે તમારી કોણ તપાસ કરે? (ખબર રાખે?) (૯૮). ઉપનિષદ વગેરેનું ઊંડું ચિંતન-મનન કરવા છતાં પણ, જે સ્વપ્નમાં પણ દર્શન આપતા નથી તે બ્રહ્મ, બાળક બનીને સતીના સ્તનનું પાન કરે છે. (૯૯). ખરેખર આ દંપતીના ભાગ્યને ધન્ય છે. એનું વર્ણન કોણ કરી શકે? એમના નામસ્મરણથી આ ભવ(સંસાર)ભય ટળી જાય છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૧૦૦). જગતના વંદનને યોગ્ય (વિશ્વવંદ્ય) એવી માતા સતી અનસૂયાને ધન્ય છે. એ હવે તમારી સાસુ કહેવાય, એટલે તમોને વહુઓને પણ ધન્ય છે !⑦ (૧૦૧). નીચે મોંઢે (શરમાઇને) શક્તિઓ (દેવીઓ) બોલી કે હે નારદ ! હવે માફ કરો અને કૃપા કરીને એ કહો કે પતિદેવ પાછા કેવી રીતે મળે? (૧૦૨). અમે રાખેલા મત્સરનું ફળ અમને મળી ગયું છે. કર્મની એ અકળ કળા હવે કોને જઇને કહેવી? (૧૦૩). નારદે કહ્યું કે હવે અનસૂયાની પાસે જાઓ. એ સતીમાં અભિમાન નથી એટલે તમારી આશા પૂરી કરશે. (૧૦૪). એનામાં રાગદ્વેષ નથી એટલે એની આજ્ઞા વગર (એ ન કહે ત્યાં સુધી) ત્રણે દેવો પાછા નહિ આવે. માટે હે માતાજી ! તમે જાઓ. (૧૦૫) એના જવાબમાં ત્રણે શક્તિઓ બોલી કે હે નારદ ! તમે અમારી સાથે ચાલો, અને અનસૂયાના આશ્રમમાં આવીને ત્રણે દેવોને વિનંતી કરો.⑥ (૧૦૬).

નારદે કહ્યું કે ત્યાં મારું શું કામ છે? તો પણ ચાલો હું આવું છું. એવું બોલીને ત્રણે શક્તિઓ સાથે નારદ ત્યાંથી તરત જ નીકળ્યા અને નર્મદા કિનારે આવ્યા અને સ્નાન કરીને આનંદથી વૃદ્ધ અને ધીર નર્મદાને પ્રાર્થના કરવા લાગ્યા કે, ભગવાન રુદ્રના શરીરમાંથી પ્રગટેલી હે નર્મદા ! તું શિવપદને આપનારી છે. તારું મળ વિનાનું (અમલ) નીર હંમેશા ૐકારનું રટણ કરે છે. (૧૦૭-૧૦૯)⑤. તેં કંઇ કેટલાને સ્નાન કરવાથી તાર્યા છે, અનેક જીવોને (તારા જળનું) પાન કરવાને લીધે તાર્યા છે. તારાં દર્શનમાત્રથી જ તું લોકોના મનોરથ અને ટેક પૂરાં કરે છે. (૧૧૦). તું (હૃદયથી) પૂર્ણ આશિષ આપીને અમારા પતિદેવોને અનસૂયાના બંધનમાંથી તાત્કાલિક છોડાવી, અમારી મનોકામના પૂરી કર. (૧૧૧). અત્રિ અને અનસૂયા તારા અનન્ય ભકત છે એટલે તારી આજ્ઞાનું કદિ પણ ઉલ્લંઘન નહિ કરે. (૧૧૨). એમનું આવું સ્તવન સાંભળીને મા-રેવાએ દર્શન આપીને કહ્યું કે તમે નિશ્ચિંતપણે જાવ. તમારું બધું કાર્ય થઇ જશે. (૧૧૩).

આ સાંભળીને ત્રણે દેવીઓએ અને નારદે રેવા-માને વંદન કર્યાં અને ત્યાંથી ભાવપૂર્વક નીકળ્યાં. અને (રેવા તથા એરંડીના) સંગમ સ્થાન પર આવેલા આશ્રમ દ્વારે આવી પહોંચ્યા. એમને આવેલા જોઇને સતી અનસૂયા સામે દોડીને ગયાં. (૧૧૪-૧૧૫). પરમ પૂજ્ય એવી ત્રણ સાસુને અને નારદને પ્રણામ કરીને આશ્રમની અંદર લઇ આવ્યા. (૧૧૬). એમને માનપૂર્વક આસન આપી એમનું પૂજન કર્યું. અને પછી હાથ જોડીને પગે લાગીને આવવાનું કારણ પૂછ્યું. (૧૧૭).

એમનાં વચન સાંભળીને ત્રણે શક્તિઓ બોલી કે અનસૂયા તને ધન્ય છે અને તારી નિષ્ઠાને પણ ધન્ય છે. વળી તારી પતિભક્તિને પણ ધન્ય છે. (૧૧૮). તારી ભક્તિને ધન્ય છે. તારામાંથી સંપૂર્ણપણે અભિમાન ઓગળી ગયું છે. ખરેખર તું દેહધારી ચૈતન્યમૂર્તિ છે. (૧૧૯). તું બ્રહ્મવાદિની છે અને તું સાક્ષાત્ બ્રહ્મ છે. તારામાં જરા પણ ભેદ નથી. તારો ભાવ જોઇને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જાતે બાળક બની ગયા. (૧૨૦). તારું, અમારું અને એમનું (પતિદેવોનું) એક અને અભિન્ન સ્વરૂપ છે. તારી પ્રેમલક્ષણા ભક્તિ અનુપમ છે અને ખરેખર ધન્યવાદને પાત્ર છે. (૧૨૧). તું મહામાયા છે, ચિત્કલા છે અને કાત્યાયની પણ તારું જ નામ છે. હે જગદંબા ! આવું ભલું નામ તને જ શોભે છે. તું બધી જ ઇચ્છા પૂર્ણ કરે છે. (૧૨૨). તારા નામનું સ્મરણ કરવાથી પાપ, તાપ એમ બધું જ ટળી જાય છે. ગરીબાઇ અને દુ:ખો એમ બધું નાસી જાય છે અને પામરનું પણ કલ્યાણ થાય છે. (૧૨૩). અત્ર્યનસૂયાનું નામ લઇને અને સંગમની માટી ચોળીને જે કોઇ સ્નાન કરશે તેના કુષ્ઠાદિ રોગો નાશ પામશે. (૧૨૪). તારું આ સ્થાન દર્શનમાત્રે બધા પાપો(દુરિત)ને હરી લે છે. જો કોઇ રોગી કે અશકત માનવી, અંતરમાં શ્રદ્ધા રાખીને આ તીર્થમાં સંગમની માટી ચોળીને સ્નાન કરશે અને તીર્થોદકનું પાન કરશે તે તરત જ મુકત થઇ જશે. (૧૨૫-૧૨૬). આવા આ પાવન ક્ષેત્ર (સ્થાન)માં એક બ્રાહ્મણને જમાડતાં, પ્રામાણિક માણસ અનેક બ્રાહ્મણો જમાડ્યાનું પુણ્ય પામશે. (૧૨૭). અહીં જપ-તપ વગેરે બધું તરત જ ફળશે અને ભવનદી પાર ઉતારશે. હે વરદાન આપનારી ! તારાં દર્શન અને પૂજનથી ઇચ્છાઓ તરત જ સિદ્ધ થશે. (૧૨૮). આ સ્થાન અનસૂયાશ્રમના નામથી પ્રસિદ્ધ થશે અને તારી કૃપાથી લોકોની કામના (ઇચ્છા) ફળશે. (સિદ્ધ થશે.) (૧૨૯).

હવે આનાથી વધારે શું વરદાન આપીએ? જા આજથી અમે અને અમારા પતિદેવો પણ હંમેશાં તારી પાસે જ રહીશું. અને ભકતોની ઇચ્છા સદાને માટે ફળીભૂત કરીશું. હે ભામિની ! (સુંદર સ્ત્રી !) અમારું આ વચન સત્ય છે. અને તારું અમારા ઉપર બદલો ન વાળી શકાય એવું ઋણ (ઉપકાર) છે.(૧૩૦-૧૩૧). હે અનસૂયા ! આ ત્રિભુવનમાં તારા જેવી બીજી કોઇ પતિભકત થઇ નથી અને થશે પણ નહીં. (૧૩૨). હે સતી ! તું વેદ માતા છે અને કેવળ વેદ સ્વરૂપ જ છે એમ કહીને વંદન કર્યાં. બધા એકરૂપ જ છે. (૧૩૩). અરસ પરસ વંદન કર્યાં. દેવ ભકતનો જરા પણ ભેદ રહ્યો નહિ, પછી ઇર્ષ્યા કે ખેદ તો રહે જ ક્યાંથી? (૧૩૪). સાવિત્રી, લક્ષ્મી અને ઉમા એમ ત્રણે દેવીઓએ નિરાભિમાની થઇને કહ્યું કે હે અનસૂયા ! તું અમને પ્રેમપૂર્વક એક વસ્તુનું દાન આપ. (૧૩૫). અમારા પતિ જે દેવ છે અને જેને તેં બાળક બનાવી દીધા છે તેને બાલ્યાવસ્થાથી મુકત કર અને અમને તરત જ આપી દે. (૧૩૬). સાધ્વી સ્ત્રીનું દૈવત એનો પતિ છે. એના વિના ચેન પડતું નથી. હે અનસૂયા ! તું અમારા પર દયા કર અને પતિનું દાન આપ. (૧૩૭). અનસૂયા બોલી કે જુઓ ! એ (ત્રણે) પારણામાં સૂતા છે. તમે એમને સુખેથી લઇ જાઓ. આ સાંભળતાં ત્રણે શક્તિઓ પારણા પાસે દોડી. (૧૩૮). ત્યાં જઇને જોયું તો ત્રણે બાળકો એક સરખા સ્વરૂપના હતાં. એ જોઇને એકદમ દંગ થઇ ગયેલી શક્તિઓ એકમેકને કહેવા લાગી કે અનસૂયાની અકળ અને અમાપ (અમેય) ભક્તિને ધન્ય છે. એણે આવી લીલા કરીને પોતાનું ધ્યેય સ્પષ્ટપણે બતાવી આપ્યું છે. (૧૩૯-૧૪૦). પોતાનો પતિ કોણ છે એની ખબર પડતી નથી અને અન્યના પતિનો સ્પર્શ થાય તો પાતિવ્રત્ય રહેતું નથી. એમણે મનમાં વિચાર્યું કે આના પર નકામો ક્રોધ કર્યો. જો પહેલેથી જ પતિનું કહેલું માન્યું હોત તો આ પરિસ્થિતિ ના આવત. આવું વિચારીને સાવિત્રી, લક્ષ્મી અને ઉમા લાચાર (ગરીબડાં) થઇ ગયાં. (૧૪૧-૧૪૨). હતાશ થયેલી એ (દેવીઓએ) અંતરમાં પતિની માફી માંગી તો પણ રૂપની ઓળખાણ તો ન જ પડી.(૧૦) (૧૪૩). છેવટે લાચાર થઇને અને માન મૂકીને એક દેવીએ કહ્યું કે હે અનસૂયા ! હવે બધી બાજી તારા હાથમાં છે. (૧૪૪).

હે અનસૂયા ! હવે તું જ અમારા પતિદેવને જુદા જુદા ઓળખીને આપ. આ સાંભળીને હસીને સતી ત્રણે દેવો (ત્રિદેવ) પાસે આવીને પ્રાર્થના કરવા લાગી. (૧૪૫).

પોતાના મૂળ સ્વરૂપમાં ત્રણે દેવો ગંભીરતાથી પ્રગટ થશે એ વાતનું ભક્તિ અમૃતરસનું પાન આગળ ઉપર ધીર પુરુષો કરશે. (૧૪૬). આ અધ્યાયમાં શક્તિનું અભિમાન ઉતાર્યું અને દેવો સતીના પુત્ર થયા એ કથાનું વર્ણન કર્યું જે સાંભળતાં કાળ પણ નાસી જશે. (૧૪૭). પ્રભુની લીલા અગાધ છે. જેનો તાગ કોઇ વિરલો જ પામી શકે. જો ગુરુદેવની કૃપા થઇ જાય તો રંગ કહે પછી શી વાર લાગે? (૧૪૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શક્તિત્રિતયગર્વપરિહાર'** નામનો **છઠ્ઠો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૬

(૧) યોગ માર્ગમાં જે ચાર વૃત્તિ સેવવાની છે એમાં ત્રીજી મુદા અને ચોથી ઉપેક્ષિતા છે. મુદાનો અર્થ થાય, બીજાનું સારું-સુખ જોઇને આનંદ પામવાની વૃત્તિ. અહીં અનસૂયાનું સારું જોઇને દેવીઓને દુ:ખ થાય છે. પોતાના કરતાં બીજાના વધારે વખાણ થાય તો તેનું કારણ જાણી, તે પ્રમાણે જીવન જીવવાને બદલે તેનું ખરાબ દેખાય એવું કંઇ કરવાની વૃત્તિ એ હલકી વૃત્તિ કહેવાય. એનું પરિણામ ઘણું જ ખરાબ આવે છે.

(૨) અનસૂયા એ અત્રિની પત્ની છે અને અત્રિએ બ્રહ્માના માનસ પુત્ર છે તેથી બ્રહ્માના અને પરિણામે વિષ્ણુ અને મહેશના પણ પુત્ર જ કહેવાય. તેથી પાર્વતી, લક્ષ્મી અને સાવિત્રીની પુત્રવધૂ કહેવાય. આ ત્રણ દેવીઓ સાસુ કહેવાય.

(૩) સાધનામાં તો આપણને હેરાન કરનારની પણ આપણે સતામણી (છળ) કરવાની નથી. પરંતુ આ દોહરામાં તો એકદમ વ્યવહારુ શિખામણ છે. વગર કારણે કોઇને હેરાન કરીએ તો આપણું અનિષ્ટ થાય. પરંતુ વગર કારણે સાધુ પુરુષનો છળ કરીએ તો નિશ્ચય કુલક્ષય થાય. કુલક્ષય થાય એટલે સંતાનો કદાચ મરી ન જાય પરંતુ ખરાબ લક્ષણવાળા તો નીકળે જ.

(૪) આ દોહરો આપણે કેવા નિમિત્તમાત્ર (Tools) છીએ તેની સમજ આપે છે. જ્યારે પ્રારબ્ધ રૂઠે છે ત્યારે સાચી અને સારી સલાહ પણ ગળે ઉતરતી નથી. વિનાશકાળે વિપરીત બુદ્ધિ થાય. અને તેથી જ ભગવાન પાસે સન્મતિની માગણી કરવાની.

સમય સમય બલવાન હૈ નહિ પુરુષ બલવાન,
કાબે અર્જુન લૂંટીઓ એ હિ ધનુષ એ હિ બાણ.

(૫) દોહરા- ૪૪ અને ૬૪ બન્નેમાં 'મા' કહીને સંબોધે છે. વળી અનસૂયા તો આ ભિક્ષુક નથી પણ દેવો છે એમ જાણી જ ગયાં છે. (દોહરા ૩૯ અને ૫૨)

(૬) અહીં ત્રણે દેવો બાળક બની ગયા છે, એમને બાળક તરીકે જન્મ નથી આપ્યો. અહીં ત્રણેને વારાફરતી સ્તનપાન કરાવે છે. જયારે આઠમા અધ્યાયમાં જયાં ત્રણે બાળકોને જન્મ આપે છે ત્યારે બન્ને સ્તને બે બાળકોને અને ત્રીજાને ટચલી આંગળી (કનિષ્ઠિકા) મોંમાં આપે છે એટલે એકી સાથે ત્રણેને પાન કરાવે છે (અધ્યાય-૮ દોહરો-૭૫)

(૭) દોહરા ૨૧ માં ત્રણે દેવી સાસુ હતી. અત્રિ પુત્ર અને અનસૂયા પુત્રવધૂ હતી. હવે દોહરા ૧૦૧ માં અનસૂયા સાસુ થઇ. કારણ કે દેવો એના પુત્ર થયાં તેથી દેવીઓ પુત્રવધૂ થઇ. રાગ-દ્વેષ, બીજાનું ખરાબ કરવાની ભાવનાનું આ પરિણામ : વ્યક્તિ જાતે જ પોતાનું ખરાબ કરે છે.

(૮) જેનું ખરાબ કરવા ગયા હોઇએ તેની જ મદદ માગવાનો સમય આવે ત્યારે હૃદય કેવી વ્યથા અનુભવે? વ્યક્તિને પોતાનામાં પણ વિશ્વાસ રહે નહિ. આવા નબળા મનને કારણે બીજાની મદદ લેવી પડે. તેથી ત્રણે દેવીઓએ નારદને સાથે લીધા અને વૃદ્ધ નર્મદા 'મા' ને પણ વિનંતી કરી કે તમે આશિષ આપો. અનસૂયા તમારી આજ્ઞા નહિ ઉલ્લંઘે. કોઇનું ખરાબ ઇચ્છયું હોય, એને હેરાન કરવાનો બધો પ્રયત્ન કર્યો હોય અને પછી એનો જ આશરો લેવાનો દિવસ આવે ત્યારે કેવું થાય?

(૯) ભગવાન શંકરના શરીરના પરસેવામાંથી જન્મેલી નર્મદા રુદ્રદેહા છે. એનુ નીર અમલ છે, વિમલ નથી. અમલ એટલે મળ વગરની. વિમલ એટલે જેમાંથી મળ દૂર થયો છે તે. એટલે કે મળ હતો પણ પછી દૂર થયો. અને નર્મદા હંમેશા ૐકારનું રટણ કરે છે. **'ગાયતી રેવા રવમધુરમ્'** માં પૂ.શ્રીએ જણાવ્યું છે જ.

(૧૦) દોહરા- ૧૧૮ થી ૧૩૩ સુધીના દોહરામાં અનસૂયાનું સત્ત્વહરણ ઇચ્છતી ત્રણે દેવી દ્વારા થતા વખાણ, અને એને અપાતાં વરદાન એ બધું ખૂબ સૂચક છે. ભગવાનને પત્ની કરતાં પણ ભક્તને માટે કેટલું લાગે છે કે પત્નીએ (ત્રણે દેવીએ) ત્રણે દેવોની માફી માગી તો પણ તેમને પોતાના પતિની ઓળખાણ પડતી નથી. ભગવાન ઇચ્છે છે કે ભક્તની માફી માગો પછી ઓળખાણ પડે. ભગવાન પોતાનું અપમાન સહી લે, ભક્તનું અપમાન સહન ન કરે.

●

અધ્યાય : ૭

આ અધ્યાયનું નામ **'પાતિવ્રત્યપ્રભાવકથન'** છે. અને એમાં ૧૯૦ દોહરા છે.

આ અધ્યાયમાં અનસૂયાની પ્રાર્થનાને કારણે દેવો પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થયા તેનું વર્ણન છે. (૧-૯). અત્રિ-અનસૂયાએ એમની કરેલી સુંદર સ્તુતિ છે. (૧૦-૨૯). દેવો અને શક્તિએ આપેલાં વરદાનનું વર્ણન છે. (૩૦-૪૦). અત્રિ-અનસૂયા નર્મદા કિનારાનો અનસૂયાશ્રમ છોડીને માહુરગઢ કેમ આવ્યા એ કારણ જણાવતું કૌશિક શાંડિલીના આખ્યાનનું વર્ણન છે. (૪૧-૧૯૦).

અલખ બોલ્યા કે પારણાની પાસે આવીને ત્યાં ચિત્તમાં પ્રભુના ચરણનું ધ્યાન કરતાં કરતાં અનસૂયા પ્રાર્થના કરવા લાગ્યાં. (૧). પ્રભુના ચરણમાં વંદન કરીને બોલ્યાં કે હે ભકતવત્સલ ! હે હરિ ! તું સદા તૃપ્ત (ધરાયેલો) હોવા છતાં ભાવનાનો ભૂખ્યો છે, એ ન સમજાય એવી વાત છે. તું પૂર્ણકામ અને સ્વતંત્ર હોવા છતાં ભક્તિથી પરતંત્ર થયો છે. અને એ દ્વારા તેં જગતમાં ભક્તિનો મહિમા વધાર્યો છે. તારી આ ગોઠવણીને કોણ સમજી શકે? (૨-૩). જે રીતે આ ત્રણે શક્તિઓ અહીં આવ્યાં છે તે પણ તારી જ લીલા છે. તેમની ઇચ્છા પૂરી કરો. (૪). મને નિમિત્ત કરીને તું ખબર ન પડે (અગમ્ય) એવી રમત રમ્યો છે. (ખેલ કર્યો છે.) હવે તારું સુંદર મુખકમળ પ્રગટ કરીને હે હરિ ! એ ખેલ (રમત) હવે સમેટી લે. (૫). હે દેવ ! હવે મૂળ (અસલ) સ્વરૂપે પ્રગટ થાઓ અને હે હરિ ! બધાના મનોરથો જલદી જલદી પૂરા કરો. (૬) તું એકમાંથી જ અનેક રૂપે પ્રગટ્યો છે અને અનેક રૂપે પણ તું એક જ છે. હે પ્રભો ! તમે પ્રગટ થઇને આ જ્ઞાન વિવેકનું પ્રગટીકરણ કરો. (બધાને ખાતરી કરાવો.) (૭).

સતીનાં વચન સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, મૂળ સ્વરૂપે પ્રગટ્યા અને મનની શંકા દૂર કરી.[1] (૮). પછી પોત પોતાના વાહન ઉપર પોતાની શક્તિને સાથે લઇને દેવો બિરાજ્યા. આ જોઇને તો મતિ પણ મુંઝાઇ જાય છે. (૯). કરોડો સૂર્ય જેવું એમનું અનુપમ રૂપ ઝળહળતું હતું. એ સુંદર રૂપ જોઇને અત્ર્યનસૂયાએ ભાવથી પ્રણામ કર્યા. અને હાથ જોડીને પ્રાર્થના કરીને કહેવા લાગ્યાં કે હે અજ (જેનો જન્મ જ નથી) ! હે અક્ષય (જેનો ક્ષય નથી) ! હે અવિનાશી (જેનો નાશ નથી) ! જળ-સ્થળ બધામાં તું જ એક, અખંડ અને પ્રકાશરૂપે ભર્યો ભર્યો રહેલો છે. (૧૦-૧૧).

હે નિર્ગુણ નિરાકારી પ્રભો ! તારે નથી આદિ કે નથી અંત, નથી નામ કે નથી રૂપ, તું તો દ્વંદ્વથી પર છે. (સુખ-દુ:ખ, મારું-તારું એ દ્વંદ્વ-જોડકાં છે.) (૧૨). તું અગમ્ય હોવા છતાં ધ્યાનથી ગમ્ય (જાણી શકાય) છે. તું વેદોનો સાર છે. અને તારામાંથી જ વેદો ઉત્પન્ન થયા છે. હે ધ્યેયરૂપ યોગીશ્વર ! તું અજન્મા હોવા છતાં આ વિશ્વ તું જ છે. (૧૩). તું તારી (ત્રિગુણમયી) માયાનો આશ્રય કરીને વિવિધરૂપો ધારણ કરે છે. ભકતોની ભાવનાને અનુરૂપ જુદા જુદા (વિવિધ) અવતારો ધરવાની તું લીલા કરે છે. (૧૪). હે બ્રહ્મા, હરિ અને હર ! તમને સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. તારું મંગલ નામ લેવાથી માયા જરા પણ (સ્હેજ પણ) નડતી નથી. (૧૫). સાવિત્રી, લક્ષ્મી અને ઉમા એ પણ તું જ છે. એ તારાથી જુદાં નથી. હે અર્ધનારી નટેશ્વર ! તારા દયાભીના ચરણને અમે પખાળીએ છીએ. (૧૬). તારા લક્ષ્યમાં (ધ્યેય) જ

અમારી અખંડવૃત્તિ રહે અને આ દેહ એના (કર્મોના) દંડ ભોગવે એ જ વારે વારે (ફરી ફરી) માંગીએ છીએ.② (૧૭). અમારી બુદ્ધિ નિર્મળ થાય, વાસના ક્ષીણ થાય, દેહાભિમાન ગળી જાય, ચિત્ત તમારામાં વિલિન થઇ જાય, અને આ બધી ઇંદ્રિયો તમારી સેવામાં હંમેશ માટે તત્પર રહે એવો વર હે પ્રભુ ! તમારી પાસે માગીએ છીએ. (૧૮-૧૯). હે વિશ્વંભર ! આ બધું તારું જ રૂપ છે, તો તને શું અર્પણ કરીએ? અને પૂજન પણ કેવી રીતે કરીએ? અમે તને વંદન કરીને સંતોષ માનીએ છીએ. (૨૦). આ બધા તારાં જ રૂપો છે એટલે તારા વિના કોઇ પૂજાની સામગ્રી પણ નથી. શુદ્ધ ભાવના રાખવી એ જ તારી ઉત્તમ પૂજા (અનન્ય પૂજા) છે. (૨૧). જેમ માનવી ગંગાજીનું પૂજન ગંગાજળથી કરે છે, તુલસીનું પૂજન તુલસીદલથી કરે છે, અને દીવો પ્રગટાવીને અગ્નિની આરતી કરે છે તે રીતે હે નારાયણ ! આ બધું ભાવ પ્રધાન છે. (ભાવના જ મુખ્ય છે, વસ્તુ નહિ.) (૨૨-૨૩). હે સ્વામી ! મારા હૃદયના કરેલા સિંહાસન પર સુખેથી બિરાજો. અને આપને પ્રેમના શુદ્ધ જળે સ્નાન કરાવું છું. (૨૪). વાસનાના આ વસ્ત્રો, ઇંદ્રિયરૂપી અલંકારો, અને મનના ફૂલનો હાર સ્વીકારીને અમને મળ વિનાનાં અને કર્મ વિનાનાં કરો. (નિષ્ક્રિય કરો.) (૨૫). હે પ્રભુ ! પૃથ્વી તત્ત્વનું ચંદન, વ્યોમતત્ત્વનું ફૂલ, વાત તત્ત્વનો ધૂપ, અગ્નિતત્ત્વનો દીવો અને જલતત્ત્વનું નૈવેદ્ય હું ભાવથી અર્પણ કરું છું તે હે પ્રભુ ! સ્વીકારીને આ દાસને પૂર્ણ અને અભેદ્ય કરો. (૨૬-૨૭). સોહં ભાવે મારી સઘળી આ વાણી સ્વરૂપ પ્રાર્થના સ્વીકારો. મારા ચરણો જે ગતિ કરે (હરે-ફરે) તેને પ્રદક્ષિણા અને મસ્તકને શ્રીફળ માનીને હે પ્રભુ ! એ બધું ભાવથી ગ્રહણ કરો અને ખૂટતું હોય-ખામી હોય તેને પૂર્ણ છે (એ બધું બરાબર છે) એવું માની લેજો. એવી પ્રાર્થના કરી અત્ર્યનસૂયાએ તરત જ પ્રણામ કર્યા. (૨૮-૨૯).

પતિ-પત્નીનો અતિ શુદ્ધ ભાવ જોઇને પ્રસન્ન થઇને દેવો બોલ્યા કે મનમાં જે ઇચ્છા હોય તે માગો. (૩૦). અમારી શક્તિઓએ જે વરદાનો આપ્યાં છે તે તો અમને કબૂલ (મંજૂર) છે જ, પરંતુ તે સિવાય વધારામાં બીજું જે કાંઇ જોઇતું હોય તે માગો. અમે એ પણ આપીશું. (૩૧) હે મા અનસૂયા ! તને ધન્ય છે. ત્રણે ભુવનમાં તું એક અને અજોડ છે. તારી અનન્ય ભક્તિને ધન્ય છે અને ધન્ય છે તારા જ્ઞાનયુકત વિવેકને. (૩૨). હે જ્ઞાની શ્રેષ્ઠ અત્રિ ! તમને પણ ધન્ય છે. તમારે જે વરદાનની ઇચ્છા હોય તે કહો. અત્રિ ઋષિએ (અનસૂયાને) કહ્યું કે હે પ્રિયે ! તું યોગ્ય વરદાન જલ્દીથી માગી લે.③ (૩૩).

આવું સાંભળીને અનસૂયા ગદ્‌ગદ્ બનીને પ્રેમથી બોલી કે હે દેવો ! હવે તમારા વિના અમને કેવી રીતે ચેન પડશે? (તમારા વિના નહિ ગમે.) (૩૪). તમે ત્રણે દેવો જ્યારથી પારણામાં પોઢ્યા ત્યારથી ચિત્તામાં કેવળ આનંદ આનંદ જ હતો. હવે શું એ આનંદ જતો રહેશે? (૩૫). આ બધું શું સ્વપ્નવત્ થઇ જશે? કે વાસ્તવિક કશું બનશે? તમારા વિનાનું ખાલી ઘોડિયું અમને ખાવા દોડશે. (૩૬). હે દેવો ! તમે મને 'મા' કહી છે તો હવે 'મા' નામ અમર કરો, એ જ માગણી છે, બીજી કોઇ માગણી નથી અને અંતરમાં એ વિનાની બીજી કોઇ ઇચ્છા પણ નથી. (૩૭).

સતીનાં વચન સાંભળીને ત્રણ દેહ હોવા છતાં પણ એકરૂપ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે આનંદથી 'તથાસ્તુ' એમ કહ્યું. (તથાસ્તુ=એ પ્રમાણે હો-એ મુજબ બનો.) (૩૮). પતિ પત્નીએ તરત જ ભાવપૂર્વક વંદન કર્યાં, એટલે સંસાર પાર ઉતારનાર (ભવતારક) દેવો વરદાન આપીને અંતર્ધાન થઇ ગયા. (૩૯). અત્રિ અનસૂયા ત્યાં પ્રભુપરાયણ બનીને રહ્યાં અને કેટલોક સમય ભજનમાં આનંદથી પસાર કર્યો. (૪૦). પ્રારબ્ધવશાત્ ત્યાંથી પછી માહુરગઢ આવ્યાં જ્યાં એમનો દૃઢ ભાવ જોઇને ત્રણે દેવો પુત્ર રૂપે પ્રગટ થયા. (૪૧).

આ સાંભળતાં જ શિષ્ય નિરંજને શંકા કરતા પૂછયું કે હે અલખજી ! હંમેશાં નર્મદા કિનારે જ રહેનારા અત્રિ અને અનસૂયા એ આશ્રમ છોડીને માહુરગઢ કેમ આવ્યાં? વિસ્તારપૂર્વક વાત કરીને તમે મારી શંકાનું નિવારણ કરો. (૪૨-૪૩). ચાતક સમાન શિષ્યનો ખરેખર ચતુર પ્રશ્ન સાંભળીને મેઘ સમાન અલખજી મનભાવન કથાની અમૃતવર્ષા વરસાવવા લાગ્યા. (૪૪). યોગીશ્વર બોલ્યા કે, હે બાળ ! (હે બેટા !) તું સાવધાનીપૂર્વક (ગંભીરતાથી) સાંભળ. આજે લોકો જેને પૈઠણ નામથી ઓળખે છે તે પ્રતિષ્ઠાન નામનું નગર ગોદા નદીને તીરે આવેલું હતું. એ નગરમાં કૌશિક નામનો શ્રીમંત અને ભ્રષ્ટ વિવેકવાળો એક બ્રાહ્મણ રહેતો હતો. (૪૫-૪૬). પ્રારબ્ધવશાત્ એ બ્રાહ્મણ શ્રીમંતાઈના મદમાં ગર્વિષ્ઠ (ઉદ્ધત) થયો, અને પતિવ્રતા પત્નીને છોડીને અન્ય સ્ત્રી સાથેના સંબંધ (જાર કર્મ)માં રચ્યો પચ્યો રહેવા લાગ્યો. (૪૭). (એ બ્રાહ્મણ) વેશ્યાના ઘરે પડી રહેતો અને હંમેશા વ્યસનમાં ચકચૂર રહેતો. આ રીતે ભોગ ભોગવતાં આખરે રોગમાં ઝડપાયો. (ફસાયો.) (૪૮). જે સ્ત્રીપુરુષ અવિચારી બનીને, રાત દિવસ જોયા વિના, વિષયોનો ભોગ ભોગવે છે તે રોગ થતાં આખરે રડે છે. (૪૯). રોગનું મૂળ ભોગ છે. ભોગનું મૂળ અવિચાર છે. અને યુવાની, ધન, સત્તા અને અભિમાનથી વિચારો બગડે છે. (૫૦). અતિશય વિષયભોગથી એ રોગોમાં સપડાયો અને આખા શરીરે ગળતો કોઢ નીકળવાથી હેરાન પરેશાન થઇ ગયો. (૫૧). ચિતરી ચઢે એવું રૂપ જોઇને વેશ્યાએ એને ધિક્કારપૂર્વક પોતાના ઘરેથી બહાર કાઢી મૂક્યો. (૫૨). હવે પોતાને ઘરે જવા સિવાય બીજો કોઇ ઉપાય રહ્યો નહિ. મનમાં દુ:ખી થતો થતો બ્રાહ્મણ ધીમે પગલે પોતાના ઘર તરફ આવી પહોંચ્યો. (૫૩).

પોતાનાં પતિને આવેલો જોઇને સતીનાં હૈયામાં આનંદ સમાતો નથી. અને પોતાના દેહની દરકાર કર્યા વિના સતી સામે પગલે સ્વાગત માટે દોડીને ગઇ. (૫૪). અને કહેવા લાગી કે આજનો દિવસ રળિયામણો છે. મારા આંગણામાં આજે સોનાનો વરસાદ વરસ્યો છે. આજે મને મારા ભગવાનનાં દર્શન થયાં છે. ધન્ય છે મારા ભાગ્ય ને. (૫૫). ખૂબ હેતથી હાથ પકડીને ઘરમાં લઇ આવી અને આસન આપી અતિભાવથી બેસાડ્યા. (૫૬). એના ચરણ પખાળ્યા (પાદ્ય), એને અર્ઘ્ય અર્પણ કર્યો અને એની પૂજા કરી એનું ચરણામૃત લીધું. અને એને પ્રણામ કરીને દાસીભાવથી બોલવા લાગી. (૫૭). હે પ્રાણનાથ ! આ દાસીથી કંઇ સેવા થઇ શકતી નથી. મારા બધા દોષો માફ કરો. મેં મારી જાતને તમારા ચરણોમાં ન્યોછાવર કરી દીધી છે. (૫૮). આવી વાતો કર્યા પછી સતીએ વિવિધ પ્રકારની રસોઇ બનાવી અને પતિદેવને ભોજન કરાવી તેમને તૃપ્ત કર્યા. (૫૯). ભોજન પત્યા પછી ખાવા માટે પાન આપ્યું અને પછી સુંદર પથારી તૈયાર કરી એના પર પતિને પોઢાડયા. (૬૦). પતિનું વધેલું ભોજન, પ્રસાદ માનીને ખાઇને, પતિને જીવતા દેવ માનીને, તેની દેવ સમાન સેવા કરનાર શાંડિલીને ધન્ય છે. (૬૧). લોહી અને પરુથી જેવાં વસ્ત્રો બગડે કે તરત જ બદલી નાંખીને નવા પહેરાવે. આમાં એ કદી ઉદ્વેગ કરતી નહિ. (૬૨). રોજ ગરમ પાણીથી પ્રેમે સ્નાન કરાવતી હતી. અને મળ-મૂત્ર (ઝાડો પિશાબ) પણ કંટાળ્યા વગર સાફ કરતી હતી. (૬૩). 'ઘા'ના જંતું ધોઇ નાખીને ઔષધિનો લેપ કરતી અને મધુર વેણ બોલતાં બોલતાં શરીરને માલિશ કરી આપતી હતી. (૬૪). આને લઇને કૌશિક સદા પ્રસન્ન અને સંતુષ્ટ રહેતો હતો. વળી રોજ નવાં નવાં પકવાન જમાડીને એને તૃપ્ત કરતી હતી. (૬૫). (કૌશિક બદલામાં કહેતો કે) હે પ્રિયતમા ! તને ધન્ય છે. તું મારા માટે અપાર દુ:ખ વેઠે છે. હવે તું થોડી વાર બેસ. (૬૬).

તો પણ સતી એક ઘડીપણ આરામ કરતી નહિ. ઉલટું એમ કહે કે હે પ્રાણજીવન ! તમારા ચરણની સેવા કરવાથી તો ખરેખર મારું જીવન ધન્ય ધન્ય થઇ જાય છે. (૬૭). આ રીતે થોડા દિવસો પસાર થયા ત્યાં તો એ દુષ્ટ કૌશિક

ક્રોધ કરીને બોલ્યો કે તું અલમસ્ત થઇને પડી રહે છે તો મારી સેવા કેમ નથી કરતી? (૬૮). તારાથી મને અતિશય ત્રાસ થાય છે. તારું મોં કાળું કરીને બાળ. તારી સાથે મેં એક ક્ષણ પણ સુખ માણ્યું (જોયું) નથી. (૬૯). એમ કહીને ગાળો (અપશબ્દો) બોલીને એને મારતો. મૂરખ માણસ આવી રીતે જ વર્તે એમાં કોઇ શંકા નથી. (૭૦). મૂરખની જીવન પદ્ધતિ ઊલટી હોય છે. ઘરની સ્ત્રી ગમે નહિ અને ભટકતી શંખિણીની ગુલામી કરીને ખુવાર થાય. (૭૧). પોતાની સતી સ્ત્રીને છોડીને રાંડ પર વ્હાલ વરસાવે અને પછી ધન તેમજ જોબન પૂરાં થતાં કપાળ કૂટે (માથું પછાડે) છે. (૭૨). વેશ્યા (રાંડ)ની સેવા કરે ને પ્રેમથી એની લાતનો માર ખાય. પણ પત્ની સેવા કરે તો બદલામાં લાત મારે. (૭૩). આ રીતે એ મૂરખ બ્રાહ્મણ સતીને ત્યાં મારતો હતો. ધન્ય છે શાંડિલીને કે આમ છતાં એ જરા પણ દુ:ખથી ખળભળી ન ઊઠી. (૭૪). પતિને ક્રોધે ભરાયેલો જોઇને એ મધુર શબ્દે કહેતી કે, હે દેવ ! મારો શો અપરાધ થયો? ક્રોધ કરવાનું કારણ તો કહો. (૭૫). હું અભાગિની અને પાપિણીને કારણે જ આપને ત્રાસ થાય છે. હે નાથ ! શું મારતા મારતા હાથ દુ:ખી ગયા તેથી ઉદાસ થયા છો? (૭૬). એમ કહીને એ (શાંડિલી) ફરી પાછી પ્રેમથી હાથ ફેરવતી. એની શાંતિ જોઇને એ લંપટ બ્રાહ્મણ શાંત થયો.④ (૭૭).

પછી બોલ્યો કે મેં તો તારું મન માપવા માટે જ તને જૂઠું જૂઠું કહ્યું હતું. તારો મારા પર નિખાલસ પ્રેમ છે તો તું એક કામ કર. (૭૮). શાસ્ત્રો એમ કહે છે કે પ્રાણપ્રિય મિત્રને, ગુણવાન (લાયક) નોકરને, પતિવ્રતા સ્ત્રીને તથા સાધુ સંતોને માણસે પોતાની ખાનગી વાત અને માનસિક દુ:ખ કહેવાં. કારણકે એ લોકો તરત જ એનો ઉપાય કરીને દુ:ખનો ભાર ઓછો કરે છે. ધર્મને જાણનારી તું મારું બધું દુ:ખ સમજી શકીશ. (૭૯-૮૧). પેલી વેશ્યા તો તારાથી અનેક ઘણી સુંદર છે. એ પાકા ઘીલોડા જેવા હોઠવાળી, કઠણ સ્તનવાળી, કિન્નર જેવા સુંદર સ્વર (કંઠ)વાળી, મધુર મુખવાળી, માછલી જેવાં નેત્રોવાળી અને એકદમ નાજુક દેહવાળી એ વેશ્યાના હે પ્રિયે ! હું કેટલાં વખાણ કરું? હરતાં-ફરતાં, ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, સૂતાં, જાગતાં કે સ્વપ્નમાં, રાત-દિવસ બસ ! મને એનું જ ખેંચાણ રહે છે. (એ જ યાદ આવ્યા કરે છે.) તારી સાથે વાતો કરુ છું ત્યારે પણ એ વેશ્યા જ સામે ઊભેલી હોય છે. (૮૨-૮૫).⑤ એના વિરહમાં હું આકુળ-વ્યાકુળ રહું છું. મારું શરીર ભલે નબળું હોય પણ મારું મન ખૂબ જ મજબૂત છે. એ હજી વિરકત થયું નથી. (૮૬). માટે હે સુંદરી ! તું મને લઇને હવે એકદમ વેશ્યાના ઘરે લઇ જા. કામ-જ્વર મને ખૂબ હેરાન કરે છે. (૮૭). હવે જો તું વિલંબ કરશે તો જીવાશે નહિ. કામબાણ નિવારવાનું કેવું કપરું છે એ તો સહુ કોઇ જાણે છે. (૮૮). દેવો (સુર), કિન્નર, જોગી, જતિ, જ્ઞાનિ કે મૂઢ બધા કામને વશ થાય ત્યારે બાવરા બનીને ન વર્તાય એ રીતે વર્તે છે. મારા જેવો વિષયનો કીડો તો બિચારો-બાપડો અને મંદમતિનો ગણાય. એટલે એના કરતાં નાનું પાપ ભલે કરવું પડે, પણ મનનું સમાધાન તો થાય. (મનને શાંતિ તો મળે.) (૮૯-૯૦). કામોન્માદ કેવો વિચિત્ર છે એની તો પ્રાણીમાત્રને ખબર છે. હે પ્રિયે ! મને, તને અને સહુને એનો અત્યંત વિચિત્ર અનુભવ છે. (૯૧).

માટે તું મને ત્યાં એકદમ લઇ જા, એટલે મારું મન રાજીપો અનુભવે. પતિનાં એ વચન સાંભળીને રાજી થઇને શાંડિલી બોલી કે, હે પ્રિયતમ ! તમે જરા પણ ચિંતા કરશો નહિ. હું ગમે તે ભોગે તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. એમ કહીને એકદમ ઝડપથી કિંમતી વસ્ત્રો, ઘરેણાં, સોનું, મોતી વગેરેનું પોટલું બાંધી લીધું અને ઝડપથી માથા પર મૂકી દીધું. (૯૨-૯૪). પતિને ખભા ઉપર બેસાડી અને બધી શંકા-કુશંકાને બાજુએ મૂકી, સતી વેશ્યાના ઘરે જવા માટે નીકળી. (૯૫). ચોમાસાના દિવસો (ઋતુ) હતા. ઘોર અંધારી રાત હતી. વાદળોથી આકાશ છવાયેલું હતું. એટલે રસ્તો

સૂઝતો ન હતો. (૯૬). બધે ઘોર અંધકાર હતો. ગાઢ નિર્જન વન હતું. ઘૂંટણ સમાન કાદવ હતો અને અપશુકન થતા હતા. (૯૭). વીજળી ચમકે તે સમયે તે, ચાલવા માટેના રસ્તાનો નિર્ણય કરી લેતી અને ઉદ્વેગ અને ભય વગર તે ધીમે ધીમે ચાલતી હતી. (૯૮). રખેને પતિને તકલીફ થાય એમ વિચારીને સતી સાવધાનીપૂર્વક ચાલતી હતી. ત્યાં અરેરે ! અજાણતામાં જ વિઘ્ન આવી ચઢ્યું. (૯૯).

રાજ દરબારમાં ચોરી કરીને નાસી જતા ચોરને રાજદૂતે પકડીને ખૂબ મારપીટ કરી. (૧૦૦). રાજાની આજ્ઞાને લીધે એ ચોરને શૂળી પર ચઢાવવા માટે તરત લઇ જતા હતા, ત્યારે રસ્તામાંથી એ ચોર ભાગી છૂટ્યો. (૧૦૧). જંગલ અને કોતરમાં શોધીને બધા થાકી ગયા. છેવટે એ ચોરના જેવી જ કાયાવાળા એક માણસને જોયો. (૧૦૨). એને મૂળ (અસલ) ચોર માનીને, રાજાની આજ્ઞા પ્રમાણે, મૂઢ રાજદૂતોએ એને ક્રોધથી એકદમ શૂળી પર ચઢાવી દીધો. (૧૦૩). પરંતુ એ ચોર ન હતો. એ તો માર્કંડેય ઋષિનાં શિષ્ય, પ્રસિદ્ધ અને તપસ્વી એવા માંડવ્ય ઋષિ હતાં. (૧૦૪). મૂળ ચોર ન મળવાથી, એને શૂળી પર ચઢાવીને એ મૂઢ રાજદૂતો રાજધાનીમાં ગયા. (૧૦૫). તપના પ્રભાવથી જીવને અકબંધ જાળવીને, ધ્યાનનિષ્ઠ મુનિ શૂળી પરનાં દુ:ખો સહન કરતા હતા. (૧૦૬). એ રસ્તેથી પતિને લઇને સુંદરી જતી હતી ત્યારે અંધારામાં અજાણતાં ધક્કો લાગ્યો. મુનિના શરીરે અસહ્ય પીડા થઇ. (૧૦૭). ગુસ્સે ભરાયેલા માંડવ્ય બોલ્યા કે, ધક્કો મારીને આ દુ:ખમાં ડામ કોણે દીધો? અને છતાં એ હરામખોર હજી કેમ જીવે છે? (૧૦૮).

જા, સૂર્યોદય થતાંની સાથમાં જ એ પાપી ચોકકસ મૃત્યુ પામશે. આ શાપવચન સાંભળીને સતી ખૂબ જ ઉદાસ (ખિન્ન) થઇ ગઇ. (૧૦૯). ગભરાઇ જઇને એ મનોમન કહેવા લાગી કે, પતિ વિનાનું જીવન તો નકામું છે. સ્ત્રીનું તો એ એક માત્ર દૈવત છે. એ વિનાનું સર્વ નકામું (અનર્થ) છે. (૧૧૦). ઋષિનો શાપ તો કોઇ કાળે નિષ્ફળ નહિ જાય. માટે સૂર્યોદય અટકાવવા હું કોઇ યુક્તિ કરું. (૧૧૧). એવો નિર્ણય કરીને ત્યાં શાંડિલી બોલી કે, હે સૂર્યદેવ ! તમે સાંભળો. જો હું મન, કર્મ અને વચનથી હંમેશની પતિવ્રતા અને શુદ્ધ હોઉં તો, મારું કહ્યું માની, હું કહું નહિ ત્યાં સુધી (મારી આજ્ઞા વિના) એક ક્ષણ માટે પણ ઊગશો નહિ. (૧૧૨-૧૧૩). હે સૂર્યદેવ ! જો તમે મારું કહ્યું નહિ માનો તો તમે તમારા અધિકારથી ભ્રષ્ટ થઇ જશો એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૧૧૪). એવું કહીને પતિને લઇને વેશ્યાના ઘરે આવી અને બધા અલંકારો આપીને પતિએ કરેલી બધી વાત કરી. (૧૧૫). ખૂબ કાલાવાલા કરીને એણે (શાંડિલીએ) એનું (વેશ્યાનું) મન મનાવી લીધું. અને પતિની કામેચ્છા તૃપ્ત (સંતોષી) કરીને, તરત જ પતિને લઇને સતી પોતાના ઘરે આવી. એ શાંડિલીને ધન્ય છે. આવા ધણીને ધિક્કાર છે. એ માણસના રૂપમાં સાચે જ પશુ છે. (૧૧૬-૧૧૭).

વેશ્યા તો જીવતી ડાકણ અને કાળી નાગણ છે. દૂર ઊભી રહીને, હસીને પ્રાણ હરી લે છે. (જીવ લે છે.) (૧૧૮).વેશ્યા તો કામાગ્નિની જ્વાળા છે. કામી પુરુષ તેમાં પડીને બળીને ખાખ (રાખ) થઇ જાય છે. (૧૧૯). વેશ્યા નરકના દ્વારે ઊભેલી દૂત છે. મૂરખ માણસ એના ફંદામાં ફસાઇને પૈસા અને પ્રાણ બન્ને ખુવે (ગુમાવે) છે. (૧૨૦). આમાં ને આમાં કૌશિક સડી ગયો તો પણ વેશ્યાની લત (લગની) મૂકતો નથી. આમ છતાં (પતિમાં) પ્રભુ સમાન વિશ્વાસ રાખનારી શાંડિલીને ધન્ય છે. (૧૨૧).

સતીના શાપથી સૂર્યદેવ મનમાં ડરી ગયા અને એ પતિવ્રતાના કહેવા મુજબ આઠ દિવસ સંતાઇ રહ્યા. (એટલે કે ઊગ્યા નહિ.) (૧૨૨). બધે ઘોર અંધારું છવાઇ ગયું. બધાં પ્રાણિમાત્ર હેરાન-પરેશાન થઇ ગયાં. જમીન ઉપર ફરનારા (ભૂચર) અને આકાશમાં ઊડનારા (ખેચર) જીવો તરફડવા લાગ્યાં. લોકો ચિંતામાં ડૂબી ગયા. (૧૨૩). સમયની સૂઝ

પડતી નથી. બ્રાહ્મણો આકુળ વ્યાકુળ થઇ ગયા તેમજ પુણ્યકર્મો પણ તરત જ બંધ થઇ ગયાં. અને યજ્ઞ-યાગ એમ બધું બંધ થઇ ગયું. (૧૨૪). દેવોને યજ્ઞનો ભાગ મળતો બંધ થઇ ગયો એટલે એમને પણ ઉપવાસ થયા. (ભૂખ્યા રહ્યા.) બધાની બુદ્ધિ બુઠ્ઠી (કુંઠિત) થઇ ગઇ અને કાંઇ સમજાતું નથી. (થાગ લાગતો નથી.) (૧૨૫). બધા દેવો સ્વર્ગમાં મળ્યા અને બેસીને વિચાર કરવા લાગ્યા કે આમાં લોકોનો બિલકુલ દોષ નથી.(૧૨૬). જો સૂર્યોદય જ નથી થતો તો પછી લોકો કર્મ કરે પણ કેવી રીતે? યજ્ઞ વગેરે બંધ (લોપ) થતાં આપણને પણ ક્યાંથી કલ્યાણ (યજ્ઞભાગ)ની પ્રાપ્તિ થાય? (૧૨૭). જો લોકોનો દોષ (વાંક) હોત તો તો અતિવૃષ્ટિ જેવી વિવિધ પ્રકારની સાત દૈવી આફતો (ઇતિઓ) મોકલીને હેરાન-પરેશાન કરીએ. રોગચાળો ફેલાવીએ તો ઉલ્કાપાત મચી જાય. માટે ચાલો, બ્રહ્માજી પાસે જઇને વાત કરીએ. (૧૨૮-૧૨૯). આવું વિચારીને બધા દેવો બ્રહ્માજીની પાસે આવ્યા અને વંદન કરીને, મૃત્યુલોકના ત્રાસની વાત કહી સંભળાવી. (૧૩૦). એમની એ વાત સાંભળીને બ્રહ્માજી બોલ્યા કે હે દેવો ! આ બધો ઉત્પાત (આપત્તિ) સતીના શાપને કારણે થયો છે. (૧૩૧). હે સુરગણ (દેવોનો સમૂહ) ! તમે બધા સાંભળો. કૌશિક સ્ત્રીના શાપથી સૂર્ય ડરે છે અને તેથી ઊગતો નથી. (૧૩૨). જો સતી ક્રોધાયમાન થાય તો બધાં બ્રહ્માંડોને ડોલાવી નાંખે. માટે હું કહું તે ઉપાય કરશો તો સૂર્યોદય થશે. (૧૩૩). જેમ સૂરજના તેજ આગળ બધા દીવાનાં તેજ ઝાંખા પડી જાય છે, તેમ મહાસતી રૂપી મોટા દીવાને બધી સતીઓ વંદન કરે છે. (૧૩૪). જો તમે પતિવ્રતા શિરોમણિ અનસૂયાને વિનંતી કરીને પૈઠણમાં લઇ આવો તો આ પ્રશ્ન ઉકલી જશે. (૧૩૫). શાંડિલીને સમજાવીને એ (અનસૂયા) બધા પ્રશ્નો પતાવી દેશે. એના સિવાય બીજાનું કામ નથી. માટે તમે એને આશ્રમે જાઓ. (૧૩૬).

આ સાંભળીને ઇંદ્ર વગેરે બોલ્યા કે, આપ અમારી સાથે ચાલો. એટલે **'ભલે ત્યારે'** એમ બોલીને બ્રહ્માજી ઊઠ્યા અને એમની સાથે ચાલી નીકળ્યા. (૧૩૭). બ્રહ્માજી સહિત દેવો નર્મદા કિનારે આવેલા અનસૂયાશ્રમે આવ્યા. એમને આવેલા જોઇને અત્રિ અને અનસૂયા ગંભીરતાપૂર્વક સ્હામે દોડીને ગયાં.[૬] (૧૩૮). સાષ્ટાંગ પ્રણામ કરીને એમને આશ્રમમાં લઇ આવ્યાં. એમના ચરણ પખાળી, અર્ઘ્ય આપી, પૂજન કર્યું. અને પછી સુંદર સતીએ પૂછ્યું કે હે દેવો ! કેમ આવવું થયું? ઇંદ્ર વગેરે દેવો બોલ્યા કે હે સતી ! તારું કામ પડ્યું છે. તું અમારા ભય અને સંદેહનું નિવારણ કર. (૧૩૯-૧૪૦). તારાં ઉજ્જ્વલ તપ અને કીર્તિ સાંભળીને અમે અહીં આવ્યા છીએ. હે સતિ ! આપણે પ્રતિષ્ઠાન નગરમાં જવું પડશે. (૧૪૧). કૌશિકપત્નીના શાપને કારણે સૂર્યોદય અટકી ગયો છે અને સતીના કોપને કારણે બધે હાહાકાર મચી ગયો છે. (૧૪૨). તું એ કૌશિકપત્નીને સમજાવીને સૂર્યોદય કરાવ. તારા જેવું બીજા કોઇનું આવું તપ નથી કે જે અમને નિર્ભય (ભયમુક્ત) કરે. (૧૪૩). સતી બોલી કે હે દેવો ! તમારે માટે કશું અશક્ય નથી, પરંતુ તમે મને માન આપીને મારા જેવા નાના માણસ (રંક)ને મહાન બનાવો છો. (૧૪૪).

આમ છતાં ચાલો હું તમારી સાથે આવું છું અને સતીને સમજાવું છું. સૂર્યોદય કરાવવા માટે એને યુક્તિપૂર્વક સલાહ આપીશ. (૧૪૫). આવું કહીને અત્રિ ઋષિ સાથે એ મહા સતી ગોદાતીરે આવવા માટે દેવો સાથે નીકળી. (૧૪૬). પ્રતિષ્ઠાનમાં કૌશિકના ઘરે બધાં પહોંચ્યાં. એ સંઘ (વૃંદ)ને જોઇને વિનમ્ર એવી શાંડિલીએ બધાંને પ્રણામ કર્યા. (૧૪૭). અનસૂયાને વહાલથી ભેટી પડી અને સહુનું ભાવથી પૂજન કર્યું, અને પછી પૂછ્યું કે હે દેવી ! આ દાસીના આંગણે (બારણે) કેમ આવવું થયું? તમે મારું ઘર પાવન કરી દીધું. તમે થાક્યાં છો તો આરામથી બેસો. (૧૪૮-૧૪૯). આ સાંભળીને અનસૂયા બોલ્યાં કે હે સાધ્વી ! તને ધન્ય છે. તારાં વચનો અમૃતથી પણ વધુ મીઠા છે. (૧૫૦). પતિવ્રતા સાધ્વીની

યશોગાથા ત્રણે ભુવનમાં ગવાય છે. પતિસેવાથી આ પૃથ્વી ઉપર શું અશક્ય છે તે કહે. (બધું જ શક્ય છે.) (૧૫૧). જે કોઇ (સ્ત્રી) કાયા, વાણી અને મનથી પતિની સેવા કરે છે, તે પોતે તરે છે અને બીજાને પણ તારે છે. અને પામરને પરમેશ્વર બનાવે છે. (૧૫૨). આવી સ્ત્રી ધર્મ, અર્થ, કામ ને મોક્ષને પલકમાં પ્રાપ્ત કરે છે. મુક્તિ તો હંમેશાં એના ચરણમાં આળોટે છે. સતી એ બધી રીતે સંપૂર્ણ એવું તીર્થ છે. (૧૫૩). પતિને પરમેશ્વરથી પણ વધારે માનીને, એની ભાવનાપૂર્વક સેવા કરે છે. અને સેવા કરવામાં ત્રાસ અનુભવતી નથી. એવી ભાગ્યશાળી (બડભાગિનિ) સાધ્વીને ધન્ય છે. (૧૫૪). પતિ ભલે ફાવે તેવો હોય તો પણ એના પર પ્રેમ-ભાવ રાખીને સ્વધર્મ પાલન કરે તો એના બધા ત્રિદાવ બળી જશે. (૧૫૫). મેં પણ આ જ ધર્મથી મારા આત્મા (જીવન) ને પાવન કર્યો છે. પતિના ચરણમાં જ રચી પચી રહેનારનું મન (શાંત અને) સંતોષભર્યું રહે છે. (૧૫૬). અંતરમાં અને બહાર બધે જ પતિ દેખાતો હોય અને એના મુખના દર્શનથી આનંદ થતો હોય તો પછી, એ આનંદ સામે તો બ્રહ્માનંદ પણ તુચ્છ છે. (એની કોઇ વિસાત નથી.) (૧૫૭).

અનસૂયાની એ વાતો સાંભળીને, વંદન કરીને, શાંડિલી બોલી કે હું પણ એવું જ માનું છું. (૧૫૮). હે સતી અનસૂયા ! તમને ધન્ય છે. તમારા વચનને પણ ધન્ય છે. હે મહામાયા ! તને ધન્ય છે. હું તને વારે વારે વંદન કરું છું. (૧૫૯). પતિ સેવા કરવાનું મને ગમે છે. હું પતિને મારા પ્રાણજીવન (પ્રાણના જીવનરૂપ) માનું છું. આજે તેં દર્શન આપીને મારી માન્યતાને મજબૂત બનાવી છે. (ભાવનાને પોષી છે.) (૧૬૦). દેવોની સાથે સાથે તારા ચરણનું દર્શન તો મહાતપશ્ચર્યા કરીએ તો પણ દુર્લભ છે. તે દર્શન આજે મને (સહજતાથી) થઇ ગયું. (૧૬૧). પતિસેવાનું આ શ્રેષ્ઠ (ઉત્તમ) ફળ છે એમ હું માનું છું. આપણી શોભા (તેજ-દૈવત) આપણા પતિદેવ જ છે. એમાં શું શંકા? (૧૬૨). હે મા ! તું નિતાંત પૂર્ણકામ છે, એટલે કે તું સર્વ સામર્થ્યવાન હોવા છતાં, તેં આવવાનું કષ્ટ કેમ લીધું તે હે મા ! તું ખુલ્લા દિલે (પ્રસન્ન ચિત્તે) મને કહે, જેથી મારા ભ્રમનું નિવારણ થાય. (૧૬૩).

મનને ગમે એવાં એનાં વચનો સાંભળીને, અનસૂયાએ દેવો સામે જોઇને, પ્રસન્નતાથી કહ્યું કે તું મનમાં હજી કેમ ગભરાય છે? (૧૬૪). હે શાંડિલી ! તારા શાપને કારણે સૂર્ય ઊગતો નથી. એને લીધે સમયનો ખ્યાલ રહેતો નથી. (૧૬૫). સમયનો ખ્યાલ ન આવવાને કારણે કર્મનો નાશ (ઉચ્છેદ) થાય છે. અને કર્મ બંધ થતાં લોકોનો વિનાશ થાય છે. (૧૬૬). સમયનો ખ્યાલ ન આવવાને કારણે લોકો સ્વચ્છંદી બની જાય છે, અને સ્વચ્છંદ આચરણને લીધે કાળ નાશનું કારણ બને છે. (૧૬૭). તારે હાથે (કારણે) આવો અનર્થ થાય એ તને શોભે છે? માટે મારું માનીને તું સૂર્યોદય કરાવ. (૧૬૮). આવી ઇચ્છાથી હું દેવોની સાથે તારા ઘરે આવી છું. તું દુરાગ્રહ છોડી દે. બીજાનું ભલું કરવામાં કદાચ આપણો દેહ પડે તો પણ ચિંતા નહિ. (૧૬૯). એ સાંભળીને શાંડિલી બોલી કે હે અનસૂયા ! તને ખબર છે કે સૂર્યોદય થતાંની સાથે જ મારા પતિના પ્રાણ જશે. (પતિ મૃત્યુ પામશે) (૧૭૦). ઋષિનો આ ભયંકર શાપ નિષ્ફળ તો જશે જ નહિ. (પતિ મૃત્યુ પામશે એટલે) મને અતિશય દુ:ખ થશે. અને એવા (પતિ વિનાના) જીવનનો અર્થ પણ શું? (૧૭૧). ત્યાં અનસૂયાજી બોલ્યા કે, અરે ! યમની શી મજાલ છે? માન કે કદાચ તારો પતિ મૃત્યુ પામે તો પણ હું તેને તારા દેખતા જ (સાક્ષાત્) જીવતો કરીશ. (ઊઠાડીશ)⑦ (૧૭૨). હે ભામિની ! તું તારી ચિંતા કર્યા વગર લોકોના સુખનો વિચાર કર. હું તારા પતિને ચોકકસ જીવતો કરીશ. અને તને એક ઘડીનું પણ દુ:ખ નહિ થવા દઉં. (૧૭૩). આ વચનો સાંભળીને શાંડિલીએ સૂર્યને પ્રણામ કરીને કહ્યું કે હે દિનમણિ ! હું તો હંમેશની મૂઢ હોવા છતાંય, હે કાલનું નિયમન કરનાર ! મર્યાદાનું પાલન કરીને મારા કહેવાને લીધે તું સંતાઇને રહ્યો. હે વિશ્વના કારણરૂપ ! આપને ધન્ય છે. (૧૭૪-૧૭૫).

હે બુદ્ધિ (ધી) ના પ્રેરક ! હે બુદ્ધિ(ધી) ના સાક્ષીરૂપ ! તું મારું કહેવું સાંભળ. હે પ્રત્યક્ષ નારાયણ ! કૃપા કરીને હવે પ્રગટો. (ઊગો) (૧૭૬). સતીનાં વચન સાંભળતાં જ, તેજ તેજના અંબાર એવા સૂર્યનારાયણ જ્યાં ઊગ્યા ત્યાં જાણે કે સોનાનો વરસાદ વરસતો હોય એવું જણાયું. (૧૭૭). સૂર્ય ઊગતાંની સાથે જ એણે બે કામ કર્યાં. એણે પહેલું કામ તો અંધારું દૂર કરવાનું કર્યું, ને બીજું કામ કૌશિકના પ્રાણ લેવાનું કર્યું. (૧૭૮). આ જોઇને અનસૂયા બોલી કે- હે સતી ! તું જરા પણ ગભરાઇશ નહિ. જો આ તારો પતિ નીરોગી થઇને ઊઠ્યો જાણ. એવું બોલીને એણે એના હાથમાં સંકલ્પજળ લીધું અને એણે કહ્યું કે જો મારું ચારિત્ર્ય અખંડિત (નિષ્કલંક) હોય, જો મેં મારા પતિની સેવા અનન્ય પ્રેમથી કરી હોય, જો મારા પ્રાણના ભોગે પણ મેં પતિનું કલ્યાણ ઇચ્છયું હોય, સ્વપ્નમાં પણ જો મેં પતિ સિવાય બીજું કોઇ દૈવત ન માન્યું હોય તો મારા પતિવ્રતપણાના અંશથી આ મરેલો બ્રાહ્મણ ઊઠો ! (ઊઠજો.) એ સો વર્ષ સુધી નિરામય (નીરોગી) (રોગ વિનાનું) જીવન જીવો. અને ગયેલું સૂક્ષ્મ શરીર ફરીથી પાછું આવી શરીરમાં પ્રવેશો. (૧૭૯-૧૮૩). આવું બોલીને જ્યાં સંકલ્પ જળ મૂક્યું ત્યાં તો તરત જ, ઊંઘમાંથી ઊઠતો હોય તેમ એ બ્રાહ્મણ ઊઠ્યો (બધે આનંદ આનંદ થયો અને) અનસૂયાનો જયજયકાર થવા લાગ્યો. (૧૮૪). કૌશિક અંદર અને બહાર બન્ને રીતે બદલાઇ ગયો. (વૃત્તિ સારી થઇ, શરીર સારું થયું.) હવે દેવના જેવો શોભવા લાગ્યો. આવી દિવ્ય અને નીરોગી કાયા જોઇને શાંડિલી તો આનંદમાં ઘેલી ઘેલી થઇ ગઇ. (૧૮૫).

બધા દેવોએ પ્રણામ કર્યા. અપ્સરાએ નૃત્ય કર્યાં. ગંધર્વોએ આનંદથી ગીતો ગાયાં અને (સ્વર્ગમાંથી) પુષ્પવૃષ્ટિ થઇ. (૧૮૬). અનસૂયાની યશોગાથા બધા આનંદથી ગાવા લાગ્યા. એ સાંભળવાથી સંસારની બધી વ્યથા મૂળમાંથી ભાગી જાય એવું રંગ ગુરુ કહે છે. (૧૮૭). આ અધ્યાયમાં આ રીતે સતીના પ્રભાવનું વર્ણન કર્યું છે. સતી અનસૂયાને ધન્ય છે અને ધન્ય છે શાંડિલીના ભાવને. (૧૮૮). પ્રતિષ્ઠાન (પૈઠણ)થી નીકળીને અત્રિ-અનસૂયા માહુરગઢમાં જઇને રહ્યાં એ વાતનું વર્ણન આગળ થશે. (૧૮૯). એમની અનન્ય ભક્તિ જોઇને, ત્રિમૂર્તિએ અવતાર લીધો એ કથાને તો કોણ વર્ણવી શકે? એ તો એ જ એનો વિસ્તાર કરાવશે. (૧૯૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પાતિવ્રત્યપ્રભાવકથન'** નામનો **સાતમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૭

(૧) દોહરા- ૫ અને દોહરા- ૮ સાથે વાંચવાથી બે વસ્તુ ધ્યાનમાં આવશે. ભક્ત પોતે નિમિત્ત માત્ર છે અને કર્તા-હર્તા તરીકે શ્રીહરિને સ્વીકારે છે અને તેથી એનામાં અનન્ય શરણભાવ રાખે છે. બીજું ભગવાનને ભક્ત માટે કેટલો પ્રેમ હોય છે તે ખબર પડે છે. પોતાની પત્નીની વિનંતીને નામંજૂર કરી, પણ સતી અનસૂયાની વિનંતી તરત જ સ્વીકારી, મૂળ સ્વરૂપે પ્રગટ થયા. સર્વ સ્વતંત્ર એવા ભગવાન કેવળ ભક્તિથી જ પરતંત્ર થાય છે.

(૨) ભગવાન પાસે શું માંગવું જોઇએ એ જાણવા મળે છે. એક તો તારા ધ્યેયરૂપમાં અખંડ વૃત્તિ રહે અને કર્મોના દંડ શરીર ભોગવે. પોતાના કર્મોને ભોગવી લેવાની ઇચ્છા એ જ સાચી ભક્તિ છે. ભગવાન પાસે એમાંથી-કર્મોની શિક્ષામાંથી - છટકવાની ઇચ્છા - રાખવી જોઇએ નહિ.

(૩) શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર આવો પ્રસંગ આવે છે કે દેવોએ વરદાન માંગવાનું પતિને કહ્યું હોય પણ પતિએ એ વરદાન માંગવાનું પત્નીને જ સોંપ્યું હોય. યોગ્ય માગવાની આવડત સ્ત્રીમાં છે, પુરુષમાં નહિ.

(અ. ૧૪/ દો. ૧૯ થી ૨૪)

(૪) આ દોહરામાં 'દ્વિજવર' શબ્દ લખાયા પછી પૂ.શ્રીને થયું કે આ બ્રાહ્મણ તો વેશ્યાના ઘરે પડી રહે છે. એ તો લંપટ છે, તો આ 'વર' શબ્દ યોગ્ય કહેવાય? પછી એમને થયું કે આ હું ક્યાં લખું છું? લખાવનારો તો ભગવાન છે. પછી કોષ ઊઘાડીને 'દ્વિજવર' શબ્દનો અર્થ જોયો તો એના એક કરતાં વધુ અર્થ હતા, જેમાં છેલ્લો અર્થ હતો - 'લંપટ બ્રાહ્મણ'.

(૫) દોહરા- ૮૧ થી ૮૫ અને ૯૩ થી ૯૯ના અભ્યાસથી બે વાત જાણવા મળશે. દોહરા- ૮૧ થી ૮૫ વાંચતા, કોઇ પણ સ્વમાની સ્ત્રીને આઘાત જ લાગે. તેનું હડહડતું અપમાન થયું એમ કહી શકાય. પરંતુ ૯૩ થી ૯૫ માં પતિને પરમેશ્વર માનનારી સતીનું વર્તન જોતાં વંદન કરવાનું મન થાય. પતિને પ્રભુ માનીને વર્તવાથી જ, શાંડિલીની આજ્ઞા માનીને સૂર્યદેવે ઊગવાનું માંડી વાળ્યું. સામર્થ્ય કેળવવા માટે સદ્‌વૃત્તિ અને તેમાં એકનિષ્ઠા હોવા જોઇએ. અનસૂયા તો પોતે સતી હતાં જ, પરંતુ પતિ પણ ઋષિ હતા અને માતા (દેવહૂતિ) તેમજ પિતા (મનુ) પણ ખૂબ જ્ઞાની અને સત્ત્વશીલ હતાં. જ્યારે શાંડિલી તો સામાન્ય કહેવાય એવી ઘરરખુ સ્ત્રી અને પતિ પણ લંપટ, છતાં પતિપરાયણ થઇને જીવવાથી શું પામી શકાય એનું ઉત્તમ ઉદાહરણ છે. આપણે પણ એકનિષ્ઠ બનીને પૂ.શ્રીના કાર્યને વેગીલું બનાવી શકીએ.

(૬) બ્રહ્માને લઇને દેવો અનસૂયાના આશ્રમે આવ્યા એ પ્રસંગ અને નારદને લઇને દેવીઓ અનસૂયાના આશ્રમે આવ્યા હતા એ પ્રસંગ વચ્ચેનો તફાવત ધ્યાનમાં લાવવો જોઇએ. શાંડિલીએ સૂર્યને ઊગવાની ના કહી એ માટે દેવો કોઇ રીતે કારણભૂત નથી. દેવોએ કશું ખોટું કર્યું નથી તેથી શાંડિલીને સમજાવવા માટે તેઓ સહજતાપૂર્વક અનસૂયાના આશ્રમે આવ્યા, અને તરત જ શા કામે આવ્યા તે પણ કહી દીધું. અધ્યાય-૬ માં દેવીઓએ અનસૂયાનું સત્ત્વહરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો અને તેમાં બધું ઊંધુ થયું તેથી એને સીધું કરવા માટે દેવીઓએ અનસૂયા પાસે આવવું પડ્યું એમાં લાચારી અને શરમ બે હતાં. 'અમારા પતિને પાછા આપ' એવું દેવીઓ તરત બોલી શક્યાં નથી. અધ્યાય-૬ ના દોહરા-૧૧૮ થી ૧૩૫ દ્વારા બીજી વાતો કર્યા પછી મૂળ વાત કરી શક્યા. આમાંથી ઘણું બધું શીખવાનું છે.

(૭) યમરાજાને પડકારવાની તાકાત અનસૂયામાં ક્યાંથી આવી? સૂર્યને "હું જ્યાં સુધી કહું નહિ ત્યાં સુધી ઊગીશ નહિ" એમ કહેવાની તાકાત શાંડિલીમાં ક્યાંથી આવી? શાંડિલીનું ભણતર શું? એની તપશ્ચર્યા શું? એના પતિનું જીવન પણ કેવું? કેવળ પોતાની ફરજો ઊંચી ભાવનાથી બજાવીને આવી સંસાર ભોગવતી સ્ત્રીઓએ તાકાત કેળવી છે. બ્રહ્મચારી હોય તો જ સામર્થ્ય આવે, જંગલમાં જઇને તપ કરીએ તો જ સામર્થ્ય આવે એવું નથી. 'ધન્યો ગૃહસ્થાશ્રમ:' પાછળ મદાલસા, સાવિત્રી જેવાં ઘણાં ઉદાહરણો છે.

●

અધ્યાય : ૮

આ અધ્યાયનું નામ **'દત્તાત્રેયાવતાર'** છે. આ અધ્યાયમાં **૧૩૫** દોહરા છે.

આ અધ્યાયમાં દેવોએ અનસૂયાને વરદાન આપ્યું હતું તેનું અને દેવો અને મુનિઓએ રાજાને સાચી વાત કહીને માંડવ્ય ઋષિને શૂળી ઉપરથી મુકત કર્યા તેનું વર્ણન છે. અને ઋષિએ યમરાજને શાપ આપ્યો તેનું વર્ણન છે. (૧-૨૧).

અત્રિ ઋષિનાં નેત્રમાંથી નીકળેલી જ્યોતિ અનસૂયાના ઉદરમાં ગર્ભરૂપે રહી તેનું અને દત્તાપ્રભુના જન્મનું વર્ણન છે. (૨૨-૩૨). દત્તાપ્રભુના સ્વરૂપનું વર્ણન, બાળ સ્વરૂપની લીલાનું વર્ણન, અનસૂયા દ્વારા ગવાયેલા હાલરડાની વિગતો અને ભગવાન શંકર (મૃત્યુંજય) પાસે જઇને કરેલા વિદ્યાભ્યાસનું વર્ણન છે. (૩૩-૧૦૦).

અવધૂત સ્વરૂપે દત્તાની લીલાનું વર્ણન કરી અંતમાં એમના શરણે પ્રહ્લાદ અને સાધ્યાદિ દેવો આવ્યા એનો ઉલ્લેખ છે. (૧૦૧-૧૩૫).

અલખજી બોલ્યા કે અનસૂયાનો અપૂર્વ પ્રભાવ જોઇને બધો દેવસમૂહ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે અનસૂયા ! તને વંદન હો. અને ધન્ય છે તારા સામર્થ્યને. તું ત્રણે ભુવનમાં પૂજ્ય અને અમેય છે. હે મા ! તારા ગુણલાં વેદો (શ્રુતિ) પણ ગાય છે. તને ધન્ય છે. (૧-૨). તેં આ વિશ્વને જીવાડવાનું કપરૂં કામ કરીને અમને જશ અપાવ્યો છે. ખરેખર! તેં તારું નામ ચારે દિશામાં ગાજતું કરી દીધું છે. (૩). અમે બધા ઘણા જ પ્રસન્ન થયા છીએ. તું કાંઇ વરદાન માગ. હે સમજુ સતિ ! તારા હૃદયના જે મનોરથો હોય તે કહે. (એ મનોરથો સફળ થાય એવું વરદાન માગ.) (૪). પ્રણામ કરીને મા અનસૂયા બોલ્યાં કે, હે દેવો ! હું શું માગું? પતિભક્તિથી હું કૃતાર્થ થઇ ગઇ છું. એમની અખંડ સેવા મળે એ જ માગું છું. (૫). હું જીવું ત્યાં સુધી પતિનો વિયોગ ન થાય. (એટલે વિધવાપણું ન આવે.) અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ મારા પુત્ર થાય એ યોગ જ માગું છું. (૬). અનસૂયા 'મા'નાં વચનો સાંભળીને દેવોએ આનંદથી 'તથાસ્તુ' કહ્યું અને પછી સ્વર્ગમાં ગયા. (૭). અત્રિ અને અનસૂયા ત્યાર પછી, ત્યાંથી માહુરગઢ આવ્યા અને સહ્યાદ્રિ (સહ્ય નામનો પર્વત) શિખર પર આશ્રમ બાંધીને ત્યાં રહેવા લાગ્યાં.(૮).

માંડવ્ય (ઋષિ) પોતાના તપ પ્રભાવથી શૂળી ઉપર પ્રાણ ટકાવી રહ્યા છે એવું બધાએ જાણ્યું એટલે દેવોની સાથે મુનિઓ રાજાની પાસે આવીને કહેવા લાગ્યા કે હે દુષ્ટ રાજા ! તું કોને ત્રાસ આપે છે? (૯-૧૦). તેં જેને શૂળી ઉપર ચઢાવ્યો છે તે તો તપોનિષ્ઠ માંડવ્ય ઋષિ છે. એ સાંભળીને રાજા ગભરાયો અને દિગ્મૂઢ થઇ ગયો. (૧૧). ઋષિને શૂળી પરથી તાત્કાલિક મુકત કર્યા અને તેમને પગે લાગીને રાજા કહેવા લાગ્યો કે હે પ્રભુ ! અજાણતામાં મારાથી આ ઘણો મોટો અપરાધ થઇ ગયો છે તો હે મુનિરાય ! મારો અપરાધ ક્ષમા (માફ) કરો. માંડવ્ય બોલ્યા કે હે રાજા ! તું ચિંતા ના કર. (૧૨-૧૩). આમાં ખરેખર તારો કોઇ દોષ નથી. આને માટે યમરાજ ગુન્હેગાર છે. હું જઇને યમ-ધર્મને પૂછું છું. તું તો મૂઢ છે. (૧૪). એવું કહીને એ (માંડવ્ય) મનોવેગથી યમના બારણે આવ્યા અને ક્રોધે ભરાયેલા ઋષિ

બોલ્યા કે હે ધર્મ ! શાસ્ત્રોમાં કહ્યું તે ખરેખર સાચું જ છે કે જે કોઇ પૂર્વ જન્મના પુણ્ય પ્રભાવે પૃથ્વી પર રાજા બને છે એ સર્વ દિશાના (સાચવનાર) દેવનો (યમનો) જ અંશ છે. (૧૫-૧૬). જે જે શિક્ષા રાજા કરે તે દિક્પાલે (યમે) કરી એમ જ કહેવાય. હે જ્ઞાની ! તેં મને શૂળી પર કેમ ચઢાવ્યો? (૧૭). ધર્મ (યમ) રાજા બોલ્યા કે તમે બાળપણમાં રમતાં રમતાં એક પંખીને કાંટો ઘોંચી (વીંધી)ને અધર્મ આચર્યો હતો.① (૧૮). તે પાપના ફળ સ્વરૂપ તમારે શૂળી ઉપર ચઢવું પડ્યું. એ સાંભળીને ઋષિ બોલ્યા કે હે ધર્મ(યમ)રાજ ! તું તો ખરેખર અધર્મ આચરનાર છે. (૧૯). બાળક બાર વરસનો થાય તે દરમ્યાન જે જે પાપ કરે તેને માટે તેના માતા-પિતા જવાબદાર હોય છે. તેં મને ખોટી રીતે આ અસહ્ય ત્રાસ આપ્યો છે.② (૨૦). ધર્મરાજ થઇને તેં તારે હાથે જાણી જોઇને આ અધર્મ આચર્યો છે તેથી હું તને શાપ આપું છું કે જા ! તું દ્વાપરયુગમાં દાસીપુત્ર થા. (૨૧). આગળ ઉપર મુનિના શાપને કારણે યમરાજા પૃથ્વી પર ખરેખર દાસીસુત-વિદુર થયા. (૨૨).

અત્રિ અને અનસૂયા સહ્યાદ્રિ પર (સહ્ય પર્વત પર) રહેતાં હતાં ત્યારે બ્રહ્માહરિહરને પોતે આપેલાં વરદાનનું સ્મરણ થયું. (૨૩).એક દિવસ સમાધિમાંથી ઊઠીને અત્રિ ઋષિ ત્યાં આવ્યા ત્યારે ઋતુસ્નાતા (ઋતુધર્મ પછી ચોથે દિવસે સ્નાનથી શુદ્ધ થયેલી.) સતી અનસૂયા ત્યાં આવીને ઊભાં રહ્યાં. (૨૪). ઋષિના નેત્રમાંથી બ્રહ્માહરિહરરૂપ એક પવિત્ર જ્યોતિ નીકળી અને એ સુંદર જયોતિ ક્ષણવારમાં અનસૂયાના ઉદરમાં દાખલ થઇ. અને ગર્ભ સ્વરૂપ બની. ત્રણે દેવોની એ અકળ કળા હતી. અનસૂયાની અનુપમ કાંતિ શોભતી હતી. (૨૫-૨૬). જેનું ભાવપૂર્વક સ્મરણ કરતાં જન્મ (મરણ)નો નાશ થાય છે એવા અજ, અક્ષયને ક્યાંથી ગર્ભવાસ હોય? (૨૭). આમ છતાં હું ભકતને આધિન છું એવું બતાવવા માટે, નાટક કરવામાં કુશળ એવા શ્રીહરિએ, આવી અકલ્પનીય લીલા કરી. (૨૮). ગર્ભવતી અને આનંદથી ઉભરાતી સતી (અનસૂયા) ભવ-સંદેહ ટાળે એવી અતિ ઉત્તમ જ્ઞાનની વાતો કહેતાં હતાં. (૨૯). મૂળે બ્રહ્મની ચિત્કળા અને તેમાં ગર્ભમાં દેવપુરુષ હોય અને કેવળ બ્રહ્મરસનું તત્ત્વ હોય પછી એવી ગર્ભિણીની દિવ્ય ઇચ્છાનું કોણ વર્ણન કરી શકે? (૩૦). અત્રિમુનિ બધા જ સંસ્કારો નિષ્ઠાપૂર્વક કરતા હતા. ગર્ભ રહ્યાને નવ માસ અને ઉપર નવ દિવસ થયા.③ ઉત્તમ સમય આવી પહોંચ્યો. (૩૧). પોતાની વિભૂતિરૂપ એવો ઉત્તમ માગસર મહિનો હતો. ચૌદશ ઉપર પૂર્ણિમા હતી અને તિથિ નક્ષત્રનો સર્વોત્તમ યોગ હતો.④ (૩૨). દિવસોમાં શિરોમણિરૂપ બુધવાર હતો, મૃગ નક્ષત્ર હતું અને સંધ્યાકાળે (પ્રદોષ સમયે) ત્રિમૂર્તિ પુત્રરૂપે પ્રગટ થયા. (૩૩).

અચાનક એક ત્રિમૂર્તિ સ્વરૂપ આગળ આવીને ઊભું રહ્યું. ભસ્મથી ખરડાયેલું સુંદર શરીર છે, છ હાથ છે અને અનુપમ એવું સુંદર મુખ છે. (૩૪). નીચેના બે હાથમાં માળા અને કમંડળ છે. વચલા બે હાથમાં ડમરુ અને ત્રિશૂળ છે. ઉપરના બે કરકમળમાં શંખ અને ચક્ર છે. માથા પર જટાજૂટ (જટાનો ભારો) શોભે છે અને ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં છે. (૩૫-૩૬). તેજના ઢગલા સમાન સુંદર શરીરવાળું એ દિવ્યરૂપ જોઇને અત્રિ અનસૂયાના ચિત્તમાં પરમાનંદ માતો નથી. (૩૭). એમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. કંઠ ગદ્‌ગદ્ થઇ ગયો અને જયાં હાથ જોડીને સ્તુતિ કરવાની શરૂ કરી ત્યાં તો આંખમાંથી દડદડ કરતાં આંસુ વહેવા લાગ્યાં. (૩૮). હે સચ્ચિદાનંદરૂપ-શ્રીહરિ ! આપનો જય હો. આપ અજ, અક્ષય અને અવિનાશી છો. આદિ (શરૂઆત) અને અંતમાં પણ એક તું જ છે. વચમાં તું નિર્વિકાર-તટસ્થ રૂપે રહેલો છે. (૩૯). તું અસંગ અને નિર્ગુણરૂપ છે. તું બધે જ વ્યાપેલો છે અને અનંત છે. પામર માયાવી તારો શું પાર પામી શકે? (૪૦). હે વિશ્વરૂપ ! અનંત કોટિ બ્રહ્માંડોનો સમૂહ તારામાં રહેલો છે. તું મારા પેટે જન્મ્યો છે એવું કોણ માનશે?

(કોઇ માનશે નહિ.) (૪૧). સર્વતંત્રથી સ્વતંત્ર એવો તું ભક્તિથી પરતંત્ર થાય છે. હે નાથ ! તું ભાવ-ભૂખ્યો છે. તારું રહસ્ય કોણ સમજી શકે એમ છે? (૪૨). તારું સત્યરૂપ એ વચન (વરદાન) અસત્ય કેવી રીતે થાય? હે દીનવત્સલ સ્વામી ! તારા દાસ સમા તારા ભક્તને સંભાળ. (પાળ.) (૪૩). હે પાપભંજક ! ભક્તનું રક્ષણ કરવામાં તું કદી વિલંબ (આળસ) કરતો નથી. આજે આ છેતરામણું રૂપ લીધું છે તેના રહસ્યને કોણ જાણી શકે? (૪૪).

આ રૂપને ઋષિના પુત્ર તરીકે કોણ સ્વીકારશે? માટે બાળક બની જઇને આપનું વરદાન પૂર્ણ કરો. (૪૫). તારું પુત્ર તરીકે લાલન પાલન કરતાં અમારો સઘળો માયાભ્રમ ટળી જશે. (૪૬). એમ કહીને બંનેએ એમના દિવ્ય ચરણો પકડયાં અને વારેવારે પ્રાર્થના કરવા લાગ્યા કે, હે પ્રભો ! તારા વિના અમારો બીજો કોઇ સ્વામી નથી. (સંભાળનાર નથી). (૪૭). એ વચનો સાંભળીને હસીને ત્રિમૂર્તિ બોલ્યા કે, હે ઋષીશ્વર ! આવી વિચિત્ર શંકા કેમ કરો છો? (૪૮). અમે આપને કુલાચલ પર્વત ઉપર જયારે સૌ પ્રથમ દર્શન આપ્યું હતું ત્યારે અમે ત્રણે જણ એક રૂપ જ છીએ એમ કહીને તમારી શંકા દૂર કરી હતી.(૪૯). ત્યાર પછી રેવાતટે અમે ત્રણે જણા ભિક્ષુક વેષે તમારે આશ્રમ આવીને ભિક્ષા માગી હતી. (૫૦). શ્રદ્ધા રાખીને નગ્ન થઇને ભિક્ષા આપી એટલે હે અનસૂયા ! અમે ત્રણે દેવો ત્યાં તારા બાળકો બન્યા હતા. (૫૧). અમારી દેવીઓ (શક્તિઓ)એ ત્યાં આવીને તને પ્રાર્થના કરીને અમારી માગણી કરી હતી ત્યારે તેં એવું વરદાન માગ્યું હતું કે આ પારણું ખાલી ન રહે. એ વરદાન આપીને પછી અમે અમારી શક્તિ સાથે અમારા ધામમાં નિ:સંદેહ ગયા હતા. (૫૩). અમારા ભક્ત એવા ઇંદ્ર અને સહુ દેવોએ પ્રતિષ્ઠાનમાં પ્રસન્ન થઇને પ્રેમપૂર્વક વરદાન આપ્યું હતું. (૫૪). એ ત્રણે વખતના વરદાનનું સ્મરણ કરાવી તેને સત્ય કરવા અને ભક્તિનો અદ્‌ભુત મહિમા પ્રગટ કરવા, દિવ્યરૂપ ધારણ કરીને તમને દર્શન આપ્યું છે એમ જાણજો. આપની બેઉની અનન્ય એકનિષ્ઠા જોઇને મેં મારી જાતનું તમને દાન કર્યું છે એમ નિશ્ચિતપણે માનજો. હું તમારે આધીન રહીશ અને આ દેહથી તમારી આજ્ઞા મુજબ વર્તીશ. (૫૫-૫૭). આ વિશ્વનું નાટક કરનાર (પ્રભુ) આવું બોલીને ત્યાં તરત જ પોતે ત્રણ બાળક થઇ ગયા. આ વિશ્વનું રક્ષણ કરનારને ધન્ય હો ! (૫૮).

અત્રિએ સ્નાન કરીને તરત જ આનંદથી જાતકર્મ સંસ્કાર કર્યા. અને મુનિજનોએ જય જય શબ્દથી આનંદની ગર્જના કરી. (૫૯). દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. મંદ મંદ પવન વાતો હતો. સ્વર્ગમાં દુંદુંભી વાગ્યાં અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. (૬૦). અષ્ટનાયિકા (પ્રકૃતિ) ત્યાં આનંદથી નૃત્ય કરવા લાગી. જડ (સ્થાવર) જંગમ (ચેતન) સહુને અનહદ આનંદ થયો. (૬૧). જે ઝાડને ફળ આવતાં ન હતાં તે ઝાડને ફળ લાગ્યાં, વંધ્યા સ્ત્રી ગર્ભવતી બની. વિશ્વમાં બધે જ આનંદનો ઉત્સવ ઉજવાયો. (૬૨). જયાં પરબ્રહ્મ પરમાત્મા પોતે અવતરતા હોય ત્યાં અખંડરૂપે આનંદનો ગુલાલ ઊડે છે. દશે દિશામાંથી દુ:ખો નાસી જાય છે. અને પાપો તથા દુષ્કાળ ટળી જાય છે. (૬૩). જેના સ્તનપાનથી વિધિ (બ્રહ્મા), હરિ (વિષ્ણુ) અને હર (શંકર) પોતે તૃપ્ત થાય છે એવી ત્રણે દેવની માતા એવી સાધ્વી અનસૂયાને ધન્ય છે. (૬૪). બારમે દિવસે મુનિશ્રેષ્ઠે આનંદપૂર્વક નામકરણ વિધિ કરીને દત્ત, ચંદ્ર અને દુર્વાસા એવાં ગુણો પ્રમાણે પ્રેમથી નામ પાડયાં. આ નામનો ઉચ્ચાર માત્ર કરવાથી બધા પાપનો નાશ થાય છે. (૬૫-૬૬)(૫). જેણે પોતાની જાતનું દાન દઇ દીધું તે વિષ્ણુ ભગવાનનું નામ દત્ત પાડયું. કલિયુગમાં એનો મહિમા વધ્યો. મૂઢ અને જ્ઞાની બધા તેને ભજે છે. (૬૭). જે બ્રહ્મદેવનો અંશ હતો તેનું નામ ચંદ્ર પાડયું, જે આનંદ આપનાર છે અને શીતળતાનું ધામ છે. (૬૮). જે મહાદેવનો અંશ હતો તેનું દુર્વાસા નામ પાડયું, જે પાપીજનોને એના પાપની શિક્ષા કરી પોતાના ભક્તનું રક્ષણ કરે છે. એ સાક્ષાત્ ક્રોધમૂર્તિ રૂપ છે.

સતી આ ઉદાર ચરિત ત્રણેય બાળકોને પ્રેમથી સુવાડતી હતી. (૬૯-૭૦). આ બાળકોને પારણામાં સુવાડીને સતી ધીમેથી (મંદ) હિંચકા નાખીને મધુરાં હાલરડાં ગાતી હતી. એની પ્રીતને ધન્ય છે. (૭૧).

હાલરડું-૧

હે દત્ત દિગંબર સ્વામી ! હે અવધૂત ! હે પરથી (શ્રેષ્ઠથી) પણ પર (શ્રેષ્ઠ) (પરાત્પર) ! તમે ઝૂલો. તમે ઝૂલો.

કર્દમ ઋષિની પુત્રી (તનયા), અત્રિ ઋષિની પત્ની (જાયા), અને વેદો જેના ગાન કરે છે એવી અનસૂયા તમને ઝૂલાવે છે.

આ નવાઇ પમાડે એવી જે ચાર ખાણો (સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ) છે, એમાંથી જ આવતું આ શરીર (પારણું) પવિત્ર છે.(૬) એને માયાના થાંભલે ચોવીસ દોરડીથી બાંધ્યું છે. (પાંચભૂતો + પાંચ વિષયો + પાંચ-પ્રાણ + પાંચ ઇન્દ્રિયો + મન + બુદ્ધિ + ચિત્ત + અહંકાર.) એમાં સ્મર્તૃગામી અને અંતર્યામી એવો તું ડોલે છે.

આ મનરૂપી દોરી પ્રેમથી ખેંચીને તું બધાંને કર્મના હીંચકા ક્ષેમથી અને ધીમેથી નાંખે છે. ભક્તના મિત્રરૂપ (સખારૂપ) તું, ભક્તિને વશ થઇને જન્મ ધરે છે અને ઇચ્છા રહિત તું પારણીએ ઝૂલે છે. (તને આવી કોઇ ઇચ્છા જ નથી.)

સંસાર વાસનાના ચાળારૂપ આ વિષયોના કાળા અને મમતાનાં મેલાં જાળાંને સ્પર્શ કર્યા સિવાય વેદોના સાર રૂપ સુખ આપનારા ગીતો તું સાંભળે છે. ગુરુના આદેશને જીવનમાં મૂકનાર તને ધન્ય છે.

જે અમન (મનથી પર) સ્થિતિ પ્રાપ્ત કરે છે તેને જ્યોતિ સ્વરૂપ આત્મા (રંગ) નાં સહજ દર્શન થાય છે. અને એના પરિણામે આધિ, વ્યાધિ અને ઉપાધિ બધું ટળી જાય છે. હે સ્વાત્મારામી ! એને ત્રણે લોકમાં કશીય વસ્તુની ઉણપ રહેતી નથી.(૭)

હાલરડું-૨

હે અવધૂત ! હે શોક અને મોહથી પર ! તમે ઝૂલો. તમે ઝૂલો.

આ નાનું (અણુ) કે મોટું (મેરુ) અદ્‌ભુત પારણું (શરીર) છે. એ આ ત્રણ રંગવાળા, પાંચ રંગવાળા, સુંદર અંગવાળા માયામય સ્તંભે ઘેલું ઘેલું થઇને ઘૂમે છે-જીવે છે. એની અંદર હે ભગવાન ! તું નિ:સંગી આત્મા ઉન્મની અવસ્થામાં તન્મયતા અનુભવે છે.

એ દેહને પ્રારબ્ધ (અદૃષ્ટ) ખેંચે છે. જે દેખાય છે તેનો નાશ છે એવું વેદો સ્પષ્ટ કહે છે. તું અનાદિ (જેની શરૂઆત નથી) છે, તું અનંત (જેનો અંત નથી)છે, મધ્યમાં પણ તું જ છે. તું નિત્યપૂર્ણ અને સ્વસ્થ છે. જે વિધવિધતા દેખાય છે એ પણ તારી લીલા જ છે કારણકે મૂળે તો તારી જ સત્તા છે. સચ્ચિદાનંદ મુખડું પહોળું કરીને તું વિશ્વરૂપે પ્રકાશે છે. તું આ જગતના આડંબર (આભાસમાત્ર)ને પ્રલય વખતે પોતાનામાં સમાવી લે છે છતાં તું હંમેશનો તૃપ્ત એવો ઉપવાસી છે. હે પરમાત્મા (અનંત)! ખાવાની વસ્તુ પણ તું છે અને ખાનારો પણ તું જ છે. નિગુર્ણતાની ગોદડી ઓઢનાર પણ તું જ છે.

એ નિરાવરણ નિત્ય નિરંજન સ્વરૂપ આત્માનું દર્શન કરીને વેદમાતા પણ બોબડી બનીને કાલી કાલી ભાષા બોલે છે અને મૌનમાં એ મૂર્તિને જડી લે છે. હે અચ્યુત ! તું મૂર્ત અને અમૂર્ત બન્ને સ્વરૂપ છે. તું કર્તા (સર્જક), ભર્તા (પાલક) અને હર્તા (સંહારક) છે.

●

વેદ (શ્રુતિ) સ્વરૂપ અનસૂયા હાલરડાં ગાઇને સુખેથી ઝૂલાવે છે. એના ભાવને ધન્ય છે અને ધન્ય છે એની અજોડ (અનુપ) ભક્તિને. (૭૨). જે પલવારમાં સર્જન (સૃષ્ટિ), પાલન (સ્થિતિ) અને સંહાર કરે છે તે, ભકત તરફના પ્રેમને કારણે ખરેખર પારણામાં ઝૂલે છે. (૭૩). ભાવનાનો ભૂખ્યો એવો વિશ્વંભર (વિશ્વનું ભરણ પોષણ કરનાર) દિલથી (પોતાની ઇચ્છાથી) રડે છે. અને અનસૂયા પણ તેમને પ્રેમથી લઇને રમાડે છે. (૭૪). બે બાળકોને બે સ્તનથી પાન કરાવે છે. એટલામાં ત્રીજો રડે તો તેના મોંમાં નાની આંગળી (ટચલી આંગળી) આપીને કૃપાદૃષ્ટિથી એને શાંત (છાનો) કરે છે. સતીના ધન્ય ભાગ્યનું કોણ વર્ણન કરી શકે? (૭૫-૭૬)©. યજ્ઞયાગથી જે સ્હેજ પણ તૃપ્તિ અનુભવતો નથી તે સતીના સ્તનપાનથી ખરેખર તૃપ્ત થઇને ઓડકાર ખાય છે. (૭૭). અનન્ય ભક્તિના અપૂર્વ ફળરૂપ આવું લાલન પાલનનું ભાગ્ય મળે તો એનું વર્ણન કોણ કરી શકે? (૭૮). એ પરમાત્મા જે લીલા (ખેલ-રમત) કરે છે એ લીલાને તો એ પોતે જ સમજી શકે. એનો તાગ મેળવવા જતાં પામર તો નિષ્ફળ જ જાય. (૭૯). આજ્ઞા (રજા-મંજૂરી) લઇને ચંદ્રમા આકાશમાં ચંદ્રમંડળમાં જઇને રહ્યો અને ત્યાંથી અમૃત (ચાંદની)નો વરસાદ વરસાવવા લાગ્યો. (૮૦). સૌંદર્યની મૂર્તિરૂપ અમૃત સ્વરૂપ ચંદ્રમા ઔષધિનું જીવન છે અને વનસ્પતિનો પ્રાણ છે. (૮૧). દુર્વાસા પણ અત્રિ-અનસૂયાના ચરણમાં વંદન કરીને ઝડપથી જતા રહ્યા. (૮૨). તપોનિષ્ઠ અને મહાયોગી એવા દુવાર્સા પોતાની ઇચ્છા મુજબ જગતમાં ભ્રમણ કરીને (ફરીને), દુર્જનને શિક્ષા કરી જગતનો ઉદ્ધાર કરવા જતા રહ્યા. (૮૩).

આ રીતે બન્ને જણના જતા રહેવાથી અનસૂયા દુ:ખ કરવા લાગ્યા. એ જોઇને દત્ત પીગળ્યા (દ્રવે) (દત્તને દયા આવી.) અને તરત જ એમની સામે આવ્યા અને બોલ્યા કે હે મા ! તું અજાણતાં આવો નકામો શોક શું કામ કરે છે? આગળની બની ગયેલી બાબતો યાદ કરો. હું જ ત્રિમૂર્તિ છું એ માનો. (૮૪-૮૫). આવું કહીને પળવારમાં ત્રિમૂર્તિ સ્વરૂપ થયા. ત્રણ મસ્તક અને છ હાથ (ભુજા)વાળી અનુપમ મૂર્તિ શોભવા લાગી. (૮૬). હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમંડળ અને ત્રિશૂળના આયુધો શોભી રહ્યાં છે અને માથા પર ઘેરી જટા (જટાજૂટ-જટાનો જથ્થો) શોભી રહી છે. (૮૭). ત્રણે પુત્રોને એક સ્વરૂપે અને અભિન્નરૂપે શરીરનું અને ઘરનું ભાન ભૂલીને સતી આનંદથી જોઇ રહી. (૮૮). ક્ષણવારમાં વિશ્વરૂપ જોતાં સતી દિડમૂઢ થઇ ગઇ. બીજી જ ક્ષણે પહેલાંની જેમ નાના બાળક થઇને ગૂઢ કૌતુક કરવા લાગ્યા. (૮૯). માયા ફેલાવીને અને 'મા' ને મોહ પમાડીને એના ખોળામાં બેસીને હોંશથી સ્તનપાન કરે છે. (૯૦). આવી લીલાને કારણે અનસૂયા તરત જ શાંત થઇને પૂર્ણકામ એવા એ બાળને કોડથી રમાડે છે. (૯૧).

આશ્ચર્ય થાય એવી રીતે એ રમે છે. બોબડું બોબડું બોલે છે. મનને મુગ્ધ કરે એવી ચેષ્ટા (હાવભાવ) કરીને હસે છે અને મૂગાની જેમ કિલ્લોલ કરે છે. (૯૨). જે મૂગાને બોલતો કરે છે તે પોતે બોબડું બોલે છે અને અથડાઇને દેહ ગબડી પડે છે. એની આવી લીલાને ધન્ય છે. (૯૩). જેની કૃપાથી પાંગળો પર્વત ચઢી જાય એ પોતે ભક્તિને વશ થઇને ('મા'ને આનંદ થાય એટલા માટે) વારે ઘડીએ ગબડી પડે છે. (૯૪). હંમેશાં ઋષિઓનાં બાળકોને ભેગા કરીને રમે છે. પણ જ્યાં 'મા' જમવાની બૂમ પાડે ત્યાં જ એ બૂમ સાંભળીને રફુચક્કર થઇ જાય છે. (નાસી જાય છે.) (૯૫). અનસૂયા પાછળ પડે (દોડે) એટલે એ ધડુડુડુ કરીને દોડીને નાસી જાય. આખરે થાકી જઇને 'મા' બેસી જાય એટલે એના હાથે પકડાઇ જાય. (૯૬). સ્વપ્નમાં પણ યોગીના હાથે ન પકડાનાર ભકતની ભાવનાને વશ, માને હાથે પકડાઇ જાય છે. (૯૭). કોઇ વાર ખોળામાં લઇને મા પ્રેમથી નવડાવે તો બીજી જ ક્ષણે માટી લઇને તે પગના નખથી માથાની શિખા સુધી (આખા શરીરે) માટી ચોળી દે. (૯૮). આવી અનેક પ્રકારની લીલા કરીને એ સચ્ચિદાનંદ પરમાત્મા માતા પિતાનું હંમેશાં મનોરંજન કરે છે. (૯૯).

આઠ વરસની ઉંમર થતાં અત્રિ ઋષિએ એમને યજ્ઞોપવીત સંસ્કાર આપ્યા. એટલે પિતાની આજ્ઞા લઇને તે તરત જ કૈલાસ પર્વત પર ગયા. (૧૦૦). વેદ-શાસ્ત્રોનું જે પ્રાકટ્ય સ્થાન છે તે પૂર્ણ આત્મપ્રકાશરૂપે (દત્ત પ્રભુએ) ભગવાન શંકર (મૃત્યુંજય)ને પ્રાર્થીને બધો વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. (૧૦૧).© જગતનો ઉદ્ધાર કરનાર (દત્ત પ્રભુ), ત્યાંથી ગોદાવરી તટે પાંચાલેશ્વર આવીને તપશ્ચર્યા કરવા લાગ્યા. (૧૦૨). ત્યાંથી પછી ક્ષણવારમાં માહુરગઢે આવીને, એ નિષ્કામ પ્રભુ અત્રિ અને અનસૂયાને પ્રણામ કરીને એમની પાસે રહેવા લાગ્યા. (૧૦૩).

અંદર અને બહાર બધે વ્યાપીને રહેનાર, આકાશની જેમ નિર્લેપ અને જેનાં આવરણ અને વિક્ષેપ નાશ પામ્યાં છે એવાની લીલાને કોણ સમજી શકે? (૧૦૪). એક માત્ર લંગોટી પહેરી હતી તે પણ ફેંકી દીધી, અને નગ્ન (દિગંબર)રૂપે એ સ્મશાનમાં જઇને બેઠા. એમને યોગીઓ માન આપવા લાગ્યા. (૧૦૫). દૂરથી પથ્થર ફેંકે, અને મુખથી અપશબ્દ (ગાળ) બોલે. અને બાળકની જેમ હંમેશાં એકલા જ રમતા હતા. કોઇ દિવસ નાના બાળક જેવા લાગે, તો કોઇ વાર યુવાનની જેમ યુવાન સ્ત્રી સાથે ગમ્મત કરતા હોય એવું લાગે, તો કોઇ વાર વૃદ્ધ થઇને ફાટેલું કઢંગુ વસ્ત્ર પહેરીને ફરે છે. (૧૦૬-૧૦૭). કોઇ વાર માથા ઉપર જટા ધારણ કરીને ઋષિની જેમ ફરે છે. અને કોઇ વાર ત્યાગી તો કોઇ વાર ભોગી થઇને ફરે છે અને કોઇ વાર કોઇની સાથે ફરે છે. (૧૦૮). કોઇ વાર યોગી થઇને ફરે છે, કોઇ વાર ખરેખર નગ્ન થઇને ફરે છે તો કોઇ વાર જરિયન વસ્ત્રોથી એમનું શરીર શોભે છે. (૧૦૯). કોઇ વાર હાડપિંજર જેવું શરીર દેખાય છે, તો કોઇ દિવસ હૃષ્ટ-પુષ્ટ શરીરવાળા જણાય છે. કોઇ વાર દંડી સંન્યાસી થઇને ફરે છે, તો કોઇ વાર દંડ વગર ફરે છે. (૧૧૦). કોઇ વાર બ્રહ્મચારી જેવા દેખાય, તો કોઇ વાર ગૃહસ્થી જેવા જણાય. કોઇ વાર વાનપ્રસ્થી થઇને ફરે તો, એક બીજાથી વિરૂદ્ધ આશ્રમવાળા જણાય. (૧૧૧). શાસ્ત્રએ બતાવેલા નિયમોને અવગણીને વિચિત્ર પ્રકારનું વર્તન કરે છે. એની ચેષ્ટા પણ વિચિત્ર પ્રકારની રહે છે. (વિચિત્ર ચેષ્ટા કરે છે.) એનું કોણ વર્ણન કરી શકે? (૧૧૨). મન અને વાણી પણ એને પામી શકે નહિ અને જ્યાં દેવ, કિન્નર અને મુનિ પણ મોહ પામે છે તે, ભક્તની રક્ષા કરવા માટે, ગુપ્ત વેષે ફરે છે. (૧૧૩). બાળક, ગાંડા (ઉન્મત્ત) અને પિશાચ જેવી એની લીલા જોઇને સહુ જ્ઞાનીઓ પ્રણામ કરે છે, જ્યારે મૂઢ જનો શંકા કરે છે. (૧૧૪). સ્મરણ કરતાંની સાથે જ, એ ભક્તને દર્શન આપીને એના બધા કષ્ટો તરત જ હરી લે છે. આના જેવો બીજો દયાળુ કોણ છે? (એટલે આવો દયાળુ બીજો કોઇ નથી.) (૧૧૫). એ કેવળ ભાવને જુએ છે. કદી પણ અવગુણ જોતો નથી. એ નિર્ગુણ (પરમાત્મા) કેવળ ભક્તિને વશ થઇને, એ દેવ, સગુણરૂપ લે છે. (૧૧૬). એ દત્તપ્રભુ સદા સર્વદા સહ્યાચળ પર વસે છે. એ હંમેશાં સ્મરણમાત્રે હાજર થનાર જ્યાં ત્યાં હાજર જ હોય છે. (૧૧૭).

આ દત્તપ્રભુ માહુરગઢમાં શયન કરે છે. સવારમાં ગંગામાં સ્નાન કરે છે. કુરુક્ષેત્રમાં આચમન કરે છે, ગાણગાપુરમાં ધ્યાન કરે છે, ધૂતપાપેશ્વરમાં વિભૂતિ (ભસ્મ) ધારણ કરે છે, કરહાટેમાં (સતારા જિલ્લાનું કરાડ) સંધ્યા કરે છે. અને એ વિશ્વંભર કોલ્હાપુરમાં પ્રેમથી ભિક્ષા માગે છે (ભિક્ષા માગે છે, પણ ત્યાં ભોજન નથી કરતાં). પંઢરપુરમાં શ્રીહરિ તિલક કરે છે, પાંચાલેશ્વરમાં ભોજન કરે છે, તુંગભદ્રામાં જળપાન કરે છે. બદરીનારાયણ જઇને અમાની થઇને કથા સાંભળે છે, રૈવતગિરિ (ગિરનાર) પર પ્રસન્ન થઇને આરામ કરે છે અને પશ્ચિમ સાગરમાં રાજી થઇને સાયં સંધ્યા કરે છે. અવધૂતની આ અતર્ક્ય લીલાથી મુનિજનો પણ આશ્ચર્યચકિત થાય છે. (૧૧૮-૧૨૩)(૧૦). એ દત્ત દિગંબર દેવને કલિમા તારનાર જાણ. એના કીર્તનથી વેદધર્મા, શ્રવણથી દીપક, સ્મરણથી કાર્તવીર્ય, દાસ્યભક્તિથી આયુ, વંદનથી અલર્ક, અર્ચનથી યદુ, પાદસેવનથી વિષ્ણુદત્ત, સખ્યભક્તિથી પરશુરામ (ભાર્ગવરામ) અને આત્મનિવેદનથી તો કંઇ કેટલા ભકતો તરી ગયા

અને અક્ષયધામ પામ્યા. (૧૨૪-૧૨૬).(૧૧) હે નિરંજન ! તને વધારે શું કહું? અરે ! સાધ્ય દેવો, કિન્નરો અને ખુદ ભક્તોત્તમ પ્રહ્લાદ પણ એના શરણે આવ્યો. (૧૨૭).

આ સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયેલો નિરંજન બોલ્યો કે પ્રભુ ! તમને શું પૂછવું અને કેવી રીતે પૂછવું એ હું જાણતો નથી એટલે મને માફ કરજો, પરંતુ હું જેમ જેમ કથા સાંભળતો જાઉં છું તેમ તેમ મારું આશ્ચર્ય વધતું જાય છે. સાંભળવાની તરસ (ઇચ્છા) મટતી જ નથી. (સંતોષાતી જ નથી.) હે ગુરુવર્ય એ તરસ(પિપાસા)ને તૃપ્ત કરો. (૧૨૮-૧૨૯). ભક્તોત્તમ પ્રહ્લાદ કેમ શરણે આવ્યો? અને સાધ્યાદિક વગેરે કેવી રીતે કૃતાર્થ થયા અને કેવી રીતે કલ્યાણને પામ્યા?. હે ગુરુરાય ! એ બધું મને વિસ્તારપૂર્વક કહો. આવું બોલીને નિરંજને અલખને પ્રણામ કર્યા. (૧૩૦-૧૩૧). એ સુંદર પ્રશ્ન સાંભળીને દયાળુ અલખ જે બોલ્યા તે કથા આગળના અધ્યાયમાં સાંભળતાં ક્યારે પણ કાળ નડશે નહિ. (૧૩૨). સાચે જ ! આ જ્ઞાનસત્ર ખોલ્યું છે તેનો લાભ બડભાગી (સારા નસીબવાળો) લે છે અને હતભાગી (અભાગીયો) મિથ્યા (ખોટાં) સ્વપ્નો જોઇને ખૂણામાં બેસીને રડે છે. (૧૩૩). આ અધ્યાયમાં દત્ત પ્રભુની જન્મ કથા અને વિચિત્ર એવી દિનચર્યા કહી, જે સાંભળતાં કોનું કલ્યાણ નહિ થાય? (બધાનું કલ્યાણ થાય.) (૧૩૪). શ્રીહરિ નાટક કરવામાં પારંગત (હોશિયાર) છે. એની લીલા ગૂઢ છે. રંગ કહે છે કે જે સમજવામાં જ્ઞાની પણ મૂઢ બની જાય છે તો પામર તો શું સમજી શકવાનો? (૧૩૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'દત્તાત્રેયાવતાર'** નામનો **આઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૮

(૧) યમરાજાનું બીજું નામ ધર્મરાજા છે. ધર્મનું પાલન થાય તે જોવાનું અને તે પ્રમાણે યોગ્ય ફળ આપવાનું કે સજા કરવાનું કામ તે કરે છે. કુંતાજીએ 'યમ'ના મંત્રથી, યમનું આવાહન કરવાથી યુધિષ્ઠિરનો જન્મ થયો હતો તેથી તેનું નામ ધર્મરાજ પડ્યું. વાયુના મંત્રથી ભીમનો જન્મ થયો તેથી તે વાયુસુત ગણાય અને તેથી ભીમ અને હનુમાન બે ભાઇ ગણાય. ઇન્દ્રના મંત્રથી અર્જુન થયો. અને અશ્વિની કુમાર બે હતા તેથી એના મંત્રથી માદ્રિને નકુળ અને સહદેવ થયા. કુંવારાં હતાં ત્યારે સૂર્યના મંત્રથી કુંતાજીને કર્ણ જન્મ્યો હતો.

(૨) બાળકના સારાં નરસાં કૃત્યો માટે મા-બાપ જવાબદાર છે એ વાત એમ સૂચવે છે કે બાળક મા-બાપનું જીવન જોઇને જેટલું શીખે છે તેટલું કોઇનું વર્તન જોઇને શીખતો નથી. માટે બાળક સારું કરે એવું ઇચ્છનાર મા-બાપે પોતે જ સારું અને પવિત્ર જીવન જીવવું પડે.

(૩) નવ માસ નવ દિન થયાનો અર્થ પ.પ.સ્વામી મહારાજે એવો બતાવ્યો કે નવ માસનો સમય નવ દિવસની જેમ ઝડપથી પૂરો થઇ ગયો.

(૪) ગીતાના વિભૂતિયોગમાં ભગવાને કહ્યું છે કે **'માસાનાં માર્ગશીર્ષોઽહં'** - મહિનાઓમાં માગસર મહિનો હું છું.

એટલે પૂ.શ્રીએ લખ્યું કે સ્વવિભૂતિમાસ જે માર્ગશીર્ષ ઉત્તમ.

(૫) દત્ત, ચંદ્ર અને દુર્વાસા એવાં નામ પાડ્યાં એટલે એનો અર્થ એ થયો કે 'મીન' રાશિ આવી હશે.

(૬) 'પારણુ' એટલે શરીર પવિત્ર છે એનો અર્થ એ જ કે આ શરીર એ જ મોક્ષનું દ્વાર છે, એના દ્વારા જ આત્મ સાક્ષાત્ક થઇ શકે છે.

ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષ દ્વાર;
માટે તદ્રક્ષણ વિષે, રહે દક્ષ નિર્ધાર. (અ.૩૫ દો.૪૩)

(૭) ઉન્મની એટલે મનની વૃત્તિ શૂન્ય થવાથી, મનથી પરની અવસ્થા. (ઉન્મની=ઉત્+મની)

(૮) જ્યારે ભગવાન પુત્ર તરીકે અવતર્યા ત્યારે એકી સાથે ત્રણેને પાન કરાવે છે. બેને સ્તનપાન અને ત્રીજાને ના આંગળી મોંમાં આપીને અંગુલીપાન કરાવે છે જ્યારે અધ્યાય ૬૭માં વારાફરતી સ્તનપાન કરાવે છે. (અ.૬ દો.૭૩

(૯) દત્ત ભગવાન મૃત્યુંજય મહાદેવ પાસે વિદ્યાભ્યાસ માટે ગયા તેથી ભગવાન શંકર એમના ગુરુ ગણાય.

(૧૦) ભગવાનની દૈનિક ક્રિયામાં કોલ્હાપુરમાં ભિક્ષા માગે છે પણ ભોજન પાંચાલેશ્વરમાં કરે છે. વળી તુંગભદ્રામાં જલપ કરે છે. સૌથી મહત્વની વાત એ છે કે ભગવાન પોતે પણ ધ્યાન કરે છે અને કથા સાંભળે છે. એમના જીવનમાં નિયમપાલન છે તે શિખવા જેવું છે.

(૧૧) નવધા ભક્તિનો ઉલ્લેખ નોંધવા જેવો છે.

ભક્તિનો પ્રકાર.	કોણ તર્યો?	ભક્તિનો પ્રકાર.	કોણ તર્યો?
શ્રવણ	દીપક	વંદન	અલર્ક
કીર્તન	વેદધર્મા	દાસ્ય	આયુ
સ્મરણ	કાર્તવીર્ય (સહસ્રાર્જુન)	સખ્ય	ભાર્ગવરામ
પાદસેવન	વિષ્ણુદત્ત	આત્મનિવેદન	કંઇ કેટલાય ભક્તો
અર્ચન	યદુ		

અધ્યાય : ૯

આ અધ્યાયનું નામ **'પ્રહ્લાદ ઉપદેશ'** એવું છે. એમાં **૧૩૨** દોહરા છે.

આ અધ્યાયમાં પ્રહ્લાદના અવધૂત સાથેના સંવાદનું વર્ણન છે. (૧-૧૭). અવધૂતે પ્રહ્લાદને આપેલા ઉપદેશનું વર્ણન છે. (૧૮-૭૬). પિંગલ અને સાધ્યદેવને કરેલા ઉપદેશનું વર્ણન છે. (૭૭-૧૦૬). અવધૂતની કીર્તિ પ્રસરતાં લોકોનાં ટોળે ટોળાં આવવાં લાગ્યાં એટલે એમાંથી દૂર છટકી જવા ભગવાને શી લીલા કરી તેનું વર્ણન છે. (૧૦૭-૧૨૮). અને અંતે પ્રભુનું અનુચિત વર્તન જોવા છતાં અર્જુન ત્યાં ટકી રહ્યો એ હવે પછીના અધ્યાયની કથાવસ્તુનો ઉલ્લેખ કરીને અધ્યાયની સમાપ્તિ થાય છે.

અલખે નિરંજનને કહ્યું કે તું સત્ત્વાંશી અને પ્રભુ પરાયણ હોવાને કારણે તને ગુરુલીલા સાંભળવાની ગમે છે, તો તું એ કથામૃતનું પાન કર. (૧). તારે લીધે મારું પણ પારાયણ થાય છે. મને બધી લીલાઓ ક્રમાનુસાર યાદ આવે છે અને (એનું વર્ણન કરવામાં) તેથી ખૂબ આનંદ આવે છે. (૨). જેને માટે ભગવાને નૃસિંહ અવતાર લીધો અને દૈત્યકેસરી હિરણ્યકશ્યપુને મારીને, પરંપરા ચાલી આવેલા રાજ્યની ગાદી ઉપર બેસાડયો તે ભક્તોત્તમ પ્રહ્લાદ નીતિથી રાજ્ય ચલાવતો હતો. (૩-૪).

નારદમુનિના ઉપદેશ અનુસાર પ્રહ્લાદ હંમેશાં ભગવાનનું ચિંતન સ્મરણ કરતો હતો, છતાં પણ આત્મજ્ઞાન થયું ન હોવાને કારણે મન કાયમ શાંત રહેતું ન હતું. (૫). કોઇ વાર મન મૂઢ બની જાય તો કોઇ વાર એ ભટકતું ફરે. અને વળી કોઇ વાર એકાગ્ર થઇ જાય. કોઇ વાર મનમાં આનંદ ઉભરાઇ આવે તો કોઇ વાર ચિંતામાં ડૂબી જાય. (૬). અવિરત (ચોવીસે કલાકની) શાંતિનો અનુભવ થતો નથી એટલે અતિશય ઉદાસ (ખિન્ન) થઇ ગયો. શિકાર (મૃગયા) રમવાને બહાને મૂંઝાયલો એ એકલો એકલો વનમાં ભટકે છે.① (૭). સહ્યાદ્રિ પર રખડતાં સદ્‌ભાગ્યે કાવેરી નદીના કિનારે એક અજાણ પુરુષને જોયો. (૮). આ (પુરુષ) જમીન પર અજગરની જેમ લાંબો થઇને સૂતો છે, એનું શરીર ધૂળથી ખરડાયેલું છે અને વર્ણાશ્રમના ચિહ્નો કળી ન શકાય એવાં છે. (૯).

એની નિર્મળ, નિશ્ચળ અને સ્થિર આંખો તેજથી ચમકે છે. આવા અવધૂતને જોઇને એ ધીરજવાન ભક્તે પ્રણામ કર્યા. અને બે હાથ જોડીને પૂછ્યું કે હે પ્રભુ ! આપ આમ નિર્ધન જણાઓ છો, તો પછી ખાન-પાનથી (ભોગથી) પુષ્ટ થયું હોય એવું (તગડું) આ શરીર કેમ જણાય છે?② (૧૦-૧૧). આપનામાં શક્તિ હોવા છતાં આપ મહેનત કરતા નથી એવું જણાય છે. ઉદ્યોગથી ધન મળે છે અને ખાન-પાન વગેરેના ઉત્તમ ભોગો વિત્ત હોય તો જ મળે છે. ભોગને લીધે શરીર પુષ્ટ બને છે. આપનામાં તો બધો વિરોધાભાસનો યોગ જણાય છે. (મહેનત કરતા નથી છતાં શરીર હૃષ્ટ-પુષ્ટ છે.) (૧૨-૧૩). તમે મહેનત કર્યા વિના (આળસુની જેમ) સૂઇ રહ્યા છો. તમારામાં કોઇ મહત્ત્વાકાંક્ષા (ઇચ્છા) નથી અને તમે ચેષ્ટા વિનાના છો. તો પણ આપનું શરીર આવું પુષ્ટ કેવી રીતે થયું તે તમને યોગ્ય જણાય તો કહો. (૧૪). મૂઢ હોય તેને કામ-ધંધો મળતો નથી, પણ આપ તો અમૂઢ છો. આપ તો જ્ઞાની અને હોશિયાર (બાહોશ) જણાઓ છો.

બધું જાણવા છતાં અજાણ્યા જેવા કેમ દેખાવ છો? (૧૫). આ વિચિત્ર પ્રકારના લોકોને જોઇને આપને કોઇ ક્ષોભ (સંકોચ) થતો નથી. અને રાગ-દ્વેષ વગરના થઇને સમાન દૃષ્ટિથી અને ક્ષોભ વગર વર્તો છો. (૧૬).

પ્રહ્લાદનાં આવાં વચન સાંભળીને અત્રિપુત્ર ભગવાન અવધૂત મંદ મંદ હસતા હસતા બોલ્યા કે- હે નારદમુનિના શિષ્ય પ્રહ્લાદ ! તું સાંભળ. આને (માનવ શરીરને) તું કર્મભૂમિ જાણ, અને એ સ્વર્ગ, મોક્ષ અને નરક ત્રણેનું એક જ દ્વાર છે. (૧૭-૧૮). વિષયતૃષ્ણાને કારણે અન્ય યોનિઓમાં ભમતો ભમતો જીવ અત્યંત પુણ્યને લીધે મનુષ્ય લોકમાં જન્મે (આવે) છે. (૧૯). એ સુખ મેળવવા માટે શરીર ઘસી નાંખીને અનેક પ્રયત્નો કરે છે. અને સુખ-સુખ કરતાં કરતાં દુ:ખથી એના પ્રાણ વ્યાકુળ થાય છે. (૨૦). લોકોને આ રીતે પ્રયત્ન કરતાં જોઇને (ફાંફાં મારતા જોઇને) હું એમાંથી જાતે નિવૃત્ત થઇ ગયો. (એવાં પ્રયત્નો છોડી દીધા.) બહાર ફાંફાં મારવાનાં છોડીને અંતર્મુખ થઇ ગયો. (૨૧). આ આત્મા આનંદ (સુખ) સ્વરૂપ જ છે. એમાં લેશમાત્ર (જરાપણ) દુ:ખ નથી. અભ્યાસ દ્વારા એનો અનુભવ થતાં હવે શોધ્યા છતાં દુ:ખ જડતું નથી. (૨૨). અવિદ્યા વગેરે બધા કલેશો નાશ પામતાં, એનો સુખ સ્વરૂપ પ્રકાશ આપોઆપ દેખાય છે-અનુભવ થાય છે.③ (૨૩). ઇંદ્રિયો અને વિષયોના સંયોગથી પ્રાપ્ત થતા બધા ભોગો એ જ દુ:ખનું મૂળ છે. આવું જાણીને પ્રારબ્ધવશાત્ જે કાંઇ આવી મળે તેનો ઉપભોગ કરીને હું પડી રહું છું. (૨૪). કદાચ તું એમ પૂછે કે તો પછી બધા લોકો આવું કેમ નથી કરતા ? તો મને અનુભવે જે જાણવા મળ્યું છે તે કારણ હું તને કહું છું તે તું સાંભળ. (૨૫).

પોતાની અંદર જ રહેલા સુખને છોડીને લોકો બહાર ફાંફાં મારે છે અને દેહને આત્મા માનીને (અવિવેકને લીધે) એ ગમાર દુ:ખી થાય છે. (૨૬). આ અનિત્ય (નાશવંત) અને ગંદો દેહ છે તે કેવળ દુ:ખ સ્વરૂપ છે. એને મૂઢ માણસ નિત્ય (શાશ્વત) અને સુખ આપનાર માનીને સંસારના કૂવામાં પડે છે. (૨૭). જેમ નિર્મળ પાણી શેવાળથી ઢંકાયલું હોય છે તેમ આ શુદ્ધ અને આનંદમય આત્મા માયાથી ઢંકાયેલો છે. (કેવળ માયારૂપી શેવાળ ખસેડવાની જ જરૂર છે.) (૨૮). યોગ્ય યુક્તિ-પ્રયુક્તિ દ્વારા શેવાળ ખસેડતાં તરત જ ત્યાં અમૃત સમાન પાણી દેખાય છે. તેમ જ્ઞાનના અભ્યાસથી અજ્ઞાન ખસેડતાંની સાથે જ માયાપડળ ખરી પડે છે અને સ્વાત્માનું ભાન થાય છે. (આંખ ઉપર છારી બાઝી હોય તો દેખાતું નથી તેમ માયાને કારણે આનંદમય આત્માનો અનુભવ થતો નથી.) (૨૯-૩૦). તરસ્યો માણસ પાણી છોડીને મૃગજળ પાછળ દોડે અને આખરે અથડાઇ મરે તે જ રીતે માયાનો દાસ પણ પોતાને આધિન સ્વાત્મસુખને છોડીને વિષય પાછળ આકુળ-વ્યાકુળ (ગાભરો) થઇને દોડે છે અને અંતે દુ:ખથી રડે છે. (૩૧-૩૨). જેમ માગ્યા વિના દુ:ખ આવી મળે છે તે જ રીતે સુખ પણ પ્રારબ્ધવશાત્ માગ્યા વિના મળશે જ. એને માટે પ્રયત્નો કરવાની જરૂર નથી. (૩૩). કમનસીબ (ફૂટેલા નસીબવાળો) પ્રયત્નો કરીને મરી જાય તો પણ તેની મહેનત માથે પડે (નિષ્ફળ જાય) અને સ્વપ્નમાં પણ સુખ મળે નહિ. ખરેખર પ્રારબ્ધની ગતિ અકળ છે. (૩૪). કદાચ એ કોઇ વાર સફળ થાય તો પણ વિષય એ દુ:ખનું મૂળ છે. એ ક્ષણભંગુર અને બીજા પર આધારિત (પરતંત્ર)છે. એ માનવીને રસ વિનાનો અને વ્યાકુળ બનાવી દે છે.④(૩૫). આવું અંતરથી જાણીને હું કોઇ પ્રયત્ન કરતો નથી. જે આખરે (બધા) દુ:ખરૂપ છે એવા વિષયોની મનુષ્યે શા માટે ઇચ્છા રાખવી જોઇએ? (૩૬).

વિષયભોગની ઇચ્છા રાખનારને રાગ અને દ્વેષ ત્રાસ આપે છે. અને પરિણામે મોહ, શોક અને શ્રમ વગેરેથી એને અંતરમાં કલેશ થાય છે. (૩૭). એનું (વિષયેચ્છુનું) મન અસ્થિર રહે છે. પરિણામે ભય અને શંકાને લીધે કોઇ દિવસ ગાઢ નિદ્રા આવતી નથી અને એ કાયમનો દુ:ખી રહે છે. (૩૮). અજગરના શિષ્ય થઇને મેં પ્રાણ ટકાવી રાખવાની

(જીવવાની) ઇચ્છા છોડી દીધી. (ભગવાન જીવાડે ત્યાં સુધી જીવીશું.) અને મધમાખી પાસેથી ધનની વ્યર્થતા જાણી. (શિખ્યો) (૩૯). આ શિખવાને કારણે વાઘ વગેરે હિંસક પશુથી, રોગથી, શત્રુથી, રાજાથી, ચોરથી, માગણથી હું કદિ પણ ડરતો નથી. (૪૦). અંતરથી હંમેશા ઇચ્છારહિત રહું છું. પ્રારબ્ધવશ સામેથી જે આવી મળે તેમાં સંતોષ માનું છું. પ્રારબ્ધવશાત્ કોઇ વાર કશું ન મળે તો તેથી નારાજ પણ થતો નથી. (૪૧). જે છે તે બધું બરાબર જ છે (સારો સમય છે) એમ માનીને અંતરમાં ધીરજ રાખીને અજગરના જેમ હું લાંબો સમય હલન-ચલન કર્યા વગર (સ્થિર) પડ્યો રહું છું. (૪૨). થોડું મળે કે વધારે મળે, સ્વાદિષ્ટ અન્ન મળે કે ખરાબ અન્ન મળે, જે કંઇ મળે તે હું સંકોચ વિના ખાઇ લઉં છું અને લોકોની વચ્ચે (વસતિમાં) કે જંગલમાં નિશ્ચિંત થઇને રહું છું. (૪૩). કોઇ વાર લોકો આદર-માન સાથે જમાડે તો હર્ષ ન અનુભવું અને કોઇ વાર તિરસ્કારથી જમાડે તો શોક ન કરું. (૪૪). કોઇ વાર જમ્યા પછી પણ કોઇ ભાવપૂર્વક બોલાવે તો ભાવથી પાછો જમી લઉં અને એમાં નિયમનો બાધ નડવા દઉં નહિ. (૪૫). કોઇ વાર દિવસોના દિવસો (દિવસ રાતના) સુધી ખાવાનું ના મળ્યું હોય (કડાકા પડ્યા હોય) તો પણ અન્ન તરફ હું નજર સરખી ન કરું. (૪૬).

જેમ મધ ભેગી કરનારી મધમાખીને મારીને, તેનું મધ કોઇ લઇ લે છે તેમ મહેનત કરીને એકઠું કરેલું ધન પણ બીજા લોકો જ લઇ લેવાના છે, એ જાણીને હું વિરક્ત થયો. (૪૭). જ્યાંથી પણ જે મળે તે સ્વીકારવું એ દુઃખનું કારણ (મૂળ) છે અને એનો સંગ્રહ કરવો એ નાશનું કારણ છે એવું મધમાખી પાસેથી શીખીને હું કોઇ દિવસ સંગ્રહ કરતો નથી. (૪૮). પ્રારબ્ધયોગે ચામડાનું, ઝાડની છાલનું (વલ્કલ), રેશમી કે જરિયન જે કંઇ સારું કે ખરાબ વસ્ત્ર મળે તે ઓઢીને સુખમાં દિવસો પસાર કરી લઉં છું. તો વળી કોઇ વાર દિગંબર (નગ્ન) પણ રહું છું. બધી પરિસ્થિતિ એક સરખી માનીને હંમેશાં આનંદથી ફરું છું. (૪૯-૫૦). કોઇ વાર રાખોડામાં પડી રહું, તો કોઇ વાર પત્થર પર પણ પડી રહું. કોઇ વાર ગાલીચા પર ઠાઠથી (સૂઉં) તો વળી કોઇ વાર જમીન પર પણ સૂઇ રહું. (૫૧). કોઇ દિવસ લોકોની વચ્ચે ફરું તો કોઇ દિવસ જંગલમાં ફરું. અને કોઇ વાર તો વસતી અને જંગલ બન્ને છોડીને સ્મશાનમાં જઇને પડ્યો રહું. (૫૨). કોઇ વાર ચંદન લગાવી, માળા પહેરી સ્નાન-ધ્યાન કરું અને વસ્ત્રો તથા અલંકારોથી સજાવટ કરીને મોજથી ફર્યા કરું.(૫૩). કોઇ વાર ગાડીમાં, ઘોડા પર કે હાથી પર બેસીને ફરું, તો વળી કોઇ વાર દિગંબર થઇને, પગે ચાલીને આનંદથી ફરું છું. (૫૪). કોઇ વાર પંડિતની જેમ શાસ્ત્રચર્ચા કરું તો વળી કોઇ વાર મૂઢના જેવું વર્તન કરું અને પછી જે ગમ્મત થાય તે જોયા કરું. (૫૫). કોઇની નિંદા પણ ન કરું અને પ્રશંસા (સ્તુતિ) પણ ન કરું. હંમેશાં રાગ-દ્વેષ વગરનો થઇને રહું છું. (૫૬).

જેનામાં જેટલી બુદ્ધિ (ગત) હોય તે પ્રમાણે તે કરે છે. બધા લોકોની બુદ્ધિ જુદી જુદી હોય છે. તો પછી સ્તુતિ કે નિંદા હું શું કામ કરું? (૫૭)(૫). બધાંને મારા આત્મ સ્વરૂપ માનીને હું બધાંનું હંમેશાં અખંડ કલ્યાણ ઇચ્છું છું અને કોઇનું ક્યારે પણ અપમાન કરતો નથી. (૫૮). હું હંમેશાં બ્રહ્મના ધ્યાનમાં લીન (બ્રહ્મનિષ્ઠ) રહું છું, હું બ્રહ્મમાં અખંડ આસકત રહું છું, હું આત્મા બ્રહ્મ છું અને પરિણામે ક્યારે પણ માયા તોફાન કરતી નથી-(મને હેરાન કરતી નથી.) (૫૯). બ્રાહ્મણ હોય કે ચાંડાલ હોય, ગાય હોય કે કૂતરો હોય, મારે મન બધાં બ્રહ્મરૂપ જ છે અને તેથી બધાંને સરખા માનું છું. (ઉચ્ચ-નીચનો ભાવ રાખતો નથી.)(૬) (૬૦) મેં બધી વાસનાનો નાશ કર્યો (વાસના શૂન્ય) છે. હું એક અને અસંગ છું એમ વિચારીને હંમેશાં અંતર્મુખ રહીને સ્વસ્વરૂપમાં સ્થિત રહું છું. (૬૧). હું નિજાનંદમાં મસ્ત બનીને અખંડ (હંમેશાં) આનંદમાં ફર્યા કરું છું. હું બધી અવસ્થાથી પર છું. મને શોક કે દુઃખ કશું જ નથી. (૬૨). બહારના વિષયોની આસક્તિ

(બહિર્વૃત્તિ) છોડીને અંતર્મુખ થવાથી જ અવિદ્યાદિ બધા કલેશો મૂળમાંથી નાશ પામે છે અને કાયમી શાંતિ (અક્ષય શાંતિ) મળે છે. (૬૩). મિથ્યા શંકાને ચિત્તમાં હોમીને (દૂર કરીને), વિષયાત્મક મનમાં ચિત્તને વિલીન કરવું અને પછી મનને અહંકારમાં લીન કરી દેવું. પછી અહંકારને મહત્તત્ત્વમાં અને બુદ્ધિને માયામાં વિલીન કરી દેવી. (૬૪-૬૫). પછી છેવટે બધા કારણોના કારણ એવા સર્વાત્મામાં માયાને વિલીન કરવાથી માણસ મોક્ષ (નિર્વાણ)ને પામે છે. (૬૬). બધામાંથી મનને પાછું વાળી લઇને અંતર્નિષ્ઠ થવું. શાંત અને હંમેશાં ઇંદ્રિયોના ચંચળપણા વગરના થઇને એક અને અદ્વૈતનિષ્ઠ રહેવું. (૬૭). શુદ્ધ પરાત્મા એવો હું એક છું, અસંગ છું, એકદમ નિશ્ચલ (સ્થિર) છું, બ્રહ્મરૂપ છું, 'તે (સ:) હું (અહં) છું' એવો જ્ઞાન વિવેક સારી રીતે દૃઢ થતાં વ્યક્તિ તરત જ મુક્ત થાય છે અને એમાં જરા પણ વાર લાગતી નથી. તને આ બધું રહસ્ય (ભેદ) કહ્યું. હવે સાવધાનીપૂર્વક એકાંતમાં રહીને તું એનું હંમેશાં મનન કર. વાણી વિલાસ કરવાનું બંધ કરી દે. આ જ્ઞાન ખાસ કાચા પારા જેવું છે અને યોગ્ય અધિકારી સિવાય બીજાને પચતું (સમજાતું) નથી. (૬૮-૭૦).

આવું બોલીને એ દત્ત દિગંબર મૂંગા થઇ ગયા. (બોલવાનું બંધ કર્યું.) પ્રહ્લાદે પણ એમને અંતરમાં ઓળખી લીધા અને સદ્‌ભાવપૂર્વક વંદન કરીને પૂજન કર્યું અને તેમની આજ્ઞા (રજા) લઇને રાજ્યમાં આવવા નીકળ્યો. (૭૧-૭૨). રાજ્ય, સ્ત્રી અને પુત્ર વગેરેમાં આસકત થયા વિના (અલિપ્ત રહીને) તત્ત્વચિંતનમાં ડૂબ્યો રહીને પ્રારબ્ધવશાત્ આવી પડ્યું છે એમ માનીને તે રાજ્ય ચલાવતો હતો. (૭૩). લાંબા વખત સુધી પ્રારબ્ધ મુજબ રાજ્ય ભોગવીને આત્મનિષ્ઠ પ્રહ્લાદે સુપુત્રને રાજ્ય સોંપી દીધું અને બધામાંથી મુક્ત થયો. (૭૪). ગુરુના ઉપદેશ પ્રમાણે જગતમાં આનંદે એકલો (નિ:સંગી થઇને) ફરતો હતો. ગુરુની લીલાને ધન્ય છે. એ શિષ્યને પણ પોતાના સમાન જ કરે છે. (૭૫). દેવ-દાનવ પણ એના એ અકળ સ્વરૂપને ઓળખી શકતા નથી તો ત્યાં રાંક માનવીનું શું ગજું? ત્રિમૂર્તિ તો કલ્પનાતીત અને અનુપમ છે. (૭૬).

એક દિવસ માહુરગઢમાં છંદ શાસ્ત્રનો રચનાર પિંગલનાગ આવ્યો. (૭૭). ત્યાં કાળા આમળાના ઝાડ નીચે વ્રાત્ય (ઉપનયનાદિ સંસ્કાર વિનાના) વેષવાળા ભગવાન સુમધુર સ્વરે અને પ્રસન્ન મને વેદ ગાન કરી રહ્યા હતા. (૭૮). એ જોઇને પિંગલનાગ પૂછવા લાગ્યો કે હે જ્ઞાની ! આ આપનો નિંદાને પાત્ર એવો કયો આશ્રમ છે તે પ્રમાણ આપીને કહો.(૭૯). (કેડે) કૌપીન, (કાંધે) જનોઇ અને (હાથમાં) ખાખરાનો દંડ દેખાતા નથી એટલે તું બ્રહ્મચારી પણ જણાતો નથી અને બ્રાહ્મણનો પુત્ર હોય એવું પણ લાગતું નથી. (૮૦). બે તારનું જનોઇ (બ્રહ્મસૂત્ર) નથી, અગ્નિહોત્રાદિ નથી અને તારામાં મને ગૃહસ્થપણું પણ જણાતું નથી. (૮૧). વાનપ્રસ્થના શમ-દમ વગેરે જેવા સાધનો પણ તારામાં દેખાતા નથી. એટલે મને શંકા થાય છે કે આ નગ્ન (દિગંબર) વેષમાં તું કોણ છે? તું સંન્યાસી પણ જણાતો નથી કારણકે માથા ઉપર ભારે જટા દેખાય છે. અને અસભ્ય (ગ્રામ્ય) ભોગોમાં મસ્ત થઇને નગ્ન સ્ત્રી સાથે મોજમજા કરે છે. દારૂ પીને તારી આંખો લાલ છે. આ રસ્તો તને કોણે ઉપદેશ્યો? મને તરત બધું વિગતે કહે. (૮૨-૮૪). દત્ત (ભગવાન) બોલ્યા કે હે નાગ ! જરા ધીરજ રાખ અને હું કહું છું તે સાંભળ. તેં જે ચાર આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ્થાશ્રમ) ગણાવ્યા તેનાથી જુદો જ મારો આ આશ્રમ છે. (૮૫). ખરેખર મારો આ પાંચમો આશ્રમ સુંદર અને શ્રેષ્ઠ છે. શું એ વિશે તને ખબર નથી? બ્રહ્મને જાણનારાઓ (બ્રહ્મવિદ્) એને સૌથી વધુ પ્રિય ગણે છે. (૮૬). જે સમગ્ર વિશ્વને હંમેશાં અભેદ દૃષ્ટિથી (ભેદભાવ વગર) જુએ છે, જે હંમેશાં બધાંને આત્મરૂપ જુએ છે, જેના સંકલ્પ-વિકલ્પના ઉત્પાતો શાંત થઇ ગયા છે, જે રાગ દ્વેષથી પર છે અને જે સદા વૈરાગ્યવાળો છે, તેનો સાચે જ આ પાંચમો આશ્રમ છે જેને મુક્ત પુરુષો જાણે છે. (૮૭-૮૮).

આવાં વચનો સાંભળીને અંતરથી એ અવધૂતને ઓળખ્યા અને આ તો અનસૂયાના પુત્ર દત્ત છે એવું જાણીને નાગપુત્ર પિંગલ અંતરમાં ખૂબ જ ઉદાસ થયો અને દીન (રાંક) બનીને આંસુ ઉભરાતી આંખે પ્રાર્થના કરતા કહેવા લાગ્યો કે, હે દયાળુ પ્રભુ ! તું શુદ્ધ, નિરંજન (માયાના અંજન વગરનો), અને નિત્ય છે. તું પાપ અને પુણ્યથી પર છે. હું ઉદ્ધતાઇભરી વાણી બોલ્યો છું તો હે પ્રભુ (બાપ)! તું મને ક્ષમા (માફ) કર. (૮૯-૯૧). હે અવધૂત ! અભિમાનને કારણે મેં તારી અવગણના કરી અને તારો તિરસ્કાર (હડધૂત) કર્યો. એ મારી દુષ્ટતા જ હતી. તું મને માફ કરી દે. (૯૨). હે પ્રભુ ! તમે મને ઉપદેશ આપો જેથી મારું કલ્યાણ થાય. એવું બોલીને વારે વારે ચરણમાં વંદન કરવા લાગ્યો. (૯૩). એના પર પ્રેમથી કૃપા કરીને ભગવાને એને સદુપદેશ આપ્યો. એના ચિત્તનો નિરોધ થતાં જ ક્ષણવારમાં પિંગલ કૃતાર્થ થઇ ગયો, અને શાંત ચિત્તવાળો એ પ્રણામ કરીને પોતાના આશ્રમે ગયો. સાધ્યદેવોએ પૂછ્યું એટલે પ્રભુએ એમને બોધ કર્યો. (૯૪-૯૫).

શુદ્ધ અંત:કરણમાં સાત્ત્વિક ધીરજ રાખીને હંમેશા મનોદમન કરવું જોઇએ જેથી (અહંકાર અને ચિદાત્મા એક છે એવા દૃઢ અનુભવની અજ્ઞાનની ગ્રંથી) ગ્રંથી તૂટી જાય. (૯૬). શમ-દમ વગેરે (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) સાધનો દ્વારા ગ્રંથીનો નાશ થતાં મન હંમેશ માટે સ્વસ્વરૂપમાં સ્થિર થાય (શાંત થાય.) અને વૃત્તિનો નાશ થાય છે.⑦(૯૭). અભિમાન, નિંદા વગેરે, માન, અપમાન છોડી દઇને કામાદિ (કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર) શત્રુનો નાશ કરીને અદમ્યપણે રહેવું. (૯૮). મર્મતોડ (મર્મસ્થાનને ઇજા કરે) બોલવું નહિ. બીજા આવાં વચન બોલે તો તે સહન કરવાં. અને દ્વંદ્વ (ઠંડી-ગરમી, સુખ-દુ:ખ, હર્ષ-શોક એવાં જોડકાં)ને સહન કરીને આનંદમાં (અખિન્ન) રહેવું. (૯૯)⑦. જેમ વસ્ત્ર રંગથી રંગાય છે તેમ જેવો સંગ થાય તેવી અસર થાય છે (રંગ લાગે છે. સોબત તેવી અસર.) માટે કોઇનો સંગ કરવો નહિ (એકલા જ રહેવું) અથવા સારા માણસનો સંગ કરવો. (૧૦૦). કોઇ આપણી નિંદા કરે તો તે સહન કરી લેવી, પરંતુ આપણે કોઇ દિવસ કોઇની નિંદા કરવી નહિ અને સ્વાત્મભાવમાં હંમેશાં રહીને, પ્રારબ્ધવશાત્ જે આવી મળે તે તટસ્થભાવે સહી લેવું. (૧૦૧). સાચું બોલવું, પ્રિય બોલવું, ખપ પૂરતું (જરૂરી હોય એટલું) બોલવું, ધર્માનુસાર અને હિતકારક બોલવું. બીજાના દોષો (છિદ્રો) જોવા નહિ અને કોઇના દોષો વિષે બોલવું નહિ. (૧૦૨). બીજાનું મૃત્યુ થાય-એવું કે ખરાબ થાય એવું ઇચ્છવું નહિ. હંમેશાં સજ્જનોની સાથે રહેવું. નાદાન અને દુર્જનનો સંગ કરવો નહિ. (૧૦૩). પ્રાણ જાય તો પણ આપેલા વચનનો ભંગ કરવો નહિ. (વચનનું પાલન કરવું.) વિષયભોગની વાતો કરવી નહિ, કારણકે એનાથી મન પર ખરાબ સંસ્કાર પડે છે. (૧૦૪). બધા પ્રકારનું દુરાચરણ મૂકી સદાચરણ કરવું અને હર્ષ તેમજ શોક છોડી થઇને હંમેશા પ્રસન્ન મનથી રહેવું. (૧૦૫). બ્રહ્મ જ સત્ય છે, અને બાકીનું બીજું બધું ક્ષણભંગુર અને મિથ્યા માનીને, ચિંતાની પરવા કર્યા વિના (ચિંતા બાંધી ચાકડે) અંતરમાં નિશ્ચિંત થઇને રહેવું. (૧૦૬). આ સાંભળીને સાધ્યદેવો સંતુષ્ટ થઇને, વંદન કરીને ગયા. તે દિવસથી કીર્તિ ફેલાઇ અને લોકોના ટોળે ટોળાં રાજી થઇને આવવા લાગ્યા. (૧૦૭).

દત્ત દયાઘન દુષ્ટોને શિક્ષા કરે છે અને ભક્તોનું રક્ષણ કરે છે એવી લોકોમાં પ્રસિદ્ધિ થઇ. વળી તેઓ યોગ, જ્ઞાન અને વૈરાગ્યનો અપૂર્વ ઉપદેશ આપે છે. એ સાંભળીને મુનિઓનું વૃંદ શોધતું શોધતું આવી પહોંચ્યું. (૧૦૮-૧૦૯). આ બધા પીછો (કેડો) છોડે એવા નથી અને આ લોકો એક ક્ષણ માટે પણ ખસે એવા નથી. સંગ જ બધા દુ:ખનું મૂળ છે. એવો વિચાર દત્તપ્રભુ કરવા લાગ્યા. (૧૧૦). એમની શ્રદ્ધા ચકાસવા માટે લાવ એમની પરીક્ષા કરું. દત્ત ભગવાને

મનમાં એવો વિચાર કરીને ઊંડા તળાવમાં જઇને ડૂબકી મારી અને સો વરસ સુધી માથું બહાર કાઢ્યું નહિ (અંદર ડૂબી રહ્યા.) એટલે મુનિઓ કંટાળ્યા. કેટલાક બીકના માર્યા નાસી ગયા. તો પણ કેટલાક તો ત્યાં બેસી જ રહ્યા. એ જાણીને એમને ચલાયમાન કરવા (ચગાવવા) દત્ત પ્રભુએ અયોગ્ય રમત શરૂ કરી. નવયૌવનાની સાક્ષાત્ મૂર્તિ સ્વરૂપ પોતાની શક્તિને સાથે લઇને તળાવના કિનારે દત્તપ્રભુ નગ્ન સ્વરૂપે આવ્યા, અને પોતાના ખોળામાં આનંદપૂર્વક એ સ્ત્રીને નગ્ન સ્વરૂપે બેસાડીને ચુંબન કરવા લાગ્યાં. (૧૧૧-૧૧૫). મતવાલાં નયનવાળી એ સ્ત્રી વાજિંત્ર વગાડીને મધુર કંઠથી ગાવા લાગી અને દત્ત પ્રભુને આલિંગન આપવા લાગી. (ભેટવા લાગી.) (૧૧૬). એને પાન ખવડાવીને પ્રભુ એનું એઠું પાન ખાતા હતા અને પાછા પોતાના ખાધેલા પાનમાંથી એઠું પાન એ સ્ત્રીને આપતા હતા. આ જોઇને જે વધ્યા-ઘટ્યા બેઠા હતા તે પણ જતા રહ્યા. તેજસ્વી પુરુષ (સમર્થ)ને દોષ લાગતો નથી એવું માનીને જે કોઇ શિષ્ય શ્રદ્ધાથી ટકી રહ્યા તે શોક વગરના થયા. (તરી ગયા.) (સમરથકો નહિ દોષ ગુંસાઇ-તુલસીકૃત રામાયણ.) (૧૧૭-૧૧૮). એ જે બેસી રહ્યા તેને અદ્વૈત જ્ઞાનના અમૃતનું પાન કરાવ્યું અને બધી માયા સંકેલી લીધી. મુનિજનો આનંદિત થઇ ગયા. (૧૧૯).

ધર્મથી વિરૂદ્ધ એવું વર્તન ઈશ્વર કરે તો ભલે કરે. આવા સમર્થને અગ્નિની જેમ દોષ લાગતો નથી. (૧૨૦). જો કોઇ મૂઢ, સામર્થ્ય અને ઐશ્વર્ય વગર, આનું અનુકરણ (નકલ) કરવા જાય અને મોહવશ વર્તન કરે તો તે મરણ પામે છે.© (૧૨૧). ઈશ્વર કર્મથી પર છે એટલે એને વિધિ નિષેધ (આમ થાય અને તેમ ન થાય એવું બંધન) નડતો નથી અને એને લીધે એ ધર્મવિરૂદ્ધનું વર્તન કરે છે એવું જણાય તો પણ એને દોષ લાગતો નથી. પરંતુ મૂઢ એવું કરે તો એને કર્મ છોડતું નથી. (એણે એનું ફળ ભોગવવું પડે છે). (૧૨૨). જે હળાહળ ઝેરના સ્પર્શમાત્રથી પામર મૃત્યુ પામે છે તે હળાહળ ઝેરને શંકર ક્ષણવારમાં ગટગટાવી (પી) જાય છે. આ બેની સરખામણી કેવી રીતે થાય? (૧૨૩). ઈશ્વર પોતે બ્રહ્મનિષ્ઠ છે, ત્રણે ગુણોથી પર છે. ધર્મ અને અધર્મથી પણ પર છે. સદાકાળ નિર્દોષ છે, વાયુની જેમ નિર્લેપ છે અને જેનામાંથી જ વેદો જન્મ્યા છે (શ્રુતિતાત છે.) એ સર્વવંદ્ય છે. (બધાના વંદનને યોગ્ય છે.) એમનું જોઇને એમના જેવું કરવા જનાર મૂઢ માણસ કમોત મરે છે. (૧૨૪-૧૨૫). આવા અવતારી પુરુષો કરે તેવું કરવું નહિ પણ એ કહે તેમ કરવું. વર્તન અને ઉપદેશ વચ્ચે મેળ બેસાડીને એ પ્રમાણે ભક્તે વર્તવું જોઇએ. (૧૨૬). કોઇપણ દિવસ જ્ઞાની અને અજ્ઞાની બંને સરખા હોઇ શકે જ નહિ. જ્ઞાની ભલે ગમે તેવા વેષમાં, ગમે તેવો દેખાતો હોય છતાં એને મૂઢ મનાય નહિ. (૧૨૭). જ્ઞાની પુરુષ એ સાક્ષાત્ પરબ્રહ્મ છે, એની સાબિતિ (પ્રમાણ) વેદ (શ્રુતિ)ના અનુભવો છે. મૂરખ હોય તે ભલે તર્ક-કુતર્ક કરે, પરંતુ આ વાત તદ્દન સાચી છે એ નિશ્ચિત છે. (૧૨૮). પ્રભુનું અયોગ્ય વર્તન જોઇને જે જતા રહ્યા તે બધા આખરે પસ્તાયા. પરંતુ એ અર્જુનને ધન્ય છે કે બધાં કષ્ટો સહન કરીને અને શ્રદ્ધા રાખીને એ ત્યાં ટકી રહ્યો તો એ યોગના જ્ઞાનના અમૃતપાનથી આગળ ઉપર કૃતાર્થ થયો. એ કેવી રીતે કૃતાર્થ થયો એની રસમય કથા હવે પછી દયાળુ અલખજી કહેશે જે શ્રદ્ધાપૂર્વક સાંભળતા રંગ કહે છે કે મોત (કાળ) પણ નડશે નહિ. (૧૨૯-૧૩૧). પ્રહ્લાદ (પિંગળ, સાધ્યદેવો) વગેરેને પ્રભુએ કેવી રીતે તાર્યા (કૃતાર્થ કર્યા) એનું યથાર્થ (જેમ હતું તેમ) વર્ણન આ અધ્યાયમાં કર્યું છે. (૧૩૨).

શ્રી દત્તાપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પ્રહ્લાદઉપદેશ'** નામનો **નવમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૯

(૧) પ્રહ્લાદને ભગવાનનાં દર્શન થયાં છે, ભગવાને એને ખોળામાં લીધો હતો. આમ છતાં આત્મજ્ઞાન થયું ન હોવાથી એને **કાયમી** (અક્ષય) શાંતિ મળતી નથી. મન કોઇ વાર ચિંતામાં હોય, કોઇ વાર આનંદમાં હોય પરંતુ હંમેશાં આનંદમાં નથી રહેતું. જો ભગવાનનાં દર્શન કર્યા હોય તેવા ભકતની આ સ્થિતિ, તો આપણી સ્થિતિ કેવી?

(૨) વ્યક્તિની આંખો એના વિશે ઘણું બધું કહી જાય છે. આંખ નિર્મલ, નિશ્ચલ અને સ્થિર એમને એમ નથી રાખી શકાતી. **'નામ રસાયણ જે જન સેવે, નેણ વેણ પલટાય'** એવું પૂ.શ્રીએ ભજનમાં કહ્યું છે તે આનું સૂચક છે. **'મન એ રાજા છે અને આંખ એનો દિવાન છે. દિવાનની હલચલ ઉપરથી રાજા શું કરે છે તે કહી શકાય.'**
"મન મહિપકે આચરન, દગ્ દિવાન કહ દેત."

(૩) આત્મા પ્રકાશ સ્વરૂપ છે. એના પ્રકાશને ઢાંકી દેનાર અવિદ્યાદિ, કલેશ વગેરે જે અવરોધો છે તેને દૂર કરવાના છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોતું નથી, અજ્ઞાનને દૂર કરવાનું હોય છે. સ્વચ્છ પાણી તો તળાવમાં છે જ પણ એના ઉપરની શેવાળ ખસેડવાની છે. તેથી માયાથી ઢંકાયેલા આત્માને પામવા માયા ખસેડવાની છે. (અ.૯. દો. ૨૮, ૩૦, વગેરે.)

(૪) દોહરા- ૩૫ સાથે ૩૨ પણ વાંચવો. આત્મા સુખ સ્વરૂપ છે. સુખ વિષયોમાં નથી જ. વિષયમાંથી સુખ મળતું જ નથી છતાં કોઇ વાર મળે છે એવું માણસ માને તો પણ એ સુખ ક્ષણ પૂરતું છે અને પરતંત્ર છે. જ્યારે સ્વાત્માનું સુખ સ્વાધીન છે. એટલે સાચો સંત આત્મક્રીડ, આત્મરત, આપ્તકામ હોય છે.

(૫) આ દોહરો સમજાય અને જીવાય તો મોટાભાગના પ્રશ્નો હલ થઇ જાય. ભગવાને જેને જેવી બુદ્ધિ, જેટલી હોશિયારી આપી હોય તે પ્રમાણે જ તે વર્તશે. એમાં એનો શો વાંક ? (આપણે બધા બાંધેલી speed (ગતિ)વાળી ગાડી છીએ.) લોકોમાં જુદી જુદી મતિ છે એટલે વર્તન પણ જુદું જ રહેશે. આમાં કોનાં વખાણ કરવા કે કોની નિંદા કરવી ?

(૬) વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ |
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા: સમદર્શિન: || (ગીતા અ.૫ /શ્લોક.૧૮)

પંડિતો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરી, ચાંડાલ બધા પ્રત્યે **સમદ્દિથી જુએ છે. તેઓ એક સરખું વર્તન કરતા નથી.** (પંડિતા સમદર્શિના:, સમવર્તિના: નહિ.)

(૭) મનુષ્યના શરીરમાં મૂલાધારમાં બ્રહ્મગ્રન્થિ છે, નાભિમાં વિષ્ણુગ્રંથી છે અને ભ્રૂમધ્યમાં (બે ભમરની વચ્ચે) આજ્ઞાચક્રમાં રુદ્રગ્રંથી છે. આ ત્રણ ગ્રંથી ભેદાઇ જાય એટલે મન વૃત્તિશૂન્ય થઇ જાય છે. અને ઉન્મની અવસ્થામાં સ્વસ્વરૂપમાં સ્થિત થવાથી શાંત થઇ જાય છે.

(૮) બીજાના મર્મ સ્થાનને દુ:ખ આપે એવું બોલવું નહિ, આવાં વચન કોઇ આપણને કહે તો તે સહન કરી લેવા. આનું શું કારણ? બીજાનું મન દુ:ભાય એવું બોલવાથી પરમ સંવાદિતામાં ખલેલ પડે છે. એના હૃદયમાં બેઠેલા દેવ નારાજ થાય છે અને એનું ફળ આવું બોલનારે ભોગવવું પડે છે અને એ ભોગવે ત્યારે જ પરમ સંવાદિતા પાછી સમતલ થાય છે. **"કડવા મીઠા સબકા સૂનના મુખ અમૃત બરસાના"** એવું પૂ.શ્રીએ એટલે જ ભજનમાં ગાયું છે.

(૯) દેવપુરુષ-સમર્થ વ્યક્તિ કહે તે કરવાનું, કરે તે નહિ કરવાનું. ભગવાન શંકર પાર્વતીને ખોળામાં બેસાડે એ જોઇને સંસારીએ એવું કરવાનું નથી. કારણકે ભગવાન શંકર તો હળાહળ ઝેર પણ પી જાય છે. જો મૂઢ માણસ મહાન માણસનું જોઇને કરવા જાય તો મરી જાય.

અધ્યાય : ૧૦

આ અધ્યાયનું નામ **'કાર્તવીર્યાર્જુનજન્મકથન'** છે. અને એમાં **૧૧૫ દોહરા** છે.

આ અધ્યાયમાં કૃતવીર્યના પુત્ર અર્જુન (કાર્તવીર્ય)ની જન્મકથાનું વર્ણન છે. કૃતવીર્ય નિ:પુત્ર હતો તેથી સંતાન માટે બૃહસ્પતિના જણાવ્યા પ્રમાણે ભાસ્કરનું વ્રત કેવી રીતે કર્યું અને મૈત્રેયીના જણાવ્યા મુજબ તેની પત્ની શીલધરાએ અનંતવ્રત કેવી રીતે કર્યું તેનું વર્ણન છે. (૧-૫૫). આ વ્રતોના પ્રભાવથી રાણી ગર્ભવતી થઇ અને એને પુત્ર પ્રાપ્ત થયો તેનું વર્ણન છે. (૫૬-૭૬). પિતાનું મૃત્યુ થતાં એને રાજગાદી પર બેસવાનું આવતાં એણે ના કહી અને એની સમસ્યાનો ઉકેલ દર્શાવતાં ગર્ગમુનિએ તેને સહ્યાદ્રિ પર દત્ત પ્રભુ પાસે યોગાભ્યાસ માટે જવાનું કહ્યું તેનું વર્ણન છે. (૭૭-૧૦૨). આગળના અધ્યાયની વિષય વસ્તુનો ઉલ્લેખ કરતાં જંભ દૈત્ય સામે દેવોનું દત્તપ્રભુએ કેવી રીતે રક્ષણ કર્યું તેનો સંકેત છે. (૧૦૩-૧૧૪).

ભગવાન ગણપતિ, મા શારદા અને ગુણોના ભંડાર રૂપ સદ્‌ગુરુને પ્રણામ કરીને **રંગ** ગુરુ કહે છે કે હે સંતો ! હવે સાવધાન (ટટ્ટાર) થાઓ. (૧)①. શિષ્ય નિરંજન બોલ્યો કે હે દયાળુ અલખ ગુરુ ! આપને ધન્ય છે. આપે જ્ઞાનરૂપી અમૃતની વર્ષા કરીને મને (આ બાળને) કૃતકૃત્ય કરી દીધો છે. (૨). બુદ્ધિથી ન સમજાય એવી પ્રભુની લીલા ખરેખર ધન્ય છે. ત્યાં શ્રદ્ધાથી ટકી રહેનારો અર્જુન કોણ હતો તે મને કહો. એને ધન્ય છે કે એ પ્રભુના અયોગ્ય વર્તનથી ભોળવાયો નહિ અને શ્રદ્ધાથી ત્યાં ટકી રહ્યો. એ કેવી રીતે કૃતાર્થ થયો તે બધું મને કૃપા કરીને કહો. (૩-૪).

આવું બોલીને વંદન કર્યાં એટલે તરત જ અલખજી બોલ્યા કે, તું હવે ધ્યાન આપીને સાંભળ. આ અલખ ગુરુદેવને ધન્ય હો. (એમનો જય હો.) (૫). સત્યયુગમાં ચંદ્રવંશના હૈહયકુળમાં કૃતવીર્ય નામે એક પ્રખ્યાત રાજા થઇ ગયો. (૬)②. એ રાજા પરાક્રમમાં ઇંદ્રના જેવો હતો. એ ચક્રવર્તી, શત્રુને જીતનારો, પરમ ધાર્મિક અને સો પુત્રવાળો હતો. (૭). નસીબજોગે ચ્યવનઋષિના શાપને લીધે એના બધા પુત્રો મૃત્યુ પામ્યા. તેથી રાજા દુ:ખી દુ:ખી થઇ ગયો. એનું શરીર પણ જર્જર (ક્ષીણ) થઇ ગયું. (૮). આ શોકથી ઉદાસ રહેતા રાજાનું મન રાજ્ય કરવામાં ચોંટતું ન હતું. એવામાં એક દિવસ ઓચિંતા (એકાએક) ગુરુ બૃહસ્પતિ આવી પહોંચ્યા. (૯). ઉદાસીથી વિંટળાયેલા ચિત્તવાળા રાજાએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે, અરેરે ! હું હવે શું કરું? હું પુત્ર વિનાનો પાપી છું. (૧૦). સદ્‌નસીબે આજે આપનાં ચરણનાં દર્શન થયાં એટલે હવે મારું દુ:ખ ટળશે. ગુરુદેવ બોલ્યા કે તું સ્વસ્થ થા. હે રાજા ! તું ચિંતા ન કર. (૧૧). હું તને એકદમ સુલભ ઉપાય બતાવીશ જેનાથી બધા પાપો બળી જશે અને તારા વંશનો વિસ્તાર થશે. માટે તું બીજો કોઇ વિચાર કરીશ નહિ. (૧૨). આ ખરેખર સંતતિ વધારનારું (આપનારું) વ્રત છે અને એ ઉત્તમ પુત્ર આપનારું છે. તારી જગતમાં બધે કીર્તિ થશે. અને આલોકમાં તેમજ પરલોકમાં તને સુખ આપશે. (૧૩).

આ વ્રતપ્રભાવથી જન્મથી જ વંધ્યા (વાંઝણી) હોય, અથવા પુત્ર થઇને મરી જતા હોય અને તેથી વંધ્યા બની હોય અથવા એક સંતાન થઇને મરી ગયા પછી બીજીવાર ગર્ભવતી બની જ ન હોય એવી સ્ત્રી સારા પુત્રવાળી

થશે. (૧૪). જેનો ગર્ભ હંમેશા પંડી જતો હોય (કસુવાવડ થયા કરતી હોય.), ગર્ભ વધતો ન હોય, સમય પહેલા પ્રસૂતિ થઇ જતી હોય અથવા મરેલાં જોડીયાં બાળક જન્મતાં હોય અથવા જન્મતાની સાથે જ બાળક મરી જતું હોય અને જડ જેવું થઇ જતું હોય અથવા બાળપણમાં મરી જતું હોય અથવા ગાંડું થતું હોય, અથવા ભૂત, ગ્રહ કે રોગથી પીડાતું હોય અને એવી પીડા પ્રાણઘાતક નીવડતી હોય તો એ બધા દોષોને ભાસ્કર (સૂર્ય)નું વ્રત દૂર કરે છે. (૧૫-૧૭). જે રવિવારના રોજ સાતમ હોય, અને ચંદ્ર અનુકૂળ હોય તે દિવસે ગ્રહશુદ્ધિ જોઇને વ્રતનો આરંભ કરવો. (૧૮). વ્રત કરવાનો સંકલ્પ મૂકીને પુણ્યાહવાચન કરવું અને પછી નાંદીશ્રાદ્ધ કર્યા બાદ આચાર્યની પસંદગી (વરણી) કરવી. (૧૯). આચાર્યએ ગ્રહશુદ્ધિ કરીને અગ્નિનું સ્થાપન કરવું અને ત્યાર પછી ઇશાન દિશામાં યથાવિધિ કલશનું સ્થાપન કરવું. (૨૦). એ કલશ ઉપર સૂર્ય, શંકર (રુદ્ર) અને સપ્ત માતૃકા (માતા)ની સોનાની મૂર્તિઓનું સ્થાપન કરવું. પછી એનું પૂજન કરી ઉત્તર દિશામાં શાંતિ માટે સાત કલશનું વિધિ અનુસાર યોગ્ય સ્થાને સ્થાપન કરી સારા હેતુનું ચિંતન કરવું. (૨૧-૨૨). આ સાતે કળશને જળથી ભરીને એમાં માટી, રત્નો, વનસ્પતિના પાન, વગેરે મંત્રોચ્ચાર દ્વારા પધરાવી એનું પૂર્વમાં, પશ્ચિમમાં અને મધ્યમાં તથા ચતુષ્કોણમાં યથાવિધિ સ્થાપન કરી યથાશાસ્ત્રોક્ત વિધિથી સ્તવન પૂજન કરવું. (૨૩-૨૪). ત્યાર પછી શાંતિસૂક્તનો પાઠ કરીને વેદીમાં અગ્નિ લાવવો. અને મંત્રશાસ્ત્ર પ્રમાણે વિધિ અનુસાર હવન કરવો. (૨૫). પછી દરેકને સમિધ, તલ, જવ (યવ) અને દૂધમાં રાંધેલા ચોખા(પાયસ)ની વિધિસર સત્વરે ૧૦૮ આહુતિ આપવી. (૨૬). ત્યાર પછી બલિદાન વગેરેની બાકીની વિધિ યથાવિધિ પૂરી કરી, આનંદથી પૂર્ણાહુતિ કરવી. (૨૭). જેના સંતાનો જીવિત હોય એવી સૌભાગ્યવતી વૃદ્ધ બ્રાહ્મણ સ્ત્રીને બોલાવી, એનું પૂજન કરી, એનું મોં ઉત્તર દિશામાં રહે એ રીતે ઊભી રાખી, જળ અને પાંદડા (પલ્લવ) સાથેનો તેને કળશ આપી, પ્રસન્ન મનથી તેની પાસે અભિષેક કરાવવો. (૨૮-૨૯). આમનો પુત્ર જીવજો, દીર્ઘ આયુષ્યવાળો થજો, અને સૂર્ય તેમજ ગ્રહમંડળ એની રક્ષા કરજો. વળી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇંદ્ર, લોકપાળ (યમરાજ) અને દેવ દેવીઓના સમૂહ આનું રાત દિવસ રક્ષણ કરો. મંગળ (બાલગ્રહ એટલે મંગળનો ગ્રહ.-મંગળ એ પૃથ્વીનું બાળક છે.), અગ્નિ, શનિ, ભૂત-પ્રેત, પિશાચ એને કોઇ દિવસ ત્રાસ ન આપે અને એને કદિ પણ તકલીફ ન થાય. આવા શુભ આશીર્વાદ સાથે અભિષેક પૂરો થાય એટલે આચાર્યને (અભિષેકને લીધે થયેલા) ભીનાં વસ્ત્રો આપી દેવાં અને આચાર્યને, બ્રાહ્મણોને અને સૌભાગ્યવતી સ્ત્રીને શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી. (૩૦-૩૪). પછી આચાર્યનું પૂજન કરીને એને ગાયનું દાન આપવું. તલથી ભરેલા પાત્રમાં કાલમૂર્તિ પધરાવીને, તેનું પૂજન કરીને, બ્રાહ્મણને અર્પણ કરી, બ્રાહ્મણોને તેમની ઇચ્છા મુજબનું દૂધપાકનું ભોજન પ્રેમથી કરાવવું. અને ભોજન દક્ષિણા આપી તેમના આશીર્વાદ લેવા. આ બધું યથા સાંગ સંપૂર્ણ થતાં દુર્ભાગ્યનું (અરિષ્ટનું) નિવારણ થશે. (૩૫-૩૭). બ્રાહ્મણોએ આનો પુત્ર દીર્ઘાયુ થજો, એના સો વર્ષ સુખેથી જજો, એના બધા પાપો અને દુ:ખો વડવાનલના મુખમાં તરત પડજો (સમુદ્રમાં વહી જજો), બ્રહ્મા, વિષ્ણુ, શંકર, કાર્તિકેય (સ્કંદ), ઇંદ્ર (શક), વાયુ અને અગ્નિ આની હંમેશાં દુષ્ટોથી રક્ષા કરી એના પાપાનો નાશ કરો, એવું બોલીને આશીર્વચન આપવા અને યજમાને સંતોષથી કરેલું કર્મ ઇશ્વરને અર્પણ કરી, કુટુંબ સાથે બેસીને વધ્યું હોય તે ભોજન લેવું. (બધાને જમાડ્યા પછી જમવું.) સૂર્યની કૃપા થતાં પાપોનો સમૂહ બળી જશે. (૩૮-૪૧). હે રાજા ! આ વ્રતનો ખરેખર આવો ચોક્કસ પ્રભાવ છે. એનાથી તને સુપુત્ર થશે અને તારી ચોગરદમ કીર્તિ ફેલાશે. તું એ વિષે શંકા (અનુમાન) કરીશ નહિ. (૪૨). ગુરુનાં એવાં વચનો સાંભળીને રાજા ખૂબ રાજી થયો. ગુરુદેવનું પૂજન કરીને એણે કહ્યા મુજબ વ્રત કરવાનું શરૂ કર્યું. (૪૩).

એક દિવસ રાજાના મહેલમાં મૈત્રેયી (યાજ્ઞવલ્ક્યની પત્ની) આવ્યાં. રાણીએ એમને પ્રણામ કરી તરત પોતાના દુ:ખની વાત કહી સંભળાવી.③ (૪૪). મૈત્રેયીએ કહ્યું કે, હે રાણી ! તું અનંતવ્રત કર જેથી તને વીર અને જગપ્રસિદ્ધ એવો પુત્ર થશે. (૪૫). માગસર સુદ પૂનમના રોજ (દત્તાજયંતી) વ્રતની શરૂઆત કરી, એ વર્ષની દરેક પૂનમે અનંત ભગવાનનું પૂજન કરવું. (૪૬). વિધિવત્ વ્રતાચરણ શરૂ કરતાં પહેલા સ્વસ્તિ વાચન કરાવવું. વ્રતના દિવસે સાયંકાળે (પ્રદોષ સમયે) પૂજન કરી હવિષ્ય (યજ્ઞમાં હોમી શકાય એવું ધાન્ય) અન્નનું ભોજન કરવું. (૪૭). એક વર્ષ સુધી શ્રદ્ધાપૂર્વક અનંત વ્રત કરવાથી એ સર્વેશ્વર પ્રભુ પ્રસન્ન (તુષ્ટ) થશે અને તને સુપુત્ર આપશે. (૪૮). વર્ષ પૂરું થતાં ઉધાપન વિધિ (વ્રત પૂરું થયાની વિધિ) કરવી. અને યથાશક્તિ (શક્તિ મુજબ) બ્રાહ્મણોને ભોજન કરાવવું, ગાયનું દાન કરવું અને એમને બાર કુંભ (બાર બ્રાહ્મણોને એક એક) આપવા. આ રીતે આનંદપૂર્વક વ્રતાચરણ કરવાથી પાપો શમી જશે અને તને ચક્રવર્તી, અલૌકિક (લોકોત્તર), ગુણવાન, સંયમી, યશસ્વી, સન્માનીય, ચિરંજીવી, દાની, શત્રુનું દમન કરનારો અને ઉદાર સ્વભાવનો પુત્ર જન્મશે. (૪૯-૫૧). આ સાંભળીને શીલધરા રાણીએ મૈત્રેયીને પ્રણામ કર્યા. પછી એ બ્રહ્મવાદિની મૈત્રેયી પોતાના આશ્રમમાં ગઇ. (૫૨). રાણીએ રાજાને વાત કરી અને પછી વ્રતાચરણ શરૂ કર્યું. બ્રહ્મચર્ય પાલન, ભૂમિશયન, કામ-ક્રોધ વગેરે (મદ, મોહ, મત્સર, લોભ વગેરે)નો ત્યાગ, મૌન ધારણ અને હવિષ્યાન્નનું ભોજન એક વર્ષ સુધી કર્યું. (૫૩-૫૪). દત્તાભકત (દત્તોપાસક) એ રાણી (સતી)એ વ્રતમાં શ્રદ્ધા રાખીને વિધિસર અને નિયમ મુજબ વ્રત પૂરું કર્યું. (૫૫).

એ વ્રતના પ્રભાવથી દત્ત પ્રભુ પ્રસન્ન થયા અને સ્વપ્નમાં દર્શન આપીને હસીને કહેવા લાગ્યા કે હે રાણી ! તને ધન્ય છે. તેં આ ખૂબ જ વિકટ વ્રત શ્રદ્ધાપૂર્વક કર્યું છે તો તેનું સત્ફળ તને મળશે. (૫૬-૫૭)④. સાતે દ્વિપનો સ્વામી અને જ્યાં ઇચ્છે ત્યાં જઇ શકે (ગમન કરી શકે), તથા યાદ કરતાંની સાથે જ હાજર થાય એવો મારા જેવો તને યોગીપુત્ર થશે. આવું કહીને દત્ત દિગંબર અવધૂત તરત જ અંતર્ધાન થયા. એ સ્વપ્ન પૂરું થતાં જ રાણી જાગી ગઇ. (૫૮-૫૯). તેજના અંબાર (રાશિ-પુંજ) સમાન સ્વરૂપનું મનમાં ધ્યાન ધરીને રાણીએ આનંદપૂર્વક રાજાને (જગાડી) સ્વપ્નની વાત કરી. (૬૦). જાણીને રાજા અંતરમાં પ્રસન્ન થયો. રાણી ગર્ભવતી બની. જ્ઞાનની ઉર્મિઓ થતી હતી, દર્ભ જોઇને પ્રસન્ન થતી હતી, પદ્માસનવાળીને આનંદથી લાંબા સમય સુધી ધ્યાનમાં બેસતી હતી. આ બધા ગર્ભવતીના લક્ષણો (ઇચ્છા) યોગીપુત્ર થશે એના સ્પષ્ટ સં કેતો આપતા હતા. (૬૧-૬૨). રાજાએ યોગ્ય સમયે ગર્ભાધાન સંસ્કારો કર્યા. પાંચ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા ત્યારે મધ્યરાત્રીએ રાણીએ પુત્રને જન્મ આપ્યો. (૬૩). મધ્યરાત્રી હોવા છતાં દશે દિશા પ્રસન્ન થઇ ઊઠી. જમણી બાજુએ અગ્નિની જવાલા આનંદથી જવા લાગી. (૬૪). સ્વચ્છ આકાશમાં મંદમંદ પવન વહેવા લાગ્યો અને પુત્ર જન્મતાંની સાથે જ આખું બ્રહ્માંડ પ્રસન્ન થઇ ઊઠયું. (૬૫). દેવો દુંદુભી (નગારું) વગાડવા લાગ્યા અને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. અપ્સરા અભિનયપૂર્વક નૃત્ય કરવા લાગી. અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. (૬૬). નાના બાળકના મુખના તેજથી દીવા ઝાંખા પડયા અને કુળદીપકને જોઇને નક્ષત્રો (શરમના માર્યા) સંતાઇ ગયા. (૬૭). લોકોના મન ધર્મ તરફ વળ્યાં, સંતો પ્રસન્ન થયા અને સિદ્ધો તથા જ્ઞાની (સૂરિ) જનોએ 'હે વત્સ ! તું દીર્ઘાયુ થા' એવા આશીર્વાદ આપ્યા. (૬૮). રાજાએ જ્યોતિષીઓને બોલાવીને જાતક (જન્માક્ષર, જન્મકુંડળી તૈયાર કરવી) કર્મ કર્યું. યાચકોને ગાય, જમીન, ધન, વસ્ત્રો વગેરે આપીને રાજી રાજી (રાજીના રેડ) કરી દીધાં. (૬૯). જ્યોતિષીઓએ લગ્ન સાધીને કહ્યું કે હે રાજા ! તું સાંભળ. તારો આ ભાગ્યશાળી પુત્ર આગળ જતાં દત્તાભકત થશે અને તપના પ્રભાવને કારણે દત્તાનો કૃપાપાત્ર થશે, સપ્તદ્વીપનો

સ્વામી (માલિક) થશે અને સમગ્ર વિશ્વમાં એ પ્રખ્યાત થશે. (એની નામના થશે.) (૭૦-૭૧). એના નામનું સ્મરણ કરવાથી ખોવાયેલી વસ્તુ પાછી મળશે અને સ્મરણ કરતાંની સાથે જ દર્શન આપીને આપ્તજનોને (સગા સંબંધીને) કૃતાર્થ (કૃતકૃત્ય) કરશે. (૭૨). અનંતવ્રતના પ્રભાવથી એ દત્ત સમાન થશે અને ચક્રવર્તી રાજા થઇને પંચાશી હજાર વર્ષ રાજ્ય કરશે. (૭૩). સૂર્યવ્રત પ્રભાવે (વ્રત ભાસ્કર) એ એક લાખ વર્ષનું નીરોગી આયુષ્ય ભોગવશે. બધા એને વિજેતા તરીકે સ્વીકારે એવો, ઇંદ્રિય ઉપર જીત મેળવનારો અને યોગ સાધનારો થશે. (૭૪). આ વચનો સાંભળીને રાજાએ જ્યોતિષીઓનું પૂજન કર્યું અને સોળમે દિવસે પુત્રનું 'અર્જુન' (ઋજુતાવાળો-કોમળ) એવું નામ પાડ્યું. (૭૫). સમય થતાં રાજાએ ઠાઠમાઠથી એને યજ્ઞોપવિત આપ્યું અને વિદ્યાભ્યાસ કરાવીને બધી રીતે તૈયાર કરી દીધો. (૭૬).

સમય જતાં રાજાનું મૃત્યુ થયું અને નગરજનોએ અને પ્રધાનોએ અર્જુનને પરંપરાગત રાજ્ય સંભાળવાનું કહ્યું. (રાજ્યાસન પર બેસવાનું કહ્યું.) (૭૭). અર્જુન બોલ્યો કે અંતે નરકમાં લઇ જાય એવું આ રાજ્યાસન (રાજ ચલાવવાનું) મને નથી ગમતું. મારું ભલે મૃત્યુ થાય પરંતુ હું ન્યાયાસન (રાજ્યાસન-રાજા ન્યાય કરે તેથી ન્યાયાસન) પર તો નહિ જ બેસું. (૭૮). શાસ્ત્રમાં જણાવ્યા મુજબ જે રાજા જમીનમાંથી થતી ઉપજનો છઠ્ઠો ભાગ અને વેપારનો બારમો ભાગ લીધા પછી પ્રજાનું ચોર વગેરેથી સારી રીતે રક્ષણ નથી કરતો તે રાજા અંતે નરકમાં જાય છે, એમ શાસ્ત્ર કહે છે. (૭૯-૮૦). સમર્થ હોવા છતાં જો એ (રાજા) અધર્મ ન નિવારે (દૂર ન કરે) અને અન્યાયપૂર્વક ધનનો સંગ્રહ કરે તો એ રાજાનું કદી પણ કલ્યાણ થતું નથી. (૮૧). જે રાજનીતિનો ત્યાગ કરીને, ક્રોધ અને લોભથી નિર્દોષ અને નિરપરાધીને શિક્ષા કરે છે અને અપરાધીને છોડી દે છે તેનું ક્યારે પણ કલ્યાણ થતું નથી. તમે કદાચ એવું પણ કહો કે તારે આ બધું નહિ કરવું. પરંતુ પારકાના ઉપર આધાર રાખતાં આ બધું યોગ્ય રીતે કેવી રીતે થાય? અને હું એકલો તો બધે કેવી રીતે પહોંચી વળું? મને એનું સત્ફળ કેવી રીતે મળે? (૮૨-૮૪). રાજાના નોકરો-સેવકો જે કંઇ પાપ કરે છે તેનો ચોથો ભાગ રાજાના માથા પર અજાણતાં આવી પડે છે. (૮૫).

એ સાંભળીને ગર્ગમુનિએ કહ્યું કે, હે અર્જુન ! તને ધન્ય છે. તારું કહેવું તદ્દન યોગ્ય છે અને શાસ્ત્રાનુસાર તેમજ સ્વાનુભવપૂર્ણ છે. (૮૬). ધરતી (ભૂમિ) એ ગાય છે અને પ્રજા એ એનું વાછરડું છે. વાછરડું મરી જાય તો પછી ગાય દૂધ આપતી નથી. આ પ્રજા એ રાજાને મન પ્રાણ સમાન છે. (૮૭). જો પ્રજાને કડકમાં કડક શિક્ષા કર્યા કરવામાં આવે તો તે બળવો કરે અને કહેલું ના માને અને જો હળવો દંડ કરે તો તે માથે ચઢી બેસે. એટલે યોગ્ય શિક્ષા તો થવી જ જોઇએ. (યોગ્ય શિક્ષા આવકાર્ય છે. વધુ કે ઓછી શિક્ષા પ્રશ્નો ઊભા કરે છે.) (૮૮). જો તને બીજા પર ભરોસો (વિશ્વાસ) ન હોય તો તું યોગાભ્યાસ કર, જેથી તારે ક્યારે પણ બીજાની આશાએ ન રહેવું પડે. (૮૯). યોગના પ્રભાવથી તું અનેક શરીર ધારણ કરીને બધાનો સાક્ષી બનીને (લોકો શું કરે છે તે તારી જાતે જોઇ શકશે.) તું નિર્ભય બનીને નીતિથી રાજ્ય કર. આને માટે તું નિજાનંદમાં મસ્ત, અને ત્રિગુણાતીત અવસ્થામાં રહેતાં સહ્યાદ્રિ પર વસતા યોગિરાજ દત્તપ્રભુને શરણે નિરભિમાની થઇને જા અને તેનો હાથ પકડ. (તેનું શરણું સ્વીકાર.) (૯૦-૯૨). જેનું નામ-સ્મરણ કરવાથી સંસાર સાગર તરત જ સૂકાઇ જાય છે, એ આસક્તિ રહિત અને નિદ્રા વિનાના (એ દત્તપ્રભુનું) મુનિજનો હંમેશાં ધ્યાન ધરે છે. (૯૩). એ (વિશ્વના સાક્ષી) પ્રભુ યોગબળથી ભક્તોનું રક્ષણ કરે છે, દુષ્ટોને શિક્ષા કરે છે. (૯૪). એની હંમેશાં સમાન દૃષ્ટિ છે અને એમાં જરા પણ વિષમતા આવતી જ નથી. એવા જે સદા માટે કલેશ વિનાના છે એમાં નિર્દયપણું કેવી રીતે હોઇ શકે? (૯૫). કદાચ મા બાળકને કોઇવાર મારે અને બીજો કોઇ બાળકને લાડ લડાવે તો પણ 'મા' ને કોણ નિર્દય કહેશે? દત્તપ્રભુ તો અપાર કરુણાવાળા છે. (૯૬). મનમાં શંકા કર્યા વગર ભાવપૂર્વક અવધૂતને ભજ (સેવ) અને જે

અત્રિના પુત્ર છે તેનું પ્રેમથી આરાધન કર. (૯૭). દુર્બુદ્ધિવાળાને આ અઘરું સાધન પસંદ પડતું નથી. અને જે દુરાચરણમાં રચ્યો પચ્યો (રત) રહે છે તે એની પાસે એક ક્ષણ પણ જઇ શકતો નથી. (૯૮). ખરાબ બુદ્ધિવાળા માટે જે દૂર છે તે ભકત માટે હંમેશાં પાસે હોય છે. અભિમાન મૂકીને તેની પાસે તું ઝટપટ દોડી જા. (૯૯). સ્મરણ કરતાંની વારમાં જ એ ભકતને દર્શન આપીને તારી દે છે. એ સ્મર્તૃગામી અહીં બધે વ્યાપેલો છે. એના વિના એક કણ પણ ખાલી નથી. (૧૦૦). માયાધ્યક્ષ (માયાપતિ) થઇને એ સઘળી સૃષ્ટિની રચના કરે છે અને એ બધે વ્યાપેલો દેવ (વિભુ) સૃષ્ટિનું પાલન કરે છે અને સંહાર કરે છે. ખરેખર તો એ તટસ્થ જ છે. (૧૦૧). એ દત્ત દિગંબર ત્રિમૂર્તિ દેવ ભાવનાનો ભૂખ્યો છે અને ભકતોનાં યોગ અને ક્ષેમ વહન કરે છે. (૧૦૨).

જંભ રાક્ષસથી ત્રાસ પામીને જ્યારે ઇંદ્ર એમના શરણે ગયો ત્યારે દેવોને આશ્વાસન આપીને એણે દૈત્યનો નાશ કરાવ્યો. (૧૦૩). હે અર્જુન ! તું એના શરણે જા અને એની ભાવથી સેવા કર. સેવાથી સંતોષ થતાં એ તારા પર પ્રસન્ન થશે. (૧૦૪). એના વરદાનથી તું તારી ઇચ્છા મુજબ બધે ફરીને સપ્તદ્વીપનું ન્યાયપૂર્વક પાલન કરી શકીશ. (૧૦૫). યોગના ઐશ્વર્યવાળા દત્તપ્રભુ તને વિવિધ પ્રકારની શકિત આપીને, તેમજ ધીરજ (ધૃતિ) અને સદ્બુદ્ધિ આપીને તને કૃતાર્થ કરશે અને અંતે મુકિત આપશે. માટે તું શંકા કર્યા વગર એમનાં ચરણમાં તન-મન ન્યોછાવર કરીને નિશ્ચયપૂર્વક એમની સેવા કર. (૧૦૬-૧૦૭). આ સાંભળીને અર્જુને પ્રેમથી પ્રણામ કર્યા અને બોલ્યો કે હે દેવ ! તમે બધું જાણો છો (સુજાણ) તો મને એ બધી વાત કરો. (૧૦૮). જંભ કોણ હતો? શા કારણે બધા દેવો હેરાન પરેશાન થયા? કેવી રીતે દૈત્યને મારીને પ્રભુએ આફતનું નિવારણ કર્યું? (૧૦૯). વળી દેવોને કેવી રીતે દર્શન થયાં? ઇંદ્રએ કેવી રીતે સેવા કરી અને પ્રભુનું મન કેવી રીતે પ્રસન્ન કર્યું એ બધું મને વિસ્તારથી કહો. (૧૧૦). એ જાણીને હું પણ એમની આરાધના કરી, ભાવથી અવધૂતને પ્રસન્ન કરી કૃતાર્થ થાઉં. (૧૧૧). અર્જુનના વચન સાંભળીને ગર્ગને સંતોષ થયો અને પછી જે બોલ્યા તે હે આનંદિત સંતો તમે સાંભળો. (૧૧૨). આગળ ઉપર (હવે પછી) જ્ઞાનામૃતનો વર્ષાવ થશે અને સજ્જનો એનું પાન કરીને હરખઘેલા થઇ જશે અને એમનો જન્મ મરણનો ફેરો (જન્મનો તાવ) ટળી જશે. (૧૧૩). આ અધ્યાયમાં અર્જુનના જન્મની કથા અને રવિસપ્તમીના વ્રતનું વર્ણન કર્યું છે. (૧૧૪). મેં આ જ્ઞાનની પરબ માંડી છે. સદ્ભાગી માણસ એનું પાન કરે છે. રંગગુરુ કહે છે કે ગુરુની કૃપા થતાં જ વ્યકિતે તે જ ક્ષણે મુકત થઇ જાય છે. (૧૧૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કાર્તવીર્યાર્જુનજન્મકથન'** નામનો **દસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૦

(૧) પ્રથમ અધ્યાયમાં ભગવાન ગણપતિ, શારદા અને સદ્ગુરુનું સ્મરણ કર્યા પછી અધ્યાય દસમાં પુન:સ્મરણ કર્યું છે. આવું જ સ્મરણ ઉપાસનાકાંડમાં અધ્યાય- ૧૦૬માં છે.

વંદુ ગણપતિ શારદા સદ્ગુરુ યતિવર એહ,
યત્સ્મરણે ક્ષણ ના રહે વિઘ્ન, ભ્રમ, સંદેહ.
(શ્રીગુરુલીલામૃત- અધ્યાય. ૧૦૬/દો. ૧)

(૨) સત્યયુગમાં ચંદ્રવંશમાં, હૈહય કુળમાં કૃતવીર્ય નામે રાજા હતો. એક વાર ભગવાન વિષ્ણુને મળવા માટે ઇન્દ્રરાજા તેમના ઉચ્ચૈશ્રવા નામના ઘોડા ઉપર બેસીને વૈકુંઠમાં ગયા. વિષ્ણુ ભગવાને તેમનું સ્વાગત કર્યું પણ લક્ષ્મીજીએ તો ફક્ત ઘોડા સામે જ જોયા કર્યું . લક્ષ્મીજી ઇન્દ્ર સાથે બોલ્યાં નહિ કે એમનું આદર પૂર્વક સ્વાગત પણ કર્યું નહિ. અને ઇંદ્રરાજાએ વંદન કર્યું તો તેનો પ્રતિભાવ પણ આપ્યો નહિ. આ કારણથી વિષ્ણુ ભગવાન ક્રોધાયમાન થયા અને લક્ષ્મીજીને શાપ આપ્યો કે તું ઘોડાને જોયા કરે છે તો તું ઘોડી થઇ જા. લક્ષ્મીજીને પોતાના વર્તન બદલ પસ્તાવો થયો. તેમણે સમજાવ્યું કે સમુદ્ર મંથન વખતે મારી સાથે જ આ ઘોડો પણ ઉત્પન્ન થયો હતો. (ચૌદ રત્નોમાં લક્ષ્મીજી અને ઉચ્ચૈશ્રવા પણ ગણાય છે.) એ દૃષ્ટિથી એ મારો સહોદર (ભાઇ) ગણાય. આથી હું એને જોતી હતી. ભગવાને કહ્યું કે શાપ આપી દીધો એટલે એમાં કોઇ ફેરફાર નહિ થાય. તમે ગંગા કિનારે જાવ અને ત્યાં ઘોડી થાવ. ઇંદ્રને પણ ક્ષોભ થયો. લક્ષ્મી અને ઇંદ્ર બન્નેએ સ્તુતિ કરી શાપનું નિવારણ પૂછ્યું. ભગવાને કહ્યું કે લક્ષ્મીજીને દીકરો થશે ત્યારે તેઓ ઘોડીમાંથી લક્ષ્મીજી થશે. હવે જલદીથી ગંગા કિનારે જાવ. લક્ષ્મીજી ગયાં અને ગંગા કિનારે ઘોડી સ્વરૂપે રહેવાં લાગ્યાં. અને વિચારવા લાગ્યાં કે પુત્ર કેવી રીતે થાય? એ મૂંઝાયા અને વિમાસણમાં પડ્યાં. ભોળાનાથ સિવાય આ દુ:ખ કોણ દૂર કરી શકે? એટલે ભોળાનાથનું સ્મરણ કરવા લાગ્યાં. ઇંદ્રને પણ દુ:ખ થયું. તેણે વિચાર્યું કે આનું નિવારણ ભોળાનાથ જ કરી શકે, બીજાનું કામ નહિ. તે કૈલાસ પર ગયા અને ભોળાનાથની સ્તુતિ કરી અને બધી વાત જણાવીને આનો કંઇ ઉપાય કરવા જણાવ્યું. ભોળાનાથે કહ્યું કે લક્ષ્મીજી પણ મારું સ્મરણ કરે છે તે હું જાણું છું. હું અને વિષ્ણુ તત્ત્વત: એક જ છીએ. આથી લક્ષ્મીજીના પાતિવ્રત્યનો પણ ભંગ થાય નહિ એવો રસ્તો કાઢું છું.

ભગવાન શંકર વૈકુંઠમાં ગયા. ત્યાં ભગવાન વિષ્ણુ પણ બેચેન હતાં. બન્નેએ ગોઠડી કરી. અને શંકર ભગવાને કહ્યું કે તમે જો ઘોડા થાવ તો જ લક્ષ્મીજીને પુત્ર થશે. આ સાંભળીને વિષ્ણુ ભગવાન ઘોડા થયા અને ગંગા કિનારે ગયા. પછી સમયાંતરે લક્ષ્મીજીને પુત્ર (મનુષ્ય) થયો. પુત્ર થતાં જ લક્ષ્મીજી મૂળ સ્વરૂપમાં આવી ગયાં. પરંતુ હવે આ દીકરાનું શું કરવું? વિષ્ણુ ભગવાને કહ્યું કે, એક રાજા સંતતિ માટે વર્ષોથી તપ કરે છે. તો તેના ખોળામાં આ પુત્ર મૂકી આવું. અને ભગવાન તે પુત્ર તપ કરતા રાજાના ખોળામાં મૂકી આવ્યા. જ્યારે રાજા તપમાંથી જાગ્રત થયા ત્યારે ખોળામાં પુત્ર જોયો. એને ખૂબ આનંદ થયો. આ લક્ષ્મીજી-વિષ્ણુજીના પુત્રનો વંશ હૈહયકુળ તરીકે પ્રસિદ્ધ થયો. (હય એટલે ઘોડો.) આ કુળમાં કૃતવીર્યનો જન્મ થયો અને એનો પુત્ર અર્જુન કાર્તવીર્ય તરીકે પ્રસિદ્ધ થયો. દશરથનો પુત્ર રામ તે દાશરથી, અત્રિનો પુત્ર તે આત્રેય તેમ કૃતવીર્યનો પુત્ર તે કાર્તવીર્ય.

(૩) દુ:ખની વાત ગમે ત્યાં અને ગમે તેને કરવી નહિ. સંત હોય, સમર્થ હોય તેની સમક્ષ દુ:ખની વાત કરવાથી તે દુ:ખ દૂર કરવાનો ઉપાય બતાવે અને મદદરૂપ પણ બને. માણસનું પુણ્ય ફળે ત્યારે દુ:ખના દિવસમાં સંત સામેથી આવીને મળે. દેવોના ગુરુ બૃહસ્પતિ (દોહરા- ૯) અને મૈત્રેયી (દોહરા- ૪૪) સામે ચાલીને આવ્યા એ કંઇ સારું થવાનું છે એનું સૂચક છે.

(૪) સ્વપ્નનું પણ વિજ્ઞાન છે. એટલે સ્વપ્નમાં ભગવાનનાં દર્શન થાય અને જાગી જવાય તો પછી પાછું સૂઇ જવું નહિ, પરંતુ હાથ-પગ ધોઇને સૂર્યોદય થાય ત્યાં સુધી પ્રભુના નામનું સ્મરણ કરવું. ખરાબ સ્વપ્નું આવે અને જાગી જવાય તો તરત જ સૂઇ જવું.

●

અધ્યાય : ૧૧

આ અધ્યાયનું નામ **'જંભપરાજયકથનં'** છે. એમાં ૧૪૮ દોહરા છે.

આ અધ્યાયમાં જંભનામના રાક્ષસ (દૈત્ય)ની કથા છે. જંભે પોતાના બાહુબળે સ્વર્ગ પર કેવી રીતે પ્રભુત્વ જમાવ્યું અને ઇન્દ્ર વગેરેને નસાડી મૂક્યા એનું વર્ણન છે. (૧-૧૪). નિરાશ થયેલા દેવો ગુરુ બૃહસ્પતિ પાસે આવ્યા અને વાત કરી એટલે એમણે સહ્યાદ્રિ પર વસતા દત્ત પ્રભુને પ્રસન્ન કરવાનું કહ્યું જેથી એમનું કામ થઇ જાય. (૧૫-૨૨). ઇંદ્ર અને દેવો દત્ત પ્રભુ પાસે ગયા ત્યારે ભગવાને એમની કસોટી કરી અને એમને ચકાસ્યા. છેવટે એમની શ્રદ્ધા જોઇને પ્રસન્ન થઇને જંભને પોતાની પાસે લાવવા કહ્યું. (૨૩-૫૪). દેવોએ દત્ત પ્રભુના કહ્યા મુજબ ફરી યુદ્ધ શરૂ કર્યું અને દૈત્યોના હુમલાથી ભાગ્યા હોય એવો દેખાવ કરી એમને દત્ત પ્રભુ પાસે લાવ્યા. (૫૫-૫૮). દત્ત પ્રભુએ એમની અતકર્ય લીલાથી જંભનો એના લશ્કર સાથે દેવોના હાથે નાશ કરાવ્યો એટલે દેવો પોતાના ધામમાં ગયા. (૫૯-૯૩). ગર્ગના મોંઢે આ કથા સાંભળીને અર્જુન પણ દત્ત પ્રભુ પાસે જવા નીકળ્યો અને પરીક્ષામાંથી પસાર થઇને દત્ત પ્રભુને પ્રસન્ન કર્યા એનું વર્ણન છે. (૯૪-૧૪૮).

રંગ ગુરુ બોલ્યા કે ગર્ગમુનિએ જે રસ સભર વચનો કહ્યાં તે વચનો દયાળુ અલખજી નિરંજનને સંભળાવે છે એ વાત તમે સાંભળો. (૧).

ગર્ગ બોલ્યા કે હે અર્જુન ! જંભ નામે એક મહાન રાક્ષસ હતો. આખી પૃથ્વી જીતી લઇને મહા ભયંકર (રાક્ષસ) સ્વર્ગમાં આવ્યો.[1](૨). દૂતને દેવ પાસે મોકલીને કહેવડાવ્યું કે સ્વર્ગનું રાજ્ય મને સોંપી દો, નહિતર મહાયુદ્ધ થશે એ જાણી લો.(૩). દેવોએ આ વાત દેવેન્દ્ર (ઇંદ્ર)ને કરી. દૈત્યનો નાશ કરવા માટે ઇંદ્ર તૈયાર થયો અને સૈન્ય લઇને યુદ્ધ કરવા આવ્યો. (૪). મહાભયંકર યુદ્ધ થયું. દેવોએ રાક્ષસ (જંભ)ના લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. અચૂક બાણોથી બધાને વીંધી નાંખીને લોહીની નીકો વહેવડાવી. (૫). બધા રાક્ષસો ત્રાસી ગયા અને ભાગી છૂટયા. આ જોઇને જંભાસુર પોતે આગળ આવ્યો. (૬). શસ્ત્ર (હાથમાં રાખીને મારવાના હથિયારો-તલવાર, ગદા વગેરે) અને અસ્ત્ર (ફેંકવાના હથિયારો-ભાલો, તીર, ચક્ર)થી દેવોને જર્જર (ઢીલા ઢસ, ક્ષીણ) કરી નાંખ્યા અને એ ભયંકર રાક્ષસો જય હો ! જય હો ! શબ્દની ગર્જના કરવા લાગ્યા. (૭). દેવો અંતરમાં ગભરાયા. દૈત્યો જરા પણ પાછા હઠતા ન હતા. છેવટે દેવો નિરાશ થઇ (થાકી) ગયા એટલે ઇંદ્ર વિચારવા લાગ્યો. (૮). ઐરાવત હાથી (ઇંદ્રના સાત સૂંઢવાળા હાથીનું નામ) પર બેસીને ઇંદ્રએ ક્રોધથી વજ્ર (ઇંદ્રનું શસ્ત્ર)નો પ્રહાર કર્યો અને રાક્ષસોનું નિકંદન (નાશ) કાઢી નાંખીને હાહાકાર વર્તાવી દીધો. (૯). અસંખ્ય મસ્તકો કાપી નાંખ્યા, અનેક દેહોને જમીન પર પાડ્યા (અનેક લોકોને મારી નાંખ્યા), અગણિત રાક્ષસોના હાથ-પગ તોડી નાંખ્યા અને ઘાયલોનો તો પાર ન હતો. (હિસાબ નથી.) (૧૦). જંભને બેભાન કરી દીધો અને પછી ઇંદ્રએ ક્ષણવાર નિરાંતનો શ્વાસ લીધો, ત્યાં તો રાક્ષસ (જંભ) પાછો ઊઠ્યો અને શસ્ત્રનો વરસાદ (હેલી) વરસાવવા લાગ્યો. (૧૧). દૈત્યનાં શસ્ત્રનો મારો ગજબનો હતો. ઇન્દ્ર પણ નાસીપાસ થઇ ગયો. વિજયી રાક્ષસો સિંહના જેવી ગર્જના કરવા લાગ્યા અને ઘવાયેલા

(ભગ્ન) દેવો નાસી ગયા. (૧૨). રાક્ષસો સાથે તરત જ અમરાવતીમાં જઇને જંભ ઇંદ્રાસન પર બેસી ઇન્દ્રના અધિકાર અને ઇન્દ્રના યજ્ઞનો ભાગ પણ ભોગવવા લાગ્યો. (૧૩). દેવોને સ્વર્ગમાંથી હાંકી કાઢ્યા એટલે દેવો બિચારા-બાપડા થઇ ગયા અને દુ:ખી (ઉદાસ) થઇને મેરુ પર્વતની ગુફામાં જઇને છૂપાઇ ગયા. (૧૪). હતાશ થયેલા એ બધા (દેવો) ગુરુ બૃહસ્પતિની પાસે આવ્યા અને દુ:ખાતુર થઇને કહેવા લાગ્યા કે હે ગુરુજી ! હવે જીતવાની કોઇ આશા રહી નથી. (૧૫).

દાનવોને જીતવા મુશ્કેલ છે અને જંભને મૃત્યુ પમાડવો (અભેદ્ય) મુશ્કેલ છે. હવે અમારું આગળ ઉપર શું થશે? હે ગુરુ ! અમારી લાજ રાખો. (૧૬). એ બધાને આશ્વાસન આપતાં બૃહસ્પતિ બોલ્યા કે, હે ઇન્દ્ર ! આ બધો પ્રારબ્ધનો ખેલ છે. જે કાંઇ બન્યું કે બનવાનું છે તે સાંભળ. (૧૭). તમે ખોટી ચિંતા શું કામ કરો છો? તમે બધા એક કામ કરો. સહ્યાદ્રિ પર અત્રિ અનસૂયાના પુત્ર દત્ત દિગંબર વસે છે એને શરણે જાવ. એ તપોનિષ્ઠ અને શ્રેષ્ઠ એવા ત્રિમૂર્તિનો અવતાર ભક્તોના ઉદ્ધાર માટે જ થયો છે. એની ઇચ્છાને આધિન રહીને તમે બધા એની શરીરથી સેવા કરો. (૧૮-૨૦). એ અવધૂત પ્રસન્ન થતાં જ તમારું કામ થઇ જશે, માટે હે દેવો ! તમે અત્યારે જ સહ્યાદ્રિ પર જાવ. (૨૧). સદ્‌ગુરુના વચન સાંભળીને, એમને પ્રણામ કરીને, બધા દેવો સહ્યાચલ પર આવ્યા અને શ્રદ્ધાપૂર્વક (દત્તને) પ્રણામ કર્યા. (૨૨).

ઢીંચણ સુધીના લાંબા હાથવાળા (આજાનુકર), વિશાળ આંખોવાળા, દિશારૂપી વસ્ત્રવાળા (નગ્ન), બધા અંગોથી સુશોભિત, પ્રફુલ્લિત દિવ્ય મુખકમળવાળા, શંખના જેવી ત્રણ રેખાથી યુકત કંઠવાળા, દર્શનમાત્રથી જ પ્રારબ્ધ બદલી નાંખે એવા દત્તપ્રભુ આશ્રમમાં બેઠા હતા. (૨૩-૨૪). નગ્ન અવસ્થાવાળા (દત્તપભુ) નગ્ન એવી સુંદર સ્ત્રી સાથે, કલ્પનામાં પણ ન આવે એવી, ક્રીડા કરે છે. એ સુંદરીને ખોળામાં બેસાડી ચુંબન કરે છે અને પ્રેમથી હાથ દબાવે છે. (૨૫). એ (સુંદર સ્ત્રી)ને પાપ વગરની કહીને બોલાવીને વિચિત્ર લીલા કરે છે. મધપાનમાં ચકચૂર એવા નિષ્પાપ (દત્ત) ઉન્મત્ત જેવું વર્તન કરે છે. (૨૬). આવું રૂપ જોઇને દૂર રહીને ઇન્દ્રએ દેવો સહિત વંદન કર્યાં. પરંતુ દત્તે તો ક્ષણવાર પણ ન જોયું. (૨૭). દત્તપ્રભુ ઊઠે એટલે એની સાથે બધા દેવો પણ ઊઠે. અને દત્તપ્રભુ ચાલવા માંડે તો દેવોનો સમૂહ પણ એમની પાછળ પાછળ ચાલવા માંડે. ભગવાન બેસે તો દેવો પણ બેસી જાય. અને ઊભા રહે તો પ્રભુ સાથે ઊભા રહે. બંને હાથ જોડીને વારેવારે પ્રણામ કર્યા કરે છે. (૨૮-૨૯). આમ છતાં એ અવધૂત (દત્ત) એમના તરફ નજર સરખી પણ કરતા નથી કે કોઇ પ્રશ્ન પણ પૂછતાં નથી. આ પરિસ્થિતિવશ પવિત્ર દેવો પણ દુ:ખી (ઉદાસ) થઇ ગયા. (૩૦). પોતાની જાત પર ફિટકાર વરસાવતા (ધિક્કારતા) દેવો (અંદર અંદર) કહેવા લાગ્યા કે, જ્યાં આપણું નસીબ જ વાંકુ (ફૂટેલું) હોય ત્યાં ભગવાન પણ શું કરે? (૩૧). નથી આપણે કંઇ તપશ્ચર્યા કરી કે નથી આપણો સુદૃઢ ભાવ ! (એટલે જ) આ દયાની મૂર્તિ એવા દત્તપ્રભુ આપણી ઉપેક્ષા (અવગણના) કરે છે.② (૩૨). એ ભક્તોનું પાલન કરનાર છે, ગોવિંદ છે, દીનજનોનો નાથ (બેલી) છે એવું તો વેદો પણ કહે છે. એનું અનન્ય ભાવથી શરણ લેતાં કયું કાર્ય સફળ ના થાય? (૩૩). માટે આપણે બધા એવો (દૃઢ) નિશ્ચય કરો કે મૃત્યુ આવે તો ભલે આવે પણ અહીંથી (આ સ્થાનમાંથી) ખસવું નથી. આવું કરીશું તો એ આપણને નહિ ભૂલે. (૩૪). હૃદયમાં આવો (દૃઢ) નિશ્ચય કરીને તમામ દેવો ત્યાં રહ્યા. એમનો સુદૃઢ (અડગ) ભાવ જોઇને અંતર્યામી (દત્ત) પ્રસન્ન થયા. (૩૫).

બધું જાણતા હોવા છતાં દત્ત ભગવાને એક દિવસ પૂછ્યું કે, હે દેવો ! સ્વર્ગ છોડીને અહીં કેમ આવ્યા છો? મોં કેમ ઉદાસ છે? (૩૬). અંતરમાં શી ઇચ્છા છે? કયા કારણે સેવા કરો છો? આ સાંભળીને, વંદન કરીને દેવો લાચાર (દીન) બનીને બોલ્યા કે હે પ્રભુ ! તમારાથી શું છાનું (ગુપ્ત) છે? તું સર્વજ્ઞ છે અને બધું જાણે જ છે. જંભ અતિશય

માત્યો છે. (ઉદ્ધત થયો છે.) અને અમને અતિશય હેરાન કરે છે. (૩૭-૩૮). સ્વર્ગ જીતી લીધું અને યજ્ઞના ભોગ પણ છીનવી લીધાં. અધિકાર વગરના અમે બધા દેવો બકરૂં બીએ એ રીતે ડરીને ફરીએ (જીવીએ) છીએ. (૩૯). બધી રીતે રાક્ષસો અભેદ્ય બન્યા છે. (કોઇ રીતે મારી શકાય એમ નથી) અમારું કોઇ જોર ચાલે એમ નથી. હે વિભુ ! તારા વિના બીજું કોઇ ઉગારે એમ નથી. હે કૃપાસાગર ! હવે અમને બચાવ. (૪૦). હે પ્રભુ ! અમે તારા ભકતો છીએ. અમને આપના નોકર, દાસ જાણો. અમારા શરણાગતનું રક્ષણ કરીને તું અમારી આબરૂ બચાવ. (૪૧). હવે વિના વિલંબે રાક્ષસનો વધ કરીને, દેવોને સંકટમાંથી મુકત કરો. આવી વારે વારે યુક્તિપૂર્વક વિનંતી કરીને વંદન કરવા લાગ્યા. (૪૨). દત્તાપ્રભુએ ત્યાં મોં મલકાવીને (મરક મરક હસતાં) ગંભીર વચનો કહ્યાં. હે દેવો ! ખરેખર તમે મોટી ભૂલ કરી છે. તમે બુદ્ધિમાન થઇને કેમ મૂઢ બન્યા છો? (૪૩). હું તો સ્ત્રીનું એઠું-જુઠું ખાઇને અને એનું પીતા વધેલું (ઉચ્છિષ્ટ) પીને સાવ ભ્રષ્ટ થયો છું. મારામાં જરા પણ શકિત રહી નથી. (૪૪). હું મધ (દારુ)માં એવો આસકત છું કે હું મારી જાતને જ વશમાં રાખી શકતો નથી. મારી પોતાની આવી ખરાબ હાલત છે. હું બીજાનું શું ભલું કરી શકવાનો છું? માટે તમે તમારા ધામમાં તરત જ પાછા જાવ. (૪૫). સ્ત્રીના સંગથી પડતી છે અને સ્ત્રી સાથે ભોગ ભોગવવાથી દુ:ખ, દુ:ખ ને દુ:ખ જ છે. નસીબ જોગે હું એમાં સપડાયો છું. કોઇ ફૂંક મારે તો એ ફૂંક લાગતાં મરી જઉં એવી હાલત છે. (૪૬). જેને ધર્મ-અધર્મનું જ્ઞાન નથી અને જે પાપ પુણ્ય જાણતો નથી એવાથી શું મદદ થઇ શકે? તમે બીજાની મદદ માગો. (૪૭). દત્તાનાં આ વચન સાંભળી દેવોએ પ્રણામ કરીને કહ્યું કે, હે ભગવાન ! તમારા આ વચનો સત્ય અને યોગ્ય જ છે. (૪૮). માયાએ ઉત્પન્ન કરેલા આ બધા પદાર્થો એઠાં (ઉચ્છિષ્ઠ) જ છે. અને એનાથી બધા જ જીવો ભ્રષ્ટ થયેલા છે. તું તો અસંગ છે. (૪૯). આ જીવ પ્રમાદરૂપી મધમાં આસકત થયો છે. તું અવધૂત તો જ્ઞાનનો દીવો છે. અને તું તો કેવળ અખંડ શિવરૂપ છે. (૫૦). તારી આ શકિત નિષ્પાપ (અનઘા) છે એ નિશ્ચિત વાત છે. એનાથી તું અનઘ અભિન્ન છે. એમાં શું સંદેહ રાખવાનો? (અઘ=પાપ, અનઘ=પાપ વગરનો) (૫૧). વિપ્ર (બ્રાહ્મણ) અને અંત્યજ (એક અસ્પૃશ્ય વર્ણ) ઉપર પડવા છતાં સૂર્યનો પ્રકાશ જેમ અપવિત્ર થતો નથી તે જ રીતે તને આ પાપ પુણ્ય સ્પર્શી શકતાં નથી અને એ જ રીતે શકિતથી પણ તું અલિપ્ત જ છે. (૫૨). દત્તાપ્રભુ બોલ્યા કે તમે આ જે કહ્યું તે તમે ખરેખર હૃદયથી માનતા હોવ તો, હવે આ સત્ય જ્ઞાન થવાથી તમારું દુ:ખ ચોકકસપણે જશે. (૫૩). તમે હવે જાઓ અને યુદ્ધ કરીને દૈત્યોને આ બાજુ લઇ આવો. એમનું જોર (તાકાત) ક્ષણવારમાં હરી લઇને એમને યમરાજના ધામમાં પહોંચાડી દઉં. (૫૪). દત્તાપ્રભુના આવા વચન સાંભળીને દેવો અંતરમાં હરખાયા અને સદ્‌ભાવપૂર્વક પ્રભુને વંદન કરીને સ્વર્ગભુવનમાં ગયા. (૫૫).

એમને જોઇને રાક્ષસો દોડ્યાં અને ભયંકર યુદ્ધ (સંગ્રામ) થયું. દૈત્યોએ ક્રોધથી મારો ચલાવ્યો એટલે દેવો નાસવા લાગ્યા. (૫૬). આગળ દેવો દોડે છે અને એમની પાછળ દૈત્યો દોડે છે. એમ દોડતાં દોડતાં બંને ત્યાં દત્તાશ્રમમાં આવ્યા. (૫૭). ભયભીત થયેલા બધા દેવો દત્તાપ્રભુની પાછળ ભરાયા. (સંતાયા.) એમની પાછળ દૈત્યો પણ આવવા લાગ્યા. ત્યાં જ એમણે દૂરથી ગીત સાંભળ્યું. (૫૮).

આ ગીત સાંભળતાં જ અર્ધમુગ્ધ થઇ ગયા. અને જયાં આશ્રમમાં આવીને જોયું તો દત્તાના ખોળામાં કોયલના જેવા કંઠવાળી, કોમળ દેહયષ્ટિ ધરાવતી, પાકા ધિલોડા (બિંબ) જેવા હોઠવાળી, કમળ જેવા મુખની શોભાવાળી, દાડમની કળી જેવા દાંતવાળી, ભમરાના જેવી આંખોવાળી, સુંદર અંગોવાળી, ઘટ્ટ (કઠણ) સ્તનવાળી, મનોહર સુંદર સ્ત્રીને જોતાં જ દૈત્યો દોડ્યાં. (૫૯-૬૧). સ્ત્રી અને સોનું બન્ને દર્શન માત્રે સામે વ્યકિતનું ચિત્ત ચોરી (હરી) લે છે. જે કોઇ એના

મોહપાશમાં ના ફસાય તે ક્યાં તો પશુ હોય, ક્યાં તો મુક્ત પુરુષ હોય.③(૬૨). આવા અદ્‌ભુતરૂપને જોઇને એ દૈત્યો પણ દેવોને પડતા મૂકીને એ સુંદરી તરફ દોડ્યા. (૬૩). કામથી વ્યાકુળ થઇને કહેવા લાગ્યા કે આ સ્ત્રી રૂપી રત્ન પ્રયત્ન કર્યા વિના મળ્યું એટલે આપણે તો કૃતકૃત્ય થઇ ગયા. (ફાવી ગયા.) (૬૪). આ બિચારા દેવોનું શું? જો એ લોકો કદાચ પાછળ પાછળ આવશે તો વગર મોતે મરશે. એમ કહીને એ દુષ્ટો બળજબરીથી એ સુંદરીને પાલખી (શિબિકા)માં નાખીને (બેસાડીને નહિ), પાલખીને આનંદથી માથે મૂકીને જ્યાં સ્વસ્થાને જવા લાગ્યાં ત્યાં જ દત્તપ્રભુએ મરક મરક હસતાં કહ્યું કે, આ દુર્જનો કામથી આકુળ વ્યાકુળ થયા છે. એટલે હવે શું જુઓ છો? તમે ઊઠો અને એની સાથે નિશ્ચિંત થઇને (ગભરાયા વગર) યુદ્ધ કરો. (૬૫-૬૭).

બધા દોષોમાં પરસ્ત્રી-સંગનો દોષ સૌથી મોટો દોષ છે. હવે આ દૈત્યોનો પલકવારમાં (નિમેષમાત્રે) કચ્ચરઘાણ નીકળી જશે. (૬૮). પારકી સ્ત્રીનો સ્પર્શ કરીને એમણે મોટું પાપ કર્યું છે. એટલે આ દૈત્યો હવે બળ વગરના અને ઐશ્વર્ય વિનાના થયા છે. (૬૯). મારી શક્તિ એવી સ્વયં લક્ષ્મી જ્યાં એમના માથા પર બેઠી છે તો હવે ક્ષણવારમાં એમના માથા ફોડીને અહીં આવી જ સમજો. (૭૦). હવે આ બધા રાક્ષસો મરેલા જેવા જ સમજો. હવે એની સાથે યુદ્ધ કરો. તમારો વાળ પણ વાંકો નહિ થાય. (તમને હવે કોઇ તકલીફ નહિ પડે.) (૭૧). હે દેવો ! તમે તો એમને મારવા માટે નિમિત્તમાત્ર છો, બાકી ખરેખર તો એ પાપીઓ એમના પાપથી મરી જ ચૂકેલા છે. તમે હવે શંકા રાખ્યા વિના ઊઠો.④(૭૨). તમે નિર્ભય બનીને દૈત્યોને સૂકા ઘાસની જેમ કાપી નાંખો અને વિજયને વરો એવી મારી તમને આશિષ છે. (૭૩). શ્રીદત્તના આવા વચન સાંભળીને, એમને પ્રણામ કરીને દેવો શસ્ત્રો લઇને તરત જ દૈત્યોની પાછળ દોડ્યા. (૭૪). પારકી સ્ત્રીના સ્પર્શે કરીને બધા દૈત્યો બળ વગરના થયા હતા. જેમ ઝાડ ઉપરથી ફળ તોડી નાંખે તે રીતે દેવો (દૈત્યનાં) મસ્તકો તોડવા લાગ્યા. (૭૫). દૈત્યો એવા તેજ વગરના થયા કે હાથ પણ ઊંચો કરી શક્યા નહિ. શસ્ત્રો તેજથી ચમકવા લાગ્યા અને દેવો ક્રોધથી મારવા લાગ્યા. (૭૬). કંઇ કેટલાના પગ તોડી નાંખ્યા, બીજા કેટલાને હાથ વગરના કર્યા, કંઇકની છાતી વીંધી નાંખી અને બીકણ રાક્ષસોને જમીન પર પાડ્યા. (૭૭). આમ દત્તપ્રભુની કૃપાથી દેવો વિજયી થયા અને બધા પાપી દૈત્યો એમના પાપે કરીને મરી ગયા. (૭૮).⑤

પાછી આવીને શક્તિ દત્તપ્રભુના ખોળામાં બેસી ગઇ. દત્તપ્રભુ એને ચુંબન કરીને હસવા લાગ્યા. ત્યાં તો વિજયને વરેલા દેવો દોડતા આવ્યા અને દત્તપ્રભુનાં ચરણમાં પ્રણામ કર્યા. દત્ત પ્રભુ બોલ્યા કે હે સુરગણ ! તમને ધન્ય છે. તમે ખરી કરી. (૭૯-૮૦).

હે દેવો ! તમે અતિ ભયંકર એવા જંભાસુર સાથે યુદ્ધ કરી તમારી તાકાતથી રાક્ષસોનો નાશ કર્યો અને વિજય ધ્વજ ફરકાવી દીધો. (ઊભો કર્યો.) અને મારી સ્ત્રીને દુષ્ટો પાસેથી છોડાવીને તમે મારી લાજ બચાવીને મારા પર જે ઉપકાર કર્યો તેનો હું કેવી રીતે બદલો વાળું? આ સાંભળીને દેવો શરમિંદા બન્યા અને જય જયકાર કર્યો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે બોલ્યા કે આ બધું તમે જ કર્યું છે. છતાં અમને કેમ મોટા બનાવો છો? (પોતે કાર્ય કરે પણ બીજાને જશ આપી, એમને મોટા બનાવે તે જ સાચા મોટા કહેવાય.) (૮૧-૮૪). હે પ્રભુ (નાથ) ! અટપટાં વચનો બોલીને અમને કેમ મોહમાં નાખો છો? જીતવા મુશ્કેલ એવા દાનવોની સામે અમે અનાથ દેવો કોણ? (૮૫). જેમ કાષ્ટપૂતળી નચાવનાર સંતાઇને ગજબની રીતથી કાષ્ટપૂતળી નચાવે છે તેમ તમે આ લીલા કરી છે. (૮૬). હે પ્રભુ ! અમારી તાકાત શું? અમે તો સાવ અજ્ઞાની છીએ. હે વિભુ ! અમે કશી ભક્તિ નથી કરી તો પણ આપ પ્રસન્ન થયા અને અમને નાના બાળકોને

મુકત કર્યા. (૮૭). તું ત્રણે ગુણોથી પર અને સ્વતંત્ર છે. જ્યારે અમે તો રાંકડા અને પરતંત્ર છીએ. તું અમોને કર્મોથી બાંધીને ફેરવે છે. તારી આ બધી વ્યવસ્થા (લીલા)ને કોણ જાણી શકે? (૮૮). અમે અમારું માથું આપના ચરણ કમળમાં મૂકી આપને હંમેશાં વંદન કરીએ છીએ એવું બોલીને અતિ આદરથી દેવોએ ગંભીરતાપૂર્વક સ્તવન કર્યું. (૮૯). દેવોનો હૃદયનો સાચો ભાવ જોઇને દત્તાપ્રભુ પ્રસન્ન થયા અને આનંદથી માથા પર હાથ મૂકીને આશીર્વચન આપ્યાં. (૯૦). મારા ભકતને શાની ખોટ (ઉણપ) હોય? તમારા પ્રારબ્ધનો કપરો સમય પૂરો થયો છે એટલે હવે સ્વર્ગમાં જઇને ત્યાંના ભોગોનો નિશ્ચિંત બનીને ઉપભોગ કરો. (૯૧). દત્તાપ્રભુની આજ્ઞા માથે ચઢાવી, વંદન કરીને દેવો સ્વર્ગમાં ગયા અને આનંદથી પોતાના અધિકારો ભોગવવા લાગ્યા. (૯૨). આજે પણ એ ઇંદ્ર, દેવો સાથે નિયમિત રીતે દર્શને આવીને વંદન કરે છે અને તન-મનથી દત્તાપ્રભુને ભજે છે. (૯૩). ગર્ગ બોલ્યા કે હે અર્જુન ! યોગેશ્વર એવા દત્તાપ્રભુનો આવો અપૂર્વ પ્રભાવ જાણીને તું પણ સદ્‌ભાવથી એના શરણે જા. એ તારી મૂંઝવણ (મથામણ) દૂર કરશે. તારી કામના પૂર્ણ થશે. હે શૂરવીર ! તું હવે આમાં ઢીલ (વિલંબ) ન કર. (૯૪-૯૫).

ગર્ગ (મુનિ)ના વચન સાંભળીને અર્જુનનું મન પિગળ્યું (પલળ્યું) અને ભક્તિપૂર્વક આતુરતાથી નીકળ્યો. એનું શરીર રોમાંચિત થઇ ગયું હતું. (૯૬). મુનિનાં ચરણમાં વંદન કરીને સહ્યાદ્રિ (સહ્ય પર્વત) પર તરત જ આવ્યો અને ત્યાં જંગલમાં શું જોયું? (૯૭). પાણીનાં ઝરણાં ખળખળ વહી રહ્યાં છે. ઠંડો પવન ધીમે ધીમે વહી રહ્યો છે. વૃક્ષોની ઘટા શોભી રહી છે. અને પક્ષીઓ કૂજન કરી રહ્યાં છે. (૯૮). ફળ અને ફૂલની અપાર સમૃદ્ધિનું વર્ણન કોણ કરી શકે? મોર નાચી રહ્યા છે અને કોયલ વરસાદનો રાગ મલ્હાર ગાઇ રહી છે. - (મલ્હાર રાગમાં ટહૂકા કરે છે.) (૯૯). વાદ્ય અને ગાય બન્ને વેરભાવ વિના સાથે રમી રહ્યા છે અને શોધવા છતાં પણ દુ:ખ જડે નહિં એવું સાક્ષાત નંદનવન સમાન સ્થળ હતું. (૧૦૦). ત્યાં રસ્તામાં અચાનક જ વજ્ર, અંકુશ અને ધ્વજનાં સ્પષ્ટ ચિહ્નથી શોભતાં પ્રભુનાં પગલાં જોયાં. (૧૦૧). આવા ચિહ્નવાળા પ્રભુનાં પગલાં જોઇને રસ્તામાં અર્જુન આનંદથી નાચવા લાગ્યો અને પ્રેમપૂર્વક નમન કરવા લાગ્યો.(૧૦૨). શરીર રોમાંચિત બની કંપવા લાગ્યું. આંખમાંથી પ્રેમાશ્રુજળ વહેવા લાગ્યાં. દેહભાન વિનાનો તે ધીર, થાંભલાની જેમ સ્થિર ઊભો રહ્યો. (૧૦૩). ક્ષણમાત્રમાં મન સ્થિર થઇ ગયું અને બિલકુલ ચિંતા વગરનું થઇ ગયું. બુદ્ધિ નિર્મળ થઇ ગઇ અને ખાસ તો ઇંદ્રિયો પણ ચેષ્ટા વગરની થઇ ગઇ.(૬)(૧૦૪). અંદર-બહારનું બધું જ ભૂલી ગયો. અહં પણ ભૂલાઇ ગયું. (અહંભાવ ના રહ્યો.) યોગીઓને પણ ન થાય એવાં ધન્ય થઇ જવાય એવા અલભ્ય દર્શન થયાં. (૧૦૫). બે ઘડી તો એ શૂન્ય મનથી ઊભો રહ્યો. નસીબજોગે જાગૃત થતાં તે પદને વંદન કરી રહ્યો. (તત્પદ=પરબ્રહ્મના પદને વંદી રહ્યો એમ અર્થ પણ થાય.) (૧૦૬). વારંવાર વંદન કરતો એ (અર્જુન) ધરતી ઉપર આળોટવા લાગ્યો અને નૃપશ્રેષ્ઠ એવો અર્જુન ભાવપૂર્વક માથા પર માટી પધરાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, દેવોને પણ દુર્લભ એવા આ પ્રભુના પદને હંમેશા પોતાની છાતી ઉપર પ્રેમથી પધરાવીને સેવનાર ધરતીને ધન્ય છે. (૧૦૭-૧૦૮). પોતાના રોમાંચ સમાન લીલા ઘાસના અંકુરને ખડા કરીને પોતાનો આનંદ વ્યકત કરનાર આ ભૂમિને અને જંગલને ધન્ય છે. (૧૦૯). ડાળીના અગ્ર ભાગે લાગેલા ફળને કારણે ઝૂકેલા વૃક્ષો જાણે હાથમાં સમિધ લઇને કેવી સરસ રીતે વંદન કરી રહ્યાં છે! (૧૧૦). ખરેખર એ (વૃક્ષો) પ્રભુના ભકતો જ છે. એ જાણે એમ ન કહેતાં હોય કે ગયા જન્મમાં અમે અભિમાનમાં અક્કડ રહ્યા તેથી આ જન્મે વૃક્ષો થયાં છીએ! (૧૧૧). ગયા જન્મના પાપોને વંદન ભક્તિથી ધોઇ રહ્યાં છે. પોતાનાં ફળ અને ફૂલથી પ્રભુની પૂજા કરીને ક્ષમાની યાચના કરી રહ્યા છે. (૧૧૨).

આ ભકતોત્તામ પર્વતને ધન્ય છે કે જે હંમેશાં દત્તાચરણની રજને ધારણ કરે છે. (૧૧૩). એ ભગવાનની સેવામાં ભાવપૂર્વક કંદમૂળ અને મધુરું (મીઠું) જળ સમર્પણ કરે છે. એવો પ્રેમી અને સાચો ભગવદ્ ભકત પ્રભુને અત્યંત વહાલો છે. (૧૧૪). આવું ચિંતન કરીને એણે ચાલવા માંડ્યું ત્યાં જ આશ્રમ દેખાયો. અને સાંભળતાની સાથે જ શોક દૂર થઇ જાય એવો વેદધ્વનિ સંભળાવવા લાગ્યો. (૧૧૫).

ચાંદરણું જોઇને જેમ ચકોર ખુશ ખુશ થઇ જાય તેમ દૂરથી આ બધું જોઇને અર્જુન ગાંડો-ગાંડો થઇ ગયો. (૧૧૬). એ આનંદથી આશ્રમ પાસે આવ્યો ત્યાં જ લતામંડપમાં સહજાનંદ-અવસ્થામાં બેઠેલા એ પરમાત્મા-ભગવાનને જોયા. (૧૧૭). ઢીંચણ સુધીના લાંબા સુંદર હાથવાળા અને હજારો કામદેવના જેવા સુંદર ભગવાનને સગી આંખે જોઇને રાજા દિગ્મૂઢ (અવાક્) જ થઇ ગયો. (૧૧૮). પ્રભુના મુખકમળ ઉપરના મંદ મંદ હાસ્યને જોઇને મૃત્યુ પણ નાસી જતું હતું અને આંખની ચમક જોઇને ચંદ્ર તથા સૂર્ય પણ શરમાઇ જતા હતા. (૧૧૯).

અંગ ધૂળથી ખરડાયલું છે. હંમેશા નગ્ન (દિગંબર) અવસ્થામાં રહે છે. એમનાં દર્શનમાત્રથી જ (કમળમાં) આસકત બનેલા ભમરાની જેમ ત્યાંથી વૃત્તિ ખસતી નથી. (૧૨૦). વીજળી સમાન શોભતી માયાનારીને ખોળે બેસાડીને અસંગ એવા દત્ત પ્રભુ લીલા (ક્રીડા) કરી રહ્યા છે એમાં કોઇ શંકા નથી. (૧૨૧). આ જોઇને અજ્ઞાની હોય તે મશ્કરીરૂપ હસે અને કુતર્ક (ખોટા વિચારો) કરવા માંડે પરંતુ અર્જુન તો શંકા કર્યા વગર ગર્ગમુનિનાં વચનો યાદ કરવા લાગ્યો. (૧૨૨). પોતાને ભમાવવા માટેના આ બધા ખોટા ખેલ છે એમ સમજીને (દત્તાને) ભાવથી ભજી રહ્યો. દત્ત ભગવાને કહ્યું કે, અરે ! તું દૂર ખસ. નહિતર તને મારીશ. (૧૨૩). 'સારું' (ભલે) (એટલે મારવું હોય તો મારજો), એમ કહીને વંદન કરીને ચરણ સેવા કરતો જ રહ્યો. દત્ત પ્રભુ અપશબ્દો બોલીને એને સેવા કરતાં અટકાવતા હતા તો પણ એ ત્યાંથી એક ક્ષણ માટે પણ ખસતો ન હતો. (૧૨૪).

જેમ સતી સ્ત્રી પતિ ક્રોધ કરે તો પણ એક પળ પણ ખસતી નથી અને ભાવથી સેવા કરે છે તેમ સત્પાત્ર રાજા પણ સેવા કરતો હતો. (૧૨૫). પ્રભુના પગના નખરૂપી માણેકથી હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે અને સ્વરૂપમાં (સ્વસ્વરૂપમાં) તન્મય થઇ જવાય છે પછી ત્યાં દુ:ખ જેવું ક્યાં રહે છે?.⑦(૧૨૬). ભગવાન એને ધક્કો (હડસેલો) મારી દે અને લાતથી પ્રહાર કરે તો પણ અર્જુન ત્યાંથી ખસતો નથી અને અપશબ્દો બોલે તે સહન કરે છે. (૧૨૭). એ (અર્જુન) એમના શરીરને માલિશ કરી આપે છે, દારૂ અને માંસ પ્રેમથી લાવી આપે છે અને ચંદનનો લેપ કરીને હાર પહેરાવે છે. આમ આનંદપૂર્વક હંમેશાં સેવા કાર્ય કરે છે. (૧૨૮). આળસ અને નિદ્રા છોડીને, એમના મનનો ભાવ જાણીને, કેવળ એમના ચરણમાં જ ધ્યાન રાખીને એ સમજુ (જ્ઞાની) સેવા કરે છે. (૧૨૯). હૃદયમાં શ્રદ્ધા રાખીને, વધેલું એંઠું પ્રસાદ તરીકે ગ્રહણ કરે છે.

એના ઊંચા ભાવની પરીક્ષા કરવા દત્ત પ્રભુએ એક લીલા કરી. (૧૩૦). એના તરફ માત્ર જોવાથી જ એના બે હાથ પૃથ્વી પર પાડી દીધા. અને પછી હસીને કહેવા લાગ્યા કે શું કામ નકામો કમોતે મરે છે? (૧૩૧). હજી આનાથી વધારે ખરાબ સ્થિતિ આગળ ઉપર થશે. માટે તું અહીંથી તરત જ ચાલવા માંડ. હું તો ભ્રષ્ટ અને ખરાબ માણસ છું. અને આવા અશુદ્ધ (ખરાબ) માણસનો સંગ સારો ગણાતો નથી. (૧૩૨). હું તો હંમેશા અમંગલ સ્થિતિમાં રહું છું. કર્મથી બહિષ્કૃત છું. શું ખવાય (ભક્ષ્ય) અને શું ન ખવાય (અભક્ષ્ય) એનું મને ભાન નથી. અને પાપ-પુણ્યને સરખા માનીને વર્તું છું. (ખરેખર પુણ્ય મળે તેવું કરવું જોઇએ અને પાપ થાય તેવું ન કરવું જોઇએ. એની મને સમજ નથી.) (૧૩૩).

ગાંડા માણસની જેમ અને નગ્ન પિશાચની માફક હું વર્તું છું. નગ્ન સ્ત્રી સાથે અયોગ્ય ગણાય એવી ક્રીડા કરું છું. (૧૩૪). મારા જેવાના સહવાસથી ઉત્પન્ન થયેલા પાપને કારણે તેં હાથ ગુમાવ્યા છે. હવે જો વધારે સમય રહીશ તો તારું ચોક્કસ મોત થશે. હાથે કરીને શું કામ મોતને આમંત્રણ આપે છે? (૧૩૫).

આવાં વચનો સાંભળીને ગર્ગની શિખામણ યાદ કરીને, સદ્‌ભાવનાપૂર્વક વંદન કરીને, ચિત્તથી જરા પણ ડગ્યા વગર તે બોલ્યો કે, હે દેવ ! સામાન્ય લોકોની જેમ આવું નકામું બોલીને મને શું કામ મોહ પમાડો છો? શું અગ્નિના સંગથી ક્યારે પણ લોખંડ ભ્રષ્ટ થયું છે ખરું? (૧૩૬-૧૩૭). તું બધાનો આત્મા છે અને છતાં નિ:સંગ (નિર્લેપ) છે. તું માયાનો આશ્રય લઈને લોકો માટે (વિવિધ પ્રકારના) વેષો ભજવે છે. બાકી તું તો બિલ્કુલ નિષ્પાપ (અનઘ) છે. (૧૩૮). આ તારી અનઘા (પાપ રહિત) શક્તિ છે. હે પ્રભુ ! તું શું કામ તારા ઉપર નકામું આવું આળ સ્વીકારી લે છે? તારી માયા જાળ અગમ્ય છે. (અઘ=પાપ, અનઘ=નિષ્પાપ.) (૧૩૯). તમે બંને એકરૂપ છો. તમારામાં જરા પણ ભેદ નથી. જે લોકો આ જાણતા નથી તે શબ્દજાળથી નકામા છેતરાય છે. (શબ્દજાળમાં સપડાય છે.) (૧૪૦). આ સઘળું વિશ્વ એ તારું જ રૂપ છે.તું એનાથી જુદો નથી. જે લોકો આ તત્ત્વ જાણતા નથી તે શાસ્ત્રથી બંધાયલા પામરો નકામી શંકા કરે છે. (૧૪૧). જેનામાં ભેદભાવ છે તેને વિધિનિષેધ (આ થાય અને આ નહિ થાય)નું બંધન છે. તું તો ભેદ અને અભેદથી પર છે. તને શાનો પ્રતિબંધ હોય? (૧૪૨). તારા કરતાં વધારે શુદ્ધ બીજું કશું નથી એ અર્થમાં તું ખરેખર અશુદ્ધ છે, જેને આની સમજ છે તે કોણ તારો ચરણસેવક ના બને? (જે આ જાણે છે તે તારા ચરણનો સેવક બને જ છે.) (૧૪૩). ભલે મારું મોત આવે તો પણ મારો આ ભાવ કાયમ રહે અને એમાં કોઈ પ્રકારે ફેરફાર થાય નહિ એ મારો મક્કમ (અડગ) નિશ્ચય છે. (૧૪૪). તારા ચરણમાં મારું મન સદા સ્થિર રહો એ સિવાય બીજું કશું માગતો નથી. આ રીતે ભાવનાપૂર્વક પ્રાર્થના કરી. (૧૪૫).

હૃદયનો સાચો ભાવ દર્શાવતાં આવાં (નિર્દોષ) વચન સાંભળીને તરત જ દત્ત પ્રભુ પ્રસન્ન થયા અને આનંદથી જે વચનામૃત બોલ્યા તેનું વર્ણન આગળ ઉપર થશે. (૧૪૬). દત્તની કૃપાથી જંભને હરાવીને દેવો વિજયી થયા એ વાત ભાવપૂર્વક સાંભળીને અર્જુન દત્ત પ્રભુના શરણમાં એકદમ નમ્ર બનીને ગયો એ વાત આ અધ્યાયમાં અલખ નિરંજનના સંવાદ દ્વારા દત્તચરણે લીન થયેલા રંગે કહી. (૧૪૭-૧૪૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'જંભપરાજયકથનં'** નામનો **અગિયારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૧

(૧) આ અધ્યાયમાં જંભ રાક્ષસની વાત છે. પૂ.શ્રીએ એક સ્તોત્રમાં ક્રોધને જંભ તરીકે ઓળખાવ્યો છે. પુરાણોની વાર્તા તો રૂપક છે.

(૨) દેવો ભોગી અને વિલાસી છે. સ્વાર્થ ખાતર જ દત્ત પ્રભુ પાસે ગયા છે. તેઓ પોતે જ આ વાતની કબૂલાત કરે છે. (દોહરા- ૩૨.) પૂ.શ્રીનાં પત્રોમાં શ્રીમંત અંગેનો થોડો હલકો અભિપ્રાય જોવા મળે છે તેમાં કશું નવીન નથી. દેવો

કેવળ સ્વાર્થી છે એ દેવો પણ જાણે છે. (જુઓ દોહરા- ૩૭.)

(૩) કનક (સોનું-પૈસો) અને કાન્તા (સ્ત્રી)માં બધાંને આસક્તિ હોય છે. આસક્તિ ન હોય એ અપવાદ છે. એક જ્ઞાની પુરુષ જ જ્ઞાનને કારણે આસક્ત થતો નથી અથવા પશુ મોહ પામતો નથી. કંચન અને કામિનીમાં આસક્ત થવું એ ખરાબ છે એ ધ્યાનમાં રાખવું.

(૪) પાપ કરનારે કે ખોટું કરનારે પહેલા પોતાની જાતને છેતરવી પડે છે. એ જ્યારે ખોટું કરે છે ત્યારે એ અંદરથી મરી જાય છે. ગુણવંત શાહ લખે છે કે જ્યારે રાવણે સાધુનો બનાવટી વેષ લીધો ત્યારે જ રાવણ મરી ચૂક્યો હતો. રામે જે રાવણને માર્યો એ તો એનું બહારનું માત્ર શરીર હતું. આમ અંતરાત્માને છેતરીને માણસ ખોટું કરે છે અને એ એના પાપે જ અંદરથી મરી જાય છે.

(૫) જંભને દેવોએ માર્યો છે પરંતુ દત્ત પ્રભુની કૃપાથી તેને મારી શક્યા છે. દત્ત પ્રભુ જ્ઞાનાવતાર હોવાથી એણે કોઇને માર્યા નથી એ મહત્ત્વની વાત છે. બીજા બધા અવતારોમાં પ્રભુએ મારીને તાર્યા છે પણ દત્ત પ્રભુએ તો માર્યા વિના જ ભક્તોને તાર્યા છે.

(૬) દોહરા-૧૦૪નું વર્ણન અર્જુનની ઊંચી આધ્યાત્મિક કક્ષા સૂચવે છે. મન સ્થિર થવું, ચિંતા વગરનું થવું, બુદ્ધિનું નિર્મલ થવું અને ઇન્દ્રિયોનું ચેષ્ટાશૂન્ય થવું એ સરળ વસ્તુ નથી. દોહરા-૧૦૫ અને ૧૦૬ પણ એની કક્ષા અને ભાવના સૂચવે છે. દૈવીકૃપાથી જન્મેલા અર્જુનમાં આવી કક્ષા દેખાય એમાં કાંઇ નવાઇ પામવા જેવું પણ નથી. અહંનું વિસ્મરણ થવું, અંદર-બહારનું બધું ભૂલી જવું એ યોગીની કક્ષાથી પણ ઊંચી કક્ષા સૂચવે છે.

(૭) શ્રીગુરુ પદ નખ મનિ ગન જોતી |
સુમિરત દિવ્ય દૃષ્ટિ હિર્યે હોતી ||

(તુલસીકૃત રામાયણ / બાલકાંડ)

●

અધ્યાય : ૧૨

આ અધ્યાયનું નામ **'અર્જુનશરણગમન'** એવું છે. આ અધ્યાયમાં **૧૫૫** દોહરા છે અને **ત્રણ** ગીત છે.

આ અધ્યાયમાં ભગવાન દત્ત અર્જુન પર પ્રસન્ન થઇને તેને વરદાન માગવાનું કહે છે એટલે અર્જુને અનેક વરદાનો (બાવીસ જેટલાં વરદાનો) માગી લીધાં. દત્ત પ્રભુએ તથાસ્તુ કહીને એ બધાં વરદાનો આપ્યાં.

આ બધાં વરદાનો માઘ(મહા) વદ આઠમે (અનઘાષ્ટમીએ) પ્રાપ્ત કરીને અર્જુન પોતાના નગરમાં પાછો ફર્યો અને તે રાજગાદી પર બેસી ન્યાયપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

નારદની ચઢવણીથી લંકાપતિ રાવણ લડવા આવ્યો તો તેને હરાવીને ઘરમાં પારણાએ લટકાવી દીધો અને ઘરનાં નાનાં છોકરાંઓ તેને રમકડું માનીને તેની મૂછો ખેંચવા લાગ્યાં.

આ રીતે ચોરાશી હજાર વર્ષ રાજ્ય કર્યા પછી પૂર્વ પુણ્યથી ચિત્તમાં વૈરાગ્ય જાગ્યો અને જ્ઞાનની પ્રાપ્તિ માટે પાછો દત્ત પ્રભુ પાસે આવ્યો. દત્ત પ્રભુએ એની આકરી કસોટી કરી અને એમાં એ સફળ થયો એટલે એના પર પ્રસન્ન થયાં અને અર્જુનની શંકા-કુશંકા તથા પ્રશ્નો વિષે સમજાવવા લાગ્યા.

અલખ ગુરુ નિરંજનને કહેવા લાગ્યા કે જેમ કામધેનુ ગાય પોતાના વાછરડાની બૂમથી એના તરફ દોડે તેમ અર્જુનનાં વચનો સાંભળીને દત્તપ્રભુ તેના પર પ્રસન્ન થયા. (તેના તરફ વળ્યા.) અને કહેવા લાગ્યા કે તારી ભક્તિને ધન્ય છે અને ધન્ય છે તારા સુદઢ નિશ્ચયને. હું તારા પર પ્રસન્ન થયો છું. માગ,માગ જે માગે તે આપું. (૧-૨). મારું રહસ્યભર્યું જે તત્ત્વ છે તે તું બરાબર જાણે છે અને તેથી તું મને છોડીને જતો નથી. તું મને પ્રાણ જેટલો પ્રિય છે. (૩). જે હંમેશાં અનન્ય ભક્ત તરીકે રહે છે તેમની પાસે હું રહું છું. પરંતુ જે અભક્ત અને દુર્જન છે તે બધા ખાસ કરીને દુ:ખ ભોગવે છે. (૪). દેહની પણ પરવા કર્યા વિના, તેં ખંતથી (ઉત્સાહપૂર્વક) સેવા કરી છે. તું મારો ભક્ત પણ છે અને મિત્ર પણ છે. તારા મનમાં જે ઇચ્છા હોય તે ખાસ માગ. (૫).[1] આ સાંભળીને આનંદમાં આવી જઇને રાજા બોલ્યો કે, હે દેવ ! જો તમે પ્રસન્ન થયા હો તો મને (૧) સમૃદ્ધિ, વૈભવ આપો. (૨) વળી હું એકલા હાથે ન્યાયપૂર્વક પ્રજાને પાળવાનું કાર્ય કરી શકું એવું વરદાન આપો. (૩). ધર્મ, અર્થ અને કામથી અભિન્ન એવું કલ્યાણ પામું. (૪). બીજાના મનની વાત જાણી જાઉં. (૫). મારી કીર્તિ દશે દિશામાં ગાજે અને (૬). મારા ભક્તને મારા સ્મરણથી ખોવાયેલી વસ્તુ પાછી મળે એવું વરદાન આપો.[2](૭). જે મને યાદ કરે તેને દર્શન આપીને હું કૃતકૃત્ય કરું. (૮). બધી સિદ્ધિઓ મારી સેવામાં રહે અને (૯). હું મારી ઇચ્છા મુજબ જ્યાં ઇચ્છું ત્યાં જઇ શકું એવું વરદાન આપો. (૧૦). પર્વત, જંગલ, પૃથ્વી, આકાશ કે પાણી ઉપર કોઇપણ જાતના અવરોધ વિના હું હંમેશાં જઇ શકું અને લઘિમા વગેરે સિદ્ધિઓ પણ આપો જેથી હું સ્વર્ગમાં અને પાતાળમાં પણ મારી ઇચ્છા મુજબ હરી-ફરી શકું. (૧૧). વળી દુશ્મનોનો નાશ કરીને બધે વિજયને વરું એવું વરદાન પણ આપો. (૧૨). મને ઇચ્છા થતાંની સાથે જ હજાર હાથ પ્રગટો અને (૧૩). બધાના મનની વાત હું હંમેશાં જાણી જાઉં તથા (૧૪). મને પૂર્ણ આયુષ્ય આપો. (૧૫). આ પૃથ્વી ઉપર હું ચક્રવર્તી રાજા બનીને રાજ્ય કરું અને (૧૬). તમારા જેવાની સાથે અને મારા કરતાં વધારે ખ્યાતિ ધરાવનારના હાથે હું લડતાં લડતાં મરું એવું વરદાન આપો. (૧૭). મારાથી કદિ પણ ખરાબ માર્ગની પ્રવૃતિ ન થાય

અને (૧૮). હું હંમેશાં સન્માર્ગે ચાલું અને સત્સંગ કરું એવું વરદાન આપો. (૧૯). મને સાચી સલાહ આપનારા સાચા સલાહકારો મળે અને હું દુષ્ટોથી દૂર રહું તેમજ (૨૦). દુષ્ટને ધર્મ પ્રમાણે સજા કરું અને કદી પણ ક્રૂર (ઘાતકી)ન બનું. (૨૧). મારું ઘર હંમેશાં પૂજ્ય અતિથિથી હર્યું-ભર્યું રહે અને ઘરમાં ભંડારો ભરપૂર રહે અને કોઇ દિવસ પણ તલમાત્ર દ્રવ્ય ખૂટે નહિ. (૨૨). આપનાં ચરણમાં મારી એકનિષ્ઠ (અવ્યભિચારિણી) ભક્તિ બની રહો અને આપનું અખંડ સ્મરણ રહે એવું હું પ્રાર્થનાપૂર્વક માગું છું. (૬-૧૭).

આવું બોલીને (અર્જુને) વંદન કર્યા ત્યાં જ દત્તપ્રભુએ 'તથાસ્તુ' (તે પ્રમાણે થાઓ) એમ કહ્યું અને કહ્યું કે તું તરત જ સાતે દ્વીપનો રાજાધિરાજ થઇશ. (૧૮). તેં જે જે વરદાનો માગ્યાં છે એ બધાં મેં તને આનંદપૂર્વક આપ્યાં છે એવું તું જાણી લે. આવું કહેતાંની સાથે જ પહેલાં હતા તેવા બે હાથ ફરી ઉગ્યા. (૧૯). પ્રભુની ન સમજાય તેવી લીલા જોઇને અર્જુન પ્રભુને આનંદથી ભેટી પડ્યો અને પરિણામે એનો દેહ નિશ્ચલ બની ગયો. (૨૦). એને માથે વરદ હસ્ત મૂકીને પ્રભુએ એને ઊઠાડતાં કહ્યું કે, હે અર્જુન ! મારી આજ્ઞા માનીને હવે તું જા અને નિશ્ચિંતપણે રાજ્યનો કારભાર સંભાળ. આ સાંભળીને વંદન કરીને અર્જુન બોલ્યો કે, 'જેવી આપની આજ્ઞા' (૨૧-૨૨).

એ સ્નેહથી ગળગળો (લાગણી સભર) થઇ ગયો અને ચોધાર આંસુ વહેવા લાગ્યાં અને કહેવા લાગ્યો કે, હે પ્રભુ ! આ નિરાધાર બાળકને ભૂલી જશો નહિ. સંસારને તારી દેનારા તમારાં ચરણનું મને હંમેશાં સ્મરણ રહેજો. એમ કહીને વંદન કર્યા અને ક્ષણે ક્ષણે પાછું વળીને જોવા માંડ્યું. (૨૩-૨૪). સાસરે જતી નવવધૂ જેમ આકુળ વ્યાકુળ થાય તેમ રાજા વિહ્વળ થયો અને એના પગ પણ અસ્થિર થયા. (૨૫).③ હૃદયમાં દત્તપ્રભુનું સ્મરણ કરતો અને મુખથી દત્ત દત્ત એવાં ગુણગાન કરતો કરતો અર્જુન ચાલવા લાગ્યો. (૨૬). ચાલતાં ચાલતાં રેવા કિનારે આવેલી પોતાની માહિષ્મતિ નગરીમાં દાખલ થયો. (૨૭). મંત્રીઓએ સામૈયું કર્યું. અને ગામના લોકોએ, ઋષિ-મુનિઓએ મંત્રઘોષ કરીને તેને તરત જ મહેલમાં લઇ આવ્યા. (૨૮).

શુભ મુહૂર્ત સાધીને ચારે વેદોના મંત્રથી, તીર્થોદકથી અને લીલાં ઔદુંબરના પાંદડાથી રાજ્યાભિષેક કર્યો. પછી અર્જુને પુષ્કળ પ્રમાણમાં ગાય-ધન-જમીન, અન્ન અને વસ્ત્રનું દાન કર્યું. (૨૯-૩૦). આ અભિષેક વખતે વસુઓ, રુદ્રો, આદિત્યો, મરુદ્ગણો, સિદ્ધ, ગાંધર્વો, કિન્નરો અને વિશ્વદેવો એમ બધા જ આવ્યા અને મોટો ઉત્સવ થયો. રાજાએ બધાંની પૂજા કરી અને દરેકનું યથાયોગ્ય સન્માન કર્યું. (૩૧-૩૨). એ બધાંએ 'તું દિર્ઘાયુ થા' એવા આશીર્વાદ આપ્યા. બીજા રાજાઓએ ખંડણીરૂપે કર આપીને એનાં ચરણમાં વંદન કર્યાં. (અર્જુન સાતે દ્વીપનો રાજાધિરાજ હોવાથી બીજા બધા રાજા ખંડિયા રાજા હતા.) રાજગાદી ઉપર બેસીને રાજાએ તરત જ ઢંઢેરો પીટાવ્યો કે મારા સિવાય જે કોઇ હાથમાં શસ્ત્ર ધારણ કરશે તે મહા અપરાધી ગણાશે. (૩૩-૩૪). જે કોઇ હિંસા કે ચોરી કરશે તેને જીવતો નહિ છોડું અને આ કાયદાનું જે ઉલ્લંઘન કરશે તેના ઉપર દયાભાવ નહિ બતાવું. (૩૫). આવું સાંભળીને બધાએ હથિયારો મૂકી દીધા અને રાજાની આજ્ઞાનું બીકના માર્યા પાલન કરીને, પોતાના આચારનું પાલન કરવા લાગ્યા. (૩૬).

રાજા (અર્જુન) પોતે એકલો જ ક્ષેત્રપાલ (ખેતર સાચવનાર), ધનપાલ, ગ્રામપાલ, સેનાપતિ, ધાન્યપાળ, પશુપાળ, બ્રાહ્મણ અને તપસ્વીનું રક્ષણ કરનાર બન્યો. અગ્નિ, ચોર, અને વાઘ-સિંહ જેવા હિંસક પ્રાણી જો ઉપદ્રવ કરે તો પણ એ જ રક્ષણ કરતો. (૩૭-૩૮). અનેકરૂપો ધારણ કરીને એ એકલો પ્રજાનું રક્ષણ કરતો હતો અને પ્રજાની બધી જ મુશ્કેલી દૂર કરીને એનું બાળકની જેમ લાલન પાલન કરતો હતો. (૩૯). માહિષ્મતિ રાજધાનીમાં રહેતો હતો અને

ત્રણેલોકમાં ફરતો હતો અને આ રીતે કાર્તવીર્ય (કૃતવીર્યનો પુત્ર એટલે અર્જુન) યથાન્યાય પ્રજાનું પાલન કરતો હતો. (૪૦). જેના નામસ્મરણથી ખોવાયેલી વસ્તુ ફરીથી પ્રાપ્ત થતી (જડી જતી), જેનું સ્મરણ કરતાંની સાથે જ દર્શન થતું હતું, જ્યાં રાઇ જેટલો નાનો રોગ પણ પીડા આપતો ન હતો અને ત્યાં સદા સુકાળ રહેતો હતો. ક્યારે પણ દુષ્કાળ પડે નહિ (અનાવૃષ્ટિ) કે કદિપણ અતિવૃષ્ટિ (જરૂર કરતાં પણ ઘણો બધો વરસાદ-લીલો દુકાળ) થતી નહિ. જેટલા વરસાદની જરૂર હોય એટલો જ વરસાદ વરસતો હતો અને ધરતી પણ પૂરતાં પ્રમાણમાં ધાન્ય(પાક) તૈયાર કરતી હતી. (૪૧-૪૨). સહસ્રાર્જુને બ્રાહ્મણો (વિપ્ર) અને દેવો (અમર)ને યજ્ઞો દ્વારા અને અમૂલ્ય દક્ષિણાથી રાજી કરી દીધાં. (૪૩). મહા(માઘ)વદ(કૃષ્ણ)આઠમ(અષ્ઠમી)ના રોજ અર્જુન નિષ્પાપ અવધૂતનું પૂજન કરીને દત્તાનું વ્રત કરતો હતો અને ઉત્સવ તથા કીર્તનમાં રાત્રી પસાર કરતો (જાગરણ) હતો. બીજે દિવસે બ્રાહ્મણોને જમાડીને પછી પારણાં કરતો હતો.④(૪૪-૪૫).

જે કોઇ આ અનઘાષ્ટમીનું વ્રત નિત્ય નિયમથી કરશે તે સુખી અને સમૃદ્ધ થશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૪૬). જે દિવસે રાજાને વરદાન મળ્યું હતું તે દિવસે એ ઉત્સવ ઉજવતો હતો અને વારંવાર દર્શન કરવા જતો હતો. (૪૭). દત્તાપ્રભુનું રાત- દિવસ હૃદયમાં સ્મરણ કરતો હતો. સૂર્ય સમાન તેજસ્વી એવો રાજા દત્તાપભુનાં ચરણમાં લીન રહેતો હતો. (૪૮). હંમેશાં ધર્મ પ્રમાણે રાજ્ય ચલાવતો અને દુષ્ટોને સજા કરતો હતો. એની યશોગાથા દેવો (સૂર), કિન્નરો, મુનિઓ અને લોકો પણ ગાવા લાગ્યા. (૪૯). યજ્ઞ, દાન, તપ, યોગ, જ્ઞાન અને વિજયરૂપ પરાક્રમમાં એના જેવું બીજું કોઇ ન હતું. (અજોડ હતો) (૫૦). એક દિવસ રેવાના કિનારે એ વિખ્યાત રાજા હજાર સ્ત્રીઓ સાથે મનસ્વી બનીને ક્રીડા કરતો હતો. (૫૧). ત્યાં નારદની ચઢવણીથી લંકાપતિ રાવણ અભિમાનવશ લડવા આવ્યો. અર્જુને એને જોયો કે તરત જ આંખનો ઇશારો કરીને એની સ્ત્રીઓ દ્વારા એને બંધાવીને, એને મહેલમાં આણી, છોકરાંના પારણે લટકાવી દીધો. (૫૨-૫૩). ઘરના ધાવણાં (એકદમ નાના) છોકરાં એને રમકડું માનીને એની મૂંછો ખેંચવા લાગ્યા તો પણ એ ચૂં કે ચાં કરી શક્યો નહિ. (ચૂં કે ચા ન કરવી=તદ્દન શાંત રહી જે થાય તે લાચારીથી જોયા કરવું.)(૫૪).⑤ રાવણ ખૂબ જ રાંક અને લાચાર (ખિસિયાણો) થઇ ગયો. આ વાત જાણીને કુબેરે આવીને અર્જુનને પ્રાર્થના કરી અને છોડાવ્યો. (૫૫). જેના નામ માત્રથી પાપો નિશ્ચિતપણે ટળી જાય એવો કાર્તવીર્ય આવો બળવાન રાજા હતો. (૫૬). યોગીંદ્ર-(દત્તાપ્રભુ)ની કૃપાથી એ રાજાએ યથાન્યાય ચોરાસી હજાર વર્ષ સુધી રાજ્ય કર્યું. (૫૭). દત્તાપ્રભુના દર્શને એ સદ્બુદ્ધિવાળો રાજા નિયમિત રીતે આવતો હતો અને પગે લાગીને અને સેવા કરીને પાછો વળતો હતો. (૫૮). કોઇવાર વળી રાત્રિ રોકાણ પણ કરતો અને ધર્મનુ ચિંતન કરતો. ભગવાન માટે ખાસ નવી નવી વસ્તુઓ લાવીને અર્પણ કરતો હતો. (૫૯).

આમ ચોરાસી હજાર વર્ષો આંખના પલકારા માત્રમાં વહી ગયા. પૂર્વજન્મના પુણ્યથી ચિત્તામાં વૈરાગ્યનો ઉદય થયો. (૬૦). એક દિવસ એકાગ્ર ચિત્તથી રાજાએ વિચાર્યું કે મેં મોટા પાયે સંહાર કરીને આખી પૃથ્વી જીતી લીધી. પરંતુ નાહકની ખટપટ (કાવાદાવા) કરીને આ રાજ્ય મેળવ્યું તેમાં મેં ખરેખર શું મેળવ્યું? મેં કામાદિ (કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર વગેરે) તો જીત્યાં નહિ. ત્યાં તો મારું કાંઇ જોર ચાલતું નથી. (૬૧-૬૨). મારી સ્ત્રીઓએ મને મોહથી જીતી લીધો છે અને એમને વશ કરીને મને વાંદરાની (માંકડાની) જેમ નચાવ્યો છે. આ બધું કેવી રીતે બની ગયું? (૬૩). જે કાંઇ દેખાય છે તે બધું જ નાશવંત અને ચંચળ છે (યદ્ દૃષ્ટં તન્નષ્ટં.) અને એની પાછળ જે નિશ્ચલ તત્ત્વ છૂપાયું છે તે અકળ તત્ત્વને મેં જાણ્યું નથી. (૬૪). પ્રારબ્ધવશ કામરૂપી કાદવમાં પડીને હું હાથે કરીને ફસાઇ (ગૂંચવાઇ) ગયો છું.

હવે બળાપો કરવાથી (રડવાથી) શું વળે? (૬૫). જેમ રાજાએ વરદાન આપતાં કમનસીબ ગરીબ માણસ ચપટી કોદરા માગે તેમ મેં પણ દત્ત પ્રસન્ન થતાં મૂઢ માણસની જેમ અક્ષયધનના બદલે વિષયભોગ અને રાજ્ય જેવી તુચ્છ વસ્તુઓ જ માંગી ! (૬૬-૬૭). બધા સંબંધો તોડી નાંખીને અને વૈભવોને છોડીને યોગીઓ જે પદની ઇચ્છા રાખે છે તેવા દત્તપ્રભુના ચરણ પામીને પણ મેં જન્મમરણનો ફેરો ટાળ્યો નહિ. હું છતી આંખે આંધળો થયો અને હાથે કરીને કૂવામાં પડ્યો. અરેરે ! એમાં દેવ પણ શું કરે? (૬૮-૬૯). લક્ષ્મી બધી વીજળીના જેવી ચંચળ છે (આજે છે, કાલે નથી), જીવન ક્ષણભંગુર છે અને મૃત્યુ વેળાએ સગા વહાલાં જ્યાં હોય ત્યાંના ત્યાં જ-દૂર ના દૂર જ-રહે છે. (૭૦). આ સંસારમાં સ્ત્રી કોની અને દીકરા પણ કોના? અને આ કોનો પરિવાર? નોકર-ચાકર પણ કોના? ક્ષણ પૂરતો રાજ્યનો ભંડાર છે. (૭૧).⑥ જે પોતાના દુશ્મનને જીતીને બાંધતો હતો તેને જ મૂઢ લોકો એક દિવસ બાંધીને સ્મશાનમાં બાળી દે છે અને જેમ ફાવે તેમ ફેંકી દે છે. (થોડાંક અસ્થિ લઇ જાય, પણ બાકીનાનું શું?) (૭૨). પાળી-પોષીને જે દેહને આમ મોટો કર્યો તે જ દેહ રોગને કારણે સડી જઇને દુર્ગંધીનું સ્થાન બનીને ધિક્કારને પાત્ર બને છે. (૭૩). જેને રાજા-મહારાજા નમે છે તે આખરે ધૂળ ચાટતો થઇ જાય છે. અને રણનો શૂરવીર સ્મશાનમાં રાખ થઇને આળોટતો રહે છે. (૭૪). નકામા ફાંફા મારવામાં આખી જીંદગી નકામી ગઇ. સમર્થનું શરણું મળવા છતાં જે હેતુ સિદ્ધ કરવો જોઇતો હતો તે સિદ્ધ કર્યો નહિ. (મેળવવા જેવું મેળવ્યું નહિ) (૭૫). દયાના સાગર એવા દત્તપ્રભુએ જ મને આ વિવેક વિચાર સૂઝાડ્યો છે. એમને હું વારંવાર વંદન કરું છું. (૭૬). હું ફરીથી પાછો એના શરણે જઉં અને એના ચરણ ભાવપૂર્વક પકડું. એના વિના જન્મ મરણ ટાળીને આ સંસાર સાગર તારનાર બીજું કોણ છે? (૭૭).

આમ ઉદાસીન વૃત્તિ વાળો થઇને અર્જુન ઝડપથી સહ્યાદ્રિ પર આવ્યો. (૭૮). આ બધું અગાઉથી જ જાણી જઇને દત્તપ્રભુ ધ્યાનમાં બેઠા હોય તેમ બેઠા. શિષ્યની દૃઢતા (મક્કમતા) ચકાસવા માટે સદ્‌ગુરુએ આવી લીલા કરી. (૭૯). પરીક્ષા કર્યા વગર અજાણતામાં જ જ્ઞાનનું દાન કરવામાં આવે તો તે કોઇ દિવસ શિષ્યને ફળતું નથી અને મહાન અનર્થ થાય છે.⑦(૮૦). અર્જુને ભાવનાપૂર્વક તન, મન અને વાણીથી સ્વાત્મ સમર્પણ કર્યુ તો પણ દત્તપ્રભુએ તેની સામે જોયું પણ નહિ. (૮૧). પાણી પીધા વગર, ઉદાસ થઇને એ સ્તુતિ કરવા લાગ્યો અને વારંવાર વંદન કરવા લાગ્યો તો પણ દેવ (દત્ત) એની સાથે કશું બોલ્યા પણ નહિ. (૮૨). પ્રભુએ ક્ષણપૂરતી પણ આંખ ખોલી નહિ કે આશ્વાસનનો એક શબ્દ પણ બોલ્યા નહિ. રાજા ખૂબ જ નિરાશ થઇ ગયો અને ગદ્‌ગદ્ વેણથી સ્તવન કરવા લાગ્યો. (૮૩).

સ્તવન :૧ (ગીત)

હે કરુણા કરનાર ! હે દિગંબર એવા દત્ત ! આપનો જય હો !

હે વિશ્વંભર ! આજે કેમ ગુસ્સે ભરાયો છે? તું માતા અને પિતા થઇને જ બાળક પર ક્રોધે ભરાશે તો આ ત્રણે ભુવનમાં એને કયો માણસ બચાવી શકશે? તારાં ચરણ એ આ સંસારસાગરને તારનારી શ્રેષ્ઠ નૌકા છે. આ દાસ (નોકર)ને કેમ અધવચમાં (મધદરિયે) ડૂબાડે છે? હું પાપી છું પણ તું સમર્થ પાપનાશી છે. હે યતીશ્વર ! તું દાતા છે અને હું ગરીબ (યાચક) છું. આ ભવાગ્નિમાં બળતા એવા મારો હાથ ઝાલીને તું મને ઉગારી લે અને આ તાપનું નિવારણ કરી મને ઠંડક કરી દે.

સ્તવન : ૨

હે ગરીબના બેલી ! હે દયાળુ પિતા ! એવા હે ગુરુનાથ ! આજે કેમ ક્રોધે ભરાયા છો? પાપી, કપટી અને અપરાધી એવો હું આપને શરણે આવ્યો છું. મને દર્શન આપો. મારા દોષો ભૂલી જઇ ઝડપથી મારો હાથ પકડો. આ સંસારસાગર ચારે બાજુથી ઉછાળા મારી રહ્યો છે. અને દીન અને અનાથ એવો હું પામર વચ્ચે એકલો ડૂબી રહ્યો છું. મારી સાથે કોઇ તારનારો નથી. નાનું બાળક ઉમંગથી રમતાં રમતાં દોડે અને એવામાં હે નાથ ! કદિ ગબડી પડે તો તે વખતે એને ઉચકી લેવામાં (એને સંભાળી લેવામાં) જ શોભા છે (ઉચિતપણું છે.). હે દેવ ! આજે તારી આંખ સામે હોવા *છતાં તું મારી કેમ* ઉપેક્ષા કરે છે? જો ચાતક મેઘ પાસે (જળ) ના માગે તો ક્યાં જઇને માગે? શું વાદળું (મેઘ) એને "એ અભાગિયા ! તું અહીંથી જતો રહે" એવું કહીને શું મોઢું ફેરવી લેશે? જો પાણી માછલીને તરછોડે તો પાણીમાં જન્મેલાં પ્રાણી કેવી રીતે જીવશે? જો જગન્નાથ જગ પર ક્રોધે ભરાય તો તો સારી સૃષ્ટિનો નાશ જ થાયને ! (મરી જ પરવારેને?)

* * *

જેના ઉપર (ચદ્રૂપે) આ જગત એ ભ્રાંતિરૂપ, જડ અને સ્વપ્ન સમાન છે. વર્તુળાકારે ફરતા બળતા ઉબાડિયાથી થયેલા અગ્નિના કુંડાળાની માફક એ ચંચળ (લોલ) છે, એ માયિક છે- દેખાય છે પણ- કહીએ તે મુજબ હોતું નથી. (૮૪). જ્ઞાની પુરુષ સંયમિત ચિત્તે, જ્ઞાન બળે પોતાનું મન શાંત કરે છે. ગુરુના ઉપદેશથી તે પદને જાણવાથી ચિત્ત પ્રશાન્ત થાય છે. (૮૫). હે પ્રભુ ! હું મુમુક્ષુ છું અને તેથી તારા તે પદને વંદું છું. હે ગોવિંદ ! કૃપા કરીને મારો આ સંસારનો આવાગમનનો ફેરો ટાળો. (૮૬). તું તો હંમેશ માટે મુક્ત છે અને સર્વજ્ઞ છે, જ્યારે હું તો બંધાયેલો છું અને અજ્ઞાની છું. હે પ્રભુ ! મને તારો ભક્ત જાણીને આ ભવબંધનમાંથી છોડાવ. (૮૭). તને કેમ દયા નથી આવતી? આ સંસારની પીડા સહન થતી નથી. મને અતિશય પસ્તાવો (અફસોસ) થાય છે. હવે તું જરા દયા કર. (તારું મુખકમળ હસતું કર.) (૮૮). તું પોતે સચ્ચિતસુખ (સત્+ચિત્ત+આનંદ) સ્વરૂપ હોવાથી નિજાનંદમાં મસ્ત રહે છે. અને તેથી જન્મમરણના ભયથી ઘેરાયેલો હું દુ:ખી થાઉં છું એની તને ખબર નથી. તારે જન્મ કે મરણ નથી. તને શોક કે મોહ પણ નથી. શું તેથી તું મારું દુ:ખ જાણતો નથી? (૮૯-૯૦).એ વાત સાચી જ છે કે વંધ્યા સ્ત્રીને પ્રસૂતિની વેદનાની શું ખબર પડે? તું સુખની મૂર્તિ છે તેથી તને આ સંસારના ત્રાસની ખબર ના હોય એ સાચું. (૯૧). પરંતુ રાજાના કુંવરને ભલે દુકાળના દુ:ખનો અનુભવ ના હોય તો પણ પ્રજાને દુ:ખી જોઇને એનું મન પીગળે છે, તો તું કરુણાનો સાગર (શિવમુખ) થઇને કેમ પલળતો નથી? (૯૨). હે પ્રભુ ! તું આ વિશ્વનો સાક્ષી છે અને હજાર આંખોવાળો છે છતાં તું આ ગરીબડા (બાળ)ને કેમ જોતો નથી અને કેમ અજાણ બની રહ્યો છે? (૯૩). વસ્ત્રની અંદર જેમ સૂતર ઓત-પ્રોત થઇને બધે વ્યાપેલું છે તેમ તારા ઉદર (પેટ)માં આ સમગ્ર વિશ્વ સમાયેલું છે. તું હવે મને સતાવીશ નહિ. (મા લે કેડો એમ) (૯૪). તું સહુને તારનાર છે એવો તારો મહિમા સાંભળીને હું તારે શરણે આવ્યો છું. પરંતુ હું પામર અને અજ્ઞાની તારું કેવી રીતે સ્તવન કરવું તે જાણતો નથી. (૯૫). મારા બધા દોષો તું માફ કરી દે અને તારી સ્થિર (બંધ) આંખ ખોલ. આ બાળને તારા ખોળામાં લે અને એની સાથે થોડું પણ (એક વાક્ય પણ) બોલ. (૯૬). સુખની ઇચ્છા (તૃષ્ણા)થી આ સંસારરૂપી દરમાં પેઠો (દાખલ થયો) પરંતુ અરેરે ! ત્યાં તો ઓચિંતો કાળરૂપી સાપ મને કરડ્યો. (૯૭). એ ઝેર ઉતારી શકે એવો તારા વિના બીજો કોણ માંત્રિક છે? હે વિભુ ! જ્ઞાનની ફૂંક મારીને મને અનન્ય શાંતિ આપ. (૯૮). આ સંસારરૂપી જંગલમાં ભટકતા ભટકતાં હું ચારે બાજુથી ઘેરાઇ ગયો છું અને વચમાં ત્રિતાપનો અગ્નિ છે. મેં તો બધી આશા મૂકી દીધી છે. (૯૯). એવામાં ત્યાં તારી મેઘગર્જના

માટે જ છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય દ્વારા તું એને અક્ષયપણું આપે છે. (અક્ષયનો તાજ પહેરાવે છે.) (૧૦૧). અંતરમાં આવો મકકમ નિશ્ચય કરીને ક્ષણભંગુર રાજ્ય વગેરેથી વિરકત અને ઉદાસીન થઇને તારે શરણે બિચારો થઇને આવ્યો છું. (૧૦૨). સ્ત્રી-પુત્ર વગેરેના ભોગો માયામય છે. એ (માનવીના) સ્વરૂપને ઢાંકે છે અને ઉદ્વેગ જન્માવનારા છે. (૧૦૩). એના સ્મરણમાત્રથી જીવનું પતન થાય છે એ અને મજબૂત બંધનમાં બાંધે છે. વિષ્ઠાની માફક એ હંમેશાં ત્યજવા યોગ્ય છે. એનું ચિંતન કરવાનું કોણ પસંદ કરે? (૧૦૪). વિંછીવાળું ઓઢવાનું વસ્ત્રઓઢીને, ખેરના લાકડાના દેવતા ઉપર અને નાગ ઉપર માથું ટેકવીને નિશ્ચિંતપણે કોઇ સૂઇ શકે ખરો કે? (૧૦૫). એ જ રીતે આ સંસારની પથારીમાં પણ સુખની ક્યારે પણ ઝાંખી થતી નથી. અંતરમાં આવું ચોકકસપણે જાણીને કોણ પામર એ તરફ દોડે? (૧૦૬). હે નાથ ! આ ભીષણ ભવચક્રથી હું જેટલો બીવું છું તેટલો તો હું અન્ય હિંસક પ્રાણીથી પણ કોઇ દિવસ બીતો નથી. (૧૦૭). હે ભવભંજક(આ સંસારનો નાશ કરનાર !) ! તારાં ચરણમાં મને અખંડ આશ્રય આપ જેથી એની (ચરણની) સુવાસથી વિષયની ગંધ ભૂલી તેની ઉપેક્ષા કરું. (૧૦૮). વિષયના કીડાને ભલે વિષયો આનંદ આપે પરંતુ તારો જે ભકત પરમ વિરકત છે તેને એ ગંધ (વિષયો) શાની આકર્ષી શકે? (૧૦૯). તારી કૃપાને લીધે હવે મને ભોગો ભોગવવાની તલમાત્ર ઇચ્છા નથી. હે પ્રભો ! તારા ચરણની સેવા આપીને વાસનાનું પૂર રોકો (ખાળો.) (૧૧૦). એ અત્રિ તથા અનસૂયાને ધન્ય છે કે જેની કૃપાથી આ ભવસાગરને સરળતાથી તારનાર આ પદ પ્રાપ્ત થયા. હું એને વારંવાર પ્રણામ કરું છું. (૧૧૧). વેદોને પણ જેનું નામ નિશાન મળતું નથી (જેને ઓળખી શકતા નથી) તે ભકતની ભાવનાને આધીન થઇને નામ અને રૂપ ધારણ કરે છે. (૧૧૨). એવા હે વિશ્વંભર વિભુ ! તું આ બાળકને કેમ ભૂલી ગયો છે? તારી કૃપાદૃષ્ટિ થાય પછી કાળ પણ બિચારો બાપડો થઇ જાય. (૧૧૩). હે વિશ્વના અધ્યક્ષ ! હે હૃષિકેશ પરમાત્મા ! હે આધિ વ્યાધિને મસળી નાંખનારા પ્રભુ ! તું આજે મારો અંત કેમ જુએ છે? હું તને વંદન કરું છું. (૧૧૪). આવું સ્તવન કરીને એ કાર્તવીર્ય મૂર્છિત થઇ ગયો. થોડીવાર પછી પાછો ભાનમાં આવીને સાવધ થઇને ફરી પાછો પહેલાની જેમ સ્તુતિ કરવા લાગ્યો. (૧૧૫).

(સ્તુતિ)

હે પાપનો નાશ કરનાર(ભંજનાર)! હે મુનિના મનને આનંદ આપનાર દત્તાપ્રભુ !

હે જન્મ મરણની ઘટમાળને જીતનાર વિશ્વમૂર્તિ ! તું હવે ઊઠ.

હે ભવ્યમૂર્તે ! મારા મનની ઇચ્છા પૂરી કર અને તારું બિરુદ સત્ય ઠેરવ.

હે વામન અવતાર ધારણ કરનાર પ્રભુ ! મારાં દુ:ખ હરી લો.

હે શ્યામવર્ણા નરહરિ ! બિચારો ભકત હાથમાં પુષ્પ અને ફળના પડા (પડીકાં) લઇને તારા બારણે ઊભો છે.

તું મોં મલકાવીને મારી સંસારની ચિંતા હરીને મને શાંતિ આપ.

હે પરમાત્મા (અનંત) ! હે જ્ઞાન સ્વરૂપ ! તું હવે મારો અંત (મર્યાદાઓ/ દોષ) જોઇશ નહિ. તારા વિના મારા પ્રાણ લાંબો સમય ટકશે નહિ. ચંદ્રમાં કેમ તપી ઊઠ્યો છે? પૃથ્વીએ ક્ષમા અને પિતૃઓના અધિષ્ઠાતા દેવ અર્યમાએ મર્યાદાનો કેમ ત્યાગ કર્યો છે?

હે તાત ! તારું અનન્યભાવથી શરણ લેનારને દુ:ખ જેવુ કંઇ રહેતું જ નથી એવું તારું બિરુદ છે. એ (બિરુદ) ભૂલીને તું ભકતને અત્યારે ત્રાસ કેમ આપે છે? (એની કસોટી કેમ કરે છે?) એની અવગણના (ઉપેક્ષા) કરવાનું તને

કેમ ગમે છે? ખરેખર (સાચી વાત તો એ છે કે) મારું પ્રારબ્ધ જ કઠણ છે !

પત્ની અને ઘરને ભૂલીને હે હરિ ! મેં તારાં ચરણમાં મારું શીષ ઝૂકાવી દીધું છે. તું જન્મમરણનો નાશ કરીને મારો જલદીથી ઉદ્ધાર કર. આ સંસારરૂપી જંગલમાં ભ્રમિત થઇને હું ભટકતો ફરું છું અને આ શાસ્ત્રના અભ્યાસમાં અટવાઇને હું થાકી ગયો છું. હે મુને ! તું જ્ઞાનરૂપી વરસાદથી આ કાદવ ધોઇ નાંખ.

વિષયરૂપી ધૂળ (આંખમાં) ઊડવાને કારણે મને કાંઇ સૂઝતું નથી. આ જીવ આંખ ચોળીને, હારી જઇને રડ રડ કર્યા કરે છે. તું વૈરાગ્યરૂપી જળની ધારા કરીને, ઉપદેશના ઝાપટાથી અને આત્મવિચારથી આ જીવરૂપી ખેડૂતને (હાળી) શાંત કર.

હે સદ્‌ગુરુવરા ! તું ઉતાવળ કરીને હવે દોડ. કાળના દૂત સમી આ વૃદ્ધાવસ્થા આવી પહોંચી છે, માથાનો રંગ ફરી ગયો છે. (કાળા વાળ ધોળા થઇ ગયા છે.) તેમ છતાં હજી ચિત્તનો મળ (દોષ-પાપ) ગયો નથી. હું નસીબને દોષ દેતો દોડી મર્યો છું..

* * *

આવી રીતે સ્તવન કરીને અર્જુન મૂંગે મોઢે ઊભો રહ્યો. ત્યાં ગુલાબી રંગવાળી (લાલ પ્રકાશવાળી) ઉષાના આગમન સાથે અરૂણોદય થયો. (૧૧૬). ત્યાં દર્શન માટે અંતરિક્ષમાંથી સિદ્ધો, દેવો, કિન્નરો, મુનિઓ, અપ્સરાઓ અને સુંદર શરીર ધારી ગંધર્વો આવ્યાં અને ભાવથી પરિક્રમા કરી અને વંદન કરી પાછાં જતાં રહ્યાં. એ જ પ્રમાણે સહ્યપર્વત (અદ્રિ=પર્વત) પર વસતા બ્રાહ્મણો, ઋષિ, મુનિ વગેરે પણ દર્શને આવી, પરિક્રમા કરી અને પગે લાગીને જતા રહ્યા. (૧૧૭-૧૧૮). ત્યાં શાંતતપા નામનો એક તેજસ્વી મુનિ આવ્યો અને હાથમાં માટી (મૃત્તિકા) અને પાણી લઇને વિવેકપૂર્વક ઊભો રહ્યો. (૧૧૯). દત્તપ્રભુ એકદમ ઊઠ્યા અને માટી (મૃદ્) તથા પાણી (જળ) લઇને દરરોજની માફક નૈઋત્ય દિશામાં મૌન રાખીને ગયા. (૧૨૦). શૌચ (જાજરુ) વગેરે પતાવીને પાછા જલ્દીથી આવી ગયા, ત્યાં તો માટી લઇને બીજો મુનિ ઊભો જ હતો. (૧૨૧). હાથ-પગ સાફ કરીને, પ્રભુએ દાતણ કર્યું (દંત મંજન કર્યું). અને સરોવરમાં સ્નાન કરીને દેવોનું તર્પણ કર્યું. (૧૨૨). એટલામાં તો ભસ્મ લઇને અને ઝાડની છાલમાંથી બનાવેલા વસ્ત્રો (વલ્કલ) લઇને અન્ય મુનિ-સેવકો આવી ગયા. ભગવાને ત્રિપુંડ્ર કર્યું અને વલ્કલ ઓઢી લીધું. (૧૨૩). વિધિપૂર્વક પોતાનું નિત્યકર્મ (દૈનિક કર્મ) કરીને પાછા ધ્યાનમાં મગ્ન થઇને બેઠા હોય એ રીતે બેઠા. એ જોઇને રાજા નાના બાળકની જેમ નિરાશ થઇને રડવા લાગ્યો. (૧૨૪). ત્યારે શાંતતપા વંદન કરીને બોલ્યા કે, હે પ્રભુ ! આ (અર્જુન) ક્યારનો ઊભો છે. હે ભગવન્ ! એના પર દયા કરો. (શાન્તતપા એટલે તપથી જેણે મનને શાન્ત કર્યું છે. આવી વ્યક્તિ ભલામણ કરે તો પ્રભુ જરૂર સાંભળે)ⓒ(૧૨૫). હે પ્રભુ ! આ રાજા આપનો ભક્ત છે અને ખાધાપીધા વિના ઊભો છે અને ભાવથી આપના શરણે આવ્યો છે તો એને નિરાશ કેમ કરો છો? (૧૨૬). પ્રભુ હસ્યા અને બોલ્યા, "અરે ! તું કેમ શોક (ખેદ) કરે છે? મારા ભક્તને શું દુર્લભ છે? તું નાહકનો શોક કરે છે. (૧૨૭). મેં તને બધી જ સિદ્ધિઓ આપી છે. તેમ છતાં તારું મન બીજું શું ઇચ્છે છે? હજી પણ ધનની ઇચ્છા હોય તો બોલ. હું તને તરત જ આપી દઉં." (૧૨૮).

દત્તપ્રભુના આવાં વચન સાંભળીને આંખમાં આંસુ આણીને (સજળ નેત્રે) રાજા બોલ્યો કે હે પ્રભુ ! હજી પણ મારી પરીક્ષા કેમ કરો છો? (૧૨૯). આપ ઘટઘટનું બધું જ જાણો છો. આપે મને પૂરતી શિક્ષા કરી છે. હવે આ રંક બાળકને તરછોડશો નહિ. એનો એકદમ હાથ પકડી લો. (૧૩૦). હે પ્રભુ ! તરસ્યાને પાણી, ભૂખ્યાને અન્ન, શરણે આવેલાને

રક્ષણ, ગરીબને ધન અને મુમુક્ષુને જ્ઞાનનું દાન એમ જેને જેની જરૂર હોય તેને તે વસ્તુ આપવી જોઇએ. કોને શું આપવું જોઇએ એ આપના જેવા સર્વજ્ઞને કહેવું પડે ખરું? (૧૩૧-૧૩૨). હે દેવ ! તમે મારું અંતર જાણો છો પછી હું શું માગું? મારા મનમાં કોઇ (લૌકિક) ઇચ્છા નથી પછી ધનની વાત શું કામ કરો છો? (૧૩૩). લક્ષ્મી બધી ક્ષણભંગુર છે અને સિદ્ધિઓ ચંચળ છે. મારું મન વિરક્ત થયું છે. તેથી મારું મન હવે એ બધાની ઇચ્છા રાખતું નથી. (૧૩૪). મારા સદ્નસીબે મારા અંતરમાં મોક્ષની ઇચ્છા જાગી છે. હે ગુરુરાય ! જ્ઞાનની દીક્ષા આપીને એ ઇચ્છા સંતોષો. (મોક્ષની ઇચ્છા થવી એ જ સદ્ભાગ્ય છે. આ ત્રણ વસ્તુ મળવી મુશ્કેલ છે-મનુષ્યપણું, મુમુક્ષુપણું અને મહાપુરુષનો આશ્રય). (૧૩૫). શાસ્ત્રોનો અભ્યાસ કરી કરીને થાકી ગયો. પરંતુ એનાથી તો ઊલટો ભ્રમમાં વધારો થયો. જ્ઞાનમાં સ્થિરતા ના થઇ અને બધી મહેનત પાણીમાં ગઇ.ⓔ(૧૩૬). આ બેકાબૂ બનેલી (ઉન્મત્ત) ઇંદ્રિયો કેમે કરીને વશ થતી નથી. અને ચિત્ત એક પળભર પણ શાંત રહેતું નથી. હે પ્રભુ ! હું એકદમ લાચાર થઇ ગયો છું. (૧૩૭). બ્રહ્મ એક છે, નિરંજન છે, શુદ્ધ છે, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ (પરાત્પર) છે, સત્ય છે અને એ મન વાણીથી પણ જાણી શકાય એમ નથી. અને આ જગત મિથ્યા (આભાસમાત્ર) છે. (૧૩૮). આ બધું માયાવી અને ક્ષણભંગુર છે. દોરડામાં સાપની ભ્રાંતિ થાય તેવું મિથ્યા છે એમ વેદાંતીઓ કહે છે અને અન્ય જનો એને સત્ય માને છે. (૧૩૯). એમના મંતવ્ય પ્રમાણે સત્ય અનાદિ હોતું નથી તો પછી એ કેવી રીતે દેખાય? ત્યાં જીવ કેવી રીતે વ્યવહાર કરી શકે? એવી શંકા કરે છે. (૧૪૦). મીમાંસકો (મીમાંસા દર્શન જાણનાર) એવું કહે છે કે માણસ એના કર્મથી સુખી થાય છે જ્યારે યોગીઓ એમ કહે છે કે યોગથી સુખી થાય છે. આવો શાબ્દિક ઝગડો ચાલ્યા કરે છે. (૧૪૧). સાંખ્યશાસ્ત્રમાં માનનારા એમ કહે છે કે જીવ અનેક છે જ્યારે કોઇ કહે કે જીવ એક છે. શૂન્યવાદી કહે છે કે એ ક્ષણિક છે જ્યારે કોઇ વળી એને નિત્ય કહે છે. (૧૪૨). કોઇ કહે છે કે ઇશ્વર જગતનું નિમિત્તમાત્ર છે. જ્યારે કોક એને મુખ્ય (પ્રધાન) ગણે છે. કોઇ એને કર્મને આધારે ગણે છે જ્યારે કોઇ વિશ્વને ઇશ્વર અને પ્રધાન બંનેથી ઉત્પન્ન થયેલું (અથવા મૈથુનિક) ગણે છે. (૧૪૩). કોઇ આરંભવાદી છે જ્યારે કોઇ અજાતવાદી છે. કોઇ વળી પરિણામવાદમાં માને છે તો વળી કોઇ વિવર્તવાદને સ્વીકારે છે. (૧૪૪). દરેક વ્યક્તિ પોતાની માન્યતાને વેદાનુસાર સાચી સાબીત કરે છે એટલે મારી મતિ મૂંઝાઇ ગઇ છે અને હું આપને શરણે આવ્યો છું. (૧૪૫). હે ગુરુરાયા ! આ બધામાં સાચું શું તે મને નિશ્ચિતરૂપથી કહો. મુમુક્ષુએ શું કરવું જોઇએ અને મોક્ષ પામવાનો ઉપાય શું તે કહો. (૧૪૬). તમારી કૃપાથી આ ત્રણે ભુવનમાં મારી આજ્ઞાનું કોઇ સ્વપ્નમાં ઉલ્લંઘન કરતું નથી અને શત્રુ પણ નોકર સમાન થઇને રહે છે. (૧૪૭). મારી પાસે સદાની અક્ષય (ન ખૂટે તેટલી) સંપત્તિ છે. બધા ભોગો સંપૂર્ણ રીતે ભોગવ્યા છે. હવે મારું મન આ બધાથી કંટાળ્યું છે. હે પ્રભુ ! આપ સત્વરે (જલદીથી) કૃપા કરો. (૧૪૮). હે પ્રભુ ! આપે પહેલાં મને વરદાન આપ્યું ત્યારે મેં રાજ્ય, વૈભવ, સંપત્તિ, અને ભંગુર એવી સિદ્ધિઓ રૂપી માટી માગી હતી. (૧૪૯). એ વખતે હું પ્રારબ્ધવશાત્ ભૂલાવામાં પડ્યો હતો, પરંતુ હવે મને સાચું ભાન થયું. (સાચી સમજ આવી.) સત્ય રૂપ જ્ઞાન સિવાય હવે હું અન્ય કોઇ પણ અસત્ વસ્તુ ઇચ્છતો નથી. (૧૫૦). હે નાથ ! હું આ સંસાર સાગરમાં ડૂબી રહ્યો છું. તમારા વિના બીજો કોણ દયાળુ છે જે મને આમાંથી બચાવે? (ઉગારે.). મારો જલ્દીથી હાથ પકડો. (મારી મદદે ચઢો.) (૧૫૧).

એવું બોલીને એણે વંદન કર્યાં, એટલે દત્ત પ્રભુ ગંભીર થઇને જે બોલ્યા તે હવે પછી યોગીશ્વર અલખ કહેશે અને ધીરજવાન નિરંજન સાંભળશે. (૧૫૨). રાજ્યાદિથી કંટાળીને આમ અર્જુન શરણે આવ્યો એનું વર્ણન આ અધ્યાયમાં કર્યું છે. (૧૫૩). દત્ત પ્રભુના મુખમાંથી ઝરેલા એ અમૃતપાનથી અર્જુન કૃતકૃત્ય થશે એ અપૂર્વ કથા આગળ ઉપર

નિરભિમાની રંગ કહેશે. (૧૫૪). બાળકની જેમ કહેવાયેલી આ કથા દયાળુ સંતો આદરપૂર્વક સાંભળે છે. ગુરુદેવની એવી બલિહારી છે કે કાળ પણ સામું જોવાની હિંમત કરતો નથી. (૧૫૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અર્જુનશરણાગમન'** નામનો **બારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૨

(૧) કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા | કલ્પલતા સમાન સેવાથી શું ન સાધી શકાય? બધું જ સાધી શકાય. દેહની પરવા કે ચિંતા કર્યા વિના અર્જુને જે સેવા કરી તેનાથી પ્રસન્ન થઇને ભગવાને અનેક વરદાનો આપ્યા.

(૨) ખોવાયેલી વસ્તુ મેળવવા માટેનો કાર્તવીર્યનો મંત્ર આ પ્રમાણે છે.

કાર્તવીર્યો મહાબાહો રાજા સહસ્રબાહુવાન્|
યસ્યસ સ્મરણમાત્રેણ ગતમ્ નષ્ટમ્ ચ લભ્યતે||

(૩) ખૂબ સરસ ઉપમા છે. બે લીટીમાં આખી પરિસ્થિતિ સમજાવી દીધી છે. પરણીને સાસરે જતી કન્યાને પિયર, મા-બાપ, ભાઇ ભાંડુ છોડવાનું દુ:ખ છે પણ નવું લગ્ન જીવન માણવાનો આનંદ પણ છે. એટલે ખૂબ રડતી કન્યાને કોઇ એવું નથી કહેતું કે આટલું બધું દુ:ખ થતું હોય તો સાસરે જવાનું માંડી વાળ. **"હતો આનંદ હૈયામાં, પરંતુ આંખ રડતી'તી"**. પિયર છોડવાનું દુ:ખ આંખના અશ્રુ દ્વારા વ્યકત થતું હતું પરંતુ હૈયાનો આનંદ પણ અવ્યકત રહેતો નથી.

(૪) મહા વદ આઠમને દિવસે દત્ત ભગવાને અર્જુનને વરદાન આપ્યાં હતાં તેથી આ અનઘાષ્ટમી વ્રત કરનારને સુખ-સમદ્ધિ પ્રાપ્ત થાય છે. રાત્રે ઉત્સવ કીર્તન કરી જાગરણ કરવું અને બીજે દિવસે પારણા કરવા. સિદ્ધપુર (ગુજરાત)નો રંગ પરિવાર વર્ષોથી આ ઉત્સવ ઉજવે છે.

(૫) અર્જુન સાત્ત્વિક છે અને સામર્થ્ય ધરાવે છે એટલે પોતે સામે જઇને કોઇને હેરાન કરતો નથી. પરંતુ સામે ચાલીને લઢવા આવે તો તેને પદાર્થપાઠ ભણાવવાનું ભૂલતો નથી. રાજાની સમર્થતા કેવી? મહાબળિયા રાવણને નેત્ર સંકેત દ્વારા પોતાની સ્ત્રીઓ પાસે બંધાવ્યો. અને પારણે બંધાવ્યો. નાના નાના ધાવણાં છોકરાં પણ એને રમકડું માનીને મૂછો ખેંચતા હતાં. અર્જુન ભક્ત હતો તેથી એનું જીવન પ્રભુમય જ રહ્યું.

(૬) અઢળક સંપત્તિમાં આળોટતો અને અનહદ સામર્થ્ય ધરાવતો અર્જુન એમાં મોહ પામી જતો નથી. એના પૂર્વ જન્મના પુણ્યથી વૈરાગ્ય જાગ્યો. એનો વૈરાગ્ય એ વિવેકયુકત વૈરાગ્ય છે. (દોહરા-૬૦ થી ૭૦).

અર્જુન માટે પૂ.શ્રીએ લખેલા દોહરાને મૂઢ સમજી શકતો નથી.

કોની સ્ત્રી? કોના સુતો? કોનો આ પરિવાર?
કોના કિંકર દાસીઓ? ક્ષણિક રાજ્ય ભંડાર.

શ્રીમંતાઇમાં મોહ પામેલો મૂઢ માનવી આવું વિચારે ખરો?

એ તો એવું જ માને કે :

મારી સ્ત્રી, મારા સુતો, મારો આ પરિવાર,

મારા કિંકર દાસીઓ શાશ્વત મુજ ભંડાર.

ઇશ્વર કૃપા કરે ત્યારે માનવ અવતાર મળે, ગુરુ કૃપા કરે ત્યારે સંસારની આસક્તિ ટળે, સંસાર છોડાવે.

હરિ કૃપા તબ જાનિયો જબ દે મનુજ અવતાર,

ગુરુકૃપા તબ જાનિયો જબ છોડાવે સંસાર.

(૭) આ દોહરો સમજવા જેવો છે. ગમે તેને જ્ઞાન અપાય નહિ એ વાત ગીતા, શ્રીગુરુલીલામૃત અને બીજા બધા સદ્ગ્રંથોમાં આવે જ છે. અયોગ્ય વ્યક્તિને, કુપાત્રને આવું જ્ઞાન આપવામાં આવે તો ફળતું નથી અને મહાન અનર્થ થાય છે. એટલે મહાન વ્યક્તિઓએ પરીક્ષા કર્યા વગર પૈસાના લોભમાં કે બીજા કોઇ લોભમાં ગમે તેને જ્ઞાન આપવું જોઇએ નહિ. એટલે પૂ.શ્રીએ ગમે તેને મંત્રો આપવાની શિબિર કરી નથી.

(૮) શાન્તતપા એટલે તપથી જે શાન્ત થયો છે તે. આવા કોઇ સાચા સંત આપણા માટે ગુરુ મહારાજને ભલામણ કરે તો કામ જલદીથી અને સરળતાથી પતે. આપણો સંત સાથેનો સંબંધ એવો હોવો જોઇએ કે સંત આપણી ચિંતા કરે અને કોઇ વાર એના ચિત્તામાં આપણું સ્મરણ થાય. સંતના સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવવાથી આવું શક્ય બને છે.

(૯) આધ્યાત્મિક ધ્યેય સિદ્ધ કરવા માટે જરૂરી એવો અભ્યાસ કરવો અને એ પ્રમાણે આગળ વધવું એ એક વાત છે અને કેવળ વાંચવા ખાતર વાંચવું, વાદ-વિવાદ કરવા ખાતર વાંચવું એ બીજી વાત. શરૂઆતમાં જાત જાતનું વાંચવું, પ્રવચનો સાંભળવા, એવી પ્રવૃત્તિમાં રુચિ થાય પરંતુ જો એ પ્રમાણે જીવન ન જીવાય તો પસ્તાવો થાય. પૂ.શ્રીના સાહિત્યમાં આ વિચાર અનેક જગ્યાએ જોવા મળે છે. જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે.

વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કૂટાવી મારે ..... દત્તનામ સ્મરણ. (૧)

ભ્રાન્ત ભવકાનને શ્રાન્ત શાસ્ત્રાટને

ક્ષાળ કર્દમ મુને જ્ઞાનમેઘે ..... પ્રભાતિયું.

●

અધ્યાય : ૧૩

આ અધ્યાયનું નામ **'શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને ગાથાત્રયકથનં'** છે. આ અધ્યાયમાં **૧૪૨** દોહરા છે.

પંચાશી હજાર વર્ષ તપ કર્યા પછી જેના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે એવા અર્જુને દત્ત પ્રભુને પોતાની કેટલીક મૂંઝવણ કહી. વિવિધ મંતવ્યો અને મનની ચંચળતાને કારણે ઊભી થયેલી મૂંઝવણના સંદર્ભમાં દત્ત પ્રભુએ એને કહ્યું કે વિવિધ શાસ્ત્રોનું તાત્પર્ય તો એક જ છે અને તે બધાં તત્ત્વનો જ બોધ કરે છે.

એક વાર બૃહસ્પતિ પોતાના શિષ્યોને જુદા જુદા, એકબીજાથી વિરોધાભાસી જણાય એવા, શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા હતા. ત્યાં ઇન્દ્ર જઇ ચઢ્યો અને એણે શિષ્યોને ચાર્વાક મત અને કામશાસ્ત્રનો અભ્યાસ કરતા જોઇને કહ્યું કે આનાથી તો મન વધુ વિક્ષિપ્ત થશે. ત્યારે બૃહસ્પતિએ એને સાત દૃષ્ટાંતો કહ્યા, જેનો સાર એ હતો કે શાસ્ત્રો જુદાં જુદાં છે પરંતુ તાત્પર્ય તો એક જ છે.

આ સાત દૃષ્ટાંતો પૈકી ત્રણ દૃષ્ટાંતો આ અધ્યાયમાં વર્ણવ્યાં છે. પ્રામાણિકપણે જીવન જીવનાર શિલ્પ શાસ્ત્રી, કામશાસ્ત્રમાં અને ગીતવાદ્યમાં નિપુણ એવો બ્રાહ્મણ અને દત્ત પ્રભુએ આપેલા મંત્રો દ્વારા પોતાના પુત્રની પિશાચ પીડા દૂર કરનાર બ્રાહ્મણની કથા આ અધ્યાયમાં છે.

અર્જુનના નમ્ર (દીન) વચન સાંભળીને દયાળુ યોગીરાજ એવા દત્ત પ્રભુ આશ્વાસન આપીને તરત બોલ્યા કે, હે અર્જુન ! તને ખરેખર ધન્ય છે. તું સાત્ત્વિક જ્ઞાની ભક્ત છે અને દૈવી સંપત્તિને લીધે સૂર્યની જેમ શોભી રહ્યો છે.(૧-૨). પ્રારબ્ધવશાત્ તું રાજ્યાદિમાં પડયો હોવા છતાં મારી કરેલી સેવાને લીધે તને પૂર્ણ વૈરાગ્ય થયો છે. (૩). હવે આ જ જન્મે તું મુક્તિનું અખંડ સુખ મેળવ. જેથી તને આ માયાની છેતરપિંડી (માયાનું તોફાન) જરા પણ અવરોધ નહિ કરે. (૪). જે એક જ તત્ત્વ બધે વ્યાપેલું છે એ તત્ત્વનો બોધ (ઉપદેશ) જ બધાં શાસ્ત્રો કરે છે તેથી એ જૂઠાં નથી. વિચારમંથન દ્વારા તું એ તત્ત્વને જાણ. (૫). આ બધાં (શાસ્ત્રો)નું એક જ તાત્પર્ય છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. હે શ્રેષ્ઠ માનવ ! આ વિશેની હું તને પુરાણી વાત (વાદ) કહું છું તે સાંભળ. (૬). એક દિવસ (દેવોના ગુરુ) બૃહસ્પતિ પોતાના શિષ્યોને જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા હતા. (૭). કોઇ ચાર્વાક મત (લોકાયત)નો તો કોઇ કામશાસ્ત્રનો, કોઇ શિલ્પ શાસ્ત્રનો તો કોઇ બૌદ્ધ (સૌગત) શાસ્ત્રનો, કોઇ વળી ન્યાય શાસ્ત્રનો તો વળી કોઇ સંગીત શાસ્ત્રનો (ગાન વગેરેનો) આનંદથી અભ્યાસ કરતા હતા. (૮). એ સમયે એકાએક દર્શનના હેતુથી ઇન્દ્ર આવી ચઢ્યો અને ગુરુને દૂરથી જોયા કે તરત જ ત્યાંથી ચાલીને પાસે આવ્યો. (૯). બે હાથ જોડીને ભાવપૂર્વક નમન કરીને ઊભો રહ્યો એટલે ગુરુએ પાસે આસન ઉપર પ્રેમથી બેસાડયો. (૧૦). શિષ્યોને જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ કરતા જોઇને એણે પૂછ્યું કે, હે ગુરુજી ! આ બધા શાનો અભ્યાસ કરે છે અને શા માટે અભ્યાસ કરે છે? અને તમે પણ ખાસ રસ લઇને શું ભણાવો છો? (૧૧). પૂર્વના સંસ્કારોને કારણે જન્મથી જ પ્રાણીમાત્રને વિષયવાસના હેરાન કરે છે (પજવે છે.) એમાંથી એ કઇ રીતે પાર ઉતરે? (૧૨). શું આ કામશાસ્ત્ર ઇત્યાદિ મોક્ષમાં બાધાકારક નહિ નીવડે? એ તો વિષયાધ્યાસ વધારીને શું નરકમાં

નહિ પાડે? (૧૩). વિષયવાસનાથી બળેલા ઝળેલા અને તત્ત્વથી બહિર્મુખ થયેલા આ બધાને, અનિત્ય વસ્તુને સત્ય છે એ રીતે સમજાવતાં આ બધાં શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે શું કામ પ્રેરો છો? આ તો આંધળાને કૂવામાં પડવામાં મદદરૂપ બનવા જેવું છે. (૧૪). મૂળે તો આ બધા જીવો લંપટ (વિષયી) છે. તેમાં પાછું વિષયને વધારનારા આ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાથી તેમનો કયો હેતુ બર આવશે? (શું સિદ્ધ થશે? શું ભલીવાર થશે?) (૧૫). આ બધા મૂળે વાંદરા છે પછી એને પાછા ભાંગ શું કામ પાઓ છો? બૃહસ્પતિ ગુરુએ કહ્યું કે, હે દેવેન્દ્ર ! તું આમ આશ્ચર્યચકિત ના થા. (૧૬). શાસ્ત્ર કોઇ પણ દિવસ બાધક હોતું જ નથી. આ બધાનું તાત્પર્ય એક જ છે અને તે છે અંતે ચિત્તની શુદ્ધિ કરવી તે. (૧૭).

તારી શંકાનું નિર્મૂલન કરવા (મૂળમાંથી દૂર કરવા.) હું તને સાત દૃષ્ટાંતો (વાર્તા) કહું છું તે તું સાંભળ. (પહેલું દૃષ્ટાંત શરૂ.) કાપિલ્ય નામના નગરમાં વિધિજ્ઞ નામનો એક શિલ્પશાસ્ત્રનો જાણકાર રહેતો હતો. વાસ્તુશાસ્ત્રમાં એ ખૂબ નિપુણ (પારંગત) હતો. આ વાસ્તુશાસ્ત્રના જાણકાર વિદ્વાનો પણ એને માનની દૃષ્ટિથી જોતા હતાં અને એને નવા નવા કામો આપતા હતા. (૧૮-૧૯). જમીનની શુદ્ધિ (ભૂ શુદ્ધિ), જમીનના દોષો (ભૂ-દોષો) અને આવક તેમજ ખર્ચની જાણકારી મેળવી એને અનુસરીને મકાનો બાંધતો હતો એટલે એ સુખથી રહેવાનાં ઘરો બની રહેતાં. (૨૦). એણે જે ઘર બાંધ્યું હોય તેમાં હંમેશાં ધાર્મિક કાર્યો થતાં રહેતાં. ત્યાં ઉત્સવો, યજ્ઞો, અન્નદાન, આતિથ્યસત્કાર જેવાં મંગલ કાર્યો હંમેશાં થયાં કરતાં. (૨૧). એ મકાનમાં કદિ કોઇને રોગ ના થાય કે ઉંદર, મચ્છર, માંકણ, ઘિલોડી (પલ્લી) સાપ કે વિંછીનો ત્રાસ ન થાય. (૨૨). કોઇનું અકાળે મૃત્યુ ન થાય કે અકાળે ઘડપણ ના આવે. એ વિધિજ્ઞ શાસ્ત્રના આધારે મકાનો બાંધતો હતો. (યોગ્ય સમયે મૃત્યુ કે ઘડપણ આવે તો તે આવકાર્ય છે. અકાળે વૃદ્ધત્ત્વ કે અકાળે મૃત્યુ ઇચ્છનીય નથી.) (૨૩). આને કારણે તે ખૂબ પ્રસિદ્ધિ પામ્યો અને અઢળક સંપત્તિ મળી. એ કોઇ દિવસ પણ જુઠું બોલે નહિ અને બધા પર પ્રેમભાવ રાખતો હતો. (૨૪). એના પર આધાર રાખીને ઘણા લોકો જીવન જીવતા હતા. એ શિલ્પશાસ્ત્ર જાણનારને ધન્ય હો. મૃત્યુ પામ્યા પછી એ પણ સ્વર્ગમાં ગયો અને એ સુંદર શરીરધારી બન્યો. (૨૫). સ્વર્ગમાં ભોગ ભોગવીને એ ફરી પાછો પૃથ્વી પર પૂર્વ પુણ્યના બળે રાજા થઇને જન્મ્યો. રાજા થઇને યજ્ઞો કર્યા, મહેલો, દેવમંદિરો અને ધર્મશાળા બંધાવી. વાવ-કૂવા અને બાગ બગીચા બનાવડાવ્યા. તેમજ અન્નક્ષેત્ર અને વિદ્યામંદિરો (પાઠશાળાઓ) પણ બંધાવ્યાં. સમય થતાં મૃત્યુ પામીને તે પાછો સ્વર્ગમાં ગયો. (૨૬-૨૮). સ્વર્ગમાં ભોગ ભોગવીને એ ફરીથી પૃથ્વી ઉપર પવિત્ર બ્રાહ્મણના કુળમાં જન્મ્યો. કર્મનું ફળ ગહન છે. (રહસ્યમય છે.) (સ્વર્ગ એ ભોગ ભૂમિ છે જ્યારે પૃથ્વી એ કર્મભૂમિ છે. સ્વર્ગમાં પુણ્ય વાપરવાનું છે. પૃથ્વી પર પુણ્ય કમાવવાનું છે.) (૨૯). બધી (દશે) ઇંદ્રિયોથી પૂર્ણ એવો મનુષ્ય જન્મ દુર્લભ છે. દુર્લભ પુણ્યથી જ એ મળે છે. તેમાં પણ બુદ્ધિમાન બ્રાહ્મણ તરીકેનો જન્મ તો મહાપુણ્યબળે (અથાગ પ્રયત્ને)જ થાય છે અને એમાં પણ જ્ઞાની અને વંદનીય તો કરોડો માણસોમાં કોક જ અતિપુણ્યથી થાય છે. (૩૦-૩૧). એ જ રીતે પહેલાંનો શિલ્પી પુણ્યના બળે રાજા થઇને પછી બ્રાહ્મણના કુળમાં જન્મ્યો. (૩૨). પિતાએ ગર્ભાધાન વગેરે બધા સંસ્કારો વિધિપૂર્વક કર્યા. શુભ ચોઘડિયામાં બુદ્ધિશાળી બાળકનો જન્મ થયો. (૩૩). પિતાએ વિધિસર જાતક કર્મો કર્યાં અને નામકરણ વિધિ પણ કરી અને પિતાએ દાન-પુણ્ય વગેરે પણ બધું આનંદપૂર્વક કર્યું. (૩૪). દેવશર્મા નામનો એ બાળક દેખાવે રૂડો-રૂપાળો હતો. અને શાન્ત સ્વભાવનો હોવાથી બધાંનાં ચિત્તને અનન્ય રીતે આકર્ષતો હતો. (હરી લેતો હતો.)(૩૫). યોગ્ય સમયે ચૌલાદિ (બાબરી-વાળ ઉતારવા) કરીને પછી એને જનોઇ (યજ્ઞોપવિત) દીધું. એકાગ્ર મનથી એ (વેદશર્મા) વેદાભ્યાસ કરવા લાગ્યો. (૩૬). એ ભાવપૂર્વક ગુરુની સેવા કરતો હતો. સંધ્યા, વંદન, હોમ વગેરે કરતો હતો. બ્રહ્મચર્યનું હંમેશાં પાલન

કરીને વૈદિક મંત્રાદિ, સ્તુતિ (સ્તોત્ર) વગેરેનું યોગ્ય રીતે ગાન કરતો હતો. (૩૭). સાંગ (વેદના અંગો સહિત), પદ, ક્રમ, સંહિતા અને ભ્રમને દૂર કરનાર બધાં શાસ્ત્રો એ ભણ્યો એને ખરેખર ધન્ય છે કે એની બધી મહેનત ફળી. (એના બધા પ્રયત્નો સફળ થયા.) (૩૮). ગુરુને દક્ષિણા આપીને અને બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ કરીને, સારા કુળની કન્યાને જોઇ એણે લગ્ન કર્યાં. (૩૯). રૂપાળી અને ચારિત્ર્યવાન, સતી (સ્ત્રી) પત્ની ઘરને શોભાવતી હતી અને પ્રેમપૂર્વક ઘર ચલાવતી હતી. (૪૦). વેદ અને શાસ્ત્રનો જાણકાર એ બ્રાહ્મણ પ્રેમપૂર્વક અને વિધિ અનુસાર પાંચ પ્રકારના યજ્ઞો અને ગૃહકર્મ નિયમ મુજબ કરતો હતો (૪૧). ગુરુની ભાવપૂર્વક સેવા કરતો હતો, ભજન-પૂજન અને ઇષ્ટદેવનો જાપ નિરભિમાની થઇને (અભિમાન છોડીને) કરતો હતો. (૪૨). શાસ્ત્ર ભણવાનું (પઠન) અને ભણાવવાનું (પાઠન) કાર્ય, યજ્ઞ કરવા-કરાવવાનું કાર્ય અને દાન આપવાનું તથા સ્વીકારવાનું કાર્ય કરીને સમય પસાર કરતો હતો. (૪૩). ગમે તેવું અનુચિત દાન એ કોઇ કાળે (સ્વપ્નમાં પણ) પણ લેતો નહિ. પુણ્ય હરી લે એવું દાન કોઇ દિવસ સ્વીકારવું નહિ. (૪૪). ઘરમાં ઉદાસીન વૃત્તિથી રહેતો હતો. મનમાંથી ફળની ઇચ્છા ત્યજીને (એટલે કે નિષ્કામ ભાવથી) બધાં કર્મો પ્રેમપૂર્વક કરતો હતો. (ઉદાસ ન થવું પણ ઉદાસીન થઇને રહેવું.) (૪૫). ધીમે ધીમે વૈરાગ્ય વૃત્તિ જાગતાં અંતરમાં ખરેખર ભજનનો રંગ જામ્યો અને ધીમે ધીમે માયિક સંગ છોડતો ગયો. (૪૬). સત્ય, દયા, તપ,શૌચ (પવિત્રતા), ક્ષમા, સરળતા, શમ, દમ, શ્રદ્ધા વગેરે દૈવીગુણો કેળવીને એ બ્રાહ્મણ પ્રેમપૂર્વક બ્રહ્મકર્મ કરતો હતો. બીજાં કર્મો છોડીને બ્રાહ્મણ આવાં બ્રહ્મકર્મ સામેથી સ્વીકારતો હતો. પરિણામે કામાદિ (ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર વગેરે.) જતા રહ્યા અને ચિત્ત પણ મમતારહિત થયું. (૪૭-૪૮). બ્રાહ્મણમાંથી અભિમાન દૂર થયું અને અંત:કરણ શુદ્ધ થયું. અંતરમાં શાસ્ત્રશ્રવણની રુચિ જાગી અને બ્રાહ્મણ એકાંત શોધવા લાગ્યો. (એકાંત અને એકલવાયાપણામાં ફેર છે.) (૪૯). ગૃહસ્થાશ્રમની જલદીથી સમાપ્તિ કરીને હવે એ વાનપ્રસ્થી બનીને રહેવા લાગ્યો અને ઠંડી-ગરમી સહન કરવા લાગ્યો. (તિતિક્ષાવૃત્તિનું સેવન કરવા લાગ્યો.) (૫૦). હંમેશાં ધ્યાનમાં મગ્ન રહેવા લાગ્યો અને ઇશ્વરનું ચિંતન કરવા લાગ્યો. પેટ પોષવાની ચિંતા છોડીને શ્રવણ અને મનન કરવા લાગ્યો. (૫૧). બધાને અભય આપીને એણે ચોથો આશ્રમ (સંન્યાસ આશ્રમ) સ્વીકાર્યો. સદ્‌ગુરુના ઉપદેશને કારણે એનો ભ્રમ દૂર થયો. (૫૨). શ્રવણથી સંશયભાવના દૂર થઇ, મનનથી અસંભાવના ઝડપથી દૂર થઇ અને ધ્યાનથી વિપરીત ભાવના દૂર થઇ. (૫૩). (આ વિષે અધ્યાય ૧૬મા વિગતે ચર્ચા છે.) રાજયોગ સાધીને વિઘ્નો (પ્રતિબંધ) દૂર કર્યાં અને ધીરે ધીરે વાસનાનો ક્ષય (નાશ) કરી મનનો પણ ભંગ કર્યો. (૫૪). જ્ઞાનયોગથી એ ઝડપથી જીવતે જીવ મુક્તિનો અનુભવ કરવા લાગ્યો. (મર્યા પછીની મુક્તિ તે વિદેહમુક્તિ, જીવતાં મુક્તિ મેળવવી તે જીવન્મુક્તિ.) બાકી રહેલું પ્રારબ્ધ ભોગવીને બ્રાહ્મણ મૃત્યુ પછી પણ મુક્તિ પામ્યો. (૫૫).[૧] બધાં શાસ્ત્રો એ ઇશ્વરની જ વાણી છે. એવું શ્રદ્ધાપૂર્વક માનીને જે વ્યકિત વિશ્વાસપૂર્વક વર્તે છે, તે ધીમે ધીમે મુક્તિ પામે છે. (૫૬). આમ એ શિલ્પ વિદ્યા જાણનારો, શાસ્ત્ર પ્રમાણે વર્તતાં ધીમે ધીમે મુકત થયો એ વાત બૃહસ્પતિએ ઇંદ્રને અને દત્ત પ્રભુએ કાર્તવીર્યને (સહસ્રાર્જુનને) કરી. (૫૭).

હે શિષ્ય ! હું તને બીજું ઉદાહરણ કહું છું તે તું સાંભળ. નર્મદા નદીના કિનારે માહિષ્મતિ નગરીમાં ગીત અને વાદ્યમાં હંમેશાં રચ્યો પચ્યો રહેનાર એક બ્રાહ્મણ રહેતો હતો. એ કવિશ્રેષ્ઠ, દેખાવડો અને કામશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન ધરાવતો હતો. (૫૮-૫૯). એ જ્ઞાની બ્રાહ્મણ કમળ જેવી કોમળ (પદ્મિની) અને સુંદર પત્નીની શોધમાં રાજ દરબારમાં આવી પહોંચ્યો. રાજાએ એનું પૂજન કરી એનું સન્માન કર્યું. (૬૦). રાજાએ પૂછયું કે તમારા મનમાં શી ઇચ્છા છે? બ્રાહ્મણ બોલ્યો કે કામશાસ્ત્રમાં જણાવ્યા મુજબની બધી રીતે પૂર્ણ હોય એવી શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેની સ્ત્રીને શોધું છું. (૬૧).

શારીરિક ચિહ્નોને આધારે ભવિષ્યકથન કરવાનું (સામુદ્રિક) જ્ઞાન મને છે અને મને કામશાસ્ત્રનું પણ જ્ઞાન છે. એટલે આ બધું જાણીને હું સુલક્ષણા સ્ત્રીની શોધમાં છું. (૬૨). એના અંતર (મન)ના ભાવો જાણીને રાજાએ સર્વલક્ષણોથી યુકત (સર્વલક્ષણ સંપૂર્ણ) એવી પોતાની દીકરી (આત્મજા) બતાવી. એને જોતાં જ તરત જ એના પર એ મોહી પડયો (૬૩). એ કન્યારત્નને જોઇને બ્રાહ્મણ કામાતુર (કામવૃત્તિથી આકુળ વ્યાકુળ) થઇ ગયો પરંતુ પછીથી સ્વસ્થ થઇ (સાવધ થઇ) બ્રાહ્મણે એનું મુખ ધારી ધારીને જોયું. (૬૪). બ્રાહ્મણનું મુખ જોતાં રાજકુંવરી પણ કામવિહવળતાથી મૂર્છિત થઇ ગઇ. બન્નેનાં મન મળેલાં જોઇને રાજા ખૂબ જ રાજી થયો. (૬૫).

રાજાએ મનમાં વિચાર્યું કે હું પુત્ર વિનાનો અને અપંગ છું. આ બ્રાહ્મણ સત્પાત્ર (યોગ્ય મુરતિયો) છે અને વિવિધ પ્રકારનું જ્ઞાન ધરાવે છે. (૬૬). એ મારી દીકરીને જોઇને મોહી પડયો છે તો મારી દીકરી પણ એના પર મોહી પડી છે. તો હું આનંદથી એને ઘરજમાઇ બનાવી લઉં. (૬૭). બંન્નેનો અન્યોન્ય પ્રત્યે શુદ્ધ પ્રેમ છે. તો મારે બીજું શું જોઇએ? મારી આંખ સામે બંનેનાં લગ્ન કરાવીને હું પણ મારી જાતે ધન્ય થઇ જાઉં. (૬૮). આ બ્રાહ્મણ કદાચ ગરીબ હશે તો એને અડધું રાજ્ય દાનમાં આપી દઇશ. આવું વિચારીને રાજાએ તરત જ લગ્ન કરાવી દીધું. (૬૯). રાજાએ શુભ મુહૂર્તમાં બ્રાહ્મણવિધિથી કન્યાદાન કર્યું અને અર્ધું રાજ્ય પણ આપી દીધું. (બ્રાહ્મણ સાથે ક્ષત્રિય કન્યા પરણી શકે પણ બ્રાહ્મણ કન્યા ક્ષત્રિય પુરુષને પરણી શકે નહિ. સ્ત્રીએ ઊંચી જ્ઞાતિમાં કયાં સમાન જ્ઞાતિમાં પરણવું જોઇએ.) (૭૦). રાજાએ સોળ દિવસ સુધી ધામધૂમથી લગ્નોત્સવ મનાવ્યો અને બ્રાહ્મણ જમાઇને મહેલમાં રાખી લીધા. (૭૧).

પતિ અને પત્ની બન્ને જણાં ચક્રવાકની જેમ પ્રેમથી લગ્ન જીવન માણતાં હતાં. આ દંપતીનું જોડું ખૂબ શોભતું હતું. (૭૨). આત્મામાં સ્થિત થવાથી પ્રાપ્ત થતું સતત અને સર્વશ્રેષ્ઠ એવાં પરમ સુખને મન અને વાણી જાણી શકતાં નથી. (૭૩). આ આત્માનો આનંદ એ બ્રહ્માના આનંદ કરતા પણ સો ગણો હોય છે તો પછી માનવીના આનંદની તો વાત જ શી? (૭૪). આ કામશાસ્ત્રને વિધિપૂર્વક સંપૂર્ણપણે જાણનારો બ્રાહ્મણ શાખાચંદ્ર ન્યાયની જેમ સારી રીતે (સાચી રીતે) રતિક્રીડા કરતો હતો. (શાખાચંદ્ર ન્યાય એટલે ઝાડની ડાળીની પાછળ દેખાતો ચંદ્ર બતાવીને દૂર અંતરિક્ષમાં રહેલા ચંદ્રનું ભાન કરાવવું તે. એ જ રીતે લગ્નજીવનના આનંદ દ્વારા આત્માનંદની અનુભૂતિ કરવા માટે કામશાસ્ત્રનું જ્ઞાન હોવું જોઇએ.) (૭૫). આને પામર શું સમજી શકે? એતો વિષયસંભોગ દ્વારા ઉપાધિયુકત (આભાસમાત્ર) સુખમાં મગ્ન રહે છે. એને રતિક્રીડા દ્વારા જીવ અને ઈશ્વરના મિલનના આનંદની શું ગમ પડે? (૭૬). આ સતત સર્વશ્રેષ્ઠ આત્મસુખને વિધિપૂર્વક કામશાસ્ત્ર જાણનાર બ્રાહ્મણ અદેખાઇ અને હરિફાઇ વિનાનો થઇને પત્ની સાથે લગ્ન જીવન માણતો હતો. (૭૭). મૈથુનક્રિયાના અંતે ક્ષણમાટે સુપ્તિ અવસ્થાને અંતે પૂર્ણ આનંદની જે પરિસ્થિતિ જન્મે છે તેનો તે સદાકાળ અનુભવ કરતો હતો. (જે આનંદ પામર માટે ક્ષણ પૂરતો હોય છે તે આ બ્રાહ્મણ માટે હંમેશનો હતો.) (૭૮). આત્માના ઊંડા અને નિરંતર અખંડ લક્ષને કારણે તેને આ સુખ હાથવગું હતું. જેમ જ્ઞાનીને જીવન્મુક્તિ સહજ હોય છે તેમ. પરંતુ મૂઢ આ સુખ પામી શકતો નથી. (૭૯). પામર આનાથી અજાણ હોવાથી વિષય(કાદવ)માં ખૂંપ્યો રહે છે અને આત્માથી હંમેશાં વિમુખ થાય છે અને પછી રોગથી હેરાન-પરેશાન થાય છે. (૮૦). કામશાસ્ત્રનો જાણકાર એ બ્રાહ્મણ રતિક્રીડાની પાછળનું રહસ્ય જાણીને બ્રહ્માનંદમાં ડૂબ્યો રહેતો હતો.[૨] (૮૧). રાજકન્યા પણ પતિનું મન પારખી (જાણી)ને, એને બ્રહ્મ માનીને એની સાથે લગ્ન સુખ માણતી હતી. એ સમજુ અને સદ્બુદ્ધિવાળી સતીને ધન્ય છે. (બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે.) (૮૨). એ (સતી)ને સ્વપ્નમાં પણ પર પુરુષની ઇચ્છા થતી ન હતી. હંમેશાં પતિનાં ચરણની

સેવા કરીને આનંદથી એને સમર્પિત થઇને રહેતી હતી. (૮૩). આ રીતે સમજપૂર્વક લગ્નજીવન ભોગવવા છતાં બન્નેમાંથી કોઇએ પણ જરા સરખું પણ પાપ કર્યું નથી. અને તેથી સ્વપ્નમાં પણ દુ:ખ કે શોકનું નામ નિશાન રહ્યું નહિ. (૮૪). બન્નેનાં મન મળેલાં હતાં (એકચિત્ત હતાં.) અને એ રીતે ગૃહસ્થ ધર્મ બજાવતાં હતાં. જે તે સમયે જે તે કામ નિર્લેપ ભાવે કરતાં હતાં. (કર્મ બંધનકારક નથી. કર્મ પાછળની અપેક્ષા-કામના બંધનકારક છે. નિષ્કામ ભાવથી કરેલું કર્મ બંધનકારક નથી. જે ચાવીથી તાળુ ખૂલે તે જ ચાવીથી તાળું બંધ પણ થાય. ચાવી કેવી રીતે ફેરવો છો તે મહત્વનું છે. તેવું જ કર્મનું.) (૮૫). બન્ને વચ્ચેના અખંડ અને અભિન્ન પ્રેમને કારણે આ પતિપત્ની દેવોને પણ અનુભવવા ના મળે એવા આનંદનો અનુભવ કરતાં હતાં. (૮૬). પ્રારબ્ધવશ બન્નેનું મૃત્યુ થયું અને બંને ગંધર્વલોકમાં ગયાં. ત્યાં પણ પતિપત્ની થઇને આનંદથી દાંપત્ય જીવન જીવવાં લાગ્યાં. (૮૭).

ગાનમાં અને વાદ્યમાં નિપુણ એવાં એમને ગાંધર્વોએ પણ માનપૂર્વક સ્વીકાર્યાં. નાદબ્રહ્મમાં હંમેશાં લીન રહેનાર, શુદ્ધ મનવાળા અને ઉદાર સ્વભાવવાળા એ દંપતિએ સંગીતશાસ્ત્રના નિયમ મુજબ ગાન કરીને બધાંને પ્રસન્ન કર્યાં અને હસતા ચહેરે આનંદપૂર્વક ચારે દિશામાં મોજથી બંને ફરવાં લાગ્યાં. (૮૮-૮૯). એક દિવસ સ્વેચ્છાએ હિમાલયમાં જઇને એ દંપતિએ ગાન કર્યું. એ સાંભળીને માથા ઉપર ચંદ્રને ધારણ કરનાર ભગવાન શંકર ઉમા (પાર્વતી) સાથે ત્યાં આવીને (રાગરાગિણી સાથેનું અને સાતે સ્વરના લય અને તાલ સાથેના મેળવાળું) એવું મધુર ગીત સાંભળવા લાગ્યા. (૯૦-૯૧). એ મનપસંદ સંગીતને સાંભળીને ભોળાનાથ માથું ડોલાવતા હતા અને ધ્યાન છોડીને આનંદથી બોલ્યા કે આ ખૂબજ સુંદર ગાન છે. આવું ગાન તો આજ દિન સુધી ક્યારે પણ સાંભળ્યું નથી. ઝાડ અને પથ્થરને પણ ડોલાવે એવા આ ગાન સામે તો સામવેદનું ગાન પણ ફિક્કું લાગે. (નીરસ લાગે.) (૯૨-૯૩).

મારું મન અતિ પ્રસન્ન થયું છે તેથી હું તમને પ્રસન્ન થઇને વરદાન આપું છું કે તમો સ્વર્ગમાં આનંદથી રહો અને બધા દેવોને રાજી કરો. (અથવા ઇન્દ્રને-સુરવર-રાજી કરો) (૯૪). એમ કહીને માનપૂર્વક વિમાનમાં બેસાડીને ભગવાન શંકરે એમને સ્વર્ગમાં મોકલ્યા. (૯૫). એમનું સંગીત (ગાયન) સાંભળીને દેવો, કિન્નર, મુનિ અને ગંધર્વો ચકિત થયાં અને અપ્સરાઓ મુગ્ધ થઇ ગઇ. (૯૬). આવો ઉદારચરિત નાદની મૂર્તિ સમો એ બ્રાહ્મણ સ્વર્ગમાં દેવ અને ગંધર્વો દ્વારા સ્વીકૃત થયો અને બધાને પ્રાણથી પણ વધુ પ્રિય થઇ પડ્યો. (૯૭). એક દિવસ બ્રહ્મલોકમાં મોટો ઉત્સવ થયો જેમાં બધા ગંધર્વો આવ્યા અને તેમની સાથે આ દંપતી પણ આવ્યું. (૯૮). ત્યાં દેવો પણ આવ્યા અને અદ્‌ભુત ગીત-સંગીત થયું. ગાન-તાન ને નૃત્યથી ચૌદ ભુવન ડોલી ઊઠ્યા. (૯૯). મૃદંગ, તાસાં (એક જાતનું નગારું), મોરલી, વીણા, સતાર વાગતાં હતાં. તેની સાથે ખણણણ અવાજે ખંજરી વાગતી હતી અને મંજીરાં તથા કરતાલ વાગતાં હતાં (અથવા મંજીરાં તાલમાં વાગતાં હતાં.) (૧૦૦). બધાના અવાજોમાં બ્રાહ્મણનો સૌથી મધુર એવો અવાજ સાંભળીને બ્રહ્માજી ખૂબ પ્રસન્ન થયા. બીજા ગાયકોને ક્ષણપૂરતાં દૂર કરીને બન્નેને પાસે બેસાડીને બ્રહ્માનંદથી ઉભરાતું એવું એ મનને આનંદ આપતું ગાન એકચિત્તે તેઓ સાંભળવા લાગ્યા. (૧૦૧-૧૦૨). ગાન સાંભળીને બ્રહ્માજી રાજી થયા અને કહેવા લાગ્યા કે આ એક જ વ્યક્તિ છે જે નાદબ્રહ્મનો વિવેક સર્વોત્કૃષ્ટ રીતે જાણે છે. તેને ધન્ય છે. (૧૦૩). એના આનંદને પણ ધન્ય છે. એ બીજાને પણ પરમાનંદ આપે છે અને એ દ્વારા બીજાનાં દુ:ખો નિવારે છે. (૧૦૪). બ્રહ્મલોકમાં એ પોતાની સ્ત્રી સાથે મારી પાસે હંમેશાં રહે એવું વરદાન મારે આપવું જોઇએ. (૧૦૫). આમ કહીને બ્રહ્માજીએ પ્રેમપૂર્વક અને માનપૂર્વક પતિ-પત્ની બંનેને પોતાની પાસે કાયમ માટે રાખ્યાં. (૧૦૬). શ્રુતિ (વેદ)ના અવિષય એવા બ્રહ્મનું દર્શન કરાવીને બ્રહ્માજીએ

તેમને ક્રમમુક્તિ આપી જેથી એનો પુનર્જન્મ જ ન થાય. (૧૦૭). આ રીતે એ કામશાસ્ત્રનો જાણનાર એ (બ્રાહ્મણ) ભોગ ભોગવી બ્રહ્મલોકમાં જઇ ધીરે ધીરે એ જ્ઞાની (સુજાણ) ક્રમમુક્તિને વર્યો. (૧૦૮). બૃહસ્પતિએ ઇંદ્રને કહ્યું કે શાસ્ત્ર આ રીતે ચિત્તની શુદ્ધિ કરનારાં છે. હું તને ત્રીજું દ્રષ્ટાંત (દ્રષ્ટાંત-૩) કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. (૧૦૯).

ગોદા નદીને કિનારે વેદશર્મા નામે એક જ્ઞાની બ્રાહ્મણ રહેતો હતો. તેને સુશીલ નામનો એક પુત્ર હતો. (૧૧૦). એ પુત્રમાં નામ પ્રમાણે ગુણ હતા અને હંમેશાં સદાચારથી સંપન્ન થઇને રહેતો હતો. ગાયત્રીના જપમાં રચ્યો પચ્યો રહેતો હતો અને શ્રવણ, ધ્યાન અને મનન કરતો હતો. (૧૧૧). પ્રારબ્ધવશાત્ (નસીબજોગે) એ બાળકને ભૂત વળગ્યાં અને સાત બ્રહ્મરાક્ષસો એ બ્રાહ્મણબાળકને હેરાન હેરાન કરતા હતા. (૧૧૨). એ બ્રહ્મરાક્ષસો રાત દિવસ પીડા આપતા હતા. એને એક કોળિયો અન્ન પણ ખાવા દેતા ન હતા. એમની વિધવિધ ચેષ્ટાઓ અતિશય ત્રાસ આપતી હતી. (૧૧૩). ભૂતના વળગાડવાળો એ રડતો હતો, પડતો હતો, નાચતો-કુદતો હતો. હસતો હસતો માર્ગમાં દોડતાં દોડતાં નિશ્ચેષ્ટ થઇને પડતો હતો. (૧૧૪). બ્રાહ્મણે કેટલાય ઉપાયો કર્યા પણ એક પણ ઉપાય કારગત ના નીવડયો (સફળ ના થયો.) એટલે પિતા ખૂબ ગભરાયો. એને થયું કે અરેરે ! હવે હું શું કરું? (૧૧૫). નસીબજોગે એક પુત્ર થયો પરંતુ તે પણ ભૂતના વળગાડવાળો નીકળ્યો અને અસહ્ય દુ:ખ ભોગવે છે. એવું કહીને શોકથી ઘેરાઇને કહેવા લાગ્યો કે હું પણ દત્તાનો અનન્ય ઉપાસક છું છતાંયે આ ભૂતનું દુ:ખ દૂર થતું નથી. ખરેખર પ્રારબ્ધ જ બળવાન છે. (૧૧૬-૧૧૭).

આવી રીતે શોક કરતો હતો ત્યાં જ ભરબપોરે ભિક્ષાના બહાને એક મેલો ઘેલો જણાતો ભિક્ષુક આવી ચઢયો. (૧૧૮). એના શરીર પર માખો બણબણતી હતી અને શરીરમાંથી દુર્ગંધ આવતી હતી. અને બીક લાગે એવા (બાહુક) એની પાછળ કૂતરાં દોડતાં હતાં. (૧૧૯). બહારથી જુઓ તો એ મૂરખ જેવો જણાતો હતો પરંતુ આંખો એકદમ પાણીદાર (તેજસ્વી) હતી. એ બ્રાહ્મણે એને ભિક્ષા આપતાં એનું ભવ્ય કપાળ જોયું.③(૧૨૦). એના મુખની શોભા જોતાં જ બ્રાહ્મણ ચમક્યો અને મનમાં વિચાર્યું કે આ ગુપ્તવેશમાં કોણ છે? મારું ચિત્ત એના પ્રતિ કેમ આકર્ષાય છે? (સાત્વિક માણસનું ચિત્ત વગર કારણે ખેંચાતું નથી હોતું.) (૧૨૧). હું એની પરીક્ષા કરું. એમ વિચારીને એ બ્રાહ્મણ એની પાછળ પાછળ જવા લાગ્યો એટલે એ ભિક્ષુક તરત જ ઝડપભેર સીધો જંગલ તરફ ભાગ્યો. એની પાછળ પાછળ બ્રાહ્મણ પણ દોડ્યો એટલે ભિક્ષુક પથ્થરો, લાકડું અને માટીનાં ઢેફાં મારવા લાગ્યો. (૧૨૨-૧૨૩). (એ ભિક્ષુક) ગાળો ભાંડીને કહેવા લાગ્યો કે તું અહીંથી તરત જ જતો રહે. છતાં આ બધું સહન કરીને બ્રાહ્મણે ઝડપથી દોડીને એનાં ચરણ પકડી લીધા અને બોલ્યો કે, હે પ્રભુ ! હું તમારે શરણે આવ્યો છું. હે ગુરુનાથ ! તું મારું રક્ષણ કર. ત્યાં જ ભિક્ષુક બોલ્યો કે હું તો અસંસ્કારી (વ્રાત્ય), ભ્રષ્ટ અને બહિષ્કૃત થયેલી જાતનો છું. (૧૨૪-૧૨૫). તું પૂજનીય એવો શ્રેષ્ઠ બ્રાહ્મણ છે જ્યારે હું તો ભ્રષ્ટ અને બ્રાહ્મણથી તદ્દન વિરુદ્ધ જાતિનો છું. હું વંદનને લાયક નથી તો પછી (મને વંદન કરીને) તું અયોગ્ય વર્તન કેમ કરે છે? (૧૨૬). બ્રાહ્મણે વંદન કરીને કહ્યું કે, હે નાથ ! મને કેમ ભૂલાવામાં નાંખો છો? (શું કામ ભરમાવો છો?) આપ તો સાક્ષાત દેવ છો. આપનાથી બીજું કોણ શ્રેષ્ઠ છે? (૧૨૭).

ત્યારે હસી પડીને ભિક્ષુકે તેનું ત્રિમૂર્તિ અને છ હાથવાળા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. (૧૨૮). આ સ્વરૂપનું દર્શન કરીને બ્રાહ્મણે વંદન કર્યાં અને ગળગળો થઇને કહેવા લાગ્યો કે હવે મારું દુ:ખ જતું રહેવાનું એ નકકી છે. હવે અનિષ્ટ (અરિષ્ટ) ક્યાંથી રહેશે? (૧૨૯). હે ગુરુનાથ ! આ પુત્રને ભૂતો પીડા આપે છે તો એને એ ભૂતની પીડામાંથી છોડાવો. ભિક્ષુકના સ્વરૂપમાં રહેલા દત્ત ભગવાને કહ્યું કે, હે બ્રાહ્મણ ! તું આ સાત મંત્રો લે. (૧૩૦). એક એક મંત્રથી એક એક

ગ્રહ બંધનમાં આવશે અને તારો પુત્ર મુક્ત થશે. તું સાત્વિક વૃત્તિથી શુદ્ધ પણે મંત્ર પ્રયોગ કર. (૧૩૧). જેમ એકએક શાસ્ત્રથી મનનો એક એક મળ જાય છે અને આત્માનું આવરણ ટળે છે તેમ એકએક મંત્રથી એક એક ભૂત દૂર થશે. એ ભૂતો એક બીજાથી વિરુદ્ધ પ્રકૃતિના છે તેથી કોઇ એક મંત્રથી એક સાથે બધા ભૂતો જશે નહિ. (૧૩૨-૧૩૩). આવું કહીને ભગવાને એને સાત મંત્રો આપ્યા. અને એ મંત્રોનાં વિધાન પણ બતાવ્યાં અને પછી ભગવાન અંતર્ધાન થયા. (૧૩૪). એમને પ્રણામ કરીને બ્રાહ્મણ ઝડપથી ઘરે આવ્યો. સારી રીતે સ્નાન કરીને બતાવેલા વિધિવિધાનથી મંત્ર પ્રયોગ શરૂ કર્યો અને એકએક મંત્રથી રોજ એક ભૂતને બદ્ધ કરીને મંત્રબળે સાત દિવસમાં સાતે ગ્રહોને બદ્ધ કરી લીધા. (૧૩૫-૧૩૬). એકએક ભૂતને બદ્ધ કરતાં તે ભૂતની ચેષ્ટા નષ્ટ થવા લાગી અને સાતે ભૂત બદ્ધ થતાં (બધી ચેષ્ટા બંધ થઇ) બ્રાહ્મણ ખૂબ જ રાજી થયો. (૧૩૭). પુત્ર ભૂતની પીડાથી છૂટ્યો અને પહેલાંના જેવો થઇ ગયો. એને કોઇ પીડા રહી નહિ. અને તત્ત્વનો અભ્યાસ કરીને એ તરત જ અશેષ મુક્તિને પામ્યો. (૧૩૮). નજીવા શાસ્ત્રથી આ રીતે લોકો પોતાનો મોટો હેતુ સિદ્ધ કરી લે છે. ધીમે ધીમે ચિત્ત શુદ્ધ થતાં માણસ શ્રેષ્ઠ પુરુષાર્થ (મોક્ષ) મેળવે છે. (૧૩૯). જેમ મંત્રશાસ્ત્રથી બ્રાહ્મણ તરી ગયો તેમ બીજા પણ શાસ્ત્રોથી તરી ગયા. બધાં શાસ્ત્રો લોકોનું ભલું કરનારા જ છે એ વાત તું નિશ્ચિતરૂપથી માની લે. (૧૪૦). આ ત્રીજું દૃષ્ટાંત સાંભળીને ચોથું દૃષ્ટાંત પૂછ્યું એટલે એ (ચોથું દૃષ્ટાંત) બૃહસ્પતિએ ઇન્દ્રને અને દત્ત પ્રભુએ અર્જુનને કહેવાનું શરૂ કર્યું. (૧૪૧). અલખે નિરંજનને કહ્યું કે એનું વર્ણન હવે પછીના અધ્યાયમાં થશે. રંગ કહે છે કે હે સંતો! તમે મનને અડગ રાખીને સાંભળજો. (૧૪૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને ગાથાત્રયકથનં'** નામનો **તેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૩

(૧) આ પ્રથમ દૃષ્ટાંતમાં વ્યક્તિ પોતાના વર્ણાશ્રમધર્મને નીતિપૂર્વક અનુસરે તો પણ અંતે તે મુક્તિ પામે છે એવું સૂચવીને જે કોઇ પરિસ્થિતિમાં વ્યક્તિ મૂકાય, તે પરિસ્થિતિ અનુસાર પોતાની ફરજ નિષ્ઠાથી અને પ્રામાણિકતાથી બજાવવી જોઇએ. એક શિલ્પશાસ્ત્રી પ્રામાણિકતાપૂર્વક જીવ્યો તો રાજા (ક્ષત્રિય) થયો, પછી બ્રાહ્મણ થયો અને અંતે મુક્તિ પામ્યો.

(૨) ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં 'કામ' પણ નિંદનીય નથી. લગ્ન એક સંસ્કાર છે. અને લગ્ન માટેના હેતુમાં પહેલો હેતુ ધર્મ છે, બીજો હેતુ રતિ છે અને ત્રીજો હેતુ સંતાન પ્રાપ્તિ છે. આ રતિ-ક્રીડા એ પણ આત્માના આત્મા સાથેના મિલન અંગેનું નિમિત્ત છે. લગ્ન, લગ્ન જીવન પ્રત્યેના જે ખોટા ખ્યાલો છે તે દૂર કરવા માટેના આ દોહરાનો અભ્યાસ સમજપૂર્વક થવો જોઇએ. કામાનંદ એ બ્રહ્માનંદનો નમૂનો (sample) માત્ર છે.

(૩) અધ્યાય-૯માં પ્રહ્લાદે અવધૂતનાં દર્શન કર્યાં ત્યારે પણ આંખોની ચમકનો ઉલ્લેખ થયો છે. (૯/૧૦) આ 'આંખ' એ વ્યક્તિને ઓળખવા માટેનું ઉત્તમ સાધન છે. "ચંચલ નાર કો નેન છીપે નહિ" એવું કહેવામાં પણ વ્યક્તિની વૃત્તિ ને ચારિત્ર્ય આંખ દ્વારા પ્રગટ થતાં હોય છે. "નામ રસાયણ જે જન સેવે, નેણ વેણ પલટાય" એવું એક ભજનમાં પૂ.શ્રીએ જણાવ્યું છે. મનરૂપી રાજાનો દીવાન આંખ છે અને આંખને જોઇને મનમાં શું ચાલે છે તે જાણી શકાય. **મન મહીપ કે આચરન દગ દીવાન કહ દેત.** ●

અધ્યાય : ૧૪

આ અધ્યાયનું નામ **'શાસ્ત્રતાત્પર્યૈકયવર્ણને વિષ્ણુદત્તોપાખ્યાન'** છે. આ અધ્યાયમાં **૧૪૫** દોહરા છે. આ અધ્યાયમાં વિષ્ણુદત્ત નામના બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસે પ્રસન્ન થઈને દત્ત પ્રભુના દર્શન કરાવ્યાં હતાં.

કર્મકાંડનો જાણકાર વિષ્ણુદત્ત પહેલી વાર સંશયને કારણે અને બીજી વાર ભયને કારણે દત્તના ચરણ પકડી શક્યો નહિ. પરંતુ બ્રહ્મરાક્ષસની ચેતવણીને કારણે ત્રીજી વાર સ્મશાનમાં દત્ત પ્રભુના ચરણ પકડી તેમને અમાસના શ્રાદ્ધમાં જમવા આવવાનું આમંત્રણ આપ્યું.

દત્ત પ્રભુએ બ્રાહ્મણ વેશે આવેલા સૂર્ય અને અગ્નિ સાથે ભોજન લીધું. વિષ્ણુદત્તને ઇચ્છા પ્રમાણે જનારું વિમાન અને સિદ્ધિઓ આપી. આનો ઉપયોગ વિષ્ણુદત્તે પરોપકારાર્થે કર્યો અને એણે વિવિધ રોગોથી પીડાતા એક બ્રાહ્મણને નીરોગી કરી, એ બ્રાહ્મણને તથા એની પત્નીને સુખી કર્યાં. આ અધ્યાયમાં ચોથું દૃષ્ટાંત વિષ્ણુદત્તનું છે અને પાંચમું દૃષ્ટાંત રોગી બ્રાહ્મણનું છે.

સહ્યાદ્રિ પાસે માતાપુરમાં વિષ્ણુદત્ત નામે એક પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. (૧). એની પત્ની સારા ચારિત્ર્યવાળી (સુશીલ) હતી. એ પતિ-પત્ની બંને દત્તભકત હતાં. શાસ્ત્રની વાતોને પ્રમાણ માનીને ગૃહસ્થધર્મમાં આનંદથી રહેતાં હતાં. (૨). મીમાંસાદર્શન જાણનાર આ બ્રાહ્મણ કર્મમાં હંમેશાં આસકત રહેતો હતો. દત્તની ઉપાસના કરનારો એ ભકત અનાસકત ભાવે નિત્યકર્મ (આહ્નિક) કરતો હતો. (૩). એનાં બારણામાં એક પીપળાનું ઝાડ હતું. એના પર એક ભયંકર બ્રહ્મરાક્ષસ રહેતો હતો. (૪). વૈશ્વદેવ કરીને અંતે બ્રાહ્મણ જે ભૂત બલિ મૂકતો હતો તે એ બ્રહ્મરાક્ષસ રોજ ખાઇ જતો હતો અને તેથી એ બ્રહ્મરાક્ષસ એ ઘરના લોકોને પીડા આપતો ન હતો. (૫). આ બ્રહ્મરાક્ષસે કંઇ કેટલાંને હેરાન પરેશાન કર્યાં હતાં. પરંતુ આ બ્રાહ્મણનું અન્ન ખાઇને તે શાંત થયો હતો. એક દિવસ બ્રાહ્મણ (વિષ્ણુદત્ત) બલિ મૂકતો હતો ત્યારે જ એ ભયંકર રાક્ષસ પ્રગટ થયો.[1] (૬). ભયંકર ઉગ્ર મોં અને બિહામણુ સ્વરૂપ જોઇને એ બ્રાહ્મણને મનમાં આશ્ચર્ય થયું અને શરીરમાં બીકની કંપારી (ધ્રૂજારી) છૂટી. (૭). લાંબા લાંબા દાંત, લાંબા લાંબા નખ અને મોટી મોટી આંખોવાળી બિહામણી આકૃતિ જોઇને એ આકુળવ્યાકુળ થઇ ગયો. (૮). જેમ સિંહ (પંચાનન)ને જોઇને બકરી બેભાન થઇને પડે તેમ એ બ્રાહ્મણ ભયભીત થઇને થાંભલાની જેમ એકદમ સ્થિર ઊભો રહ્યો. (૯). બ્રાહ્મણને બીધેલો જાણીને રાક્ષસ સૌમ્ય થયો અને મીઠી વાણીથી બોલ્યો કે હે ભાઇ ! તું શું કામ બ્હીએ છે? (૧૦).

હું રાક્ષસ તારો દેવાદાર છું અને તારા પર પ્રસન્ન થયો છું. હે બ્રાહ્મણ ! તું મનગમતું (ઇષ્ટ) માગ. હું તને આનંદપૂર્વક આપીશ. હે બ્રાહ્મણ ! તું નાહક દુ:ખી ના થા. (૧૧). તું જે કાકબલિ મૂકતો હતો તે ખાઇને હું શાંત થયો છું. તને વરદાન આપીને હું એ ઉપકાર વાળવા માગુ છું.[2] (૧૨). રાક્ષસનાં આવાં વચન સાંભળીને બ્રાહ્મણ વિચારમાં પડી ગયો. એને થયું કે હું શું માગું? આ તો પ્રત્યક્ષ કાળ છે. એ ચોકકસ મને ખાઇ જશે. (૧૩). એ રાક્ષસને જોઇને બીકના માર્યા મોં પણ ઉઘડતું ન હતું. (રાક્ષસે કહ્યું કે) હે વિપ્ર ! તું આમ નાહક શંકા શું કામ કરે છે? (૧૪). તું મનમાંથી બધી

બીક કાઢી નાંખીને સુખેથી વરદાન માગ. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તું વરદાન માગવામાં વાર ન કર. (૧૫).

આ સાંભળીને બ્રાહ્મણ મનમાં વિચારવા લાગ્યો કે જો સંતાન માગું તો મારા નિર્ધન (ગરીબ)ના ઘરમાં સંતાનોને ખવડાવવા માટે પૂરતું અનાજ તો છે નહિ. (૧૬). જો ધન માગું તો રહેવા માટે ઘર નથી અને ઘર તથા ખેતર માગું તો એનાથી કોઇ દિવસ મને મોક્ષ મળશે ખરો? (૧૭). આ બધું તો નશ્વર અને દુન્યવી વસ્તુ છે. જો સ્વર્ગ માગું તો એ પણ આખરે તો નશ્વર જ છે ને ! એનાથી જન્મ મરણનો શોક તો ટળશે જ નહિ ને ! (પુણ્યશાળી જીવ સ્વર્ગમાં જઇ પુણ્યના ફળરૂપ ભોગ ભોગવી પુણ્ય પૂરું થતાં પાછો પૃથ્વીલોકમાં જન્મે છે. તેથી સ્વર્ગનું સુખ પણ નાશવંત છે.) (૧૮). બ્રાહ્મણનું મન નિશ્ચય કરી શક્યું નહિ. તેથી એના મનમાં ચિંતા થઇ. બેબાકળો (બાવરો) બનીને ઘરમાં જઇને પત્નીને વાત કરી. (૧૯). સતીએ કહ્યું કે હે સ્વામી ! (પ્રાણનાથ !) નશ્વર વર માગશો નહિ. દત્ત ભગવાનનું દર્શન થાય એવું વરદાન માગો.③(૨૦). જેનાં દર્શન માટે સંન્યાસી (યતિ)ઓ અને યોગીઓ રાત દિવસ ત્રાસ સહન કરે છે (લોહીનું પાણી કરે છે.) તે દત્ત પ્રભુનાં દર્શન થતાં બધી સંપત્તિ આપોઆપ આવીને મળશે. (દાસ થઇ જશે.) (૨૧). લોહીનું પાણી કરીને (તપસ્વીઓ) જેને માટે રાત દિવસ તપ કરે છે તે મળતાં બીજા કોઇની જરૂર જ નહિ પડે. (૨૨). એ જગદીશ રાજી થતાં જગત તો એની મેળે (આપોઆપ) રાજી થશે. તમે બીજી ખટપટ શું કામ કરો છો? બીજી ખોટી માથાકૂટ પડતી મૂકો. (૨૩). પોતાની પત્નીનાં વચનો સાંભળીને એ યોગ્ય જણાયાં તેથી બહાર આવીને બ્રાહ્મણ આનંદથી કહેવા લાગ્યો કે દત્ત પ્રભુનાં દર્શન સિવાય અન્ય નકામી વસ્તુ જોઇતી નથી. હે ભૂત ! તું જો ખરેખર પ્રસન્ન થયો જ હોય તો આ વરદાન આપ. (૨૪-૨૫).

ભૂત બોલ્યો કે એના (દત્તના) નામથી બધાં ભૂતો ડરે છે અને બીકનાં માર્યા મનમાં ફડફડે છે. તારું કામ ખૂબ કપરું છે. છતાં હું જે બોલ્યો છું તે સાચું કરી બતાવીશ. હું તને દૂરથી દર્શન કરાવીશ. એમાં વિશ્વાસ રાખજે. (૨૬-૨૭). તેં મારા પર જે ઉપકાર કર્યો છે તેનો જો જરા સરખો પણ આ રીતે બદલો ના વાળું તો હું પૂરેપૂરો ધિક્કારને પાત્ર ઠરું. (૨૮). જો હું તને દૂરથી (દત્તને) બતાવીશ. તું હૈયામાં હિંમત રાખીને એનાં ચરણ જોરથી પકડજે. તારી બધી ઇચ્છા પૂરી થઇ જશે. (૨૯). એ વિશ્વનાટકી જુદાં જુદાં રૂપો લઇને ફરતો ફરે છે. દેવો પણ એને ઓળખી (પકડી) શકતા નથી તો પામર મનુષ્યનું શું ગજું? (૩૦). એ યોગીશ્વર ભક્તિ દ્વારા જાણી શકાય છે અને સદ્નસીબે દર્શન આપે છે. જો એ એક ક્ષણ માટે પણ કૃપા કરે તો પણ જીવન સફળ થઇ જાય. (ધન્ય થઇ જાય.)(૩૧). એવું કહીને રાક્ષસ ત્યાંથી અંતર્ધાન થઇ ગયો. આ જોઇને બ્રાહ્મણ દંગ થઇ ગયો. પછી એ ઘરમાં જઇને રહેવા લાગ્યો. (૩૨).

એક દિવસ દત્ત પ્રભુ દારૂના પીઠા પાસે આવ્યા છે એવું જાણીને રાક્ષસે બ્રાહ્મણને કહ્યું કે જો પેલા પીઠા પાસે જે ગાંડા જેવો ફરે છે તે જ યોગીશ્વર દત્ત છે. તું મનમાં શંકા કર્યા વિના તરત ને તરત દોડ. (૩૩-૩૪). તું જલ્દીથી જા અને અડગ નિશ્ચયથી એના પગે પડ. આ સાંભળીને બ્રાહ્મણ ત્યાં દોડ્યો પરંતુ માખીઓથી ઢંકાયેલું શરીર હતું અને તે ખરાબ ગંધ મારતું હતું. આવો બિહામણો વેશ જોઇને બ્રાહ્મણે વિચાર્યું કે આવો તે વળી અવધૂત હોતો હશે? હું પણ છેક જ મૂરખ (અંધ) છું ને ! (૩૬). એ મૂળે રાક્ષસ જાતિનો હોવાથી એ ક્યાંથી દેવને ઓળખી શકે? આવાની સેવા કરતો જોઇને તો લોકો મારી મશ્કરી કરશે. (ભગવાનને ઓળખવાનું કામ ખૂબ કપરૂં છે.) (૩૭). દારૂ પીનારનો સંગ કરવાથી પણ મહાન પાપ લાગે છે. મનમાં આવી કુશંકા થતાની વારમાં જ તે જ ક્ષણે દત્ત ભગવાન અંતર્ધાન થઇ ગયાં. એ જોઇને બ્રાહ્મણ વ્યાકુળ થઇ ગયો. અરે ! હું કેવો અક્કરમી (અભાગિયો) ! મારા જીવતરમાં ધૂળ પડી. (૩૮-૩૯). જો એ ગાંડો (ઉન્મત્ત)

જ હોત તો શું આ રીતે એ અંતર્ધાન થાય ખરો? એ ગાંડાને બતાવીને જ રાક્ષસે કહ્યું હતું કે પેલો જ દત્ત છે. મારું મન અતિશય શંકાશીલ છે. હવે હું એને (રાક્ષસને અને પત્નીને પણ) શું મોં બતાવીશ? પત્ની મને શું કહેશે? અને ભૂત તો મારું મોં જોવા જ તૈયાર નહિ થાય. (૪૦-૪૧). પોતાના ઘરે આવતી કામધેનુ ગાયને જેમ મૂરખ માણસ લાત મારે તેમ અરેરે ! મેં આ શું કર્યું? મેં મારે હાથે જ મારું મોત નોંતર્યું છે.④(૪૨). આ પ્રમાણે પસ્તાવો કરતો અને હાથ ચોળતો ઘરે આવ્યો. એને આ રીતે પાછો આવેલો જોઇને ભૂતે કહ્યું કે જા મર. (મેર=મરી જા.) (૪૩). તને મારા કહેવામાં વિશ્વાસ ન હતો તેનું આ ફળ (પરિણામ) છે. ભલે, તને હજી એક વાર ફરીને બતાવીશ. (૪૪).

જો ! હવે તું એના પગ છોડીશ નહિ. તું સાવધ થઇ જા. એક દિવસ ભૂતે પાછું કહ્યું કે હે બ્રાહ્મણ ! તું દોડ. જો પેલો સ્મશાનમાં પોતાના શરીર ઉપર ધૂળ ઉડાડતો કુરકુરિયાની સાથે જે રમે છે એ જ સાક્ષાત્ દત્ત પ્રભુ છે. (૪૫-૪૬). જેને દેવો, કિન્નરો અને મુનિઓ ભજે છે, જે આત્મામાં આનંદ માણનાર છે, જે આત્મામાં જ રમમાણ થનાર છે એવો અગમ્ય એ આશ્ચર્યજનક રીતે કેવો રમી રહ્યો છે ! (૪૭). હું ગયા જન્મે દત્તનો ભક્ત હતો તેથી હું એને ઓળખી શકું છું. બાકી એને જાણવાની ભૂતોમાં શાની તાકાત હોય? (૪૮). ગયા જન્મે મેં બ્રાહ્મણનો તિરસ્કાર કર્યો હતો તેથી હું ભૂત થયો છું. હું મારી સ્મરણશક્તિના જોરે જાણી શકું છું કે એ જ દત્ત-અવધૂત છે. (૪૯). હૃદયમાં હિંમત રાખીને બ્રાહ્મણ સ્મશાનમાં ગયો. ત્યાં જ છેક ઉદ્ધત બનીને દત્તે છૂટા હાડકાં મારવા માંડ્યા. (૫૦). મરવાની બીકે એ બ્રાહ્મણ નાસી જઇને ઘરે આવી ગયો. ભૂતે એને ધિક્કારીને કહ્યું કે, અરે ! પાછી તેં કેમ ભૂલ કરી?⑤(૫૧). હે પાપીડા (પાપી જીવ) ! દેહ પ્રત્યેના મિથ્યા મમત્વને કારણે તું દેવને છોડીને નાસી આવ્યો? એ દેહ તને શું કામ આવવાનો છે? (૫૨). મૃત્યુ આવે (દેહ પડવાનો હોય તો ભલે પડે) તો ભલે આવે. સાથે શું આવવાનું છે? આવી તક એક વાર ગુમાવ્યા પછી બીજી વાર હાથ લાગતી નથી.(૫૩). આમ છતાં તને હજી એક વાર હું બતાવીશ, પછી તું જાણે અને તારું નસીબ જાણે. પછી હું શું કરી શકું? (૫૪).

આવું કહ્યા પછી એક દિવસ એણે પાછું કહ્યું કે, હે બ્રાહ્મણ ! તું જો. પેલો સ્મશાનમાં બેઠેલો જણાય છે. તું જલ્દીથી દોડતો જા. (૫૫). મરી ગયેલા (મૃત) ગધેડા (ખર)નું માંસ (આમિષ) તોડી તોડીને કાગડા કૂતરાંને ત્યાં વહેંચી આપે છે તે જ દત્ત છે એ તું સમજ.(જાણ.)(૫૬). બ્રાહ્મણની પત્નીએ કહ્યું કે, જો જો હવે આ વખતે ફરીથી ભૂલ ના કરતા. બ્રાહ્મણે જવાબ આપ્યો કે હવે તો મરવાનું પસંદ કરીશ પણ એવી ભૂલ નહિ કરું. (૫૭). રાક્ષસે કહ્યું કે, તું પ્રયત્નપૂર્વક તારું કાર્ય સફળ કર. પ્રસન્ન થઇને જો યોગીશ્વર તને વરદાન માગવાનું કહે તો તું વરદાનમાં માગજે કે, હે દેવ ! અમાવાસ્યાના નિત્ય શ્રાદ્ધના આમંત્રણ રૂપ હું આ દર્ભ આપવા આવ્યો છું. મારું આમંત્રણ સ્વીકારીને આ ગરીબ જનની સેવાનો સ્વીકાર કરો. (૫૮-૫૯). તું વિનંતિ કરીને (કાલાવાલા કરીને) મેં કહ્યું તે જ માગજે. એમાં ભૂલ કરતો નહિ. 'ભલે ત્યારે' એમ કહીને બ્રાહ્મણ તરત જ સ્મશાનમાં આવ્યો. (૬૦). એ દિવ્ય (અદ્ભુત) મૂર્તિને જોતાં તરત જ એના પગ પકડી લીધા. પ્રભુ એને હાડકાં અને માંસ મારતા મારતા ક્રોધથી લાલચોળ થઇને વઢવા લાગ્યા.(૬૧). આમ છતાં પણ બ્રાહ્મણ ડગ્યો નહિ અને દત્તના પકડેલા પગ છોડ્યા નહિ એટલે દત્તપ્રભુ બોલ્યા કે મારા પગ કેમ પકડ્યાં છે અને શું કામ શારીરિક કષ્ટ ઉઠાવે છે? (૬૨). તું ત્રીજી વાર આવ્યો છે. બોલ ! તને શું કામ પડ્યું છે? બ્રાહ્મણ બોલ્યો કે હે પ્રભુ ! અમાવાસ્યાના શ્રાદ્ધના આમંત્રણનો દર્ભ (ક્ષણ) આપવા આવ્યો છું. (૬૩). દત્ત પ્રભુ બોલ્યા કે મારા જેવા ભ્રષ્ટને શ્રાદ્ધનું આમંત્રણ શા માટે આપે છે? આચાર વિનાના મારા સંગથી તો તારા પિતૃઓના કુળનું અધ:પતન થશે. (અનાચાર = આચાર વગરના, બીજો અર્થ-જેને આચાર સ્પર્શી ના શકે તે, બ્રહ્મનિષ્ઠ.) વળી હું તો ધર્મ અને અધર્મ વગરનો છું.

બ્રાહ્મણ બોલ્યો કે હે વિભુ ! તું તો ધર્મ અને અધર્મનો આત્મા છે. તને આ બધો નિષેધ (બંધન) ક્યાંથી નડે? (૬૪-૬૫). તું તો આપ્તકામ (સંતુષ્ટ) અને નિર્લેપ છે, સમર્થ અને નિષ્કલંક છે. તું તો આસક્તિ વિનાનો છે. તને પાપ-પુણ્યનો કાદવ ક્યાંથી સ્પર્શી શકે? (પાપ અને પુણ્ય બંને બંધનરૂપ છે, કાદવરૂપ છે.) (૬૬). આ સાંભળીને દત્ત પ્રભુએ હસીને 'ૐ તથા' કહીને આમંત્રણ સ્વીકાર્યું અને એ વિશ્વનું નાટક કરનારે (વિશ્વનાટકીએ) પોતાના મૂળરૂપનાં દર્શન કરાવ્યાં. (૬૭). એ જ્ઞાની બ્રાહ્મણે ત્યાં વેદોને મૂર્તિમંત કૂતરાં સ્વરૂપે, શાસ્ત્રોને કાગડા સ્વરૂપે અને યોગની મનોભૂમિને સ્મશાનરૂપે જોયાં. (૬૮). એણે પોતાની પાસે કરોડો સૂર્યના જેવી પ્રકાશતી ત્રિમૂર્તિ સ્વરૂપ દત્ત દિગંબરની મૂર્તિ જોઇ. (૬૯). એ જોઇને (બ્રાહ્મણ) બોલ્યો કે, હું આજે ધન્ય થઇ ગયો. મારા માતા-પિતાને અને મારા કુળને પણ ધન્ય છે કે જેમના પુણ્યને લીધે મને પાપીને આવા દિવ્ય દર્શન થયાં. (૭૦).

દત્ત પ્રભુએ કહ્યું કે, હે બ્રાહ્મણ ! તું હવે જા અને જલ્દીથી પાક શુદ્ધિ કર. જા, હું મધ્યાહ્ને (ભરબપોરે) સ્નાન કરીને તરત જ આવ્યો એમ જાણ. (૭૧). મારી સાથે બેસીને જમવાની યોગ્યતા ધરાવતો બીજો કોઇ હશે તો જ હું ભોજન કરીશ. 'ભલે', એમ કહીને ભાવથી વંદન કરીને બ્રાહ્મણ (ઘરે) ગયો. (૭૨). તરત જ પત્ની પાસે આવી અને એણે બનેલી બધી વાત કહી સંભળાવી. ભોજન તૈયાર કરવામાં (રાંધવામાં) નિષ્ણાત એવી સતી સ્ત્રીએ આનંદથી રસોઇ બનાવી. (૭૩). એણે ચિંતિત થઇને પૂછ્યું કે એમની સાથે બેસીને જમી શકે એવો યોગ્ય બ્રાહ્મણ ક્યાં મળશે? ભૂતે કહ્યું કે, હે બ્રાહ્મણ ! તું હવે જરા પણ ચિંતા કરીશ નહિ. (૭૪). જ્યાં સ્વયં ઇશ્વર પધારતા હોય ત્યાં બધા દેવો પણ આવે છે. આમ છતાં અગ્નિ એ તો તારો ગૃહપતિ છે. એટલે તું સૂર્યને નિમંત્રણ આપ. (૭૫). દેવ પ્રસન્ન થવાથી હવે તારું કાર્ય સફળ થયું એમ સમજ. પરંતુ તું મને ના ભૂલી જતો. મને તું યાદ રાખજે. (૭૬). સારી રીતે સ્નાન કરીને ભરબપોરે (મધ્યાહ્ને) દત્ત પ્રભુ આવી પહોંચ્યા. આવીને તરત પૂછ્યું કે બીજો બ્રાહ્મણ ક્યાં છે? વાર કેમ લાગે છે? (૭૭). દત્ત પ્રભુનું એ દિવ્ય સ્વરૂપનાં દર્શન કરીને બ્રાહ્મણ તો આશ્ચર્ય ચકિત થઇ ગયો. ત્યાં તો આસન આપીને એની સતી સ્ત્રી વિશ્વાસપૂર્વક બોલી કે આપ અહીં બીરાજો. બીજો બ્રાહ્મણ આવ્યો જ સમજો. હવે વાર નહિ થાય. એટલે દત્ત પ્રભુ ત્યાં બેઠા. તરત જ સતી ઘરની બહાર આવી અને પ્રણામ કરીને સૂર્યનું આવાહન કરતાં કહ્યું કે હે સર્વના આત્મસ્વરૂપ ! હે બુદ્ધિના પ્રેરક દેવ ! હે કશ્યપઋષિના પુત્ર ! તમે બધા જીવોને ચેતન બક્ષીને સમગ્ર જગતને જાગ્રત (ધબકતું) રાખો છો. તમે જ બ્રાહ્મણનું દૈવત છો. હે પ્રકાશવાન દેવ ! જલદી જલદી આવો. શ્રાદ્ધનું આમંત્રણ (ક્ષણ) સ્વીકારીને હે સ્વામી ! અમારી આબરૂ સાચવી લો. સાક્ષાત્ યોગેશ્વર (દત્તપ્રભુ) આપની રાહ જોતા બેસી રહ્યા છે. (૭૮-૮૨). એની એવી પ્રાર્થના સાંભળીને સૂર્યદેવ બ્રાહ્મણના વેષે તરત જ આવી પહોંચ્યા. એને જોઇને દત્તપ્રભુ બોલ્યા કે આ બરાબર નથી. (૮૩). આ દેવ વગરના શ્રાદ્ધને કોણ શાસ્ત્ર પ્રમાણેનું યોગ્ય ગણશે? માટે ત્રીજા બ્રાહ્મણની જરૂર પડશે. સતીએ કહ્યું કે 'ભલે'.(શ્રાદ્ધમાં સ્વગોત્ર, મોસાળનું ગોત્ર અને ત્રીજો બ્રાહ્મણ દેવસ્થાનમાં હોવો જોઇએ.) (૮૪). અગ્નિશાળામાં જઇને સતીએ ગળગળા સાદે સાક્ષાત્ અગ્નિદેવને હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે, હે અગ્નિદેવ ! તું આ ઘરનો સ્વામી (માલિક) છે. તું કર્માધ્યક્ષ અને વિશુદ્ધ છે. આ આશ્રમની આબરૂ તારે સાચવવાની છે. તું જ્ઞાની બ્રાહ્મણના રૂપમાં આવ. (૮૫-૮૬).⑥

અનસૂયાના પુત્ર (દત્ત) અને સૂર્ય (અર્ક) તારી રાહ જોતા બેઠા છે. હવે તું વાર લગાડે એ તને શોભતું નથી. આ પ્રાર્થના સાંભળીને અગ્નિદેવ (કર્ક) બ્રાહ્મણના વેષે આવ્યા અને દેવસ્થાનમાં બેઠા. દત્ત, સૂર્ય (અર્ક) પિતૃસ્થાને બેઠા.

બ્રાહ્મણે વિધિ વિધાનપૂર્વક સંકલ્પ વગેરે યથાવિધિ કરાવ્યો અને એ રીતે શ્રાદ્ધ કાર્ય સંપૂર્ણ થયું. ત્રણે દેવોને સંતોષ થયો અને પ્રસન્નતાપૂર્વક આશિર્વાદ આપ્યા. (૮૭-૮૯). બ્રાહ્મણે એકસો આઠ નામથી સ્તવન કરીને ભાવપૂર્વક વંદન કરીને કહ્યું કે, આજે મારા પિતૃઓનો મોક્ષ થઇ ગયો. (૯૦). દત્તાપ્રભુને પ્રેમપૂર્વક પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે (બ્રાહ્મણ) કહેવા લાગ્યો કે, હે પ્રભુ ! હું તો પામર છું. પરંતુ આપના દર્શનથી મારી આંખો કૃતાર્થ થઇ અને હું ધન્ય થઇ ગયો છું. (૯૧). હે સમર્થ ગુરુ ! આપે મને દર્શન આપીને મારો ઉદ્ધાર કર્યો છે. મારા બધા મનોરથો પૂર્ણ કર્યા. હવે કોઇ ઇચ્છા (અર્થ) બાકી રહી નથી. (૯૨). હે દયાળુ પ્રભુ ! મને ખોટી શંકા થઇ તો પણ મારા મનને વિકલ્પ રહિત (શંકા રહિત) કરીને હે કૃપાળુ ! તમે મારા પર અગાધ કૃપા કરી છે. (૯૩). રાક્ષસના કહેવાથી આ દુર્લભ ચરણના મને દર્શન થયાં. દત્તે કહ્યું કે એ કમનસીબીને કારણે ભૂત થયો છે. (૯૪). આ ઉચ્છિષ્ઠ (એઠું-ખાતા વધેલું) અન્ન ખાવાથી એ મુક્તિ પામશે. તું પણ પત્નીની સાથે જલદીથી મોક્ષ પામશે. (૯૫). આમ કહીને શ્રી દત્તે એને પરોપકાર માટે વિદ્યા આપી અને સૂર્યએ ઇચ્છા પ્રમાણે ઊડી શકે એવું (કામગતિ) સુંદર વિમાન આપ્યું. (૯૬). અગ્નિએ દુન્યવી (ઐહિક) અને પારલૌકિક (આમુષ્મિક) સિદ્ધિઓ આપીને (ત્રણે) દેવો (પ્રસન્ન થઇને) સ્વસ્થાને ગયા. (૯૭). ઉચ્છિષ્ઠ અન્ન ખાવાથી રાક્ષસની તરત જ સદ્‌ગતિ થઇ અને બ્રાહ્મણ પણ પત્નીની સાથે જીવનમુક્તિનો શ્રેષ્ઠ (૫૨) આનંદ ભોગવવા લાગ્યો. (૯૮).

આમ વિષ્ણુદત્ત મીમાંસક કર્મથી તરી ગયો. જો શ્રદ્ધા દઢ હોય તો એ શ્રદ્ધા શું શું ના કરે? (એટલે કે દઢ શ્રદ્ધા બધું જ કરી શકે.) (૯૯). સર્વ સ્વતંત્ર શ્રીહરિ કેવળ (ભકતની) ભાવનાથી વશ થઇને (પરતંત્ર બનીને), આનંદપૂર્વક શ્રાદ્ધનું અન્ન જમ્યા. એની વાતો અકળ છે, નિરાળી છે. (૧૦૦). નિર્મળ ચિત્તવાળા એ ઉદાર બ્રાહ્મણને પણ ધન્ય છે. શ્રીદત્તાની આરાધના કરીને એણે બધાનું ભલુ જ કર્યું. (૧૦૧). એ જેના પર કૃપા કરે તે પણ તરી જતો હતો. વિષ્ણુદત્ત જેવો બીજો કોઇ પરોપકારી થયો નથી. (૧૦૨). એનાથી ભૂત-પ્રેત બધા બ્હીએ છે. દેવો એને સહાય કરે છે. અને આ રીતે દત્તાપ્રભુના વરદાન થી એ બધે પ્રસિદ્ધ થયો. (૧૦૩). હરિશર્મા નામનો એક બ્રાહ્મણ ગોદાનગરમાં રહેતો હતો. (દૃષ્ટાંત -૫). એને મૂળ નક્ષત્રમાં એક દીકરો જન્મ્યો. (૧૦૪). નાની ઉંમરમાં એના માતા પિતાનું મૃત્યુ થયું. એનું લગ્ન તો થયું પણ એક દિવસ પણ એનું શરીર સારું રહેતું ન હતું. (૧૦૫). જન્મથી જ પેટમાં ગોળાનું દર્દ થયું હતું. તેર વર્ષની ઉંમરે ક્ષયરોગ લાગુ પડ્યો હતો. અઢાર વર્ષની ઉંમરે જલોદર રોગનો ભય થયો. (૧૦૬). તીવ્ર અતિસાર થવાથી (ખૂબ ઝાડા થવાથી) શરીર ફિક્કું ફસ (નિસ્તેજ) થઇ ગયું. ઓગણીસમા વર્ષે કફવાળી ઉધરસ થઇ. (૧૦૭). ત્યાર પછી તેને ભગંદર થયું અને ત્રિદોષે (વાત, પિત્ત અને કફે) હુમલો કર્યો. દવા કરવા છતાં આ ભયંકર રોગો દૂર થતા ન હતા. (૧૦૮). મૃત્યુંજયના જાપો કરાવ્યા. હવન અને દેવની પૂજા કરાવી તો પણ એ હઠીલા રોગો હઠ્યા નહિ. (૧૦૯). પતિને મરણ પથારીએ પડેલા જોઇને એની સોળ વર્ષની ઉંમરની સતી સ્ત્રી, વિષ્ણુદત્ત બ્રાહ્મણની કીર્તિ સાંભળીને એના ઘરે પહોંચી ગઇ અને એના પગે પડી અને કહ્યું કે, હે વિપ્ર ! આપ મને કૃપા કરીને સૌભાગ્યપણાનું દાન કરો. (એટલે કે મારા પતિની તબિયત સારી કરી જીવાડો.) (૧૧૦-૧૧૧). મારા પતિ વીસ વરસના છે. એને જન્મથી જ પેટના ગોળાનું દર્દ છે, આઠ વરસથી એને ક્ષયનો રોગ છે અને ત્રણ વર્ષથી તીવ્ર જલોદરનો રોગ એને સખત પીડા આપી રહ્યો છે. એક વર્ષથી એને ઝીણો તાવ છે અને છમાસથી અનેકવાર (પુષ્કળ) ઝાડા થાય છે. ચાર મહિનાથી એને ખરાબ કહેવાય એવો ભગંદરનો રોગ થયો છે અને કાલથી ત્રિદોષે હુમલો કરવાથી એ ખૂબ હેરાન થાય છે. (૧૧૨-૧૧૪). બધા ઉપાયો કરીને હું થાકી ગઇ તો પણ કાંઇ ફેર પડતો નથી. આપનું નામ સાંભળીને હું અહીં આવી છું. હે દત્ત ભકત ! મારા ઉપર કૃપા કરો. (૧૧૫).

સતીની પ્રાર્થના સાંભળીને એ તરત જ એના ઘરે ગયો. રોગીને (એના પતિને) જોઇને એણે કહ્યું કે, હે સતી ! હવે તું વાર કરીશ નહિ. (૧૧૬). પૂર્વના પાપે કરીને આવા મોટા રોગો થાય છે. પ્રાયશ્ચિત કર્મો કરવાથી પાપનો નાશ થાય છે અને એના પરિણામે રોગો શાંત થાય છે. (૧૧૭). કર્મોના પરિણામરૂપ જે કહ્યું છે તે અનુસાર હું તને કહું તેમ તું કર. એનાથી બધા રોગો શાંત થશે, એટલે તું ચિંતા કરીશ નહિ. (૧૧૮). આવું કહીને એ બ્રાહ્મણપત્ની પાસે તરત જ વ્રતો શરૂ કરાવ્યાં અને જે તે રોગના સંદર્ભમાં યોગ્ય પ્રાયશ્ચિત વિધિ વધાનો કરાવ્યા. (૧૧૯). બાર વર્ષના અનુષ્ઠાનથી ક્ષય રોગ દૂર થયો. છ વર્ષે પેટના ગોળાનું દર્દ દૂર થયું. બાર વર્ષની વિધિથી તીવ્ર જલોદર નાશ પામ્યો. એક વર્ષે તાવનો જુલમ દૂર થયો. ભગંદર અને અતિસારનો એક જ વર્ષે નાશ થયો. અને ત્રિદોષના હુમલા માટે દિવ્ય ઔષધીનો ખાસ પ્રયોગ કર્યો. (૧૨૦-૧૨૧). જે તે પ્રાયશ્ચિત્તથી બધા રોગો દૂર થતાં એ બ્રાહ્મણનો દેહ રોગ વિનાનો થયો અને બ્રાહ્મણ સુખથી જીવવા લાગ્યો. (૧૨૨). સર્વ સ્વતંત્ર દત્તપ્રભુનું સ્મરણ કરીને વિષ્ણુદત્તે હૃદયને સ્પર્શી જાય એવા સમંત્ર આશીર્વાદ આપ્યા. (૧૨૩). એ દ્વિજશ્રેષ્ઠના આશીર્વાદથી એ બ્રાહ્મણનો પુત્ર ઐશ્વર્ય, આયુષ્ય, સંતતિ, કીર્તિ, સન્મતિ, દત્તભક્તિ અને સદ્‌ગતિને પામ્યો. (૧૨૪). બ્રાહ્મણની સ્ત્રીએ વિષ્ણુદત્તને કહ્યું કે આપે મને સૌભાગ્યનું દાન આપ્યું છે તો તેના બદલામાં તમે પ્રેમથી આપું તેટલા પૈસા લઇ લો. પરંતુ બ્રાહ્મણે કહ્યું કે એ લેવાય નહિ કારણકે તું તો મારી દીકરી જ છે. તું પતિની સેવા કરીને આ જગતમાં ધન્ય થઇ જા અને વિશ્વમાન્ય થા. પતિસેવા વિના સ્ત્રીને બીજી કોઇ ગતિ નથી. (૧૨૫-૧૨૬).

ઉત્તમ પતિવ્રતા એને કહેવાય કે જે સ્વપ્નમાં પણ પર પુરુષને જોતી નથી. મધ્યમ પતિવ્રતા તેને કહેવાય કે જે બીજા પુરુષોને ભાઇ માનીને તેનાથી હંમેશાં અળગી રહે અને કનિષ્ઠ સ્ત્રી તે છે કે જે અન્ય પુરુષને જોતાં જ ચંચળ બને છે. હૃદયમાં વિહવળ બને છે. પરંતુ પ્રયત્ન કરીને પવિત્ર રહે છે. આવી કનિષ્ઠ સ્ત્રી પણ કોઇ દિવસ સમજુ બને તો તેનો ઉદ્ધાર શક્ય છે. (૧૨૭-૧૨૯). જે સ્ત્રી હંમેશાં પારકા પુરુષનો જ વિચાર કરે છે અને એની સાથે છાનોમાનો સંભોગ કરે છે તે સ્ત્રી જારિણી કહેવાય છે અને તેને વિધવાપણાનો યોગ પ્રાપ્ત થાય છે. (૧૩૦). જન્મે જન્મે ફરી ફરીને એ વિધવા થાય છે અને જાતે નરકમાં ડૂબે છે અને કુળને પણ ડૂબાડે છે. (૧૩૧). માટે હે સતી ! તું પતિની સેવા કરીને ધન્ય થઇ જા. આ અજોડ સદ્‌વ્રતનો (સારી વૃત્તિનો) સ્વપ્નમાં પણ ત્યાગ કરીશ નહિ. (૧૩૨). આવો સરસ ઉપદેશ આપીને એ નિસ્પૃહ બ્રાહ્મણ ઘરે આવ્યો. આ બ્રાહ્મણ (પુત્ર) પર કૃપા કરનાર વિષ્ણુદત્તને પણ ધન્ય છે. (૧૩૩).

આમ એ બ્રાહ્મણ મંત્ર શાસ્ત્રથી નીરોગી થયો. અને વિષ્ણુદત્ત(વિપ્ર)ની કૃપાથી અંતે જલદીથી સદ્‌ગતિ પામ્યો. (૧૩૪). પ્રાયશ્ચિતથી રોગનો નાશ થતાં તે આરોગ્ય આપે છે તેમજ શરીરમાં લોહી અને માંસ (રસ) બને છે અને શાસ્ત્રાનુસાર યોગ્ય સત્ફળ પામે છે. (૧૩૫). અજ્ઞાનનો નાશ થતાં વિશુદ્ધ જ્ઞાન થાય છે અને એ જ બ્રહ્માનંદ આપે છે અને માણસ નિર્વાણપદને પામે છે. (૧૩૬). શાસ્ત્રમાં ફળની લાલચ કેવળ મનને સમજાવવા માટે જ આપી છે. શાસ્ત્રનાં એ મનને ગમે એવાં વાક્યોનો બીજો કોઇ અર્થ તું તારવીશ નહિ. (૧૩૭). ખૂબ ગળ્યું ખાવાથી પુત્રને એક રોગ લાગુ પડે તો એ દૂર કરવા માટે માતા લીમડાનો રસ પાય છે. પરંતુ દીકરો તે બિલકુલ પીતો નથી. એવા સંજોગોમાં મા એને કહે છે કે લે, આ લાડુ લે અને આટલું (લીમડાનો રસ) પી જા. બાળક પણ લાડવાની લાલચથી એ કડવું પી જાય છે. (૧૩૮-૧૩૯). પરંતુ માતા એવી દયાળુ છે કે લાડુ એને માટે નુકસાનકારક છે એમ જાણીને, એના હાથમાં લાડુ આપીને પછી યુક્તિપૂર્વક ખૂંચવી લે છે. (૧૪૦). એ જ રીતે શ્રુતિ (વેદ-શાસ્ત્ર) એ માતા સમાન છે, જન્મ મરણથી પીડાતો

માનવી એ બાળક સમાન રોગી છે. મુખ્ય વાત મોક્ષરૂપી આરોગ્ય છે અને ફળની લાલચરૂપી લાડુ એ ગૌણ વાત છે. (૧૪૧). આ બધાં શાસ્ત્રોનો ઉદ્દેશ સ્વર્ગ અપાવવાનો, વશીકરણ કરવાનો, કામ-ભોગ ભોગવવાનો કે શત્રુનો નાશ કરવાનો હોતો જ નથી. (૧૪૨). શાસ્ત્ર તો બુદ્ધિને શુદ્ધ કરીને યુક્તિપૂર્વક ભ્રાંતિને દૂર કરે છે. હે શૂર ! આ પાંચમુ દૃષ્ટાંત આવું છે તે તું સાંભળ.⑦(૧૪૩). બૃહસ્પતિ ઇંદ્રને, દત્તાપ્રભુ અર્જુનને અને અલખ નિરંજનને કહે છે કે શાસ્ત્ર તો આમ ચિત્ત શુદ્ધિ કરે છે. (૧૪૪). હવે પછીના બે દૃષ્ટાંતોથી આગળ ઉપર પણ આ જ વાત સ્પષ્ટ થશે. એ ગહન વાત રંગ કરે છે તે હે સંતો ! તમે સાંભળો. (૧૪૫).

શ્રી દત્તાપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને વિષ્ણુદત્તોપાખ્યાન'** નામનો **ચૌદમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૪

(૧) પવિત્ર બ્રાહ્મણના ઘરનું અન્ન ખાવાથી બ્રહ્મરાક્ષસ શાંત થયો. 'જેવું અન્ન તેવું મન' એ કહેવત અનુસાર અન્નનું મહત્ત્વ ઘણું છે. આ શરીર અન્નથી પોષાય છે એટલે ગમે તેવું, ગમે તેનું અન્ન ના ખાવું જોઇએ. અન્ન અંગેના નિયમો તૂટ્યા તેની અસર સમાજ જીવન ઉપર દેખાય છે.

(૨) બ્રહ્મરાક્ષસમાં પણ ઉપકાર વાળવાની વૃત્તિ છે. એટલે 'ભાગ્યશાળીનું ભૂત રળે' એ કહેવત પ્રમાણે બધાં જ ભૂતો હેરાનગતિ કરતાં નથી. તુલસીદાસને ભૂતે જ મદદ કરીને હનુમાનજીનાં દર્શન કરાવ્યાં હતાં. ભૂતે જ તુલસીદાસજીને કહ્યું હતું કે તમે કથા કરો છો ત્યારે જે વૃદ્ધ સૌથી પહેલાં આવે છે અને છેલ્લે ઊઠીને જાય છે તે હનુમાનજી છે. માનવીમાં આવી વૃત્તિ ન જન્મે તો એ ભૂતથી પણ હલકો ગણાય કે નહિ?

(૩) બ્રહ્મરાક્ષસે વરદાન માગવાનું કહ્યું ત્યારે બ્રાહ્મણ મનમાં મૂંઝાયો અને પત્નીને પૂછ્યું કે શું વરદાન માગું? શ્રીગુરુલીલામૃતમાં આવા પ્રસન્ન દાંપત્યના અનેક દૃષ્ટાંતો છે. પત્નીમાં સહનશીલતા, પ્રેમ અને ત્યાગની ઘણી ભાવના હોવાથી તેઓ વધુ સારી રીતે માંગી શકે. એમ કહેવાયું છે કે સતી સ્ત્રી દુરાચારી પતિને સુધારી શકે પરંતુ સદાચારી પુરુષ દુરાચારી સ્ત્રીને સુધારી શકે નહિ.

(૪) 'સંશયાત્મા વિનશ્યતિ' એવું ગીતા કહે છે. આવો સંશય જાગવાનું કારણ શું? વિષ્ણુદત્ત નામે બ્રાહ્મણ કર્મમાં આસક્ત રહેતો હતો. આમાંથી જ કર્મઠતા આવે અને શ્રદ્ધાને બદલે સંશય જાગે અને પરિણામે હાથમાં આવેલી તક જતી રહે. એક જ ગુરુના બે શિષ્યોમાં ઓછું ભણેલો શિષ્ય અડગ નિષ્ઠા અને શ્રદ્ધાને કારણે ગુરુને પરબ્રહ્મ માનીને ગુરુકૃપા પામીને સ્વયં ગુરુપદ ભોગવે જ્યારે બીજો વધારે ભણેલો, સંશયો કરી કરીને ગુરુનો જે લાભ લેવો જોઇએ તે ન લઇ શકે. તંતુક, અથવા ખેતરનું અનાજ કાપી નાંખનાર ખેડૂત જે ફળ મેળવી શક્યા તે કેવળ અડગ શ્રદ્ધાને કારણે જ. એમનામાં સંશય જાગ્યો જ નહિ.

(૫) ગીતા 'અભયત્વ'ને ખૂબ જ મહત્ત્વ આપે છે. આવું અભયપણું ક્યારે જાગે? નિબિડ જંગલમાં આસન મૂકનાર પ.પૂ.બાપજીને ભય નહિ લાગ્યો હોય? ન લાગ્યો હોય તો તેનું કારણ શું? સાધના દ્વારા પરમાત્મામાં પૂરેપૂરો વિશ્વાસ જાગે ત્યારે આવું અભયત્વ આવે. 'વપુ પ્રારબ્ધ પોષે છે.' એટલે કે જ્યાં સુધી પ્રારબ્ધ ભોગવવાનું હશે ત્યાં સુધી આ શરીર ટકશે જ. જીવાડનાર અને મારનાર પરમાત્મા છે. દેહ પ્રત્યે આસક્તિ ના હોય એટલે દેહ પડે તો પણ શું અને રહે તો પણ શું? પોતે તો ભગવાનનું એક રમકડું છે, નિમિત્ત છે એટલે એ જેમ રાખે તેમ રહેવાનું છે એવી પાકી સમજ છે.

વિષ્ણુદત્ત કર્મકાંડી છે તેથી આવી સમજ નથી એટલે મરણનો ભય રહે છે. જેનામાં અભયત્વ છે તે જ સાચો સંત છે. જેને કશાનો ભય નથી તે જ બીજાને અભય બનાવી શકે.

(૬) પત્ની એ અર્ધાંગિની છે અને દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે એ વિધાન અનુસાર મહત્ત્વની બાબતોમાં- આધ્યાત્મિક ક્ષેત્રે-સતી સ્ત્રી મેળવનાર પતિનું કાર્ય સરળ બને છે. દોહરા ૫૭માં પત્ની પતિને યાદ કરાવે છે કે હવે ભૂલ કરતાં નહિ. આવું કહીને પ્રેરણા પૂરી પાડે છે. દોહરા- ૮૦ અને ૮૫-૮૬માં સતીની પ્રાર્થનાથી જ સૂર્યદેવ (અર્ક) અને અગ્નિદેવ (કર્ક) શ્રાદ્ધમાં આવે છે. અનસૂયા, શાંડિલી, મદાલસા, અને વિષ્ણુદત્તની પત્ની વગેરે સ્ત્રી-શક્તિનો ખ્યાલ આપે છે.

(૭) દોહરા- ૧૩૯ થી ૧૪૩ સમજવા જેવા છે. સારા કર્મો કરવાથી સારું ફળ મળે છે. શાસ્ત્રો શું કરે? શાસ્ત્રનું કાર્ય બુદ્ધિને શુદ્ધ કરવાનું છે. 'આપો સન્મતિ મોરચા' એવું પહેલા અધ્યાયના પહેલા જ દોહરામાં પૂ.શ્રીએ માગ્યું છે. બુદ્ધિ નિર્મળ થતાં ભ્રાંતિ દૂર થાય છે અને વ્યક્તિ સદાચારી જીવન જીવે છે. એનો જગત પ્રત્યેનો અભિગમ બદલાઇ જાય છે. સાચા સુખની સમજ આવી જાય છે અને જગતને સુધારવાને બદલે જાતે સુધરીને નિર્મળ જીવન જીવવા લાગે છે. ટૂંકમાં શાસ્ત્ર સારાં અને સાચાં કર્મો કરવા પ્રેરે છે. કેરી જોઇતી હોય તો આંબો ઉગાડવો પડે.

●

અધ્યાય : ૧૫

આ અધ્યાયનું નામ **'શાસ્ત્રતાત્પર્યૈકવર્ણને ઝુટિંગબંધનાદિકથન'** છે. આ અધ્યાયમાં ૧૯૨ દોહરા છે.

આ અધ્યાયમાં સહ્યાદ્રિની ઉત્તરે વસેલા એક બ્રાહ્મણની સ્ત્રીને પીડા આપતા ઝુટિંગનું વિષ્ણુદત્તે બંધન કર્યું એ દૃષ્ટાંત (છઠ્ઠું દૃષ્ટાંત)નું વર્ણન છે. (૧-૭૧). ત્યાર પછી ગર્ભવાસની આખી ઘટમાળનું વર્ણન છે. (૭૨-૯૮). જન્મ પછીની બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીના જીવનનું વર્ણન છે. (૯૯-૧૧૦).

મોહનો નાશ થયા વિના જન્મમરણની ઘટમાળ બંધ થતી નથી એ વાતને સમજાવવા દૃષ્ટાંત ૭ નું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રતિષ્ઠાનનો બ્રાહ્મણપુત્ર પૂર્વાભ્યાસને કારણે જન્મથી જ મુક્ત હોવા છતાં લોકસંગથી ડરીને પિશાચની જેમ વર્તે છે તેને વિષ્ણુદત્ત કેવી રીતે સમજાવે છે તેનું વર્ણન છે. (૧૧૧-૧૭૭).

અંતમાં બૃહસ્પતિએ ઇંદ્રને સાતે દૃષ્ટાંતોને અંતે જણાવ્યું કે દરેક શાસ્ત્રનું તાત્પર્ય માણસની ચિત્તશુદ્ધિ કરીને તેને જન્મમરણની પરંપરામાંથી મુક્ત કરવાનું છે. (૧૭૮-૧૯૨).

બૃહસ્પતિએ ઇંદ્રને અને દત્તાભગવાને સહસ્રાર્જુન(કાર્તવીર્ય)ને જે કહ્યું તે અલખ નિરંજનને કહે છે અને સાવધાન કરે છે કે હે બાળ ! તું નિરભિમાની થઇને સાંભળ. (૧). સહ્યાદ્રિની ઉત્તરે એક બ્રાહ્મણ રહેતો હતો. (દૃષ્ટાંત ૬). પોતાના ધંધાના કામ માટે તે બીજે ગામે જવા માટે નીકળ્યો. (૨). એણે પોતાની પત્નીને કહ્યું કે જો તું એક વાત સાંભળ. હું બહારગામ જાઉં છું તેથી તું સાવધાનીપૂર્વક રહેજે. (૩). હું એક મહિના પછી આવીશ. આ વાત સાંભળીને પત્નીએ એને પ્રેમથી ભાથું બાંધી આપ્યું. એ લઇને પતિ તરત જ જવા નીકળ્યો. (૪).

આ બાજુઆ સતી સ્નાન કરવા માટે સરોવર પર આવી, જ્યાં પીપળા ઉપર વિષયલંપટ બાબરો ભૂત (ઝુટિંગ) બેઠો હતો. (૫). કામવાસનાથી આકુળ-વ્યાકુળ એવો, હંમેશાં દુરાચારમાં રચ્યો પચ્યો રહેનારો અને વિષયલંપટ હોય એવો જે કોઇ બ્રહ્મચર્યમાં મૃત્યુ પામે છે તે મર્યા પછી ભયંકર વિષયી એવો ઝુટિંગ બને છે. એ ત્રિકાળનું બધું જાણતો હોય છે. આ ઝુટિંગે નાજુક દેહવાળી રૂપાળી બ્રાહ્મણ સ્ત્રીને જોઇ અને જોતાં જ કામથી બાવરો બની ગયો. એનો પતિ ઘરે નથી એવું જાણીને એની પાછળ પાછળ એ દુષ્ટ ચાલી આવ્યો. (૬-૮). પતિના જેવો જ કપટ વેષ લઇને એ ઝુટિંગ ત્યાં આવ્યો. પતિવ્રતા સ્ત્રી એની માયાને ઓળખી શકી નહિ. (૯). પોતાના પતિને પાછા આવેલા જોઇને તે પ્રસન્ન થતી સામે દોડીને ગઇ. એને પ્રેમથી આસન ઉપર બેસાડી એના ચરણ પખાળ્યા. (૧૦). આનંદથી એ ચરણામૃતનું પાન કરી, પંખો નાખતા નાખતા મંદ સ્મિત કરીને સુંદરી બોલી કે હે નાથ ! કેમ તરત જ પાછા ફર્યા? (૧૧). શું શુકન ન થયા તેથી ઝટ પાછા આવ્યા કે મારો પ્રેમ યાદ આવ્યો તેથી પાછા આવ્યા? એમ વિનમ્રભાવે પૂછવા લાગી. (૧૨). એ કપટી (ઝુટિંગ) ચીપી ચીપીને (પતિના જેમ બોલવાની નકલ કરીને) કહેવા લાગ્યો કે હું જેમને ત્યાં જતો હતો તે જ અહીં રસ્તામાં મળી ગયા અને કહ્યું કે અત્યારે તમારું કામ સફળ થશે નહિ. (૧૩). તમે એક મહિના પછી ફરી આવો. એ સાંભળીને હું પણ પાછો વળ્યો અને તને પણ નાહકની શું કામ પરેશાન કરવી? (૧૪). મને ખબર છે કે મારા વિરહનો અગ્નિ તને બાળે છે. હું તારો પ્રેમ

જાણું છું. આ સાંભળીને સતીએ એને સાચું માની લીધું. (૧૫). એને પોતાનો પતિ સમજીને સતી એની નિષ્કપટભાવે સેવા કરતી હતી અને ઝુટિંગ પણ તેને પોતાને વશ કરીને તેની સાથે કપટપૂર્વક વિષયસુખ ભોગવતો હતો. (૧૬). રૂપ, સ્વભાવ, ઉંમર, અવાજ, શરીરનો વાન (રંગ) અને શરીરની આકૃતિ (Figure) એના પતિનાં જેવાં જ રાખીને એ સતીને પીડા આપતો હતો. (૧૭). રાત્રે સતી સાથે વિષયસંગ ભોગવવાથી સતી બેભાન થઇ જતી હતી. સતીના શરીરના બધા અંગો તૂટતા હતા. તો પણ એ પાપી જરા પણ ખસતો જ ન હતો. (૧૮). એ તો ભોગ ભોગવવામાં થાકતો જ ન હતો. (સંતોષ જ થતો ન હતો.) એનામાં ભયંકર વિકાર જોઇને, એની ભોગશક્તિનું બળ જોઇને અને વિશિષ્ટ પ્રકારનું જોશ જોઇને સતી અંતરમાં ખૂબ જ દુ:ખી થઇ. અને મનમાં વિચારવા લાગી કે મને તો આમાં કાંઇ સમજાતું જ નથી. હું શું કરું? (૧૯-૨૦). જો એને સંભોગનું સુખ આપું તો મારે આમ રોજ મરવાનું જ આવે અને ના કહું તો ધર્મનો ભંગ થયો ગણાય. હવે આ તે કેવી મૂંઝવણ? (૨૧). આ ખરેખર મારો પતિ જ હશે કે કોઇ બીજું હશે? એવી મનમાં શંકા થઇ. એ સ્નેહઘેલી સતી આ અનર્થની વાત બીજાને કરતાં શરમાતી હતી. (૨૨). એમ એ મનમાં ને મનમાં ખૂબ જ દુ:ખી થવા લાગી. શરીર પણ સૂકાઇ ગયું. તો પણ એ વિષયલંપટ ઝુટિંગને સંતોષ થતો ન હતો. (૨૩).

એક મહિનો પૂરો થતાંમાં પેલો મૂળ બ્રાહ્મણ આવી પહોંચ્યો. પોતાના જેવો જ બીજાને જોઇને એણે પૂછયું કે જલદી બોલ કે તું કોણ છે? (૨૪). અરે લુચ્ચા (દુષ્ટ) ! તું મારો કપટી વેષ લઇને મારા ઘરમાં પેસી ગયો? એટલે ઝુટિંગ બોલ્યો કે તું કોણ છે? આ તો મારું ઘર છે. તું (મારા ઘરમાંથી) બહાર નીકળ. (૨૫). તું કપટી છે, તું લુચ્ચો છે એમ કહીને અંદરો અંદર લઢવા લાગ્યા. આ ઝઘડો સાંભળીને લોકો પણ ભેગા થઇ ગયા. પરંતુ તેઓ પણ ભૂલાવામાં પડી ગયા. (૨૬). બંને એક જ સરખા દેખાતા હતા. એ જોઇને બધા આશ્ચર્ય ચકિત થઇ ગયા અને આ ઘટનાને મહાન આશ્ચર્યકારક માનવા લાગ્યા. હવે આમાં નિર્ણય કોણ કરે? (૨૭). બ્રાહ્મણે ગામના લોકોને કહ્યું કે આને બહાર કાઢો. એટલે જવાબમાં પેલો (ઝુટિંગ) બોલ્યો કે તમે શું જોઇ રહ્યા છો? આ દુષ્ટને માર મારો. (૨૮). મારી રૂડી રૂપાળી યુવાન સ્ત્રીને જોઇને કપટી વેષ ધરીને એ મારા ઘરે આવ્યો છે. હું મારું ઘર શું કામ છોડું? (૨૯). જો એ બળજબરી કરશે તો એને હું અહીં જ મારી નાંખીશ. આ સાંભળીને કોઇએ કંઇ જવાબ આપ્યો નહિ. (૩૦). એટલામાં ત્યાં સાસુ, સસરા, ભાઇ-ભાંડુઓ અને મિત્રો આવી પહોંચ્યા. બન્નેનું એક સરખુ રૂપ જોઇને એમણે કહ્યું કે આનો એક ઉપાય કરો. (૩૧). આ બંને જણાને વિષ્ણુદત્તના ઘરે લઇ ચાલો. એ દત્તભક્ત સર્વજ્ઞ છે તેથી યોગ્ય નિર્ણય કરશે. (૩૨). બધાને આ વાત ગમી એટલે ત્યાંથી સ્ત્રી સાથે બંનેને લઇને વિષ્ણુદત્તના ઘરે આવ્યા. (૩૩).

બધાંને પ્રેમથી બેસાડીને પછી એમની બધી વાતો વિગતવાર સાંભળી. ઝુટિંગ કોણ છે એ અંદરખાને જાણી જઇને બ્રાહ્મણ (વિષ્ણુદત્ત) પ્રેમથી બોલ્યો કે તમે બંને નામ, રૂપ, ગોત્ર વગેરેથી તો એક જ સરખા છો. આમાં કેવી રીતે નક્કી કરવું? છતાં એક ઉપાય અજમાવી જોઉં. (૩૪-૩૫). હે સજ્જનો ! મને માફ કરજો. પરંતુ આ ઉપાય બધાને માન્ય થશે. એ સાંભળીને બધાએ તરત જ કહ્યું કે ભલે તે પ્રમાણે કરો. (૩૬). (વિષ્ણુદત્તે) બ્રાહ્મણના માથે સફેદ અને ભૂતને માથે લાલ એમ જુદી જુદી મુદ્રા (નિશાની) બાંધી દીધી. (૩૭). એણે લોકોને કહ્યું કે તમે ધ્યાનથી જોજો. ભૂત આ મંત્રિત નિશાની ચોકકસ બદલી નહિ શકે. (૩૮). પછી એણે બ્રાહ્મણને બોલાવીને પૂછયું કે તું તારા ઘરનાં સોના ચાંદી સિવાયનાં બીજી ધાતુનાં કેટલાં વાસણો છે અને વસ્ત્ર વગેરે કેટલાં છે તે કહે. (૩૯). એજ પ્રમાણે તારી પત્નીના ગુપ્ત ચિહ્નો વિશે પણ બરોબર માહિતિ આપ. એટલે બ્રાહ્મણે કહ્યું કે આ બધું તો હું બરોબર જાણતો નથી. (૪૦). સોના ચાંદીના બધા

વાસણો તેમજ કિંમતી વસ્ત્રો અને મોટા મોટા શસ્ત્રો વિષે બરાબર જાણું છું. (૪૧). મારી પત્નીના બહારના બધા ચિહ્નો જાણું છું પરંતુ ગુપ્ત ચિહ્નો જાણતો નથી કારણકે કોઇ દિવસ એ ચિહ્નો ખૂલ્લે ખૂલ્લાં જોયાં નથી. (૪૨). ભૂતે કહ્યું કે હું તો વસ્ત્રો, વાસણો, ધન બધું જ જાણું છું. અરે ! હું તો માટીના વાસણો પણ જાણું છું. અરે પૂછો તો ચીંથરા, કણ, ઘરમાં વપરાયેલી ઇંટો વગેરે પણ કહી શકું એમ છું. (૪૩-૪૪).

મારી સ્ત્રી છે અને મારું ઘર છે પછી એના વિશે જાણકારી ના હોય તો કેમ ચાલે? આ સાંભળીને બધા અચંબામાં પડી ગયા અને મનમાં વિચાર્યું કે માનો યા ના માનો પણ આ જ ચોર છે અને પેલો જ સાચો પતિ છે. એવી શંકા પાકી થઇ પછી વિષ્ણુદત્તે બંનેને બોલાવીને કહ્યું કે આ વિસ્તારની પાંચ કોસ (કોસ=બે માઇલ અથવા ૩ કિ.મીનું અંતર)ની પરિક્રમા કરીને જે પહેલો આવે તે સાચો અને બીજો આવે તે લુચ્ચો છે એમ નકકી થશે. (૪૫-૪૭). બંને 'કબૂલ છે' એમ કહીને ગયા. પિશાચ તો પલક (ક્ષણ) વારમાં જ પરિક્રમા કરીને પાછો આવી ગયો. એણે કહ્યું મને શાનો વાંધો હોય? (૪૮). સભ્યોએ જે જે નિશાનીઓ પૂછી તે બધી એણે જેમની તેમ કહી બતાવી. લોકોને થયું કે આ તો વિચિત્ર કહેવાય. માણસ માટે આ શકય જ નથી. (૪૯). પેલો બ્રાહ્મણ તો છ કલાકે (પહોર=ત્રણ કલાક) હાંફતો હાંફતો આવ્યો. અને લોકોએ નિશાનીઓ પૂછી ત્યારે કોઇ કોઇ મોટી નિશાનીઓ કહી શક્યો. (૫૦). પછી વિષ્ણુદત્તે કહ્યું કે તમે બંને આ પર્વતની જલદીથી પ્રદક્ષિણા કરીને આવો. રસ્તામાં જે સિદ્ધો મળે તેનાં નામ અને ગોત્રો પૂછીને અને તેનાં દર્શન કરીને જે પહેલો આવે તે સાચો પતિ છે એવું તરત જ જાણી જઇશ. (૫૧-૫૨). આ સાંભળીને બંને ઉપડ્યા. પેલો પિશાચ તો એક કલાક થતાં વારમાં જ પાછો આવી ગયો અને રસ્તામાં જે પ્રમાણે સિદ્ધો હતાં તેનાં નામ, ગોત્ર વગેરે બરાબર કહી બતાવ્યાં. (૫૩). પેલો બ્રાહ્મણ પણ પાંચ પહોરે (પંદર કલાકે) પાછો આવ્યો અને બોલ્યો કે મેં તો સિદ્ધોને જોયા જ નથી પછી એનું કયાંથી વર્ણન કરું? (૫૪). આ સાંભળીને બધા સભ્યોની શંકા દૂર થઇ. એ લોકોએ સાચો બ્રાહ્મણ આ છે અને બીજો કપટી અને ક્રૂર છે એમ ઓળખી લીધો. (૫૫).

વળી પાછું વિષ્ણુદત્તે કહ્યું કે હવે છેલ્લી પરીક્ષા બાકી રહી છે. એ પછી આખરી નિર્ણય થશે. બધા સભ્યો તમે એ જોજો. (૫૬). એમ કહીને લોખંડની એક ઝારી લાવીને મૂકીને કહ્યું કે આ ઝારીના મુખમાંથી પેસીને એની તોટી (ટોટી) દ્વારા જે બહાર આવશે તે વિજયી ગણાશે અને તે આ સતીનો અને ઘરનો સાચો માલિક છે એમ નકકી થશે અને બીજો કપટી છે એમ મનાશે. (૫૭-૫૮). આ સાંભળીને ભૂતે તરત જ ઝારીના મુખમાંથી જેવો પ્રવેશ કર્યો તેવો તરત જ (વિષ્ણુદત્તે) બ્રાહ્મણે ઝારીનું મુખ અને તોટીનો ભાગ મંત્રપૂર્વક બંધ કરી દીધા. (૫૯). જ્ઞાની વિષ્ણુદત્તે દત્તાનામની ગર્જના કરીને મંત્રોચ્ચારથી પિશાચને બાંધી દીધો. (૬૦). ઝારીના બંને મુખો બંધ થતાં ભૂત હતાશ થઇ ગયો અને આ રીતે મૂળમાંથી બલા જતાં બધાને આનંદ આનંદ થઇ ગયો. (૬૧). વિષ્ણુદત્તે મંત્રથી રક્ષિત કરીને જયાં ઝારી પર્વતમાં દાટી દીધી ત્યાં જ લોકો આનંદથી સતત ગર્જના કરવા લાગ્યા. (૬૨). એ ભકત (વિષ્ણુદત્ત) બોલ્યો કે મેં તો જોતાંની વારમાં જ એ દુષ્ટ ભૂતને ઓળખી લીધો હતો. પરંતુ લોકોમાં વગોવણી ના થાય (લોકો ટીકા ન કરે) એ હેતુથી જ આ પ્રયત્નોની બનાવટ કરી. (૬૩). બધાની શંકા નિર્મૂળ થઇ અને ઝુટિંગ બદ્ધ થયો. અબળા સતી ત્રાસમાંથી છૂટી અને શ્રદ્ધાવાન બ્રાહ્મણ આખરે જીત્યો. (૬૪). શાસ્ત્રના અભ્યાસથી જેમ ધીમે ધીમે અજ્ઞાન દૂર થવાથી સંશયો મૂળમાંથી ટળી જાય છે અને પોતાનું જ્ઞાન થાય છે તેમ પહેલા પ્રયત્ને થોડો સંશય થયો. બીજા પ્રયત્ને સંશય મૂળમાંથી ગયો અને ત્રીજા પ્રયત્ને નિશ્ચય થયો. (૬૫-૬૬). હવે કોઇ આપણને દોષ દઇ શકે એમ નથી, ભૂતનો છૂટકારો થાય એમ નથી અને આ રીતે

નિર્દોષ સાધ્વી સ્ત્રી પોતાના પતિને પામી શકી. (૬૭). આ સાંભળીને વંદન કરીને લોકોએ વિષ્ણુદત્તાનો જયજયકાર કર્યો અને એમની આજ્ઞા લઇને, એનો જશ ગાતા ગાતા તરત જ પોતાના ઘરે ગયા. (૬૮).

બ્રાહ્મણે પત્ની સાથે વિષ્ણુદત્તાને પ્રણામ કર્યાં અને કહ્યું કે આપને ધન્ય છે. હે અનન્ય એવા વિષ્ણુદત્તા આપે મારું સંકટ દૂર કર્યું. (૬૯) . તમારા જેવો બીજો કોઇ દત્તાભકત નથી. આ દુષ્ટ (બેશરમ) રાક્ષસ (ભૂત)ને બદ્ધ કરીને આપનું નામ ચારે દિશામાં ગાજતું કરી દીધું છે. અમે તમને કોટિ કોટિ પ્રણામ કરીએ છીએ. (૭૦). એ રીતે સદ્‌ભાવર્થ વંદન કરીને બ્રાહ્મણ દંપતી (પતિ અને પત્ની) ગયા. આમ શાસ્ત્રથી બધા ભ્રમો દૂર થાય છે અને માણસનું કલ્યાણ પણ થાય છે. (૭૧).

જ્યાં સુધી ભ્રમ તૂટતો (દૂર થતો) નથી ત્યાં સુધી માનવી મુક્તિ પામતો નથી અને પરિણામે વારે વારે ગર્ભવાસમાં જઇને મહાન કષ્ટ સહન કરે છે. (૭૨). અજ્ઞાની જીવ (જેનો ભ્રમ દૂર નથી થયો તેવો જીવ) વરસાદ દ્વારા ભૂલોક (પૃથ્વી)માં જાય છે અને પુણ્ય પૂરું થતાં એ અન્નમાં પ્રવેશ પામે છે. (૭૩). પછી અન્ન દ્વારા ઝડપથી પિતાના શરીરમાં વીર્યરૂપે ત્રણ માસ સુધી રહે છે. (૭૪). પછી કામરૂપી અગ્નિથી તપીને સ્ત્રી ઋતુકાળમાં આવે ત્યારે સ્ત્રીની યોનીમાં મૈથુન ક્રિયા દ્વારા દાખલ થાય છે. (૭૫). યોનિમાં એ વીર્ય લોહીની સાથે ભળી જઇને ગર્ભાશયમાં રહે છે. એ ઓરથી વિંટળાયલો હોવાથી નસીબજોગે એનો નાશ થતો નથી, પણ ધીરે ધીરે વૃદ્ધિ પામે છે. (૭૬). પુરુષના વીર્યથી હાડકાં, મજ્જા અને સ્નાયુ તૈયાર થાય છે જ્યારે સ્ત્રી-બીજ (રજ)થી માંસ, ચામડી અને લોહી બને છે. આ બધું અમંગલ (ન ગમે તેવું) છે. (૭૭). માતાની કુખમાં જઠરાગ્નિમાં મૂત્ર અને વિષ્ઠાના બાફમાં એ પિંડ (શરીર) બફાય છે. (૭૮). પુરુષનું રેત (શુક) વધારે હોય તો પુત્ર અને સ્ત્રીનું રકત વધારે હોય તો પુત્રી જન્મે છે. જો રેત અને રકત બંને સરખા હોય તો સંતાન નપુંસક જન્મે છે. (૭૯). જો પુરુષનું રેત વાયુથી વિભકત થાય તો તેના પરિણામે જોડિયાં બાળકો (Twins) જન્મે છે. ગર્ભ રહસ્ય આવું છે. (૮૦). રજસ્વલા (માસિક ધર્મમાં આવેલી સ્ત્રી) સ્ત્રીના એકદમ અમંગલ કહેવાય એવા મેલમાંથી જન્મેલો દેહ ક્યાંથી મંગલ (વિશુદ્ધ) હોય? (૮૧). રેત (પુરુષનું વીર્ય) અને રકત (સ્ત્રીનું બીજ) ભેગું થાય (ફલિનીકરણ થાય) પછી પાંચ દિવસમાં પરપોટા જેવો આકાર થાય છે અને સાત દિવસમાં માંસની કોથળી (પેશી) જેવો આકાર થાય છે. પંદરમે દિવસે જાતે ફૂલે છે. (વિકાસ પામે છે.) (૮૨). એક મહિનામાં કઠણ (સખત) બની જાય છે અને બીજે મહિને માથું આવવા માંડે છે. ત્રીજે મહિને પેટ અને હાથ તથા પગ વગેરે અવયવો આવવા માંડે છે. ચોથે મહિને ચામડી આવે છે. (૮૩). પાંચમે મહિને રૂંવાટી (રોમ) અને નખ આવે છે. છઠ્ઠે મહિને બધા છિદ્રો ફૂટે છે અને પગથી માથા સુધી (આખા શરીરમાં) વાયુ પ્રાણરૂપે વ્યાપીને રહે છે. (૮૪). સાતમે મહિને તાળવું ફોડીને અંતરમાં ચેતન દાખલ થાય છે અને પછી બુદ્ધિ તથા ચાદશક્તિ આવે છે. (૮૫). માતા જે અન્ન ખાય છે તે અન્ન પ્રવાહી થઇને નાભિછિદ્રથી પેટની અંદર પહોંચે છે. આને લીધે ગર્ભ જીવે છે અને પ્રારબ્ધવશ મોટો થાય છે (વધે છે- વિકસે છે.) ત્યાં અતિશય દુઃખ સહન કરે છે. એનું તો વર્ણન પણ થઇ શકે એમ નથી. (૮૬-૮૭). બે હૃદય એકઠાં થતાં ગર્ભવતી સ્ત્રીને જાત જાતની ઇચ્છાઓ (દોહદ) જાગે છે. માતાને (માને) અજીર્ણ, ઉલ્ટી, કૃશતા અને સુસ્તી વગેરેનો અનુભવ થાય છે. (૮૮). પોતાના કર્મોને કારણે ગર્ભમાં રહેલું બાળક આ પ્રત્યક્ષ નરક ભોગવે છે. આમ છતાં દયાળુ પરમેશ્વર ત્યાં પણ એની સંભાળ રાખે છે. (૮૯). માતાના સ્તનમાં દૂધ ભરાવાથી તે પુષ્ટ થાય છે અને સ્તનના અગ્રભાગમાં આવેલી ડિંટડી વિશેષ કરીને કાળી થાય છે. ભગવાન (વિશ્વેશ) પહેલેથી જ આમ દૂધની વ્યવસ્થા કરે છે. (૯૦). જો ગર્ભવતી સ્ત્રીની જમણી કૂખ વધે તો એને ઓકકસ

પુત્ર જન્મે અને ડાબી કૂખ વધે તો એને દીકરી જન્મે છે એ જાણ. (૯૧). ગર્ભની અંદર જીવ ઊંધા માથે ખૂબ હેરાન થતો હોય છે. પોતાના કર્મોને યાદ કરીને તે પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મેં એવાં તે કેવાં અનેક રહસ્યભર્યા (ગહન) કર્મો કર્યા છે કે તું મને આ રીતે દુ:ખી કરીને ભારે શિક્ષા કરી રહ્યો છે? (૯૨-૯૩). આ દુર્ગંધથી અને જઠરાગ્નિથી હું કંટાળી ગયો છું (થાકી ગયો છું). મારાં બધાં અંગો શેકાઇ ગયા હોવા છતાં હજી મોત આવતું નથી. (૯૪). હે દીનાનાથ ! વિવિધ યોનિમાં અથડાતો કુટાતો હું હવે થાકી ગયો છું. આ ગર્ભવાસ એ જીવતે જીવ સાક્ષાત્ નરક ભોગવવા સમાન છે. (૯૫). હે પ્રભુ ! તું એક વાર દયા કરીને મને આમાંથી છોડાવ. તો હું પછી તને ક્યારે પણ નહિ ભુલું અને તારું અખંડ સ્મરણ કરીશ. (૯૬). આવી પ્રાર્થના રોજે રોજ કરવાને લીધે પ્રારબ્ધયોગે દસમે મહિને ત્યાંથી જીવ છૂટે છે. (૯૭). નસીબજોગે પ્રસૂતિ સમયે વાયુનો આંચકો લાગે છે એટલે જીવ ઊંધા મોઢે (માથું નીચે અને પગ ઉપર) યોનિના દ્વારથી જન્મ લે છે. (બહાર આવે છે.) (૯૮). જન્મતાની સાથે જ્યાં પવનનો સ્પર્શ થાય છે કે તરત જ એને ગર્ભની વાતોનું વિસ્મરણ થાય છે. (ગર્ભમાં કરેલી પ્રાર્થના ભૂલી જાય છે.) અને એ બાળક **'સોહં'** (તે હું છું) ભુલીને **'કોહં'** (હું કોણ છું) એમ પૂછવા માંડે છે. (૯૯). એ બેબાકળો બનીને રડવા માંડે છે અને ખોવાયેલી ચીજને શોધવા માંડે છે. માયાથી મોહિત થતાં, એ જ ક્ષણે પોતાને ગર્ભમાં પડેલાં કષ્ટ ભૂલી જાય છે. (૧૦૦). બાળપણમાં એ કાંઇ બોલી શકે નહિ અને તદ્દન પરતંત્ર હોવાથી ખાવા-પીવામાં ખૂબ હેરાન થાય છે.[૧](૧૦૧). બાળપણ રડવામાં અને પડવામાં વીતી જાય છે. યુવાની વિષય ભોગમાં વીતી જાય છે અને ત્યારે પણ ધર્મ યાદ આવતો નથી. (સૂઝતો નથી.) (૧૦૨). (યુવાનીમાં) પૈસો મારો પરમેશ્વર ને પત્ની મારી ગુરુ (પેગંબર) એમ માનીને વિષય ભોગમાં મસ્ત બનીને રમે છે અને માતાને દુશ્મન અને દુષ્ટ ગણે છે. (૧૦૩). બધા શાસ્ત્રો એ કેવળ ગપ્પા છે (ગપ-ગોળા છે.), સંતો તો મારા પગની ધૂળ બરાબર છે એવું માનીને આખલાની જેમ બળિયો બનીને બધે ફરતો ફરે છે. (૧૦૪). આ રીતે દુ:ખી કરે એવા વિષયો ભોગવવામાં યુવાની તો જંગલની નદીની અંદર આવેલા પૂરની જેમ અથવા સ્વપ્નમાં માણેલા રાજયસુખની જેમ વહી જાય છે. (૧૦૫). એવામાં મોતના દૂત જેવી વૃદ્ધાવસ્થા ઝડપથી આવીને પાસે ઊભી રહે છે. માથા પર સફેદ વાળ (સફેદ ધજા) જોઇને હાંજા ગગડી જાય છે.[૨](૧૦૬). એ ઘડપણ જોરથી તમાચો મારીને બધા દાંત પાડી નાંખે છે અને આંખ-કાન બગડતાં, જોવા જેવો ઘાટ થાય છે. (ઘડપણ કોણે મોકલ્યું એ કવિતા યાદ કરવા જેવી છે - ઘડપણની લાચારી બહુ કરુણ હોય છે.) આવી દુર્દશા થાય ત્યારે કંઇ અકકલ આવે છે. અને હાથમાં માળા પકડે છે. સામે મોતને ઊભેલું જોઇને ભૂત વળગ્યું હોય એ રીતે થરથર ધ્રુજે છે. (૧૦૭-૧૦૮). મોઢેથી રામ રામ બોલવાનો પ્રયત્ન કરે છે, પરંતુ મનમાં તો પૈસાના જ હરામભર્યા વિચાર હોય છે. રામ રામને બદલે લામ લામ બોલતાં બધા બાળકો મશ્કરી કરતા હોય તેમ ખીખી કરીને હસે છે. (૧૦૯). ઘડપણમાં કોઇ માન આપે નહિ એટલે એ વ્યાકુળ થઇ જાય છે. નસીબજોગે મોતના ચક્રમાં વારે વારે પડયા કરે છે. (૧૧૦). શાસ્ત્ર દ્વારા મોહનો નાશ કર્યા વિના જન્મ મરણની પરંપરા બંધ થતી નથી એ વાત નક્કી છે. (૧૧૧). ભ્રમનો નાશ (દૂર) કર્યા વગર જ્ઞાન સ્થિર (દૃઢ) થતું નથી. અને જ્ઞાન દૃઢ થયા વિના હે બુદ્ધિશાળી જીવ ! ભીતિ જતી નથી. (૧૧૨).

આ સમજવા તને એક દૃષ્ટાંત (સાતમું દૃષ્ટાંત.) કહું છું જેથી તારી શંકા દૂર થશે. પ્રતિષ્ઠાન નામે નગરમાં ખૂબ જ્ઞાની અને અનુભવી બ્રાહ્મણ હતો. (શાબ્દિકજ્ઞાન અને અનુભવજ્ઞાન- વિજ્ઞાન- બન્ને હતાં.)(૧૧૩). પૂર્વ જન્મના અભ્યાસને કારણે એ જન્મથી જ મુક્ત હતો છતાં પણ લોકોથી ડરીને પિશાચની જેમ વર્તન કરતો હતો. (૧૧૪). વિષયોને ઝેર જેવા ગણીને સન્માનથી દૂર ભાગતો હતો. એ જાણી જોઇને ખરાબ ચેષ્ટા (હાવભાવ) કરતો હતો અને વિષાદ કે સુખ

કશાને ધ્યાનમાં લેતો ન હતો. (૧૧૫). માતા પિતા એને ભૂત વળગ્યું છે એમ માનીને વ્રત તથા દેવ -પૂજાના ઉપાયો કરતા હતા. તો પણ જરા પણ ફેર પડતો ન હતો. (૧૧૬). હાથમાં બાધા-આખડીની રક્ષા બાંધતા હતાં, ગળામાં માદળિયાં બાંધતા હતા અને વિધવિધ પ્રકારના ગ્રહોને શાંત કરવા દાન આપતા હતાં. (૧૧૭). ગ્રહશાંતિ, જપ, ઓસડ, મંત્ર, તંત્ર વગેરે દરેક પ્રકારના ઉપાયો પણ કારગત નીવડતા ન હતા. એટલે એને મોટું ભૂત વળગ્યું છે એવું એ લોકો માનતા હતા. (૧૧૮). જે સ્વયં વિશ્વને નચાવતો હોય તે પોતે બંધનમાં કેવી રીતે આવે? **'અહં બ્રહ્માસ્મિ-હું બ્રહ્મ છું'** એ મંત્રથી રહસ્યમય-ગેબી ગર્જના કરતો હતો. (૧૧૯). બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા અને ગાંડપણમાં વધારો થતો ગયો. ઠામ-કઠામ (સારું-ખોટું સ્થાન) જોયા વગર જમીન પર એ ગમે ત્યાં હંમેશાં આળોટયા કરતો હતો. (૧૨૦). ઊભા ઊભા ઝાડો પીશાબ કરતો હતો. તો કોઇ વાર આળોટતાં આળોટતાં પણ કરતો હતો અને ફાવે તેમ બોલતો હતો. (૧૨૧). એનું બોલ્યું એ જ સમજતો હતો. બીજાને તો કાંઇ સમજાતું જ ન હતું. એ હિત અહિતને જાણતો ન હતો અને એકલો એકલો હસ્યા કરતો હતો. (૧૨૨). આઠ વરસનો થતાં પિતાએ એને મૌંજીબંધન (યજ્ઞોપવિત) કર્યું અને હાથ પકડીને માર માર્યો ત્યારે એના કાનમાં ગાયત્રી મંત્ર કહી શકાયો. (૧૨૩). આમ છતાં એ પુત્ર સંધ્યા વગેરે કોઇ દિવસ કરતો ન હતો. કોઇની સાથે દોસ્તી પણ કરતો ન હતો. મૂઢની જેમ રહેતો હતો. (૧૨૪).

વિષ્ણુદત્તાનો મહિમા સાંભળીને પુત્રને લઇને મા-બાપ એને ઘરે ગયા અને એને પ્રણામ કરીને કહ્યું કે જન્મથી જ આ ગાંડા જેવો છે અને જડસાની જેમ પડી રહે છે. હે દત્તભકત ! હે તાત ! યોગ્ય ઉપાય કરીને (તું) અમને પુત્રનું દાન કર. (એને ડાહ્યો કર). (૧૨૫-૧૨૬). અમારા કુળમાં આ એક જ પુત્ર છે અને તે પણ ગ્રહદશાનો ભોગ બનેલો અને ગાંડો પાક્યો છે. હે નાથ ! એ કોઇ રોગનો ભોગ બન્યો છે કે એને ભૂત હેરાન કરે છે? (૧૨૭). હે પ્રભુ ! અમને પામરને તો કંઇ ખબર પડતી નથી. આપ જ એનો ઉપાય કરો. આ સાંભળીને પુત્રને જોઇને વિષ્ણુદત્ત મલકાયો. (૧૨૮). એ સંપૂર્ણપણે બ્રહ્મનિષ્ઠ છે એવું જાણીને ભકત વિષ્ણુદત્ત બોલ્યો કે તમે તમારા પુત્રને મારી પાસે રાખી, તમે તમારી મેળે એકલા રહો. (૧૨૯). તમે ભોજન કરીને માળ ઉપર જઇને આરામ કરો. દીકરાને અહીં મારી પાસે રાખો. હું પછી બધું જોઇ લઇશ. (૧૩૦).

'ભલે ત્યારે' એમ કહીને મા-બાપ ગયા. એટલે વિષ્ણુદત્તે (ભકતે) બાળકને કહ્યું કે હે બાળ! તું કેમ ડરે છે? તારા મનમાં શું છે? જે હોય તે તું તરત મને કહે. (૧૩૧). તું કોણ છે? તું કોનો છે? તું અહિંયા કેમ આવ્યો છે? તારે શું કરવાનું છે? તું શું કરી રહ્યો છે? અને આ પ્રમાણે કેમ વર્તી રહ્યો છે? (૧૩૨). આવી ખરાબ ચેષ્ટા શું કામ કરે છે? આનંદથી ઘરે જા અને લોકો પર દયા કરીને મા-બાપને સુખી કર. (૧૩૩). તને કોણ મોહ પમાડી શકે એમ છે? મનફાવે તેમ વર્તવાથી તને શો લાભ થવાનો છે? લોકોને સદ્વર્તન દ્વારા સન્માર્ગે ચઢાવવાનું કેમ છોડી દીધું છે? સ્વપ્નું જોઇને શું કામ બ્હીએ છે? (૧૩૪). તું જ કહે કે હું શું કરું? આ બનાવટી વેષ છોડી દે. એવું કહીને વાળ સૂંઘીને માથે હાથ મૂક્યો. (પ્રેમપૂર્વક નિર્દોષ વ્હાલ દર્શાવવાની આ રીત છે.) (૧૩૫). મંદ હાસ્ય કરીને પુત્ર બોલ્યો કે આપે ખૂબ સારું જ્ઞાન સંભળાવ્યું. મારું સાચું સ્વરૂપ તમે જ્ઞાની હોવાથી એક માત્ર જાણો છો. (૧૩૬). જો હું મૂળે જન્મ્યો જ નથી તો પછી મારી માતા કોણ અને પિતા કોણ? હું તો અક્રિય છું, પછી કયાં કર્મો કરું? તું જ મને આનો જવાબ આપ. (૧૩૭). સચ્ચિદાનંદ સ્વરૂપ એવો હું પ્રલયકાળના પાણીની જેમ બધે જ વ્યાપેલો છું. પછી જવાનું કે આવવાનું કયાંથી હોય? (૧૩૮). હું કોનો દીકરો છું? તું મને કયાં મોકલે છે? હું કયાં જાઉં? શું કામ જાઉં? હું જ બધે વ્યાપેલો છું. મારા સિવાયનું કોઇ પણ સ્થાન

ખાલી નથી.(૧૩૯). હું જ અન્ન છું, અને હું જ અન્નને ખાનારો પણ છું. મારામાં જરા પણ ભેદ કે છેદ નથી. હું અશેષ આત્મારામ છું. મારામાં ભોગ્ય કે ભોગસ્વાદ જેવું કશુ નથી. (૧૪૦). દેશ (સ્થળ), કાલ (સમય) અને બધી વસ્તુમાં અખંડ રૂપે વ્યાપીને હું જ એ બધામાં સર્વરૂપી વસી રહ્યો છું. (૧૪૧).

હર્ષથી એ વચનો સાંભળીને જ્ઞાની વિષ્ણુદત્ત એને ભેટી પડ્યો અને બોલ્યો કે તારા આ જ્ઞાનને ધન્ય છે. (૧૪૨). તું દેવ માન્ય છે, સન્માન્ય છે, વિદ્વાનો દ્વારા માન્ય છે અને સૌથી શ્રેષ્ઠ છે. તું બ્રહ્મનિષ્ઠ છે અને સૌથી મોટો (ગરિષ્ઠ) છે. હે જીવનમુક્ત ! તને ધન્ય છે.(૧૪૩). આ દુનિયામાં કર્મ કર્યા વગર કોઇ રહી શકતું નથી. કર્મ કરવું એ પ્રકૃતિનો સ્વભાવ જ છે. કોણ કર્મ વગર રહે છે? (૧૪૪). શ્રેષ્ઠ વ્યક્તિને સદાચરણ પૂર્વક જીવતાં જોઇને બીજા લોકો પણ તે પ્રમાણે જીવે છે. માટે જ્ઞાની પુરુષ શાસ્ત્રના આધારે પોતાનું જીવન જીવે છે. વસિષ્ઠ વગેરે (મહાન ઋષિ) પણ લૌકિક કર્મનો ત્યાગ કરતા નથી, તો પછી તું સમજુ થઇને કર્મનો કેમ ત્યાગ કરે છે? (૧૪૫-૧૪૬). જ્ઞાનીની પ્રથમ ત્રણ અવસ્થા (ભૂમિકા) જાગ્રત અવસ્થા છે. ચોથી અવસ્થા સ્વપ્ન અવસ્થા છે. જેમાં જ્ઞાની બ્રહ્મવેત્તા મનાય છે. પાંચમી ભૂમિકામાં પહોંચતા બ્રહ્મવિદ્વર મનાય છે. એ અવસ્થામાં નિદ્રા એકદમ ઓછી હોય છે એમ જ્ઞાની પુરુષો કહે છે. (૧૪૭-૧૪૮). છઠ્ઠી ભૂમિકા ગાઢ નિદ્રા જેવી હોય છે જેમાં એ પોતાની મેળે ઊઠી શકતો પણ નથી. એ બ્રહ્મવિદ્વરિયાન્ અવસ્થા છે. એમાં પણ તે કર્મ તો કરતો જ હોય છે. (૧૪૯). સાતમી અવસ્થા એ તુર્યા અવસ્થા છે. આ અવસ્થામાં એ પોતાની સ્ફુરણાથી કે બીજાની સ્ફુરણાથી ઊઠતો નથી. એ અવસ્થામાં રહેલો યોગી બ્રહ્મવિદ્વરિષ્ઠ કહેવાય છે. એ અવસ્થામાં આમ કરવું (વિધિ) અને આમ નહિ કરવું (નિષેધ) એ બન્નેથી એ પર હોય છે. એ હંમેશાં અખંડ અને અક્રિય રહે છે. તું એ વાત જાણતો નથી તેથી તું બીધેલો રહે છે અને આવી ખોટી ચેષ્ટા કરે છે. તું મારી પાસે શું કામ બોલાવે છે? એમાં શું સાર છે તે કહે. (૧૫૦-૧૫૨). જે જીવનમુક્ત હોય છે તે નિર્લેપ ભાવે કર્મ કરીને આનંદથી અને સુખથી રહે છે. સંગથી મુક્ત રહીને આનંદપૂર્વક જીવતા માયાનો નશો ચઢતો નથી. (૧૫૩). એવી રીતે જીવતા જ્ઞાન દૃઢ થશે, લોકોનું ભલું થશે અને અહંકાર નરમ પડશે એવું શાસ્ત્રો કહે છે. (૧૫૪).

દેહમાં આત્મબુદ્ધિ (એટલે કે હું શરીર છું એવી સમજણ) એ બંધન છે અને આવી બુદ્ધિનો ત્યાગ એ જ મોક્ષ છે. બધામાં હું જ રહ્યો છું એવી બુદ્ધિ થતાં (એવી સમજણ પાકી થતાં) હું અને મારું (અહં=હું, મમ=મારું)ની આગ હોલવાઇ જશે. (૧૫૫). હું (અહં) અને મારું (મમ) એવી બુદ્ધિ ન રહે તો માન-અપમાન નડશે નહિ અને કદી પણ વિષયની વાસના ઉઠશે નહિ એ વાત નકકી માન. (૧૫૬). વિકાર વિનાનું અને ચેષ્ટા રહિત મન હંમેશાં સ્વાનંદમાં સંતુષ્ટ રહે છે. ચિત્ત હંમેશાં શાંત અને સ્થિર રહે છે અને દેહભાન સુષુપ્ત અવસ્થામાં રહે છે. (૧૫૭). આ રીતે જે કોઇ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે તે જ સાચો મુક્ત ગણાય છે. આવી વ્યક્તિનું મન જયાં પણ જાય ત્યાં એને નિત્ય સમાધિ અવસ્થાની અનુભૂતિ થાય છે. (૧૫૮). કર્મ ફળની આશા છોડીને તે અનાસક્ત પણે હંમેશાં વર્તે છે. જે માણસનો અહંકાર નાશ પામ્યો હોય તેનો મોક્ષ દાસ થઇને રહે છે.③(૧૫૯). આવો અહંકાર વિનાનો માણસ કદાચ મૂઢ હોય તો પણ એ તરત જ બંધનમાંથી મુક્ત થઇ જાય છે. તું તો જ્ઞાની છે. તને સ્વપ્નનો સંબંધ કયાથી અવરોધ કરે?. (૧૬૦). જેનું ચિત્ત વશમાં નથી હોતું તે વિષયમાં આસકત થાય છે. આવી વ્યક્તિ કયારે પણ મુક્ત થતી નથી અને (જન્મ-મરણની) સખત શિક્ષાનો ભોગ બને છે. (૧૬૧). સંગ અને અસંગ રહીને જ મન બંધન ઊભું કરે છે અને મન મુક્તિ અપાવે છે. જે સ્વસ્વરૂપમાં સ્થિત હોય તેને કોઇ કયારે પણ સ્વપ્નમાં પણ બાંધી શકે ખરો કે? (૧૬૨). જારિણી (પરપુરુષ સાથે લગ્ન સંબંધ રાખનારી) બહારથી તો ઘરના કામમાં

રચી પચી રહેલી જણાય છે, પરંતુ એનું મન તો જારપુરુષના સંગમાં જ રમતું હોય છે. તે જ રીતે જે સ્વાત્મારામ, બ્રહ્મનિષ્ઠ અને મન ઉપર સંયમ ધરાવનાર, બધાં વ્યાવહારિક કાર્યો કરે છે પરંતુ અંદરથી તો ખરેખર એ બ્રહ્મરસાસ્વાદમાં જ આનંદ માણતો હોય છે. (૧૬૩-૧૬૪). મોક્ષ કદી પણ સ્વર્ગમાં પણ નથી અને પાતાળમાં પણ નથી. એ ભૂમંડળ (પૃથ્વી) પર કે આકાશમાં પણ નથી. એ વાત તું નક્કી માન. (૧૬૫). દેહમાંથી આત્માપણાની બુદ્ધિને દૂર કરે તેવા ચિત્તામાં મોક્ષ છે એવું તું જાણજે. અહંકારનો નાશ એ જ મોક્ષ છે. બીજો કોઇ મોક્ષ નથી એવું તું માનજે. (૧૬૬). ફૂલને મસળી નાંખવામાં જેટલો શ્રમ પડે છે એનાથી પણ ઓછો શ્રમ અહંકારનો ત્યાગ કરનારને મોક્ષ મેળવવામાં પડે છે. એવાને જરા પણ કલેશ રહેતો નથી. (૧૬૭).

અહં અને મમત્વની ઉર્મિ, સ્ફૂર્તિ, ભ્રાંતિ અને ગતિ એ બધી ખરેખર મનની ચેષ્ટા છે. એ બધું જ્ઞાનીને ક્યાંથી નડે? (૧૬૮). મનમાં આ જ્ઞાન (ઉપદેશ) રાખીને એમાં કાયમ નિષ્ઠા રાખીને રહેજે અને બધાં અનિત્ય કર્મબંધનને સ્વપ્ન જેવાં માનીને રહેજે. (૧૬૯). હું તને કોઇ નિશ્ચયાત્મક આગ્રહ કરતો નથી પરંતુ આ જ્ઞાન સારી રીતે સ્થિર થતાં અને એ પ્રમાણે જીવન જીવતાં હે જ્ઞાની ! અંગે અંગમાં શાંતિની ઠંડક થઇ જશે. (૧૭૦). એને સ્વપ્નમાં પણ બંધન નડતું નથી. એને ચોવિસ કલાક (અખંડ) આનંદ રહે છે. તારા આ રીતે રહેવાથી મુમુક્ષુને લાભ થશે અને સંસાર સંબંધ-બંધન તૂટી જશે. (૧૭૧). આ સાંભળીને બધી કૃત્રિમ ચેષ્ટા છોડી દઇને, એ બ્રાહ્મણપુત્રે ઘરમાં જઇને સ્વસ્થ ચિત્તાથી ભોજન કર્યું. (૧૭૨). સતીના હાથનું પવિત્ર અન્ન ખાતાની વારમાં જ મનની બીક પલવારમાં દૂર થઇ ગઇ અને વૃત્તિ સ્થિર થઇ ગઇ.(૪)(૧૭૩).

એની આ શાંતિ જોઇને માતા-પિતા તો રાજી રાજી થઇ ગયા. વિષ્ણુદત્તાને પગે પડીને આનંદથી કહેવા લાગ્યા કે હે પ્રભુ ! તમે શું ઓસડ (દવા) પાયું? અથવા તમે મંત્ર-તંત્ર શું કર્યું? તમે પલવારમાં પુત્રને ડાહ્યો કરી દીધો. ધન્ય છે તમને અને તમારા નામને. (૧૭૪-૧૭૫). જે ક્યારે પણ સીધું બોલ્યો નથી તેના મોંમાંથી આજે અમૃત વરસે છે. આ ગરીબ ઉપર લાગણી દર્શાવીને (દયાભાવ રાખીને) હે તાત ! તેં જીવતદાન આપ્યું છે. (૧૭૬). એવું કહીને અને વંદન કરીને તેઓ પ્રેમથી ઘરે ગયા. પુત્ર પણ ઘરમાં સુખથી રહ્યો અને નિર્ભયપણે જીવવા લાગ્યો. (૧૭૭).

આ બધા શાસ્ત્રનું તાત્પર્ય એક જ છે અને તે એ કે આ બ્રહ્મમય સંસારને માયામય માનીને જડ માણસ ભય પામે છે. (૧૭૮). પોતાના મૂળ સ્વરૂપ (સ્વસ્વરૂપ) ને ભૂલી જઇને, કર્તાપણાનો બોજો નકામો માથે મૂકીને, મૂઢ અને ગમાર માણસ ખોટો દુઃખમાં મરે છે. (૧૭૯). બરફનો ટૂકડો તરસનો માર્યો પાણી માટે દોડે છે અને પર્વત ઉપર ફરતાં ફરતાં થાકી જતાં પોતાને જલસ્વરૂપ જુએ છે. (૧૮૦). પોતે કાયમનો મુક્ત હોવા છતાં પણ ભ્રાંતિને કારણે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? હું શું કરું? એમ ગાભરો થઇને સુખની શોધમાં ફરે છે. (૧૮૧). ભોળી સ્ત્રી ગળામાં લટકાવેલી નથણી ભૂલી જતાં એ ખોવાઇ ગઇ એમ કહીને રડે છે તે જ રીતે અજ્ઞાની પણ આત્માના સંદર્ભમાં રડે છે. (૧૮૨). જ્યારે એ ભોળી સ્ત્રીને કોઇ ગળામાં લટકાવેલી નથણીને બતાવે અને એ જુએ ત્યારે કહે કે આખરે મળી. તે રીતે શાસ્ત્ર દ્વારા આત્માનો અનુભવ થતાં પામર કૃતાર્થ થયાનો ભાવ અનુભવે છે. (૧૮૩). આ રીતે બધાંજ નાનાં-મોટાં શાસ્ત્રો જ્ઞાન આપે છે. અને ભ્રાંતિ ફેલાવતાં નથી. (૧૮૪). ગુરુ બૃહસ્પતિનાં આવાં વચનો સાંભળીને ઇંદ્રએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મને ક્ષમા કરો. મારી બધી શંકા દૂર થઇ ગઇ છે. (૧૮૫). આજે મેં શાસ્ત્રનું સુનિર્મળ તત્ત્વ જાણ્યું. એમ કહીને બૃહસ્પતિની આજ્ઞા લઇને (ઇંદ્ર) સ્વર્ગમાં ગયો. (૧૮૬).

દત્ત ભગવાન બોલ્યા કે હે અર્જુન ! બધા શાસ્ત્રોનો આ એક જ સાર છે. વિવિધ પ્રકારની યુક્તિથી એને આત્માનાત્મા વિવેક તરીકે લોકો કહે છે. (૧૮૭). અણિમા-મહિમા વગેરે અને બધા જ કર્મ ફળો નશ્વર છે. તું અજ્ઞાન દૂર કરીને સ્વાત્માનું જ્ઞાન મેળવીને સુખી થા.(૧૮૮). હંસ જેમ પાણી અને દૂધમાંથી પાણીને છોડીને દૂધ પીએ છે તેમ બુદ્ધિશાળી સાધકે શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેમાંથી જ્ઞાનનો સાર લેવો. (૧૮૯). શ્રી દત્તના આ વચનો સાંભળીને અર્જુન શું બોલ્યો એ રસમય કથા આગળ ઉપર રંગ પ્રેમથી કહેશે. (૧૯૦). આ અધ્યાયમાં ઝુટિંગને મંત્ર-તંત્રથી બદ્ધ કર્યો અને બ્રાહ્મણના પુત્રને શાસ્ત્રની યુક્તિથી સ્વસ્થ કર્યો એ કથા કહી છે. આગળ ઉપર અર્જુનના પ્રશ્નથી પરમાનંદ રેલાશે એવી પરમકૃપાળુ પરમાત્મા કૃપા કરશે.(૧૯૧-૧૯૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શાસ્ત્રતાત્પર્યૈકવર્ણને ઝુટિંગબંધનાદિકથન'** નામનો **પંદરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૫

(૧) દોહરા-૭૩ થી૧૦૧નો વારંવાર અભ્યાસ કરવાથી આપણને ભગવાનની કરુણાનો ખ્યાલ આવે છે. ગર્ભાધાન અને ત્યારથી શરૂ કરીને જન્મ સુધીની પ્રક્રિયામાં માનવ યત્નો ઝાઝું કરી શકતા નથી. કુદરત એનું કામ કેવી સુંદર રીતે કરે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. બાળક જન્મે તે પહેલાં જ 'મા'ના સ્તનમાં દૂધ તૈયાર કરે છે. જન્મ વખતે અસહ્ય યાતના થાય છે પણ જીવને તેનું સ્મરણ રહેતું નથી તેથી એ દુ:ખથી એ પછી દુ:ખી થતો નથી.

(૨) દોહરા-૧૦૨ થી ૧૦૬ આપણા જીવનની કરુણ કહાની છે. ભગવાન કરુણા કરે છે પણ આપણે કરુણ જીવન જીવીએ છીએ. બાળપણમાં અણસમજ અને યુવાનીમાં ગેરસમજ હોવાથી, ખોટા ખ્યાલોમાં વ્યક્તિ જીવન વીતાવે છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ હોવા જોઇએ એને બદલે કેવળ અર્થ અને કામમાં જ વ્યક્તિ જીવન જીવે છે અને ધર્મ તથા મોક્ષનો વિચાર કરતો નથી. એના પરિણામે ઘડપણમાં મોતની છાયા પડતાં ગભરાય છે. આપણાગુરુ મહારાજે ભર યુવાનીમાં (૨૭મા વર્ષે) નારેશ્વરમાં આસન મૂક્યું. સાધના તો કેટલા વર્ષો પહેલા શરૂ કરી દીધી હતી. એમને 'ગેરસમજ' ને બદલે સાચી સમજ અને પાકી સમજ આવી ગઇ હતી.

(૩) આ દોહરો સમજીને થોડું જીવીએ. અનાસકત થઇને હંમેશાં વર્તવું, કર્મ કરવાં, પણ તેના ફળની આશાનો ત્યાગ કરવો અને આ હું કરું છું એવો કર્તાપણાનો ભાવ દૂર કરવો. આવું કરનાર મૂઢ હોય તો પણ મુકત થઇ જાય છે, તો પછી જ્ઞાનીની શી વાત? પણ આવું બધું કરવું સરળ નથી.

(૪) અહીં ફરી પાછા પવિત્ર અન્નના મહત્ત્વનો ઉલ્લેખ છે. સતીના હાથનું પવિત્ર અન્ન ખાવાથી ભીતિ દૂર થઇ અને વૃત્તિ સ્થિર થઇ. બ્રાહ્મણને એનો પુત્ર ગાંડો લાગતો હતો પરંતુ હકીકતમાં એ પૂર્વજન્મનો યોગભ્રષ્ટ આત્મા હતો. આપણે પણ ઘણીવાર ભગવાનની કૃપાને સમજી શકતાં નથી. આપણને જે આપત્તિ જણાય તે ખરેખર ભગવાનનાં આશીર્વાદ પણ હોઇ શકે.

●

અધ્યાય : ૧૬

આ અધ્યાયનું નામ **'અર્જુનજ્ઞાનપ્રદાન'** છે. આ અધ્યાયમાં **૧૪૫** દોહરા છે.

આ અધ્યાયમાં અર્જુનની જ્ઞાનામૃતનું પાન કરાવવાની વિનંતીના જવાબરૂપે દત્તાપ્રભુ એને જ્ઞાનની વાતો સમજાવે છે. અને કહે છે કે શાસ્ત્રોમાં વિશ્વાસ કેળવવાથી માનવી ભવપાર થાય છે. (૧-૭). આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ સમજાવવા માટે એના લક્ષણો જણાવે છે અને દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરે છે. (૮-૨૨). ત્યાર બાદ આ સત્ તત્ત્વ કેવી રીતે એકમાંથી અનેક થયું એ સમજાવીને વિવર્તવાદ દ્વારા જગત એ સત્ ઉપરનો આભાસ માત્ર છે એ વાત સ્પષ્ટ કરે છે. (૨૩-૩૨).

જીવ અને ઇશ્વર વચ્ચે શું ફેર છે એ સમજાવીને યોગ દ્વારા ભ્રાંતિ દૂર કરવાનું સમજાવે છે. (૩૩-૪૭). પછી અર્જુને બ્રહ્મ એક હતું તેમાંથી અનેક કેવી રીતે થયું તે વિગતવાર સમજાવો એવી વિનંતી કરી એટલે દત્તાપ્રભુએ બ્રહ્મમાં ન થવા છતાં થયેલા અહંના સ્ફૂરણથી કેવી રીતે પ્રકૃતિ, પંચભૂતો, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઇ તે સમજાવ્યું. અપંચીકૃત પંચભૂતોમાંથી કેવી રીતે પંચીકૃત ભૂતો થયાં તે પંચીકરણની વાત સમજાવી. (૪૮-૯૦). વિશ્વ, પ્રાજ્ઞ અને તેજસ તરીકે જીવનો વ્યવહાર સમજાવી પરોક્ષ જ્ઞાન તથા પ્રત્યક્ષ જ્ઞાન કેવી રીતે મેળવવું એની શ્રવણ, મનન અને નિદિધ્યાસનની વાત કરીને મનોભંગ અને વાસનાક્ષય કરવાનો બોધ આપ્યો. આનાથી જીવન મુક્ત થઇ શરીર છૂટતાં (વિદેહ) કૈવલ્ય યોગ પ્રાપ્ત કરશે. (૯૧-૧૪૫).

અલખે નિરંજનને કહ્યું કે દત્તાપ્રભુનાં વચન સાંભળીને, સદ્‌ભાવપૂર્વક વંદન કરીને, અર્જુને એમનાં ચરણ પકડ્યા અને બોલ્યો કે આપનાં ચરણની કૃપાથી બધી સિદ્ધિઓ મારી સેવામાં હાજર રહે છે. (દાસી થઇ છે.) હવે એ બધાથી મન કંટાળી ગયું છે. હવે એની કોઇ ઇચ્છા રહી નથી. (૧-૨). આ સઘળો સંસાર નાશવંત છે એવું શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન સાંભળ્યું. હવે મને જ્ઞાનરૂપી અમૃત પાઇને તરત આ ભવસાગરની પાર ઉતારો. (૩).

હે નાથ ! આપ બધું જાણો છો કે મને હવે એ જ્ઞાનામૃત સિવાય બીજી કોઇ વસ્તુની ઇચ્છા નથી. અર્જુનનાં આવાં વચનો સાંભળીને શ્રુતિતાત શ્રીદત્તાપ્રભુ બોલ્યા કે આ મૂઢ જીવ સંસારમાં શાસ્ત્રો પર વિશ્વાસ રાખતો નથી. તેથી દેવની એના ઉપર નારાજગી (અવકૃપા) ઉતરે છે. (૪-૫). જેમ રાજાની આજ્ઞાનું પાલન કરવાથી રાજા રાજી થાય છે તેમ શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. (૬). શાસ્ત્રો એ પ્રભુના ઉચ્છવાસો (નિઃશ્વાસ) છે એ વાત પ્રમાણભૂત સત્ય છે. પ્રભુ નારાજ થવાથી જીવ ભવની ભ્રમણામાંથી બહાર નીકળતો નથી. (૭). જીવ ગાઢ નિદ્રામાં (સુષુપ્તિમાં) રોજ એવો અનુભવ કરે છે કે પોતે સચ્ચિદ્‌ઘન સાક્ષીરૂપ છે અને ત્રણે અવસ્થાથી પર છે. પરંતુ ઉંઘમાંથી જાગવાની સાથે મોહમાં પડીને આ વાત ભૂલી જાય છે.(૭)(૮). હું કર્તા છું (કર્તાપણાનો બોજ ધરાવે છે.), દાતા છું, સુખી છું, દુઃખી છું, ભોગવનાર (ભોક્તા)છું એવું માનીને એ મૂઢ જગતમાં ભિન્ન દૃષ્ટિથી ભમતો ફરે છે. (૯). આ પણ એક પ્રકારની ભ્રાંતિ છે. એ દૂર થતાં મુક્તિ દૂર રહેતી નથી. આ ભ્રાંતિની વાત પણ આત્મા ઉપર કહેવા પૂરતી જ છે. (૧૦).

ખરેખર તો મૂળે બંધન જ નથી તો પછી મોક્ષ (એ બંધનમાંથી છુટકારો) કેવી રીતે સત્ય હોઇ શકે? પરંતુ અજ્ઞાની લોકોને સમજાવવા પુરતું જ શાસ્ત્ર આવી બધી વાતો કરે છે. (૧૧). બ્રહ્મ કે જે સત્ય, જ્ઞાન, અનંત, અચિંત્ય, અને અરૂપ (રૂપ વિનાનું) છે તેના ઉપર ભ્રાંતિને લીધે વિવિધ નામ અને રૂપ કેવળ કલ્પિત જ છે. (૧૨). મિથ્યા છતાં અનાદિ એવા એ ભ્રમને સારી રીતે દૂર કરવા માટે શાસ્ત્ર મહેનત કરે છે અને કાંટાથી કાંટો કાઢે છે. (ભ્રાંતિરૂપી કાંટાને બીજી ભ્રાંતિરૂપ કાંટાથી દૂર કરવો.) (૧૩).

આ સમગ્ર જગત જે દેખાય છે તે પહેલાં તો સચ્ચિદાનંદરૂપ, અખંડ અને અભિન્ન એવું એકમાત્ર બ્રહ્મ હતું. (૧૪). એના જેવું બીજુ કાંઇ હતું જ નહિ. ત્યાં સજાતિય કે વિજાતિય ભેદ ધરાવતું બીજુ કાંઇ હતું જ નહિ. (આંબાનું ઝાડ આંબલીના ઝાડથી જુદું છે. તે સજાતિય ભેદ છે. બન્ને ઝાડ હોવા છતાં ભેદ છે. જ્યારે આંબાના ઝાડનો પર્વતથી જે ભેદ છે તે વિજાતીય ભેદ છે.) (૧૫). એ સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ અખંડ અને એક રસ સ્વરૂપ છે તે તું જાણ. વૃક્ષને પત્ર સાથેનો જેવો સ્વગત ભેદ છે તેવો સ્વગત ભેદ તેમાં નથી. (૧૬). બ્રહ્મ તો અખંડ છે અને અકળ છે. જ્યારે વૃક્ષના અંકુરોમાં એક જ ભાગને લાગુ પડે તે રીતે જ્યાં પાંદડા હોય ત્યાં ડાળી નથી હોતી અને ફૂલ હોય ત્યાં ફળ નથી હોતા. (૧૭). ખૂબ તપાવેલા લોખંડમાં જેમ લાલાશ, ગરમી અને પ્રકાશ ત્રણે અભિન્ન હોય છે તેમ બ્રહ્મ પણ હંમેશાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે, અભિન્ન છે અને અક્ષય છે. એમાં દ્વૈતનો પ્રશ્ન ઊભો થતો જ નથી. (૧૮). બ્રહ્મ હંમેશાં નિર્વિકાર છે અને નિશ્ચલ છે. એ કોઇવાર માયાનો સ્વીકાર કરે તો પણ એ આત્મશક્તિરૂપ જ સાર છે. (૧૯). લોકો એ વાત જાણે છે કે શક્તિ એ શક્ત (શક્તિશાળી પુરુષ)થી જુદી નથી, એમાં દ્વૈતપણું આવતું જ નથી. એ જ રીતે બ્રહ્મ પણ અદ્વૈત છે. (૨૦). માટી જોતાંની સાથે જ ચિત્તમાં ઘડાની આકૃતિ અને નામ વગેરે આવે છે તો તેવું બ્રહ્મની બાબતમાં કેમ બનતું નથી? (૨૧). હે સમજુ શિષ્ય ! આવી શંકા તું કોઇ દિવસ કરીશ નહિ. કારણકે ત્યારે તો ત્યાં જીભ કે મન હતાં જ નહિ તો કલ્પના પણ કોણ કરે? (૨૨).

સૌથી પહેલાં એ એક અને અદ્વિતીય સત્ હતું, જે નિત્યના સિદ્ધ સંકલ્પને કારણે ન થવા છતાં સ્વયં અનેકરૂપ થયું. (૨૩). માટે હે અર્જુન ! ચિત્તની અંદર વિવેક જાગે એટલે એકનું જ્ઞાન થવાથી બધાનું જ્ઞાન થાય છે એ વાત તું નિશ્ચિતરૂપથી માન. (૨૪). જ્યારે કુંભાર હાથમાં માટી લઇને ઘડો ઘડે છે ત્યારે માટી એ ઉપાદાન કારણ છે અને કુંભાર એ નિમિત્ત કારણ છે. (વસ્તુ જેમાંથી બને તે ઉપાદાન કારણ. ઉપાદાન કારણ (માટી) કાર્ય (ઘડા)માં દેખાય, પણ નિમિત્ત કારણ (ઘડો બનાવનાર કુંભાર) કાર્ય (ઘડા)માં દેખાતો નથી. (૨૫). સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવવામાં આ આરંભવાદનો સિદ્ધાંત કામ લાગતો નથી, કારણકે એમાં તો ઈશ્વર પોતે જ ઉપાદાનકારણ અને નિમિત્તકારણ બંને હોય છે. (સૃષ્ટિ રચનારો પણ ઈશ્વર અને રચે પણ પોતાનામાંથી જ.) (૨૬). પોતે નિમિત્ત અને ઉપાદાન કારણ બંને બનીને નિર્વિકાર ભાવે સારી સૃષ્ટિનું સર્જન કરે છે. (૨૭).

કરોળિયાની જેમ જ ઈશ્વર વિશ્વનું સર્જન અને સંહાર કરે છે. આ સમજાવવામાં આરંભવાદ કે પરિણામવાદ ઉપયાગી બનતો નથી. (૨૮). દૂધમાં ખટાશ નાંખવાથી દહીં (તદ્દન જુદી જ વસ્તુ) થાય છે તેવું નિર્વિકાર આત્મામાં જરા પણ થતું નથી. (દહીં એ દૂધનો વિકાર છે. આત્મા તો અવિકારી છે એટલે સૃષ્ટિ એનો વિકાર નથી.) (૨૯). જેમ મંદ અંધકારમાં દોરડીમાં સાપનો આભાસ થાય છે તેમ બ્રહ્મ ઉપર આ જગતની ઉત્પત્તિનો મિથ્યા આભાસમાત્ર છે એવું વિવર્તવાદને આધારે સમજી શકાય. (૩૦). જેમ છીપમાં ચાંદીનો અને ઠૂંઠામાં ચોરનો આભાસ થાય છે તેમ, જે નિશ્ચલ અને

અવિનાશી છે તેવા બ્રહ્મ ઉપર જગતનો મિથ્યા આભાસ થાય છે. (૩૧). ખરેખર અનાદિકાળથી ચાલી આવેલી આ ભ્રાંતિ જ્ઞાનથી જ દૂર થાય છે અને એ ભ્રાંતિ દૂર થતાં જીવ અને શિવનો ભેદ મટી જાય છે તથા જન્મ મરણની પરંપરાનો ત્રાસ દૂર થાય છે. (૩૨). જીવ અને ઇશ્વર વચ્ચેનો પરસ્પર ભેદ એ ચિત્ (ચૈતન્ય, જ્ઞાન) અને અવિદ્યા (જડ,અજ્ઞાન)ના જેવો છે અને આ ભેદ અનાદિકાળથી ચાલ્યો આવે છે. (૩૩). હે નિરંજન ! આ અવિદ્યા પણ કલ્પિત જ છે અને મૂળમાં એ પણ એક પ્રકારનું તૂત જ છે. જો એક સત્ય જ પ્રવર્તતું હોય તો ત્યાં આ ભેદનું તૂત ક્યાંથી હોઇ શકે? (૩૪).

જો આ ભ્રમ તદ્દન મિથ્યા જ છે તો પછી શ્રવણ વગેરે (શ્રવણ, મનન,નિદિધ્યાસન) નાહકની મહેનત છે એવું માનીશ નહિ, કારણકે એ મિથ્યા હોવા છતાં પણ મોટો અનર્થ કરે એમ છે. (૩૫). એટલા માટે સોનાને જેમ અગ્નિમાં તપાવવાથી એનો મેલ બળી જાય છે અને એ સોનું શુદ્ધ થાય છે તેમ યોગાદિથી ભ્રાંતિનું નિરાકરણ થાય છે. (સોનું એકદમ શુદ્ધ બને ત્યારે તેને કુન્દન નામથી ઓળખવામાં આવે છે.) (૩૬). આ જ રીતે સ્વત: સિદ્ધ અને સ્વયં પ્રકાશિત એવો આ આત્મા પ્રગટ્યા વિના જ પ્રગટે છે અને પામર પોતે સિદ્ધ બન્યો એમ માને છે. (૩૭). મિથ્યા ભ્રાંતિને કારણે બ્રહ્મમાં આભાસરૂપ દ્વૈતભાવ પ્રગટે છે. અજ્ઞાની માણસ આનાથી અજાણ હોવાથી નકામો અથડાતો કુટાતો ફરી દુ:ખી થાય છે. (૩૮). ઝાંઝવાના જળથી ક્યારે પણ ભૂમિ ભીંજાતી નથી, તો પણ એને સાચું માનીને લોકો મોહ પામીને દોડે છે. (૩૯). એ જ રીતે આ જગતના દ્વૈતને સમજ. આ સમસ્ત મિથ્યા ભ્રમ માત્ર છે. ભ્રમ એ જ સંસારનું મૂળ છે અને આ ભ્રમ જ સુખ, દુ:ખ અને પીડા જન્માવનારા છે. (ભ્રમને કારણે જ સંસાર જન્મે છે.) (૪૦). એકવાર આ ભ્રમનો નાશ થાય તો પછી ત્યાં ક્યાં દ્વૈતભાવ રહેવાનો? પ્રારબ્ધ જેવું પણ ક્યાંથી રહેવાનું? સંચિત વગેરે કર્મો પણ નાશ પામી જવાના. (૪૧). આ ભ્રમ દૂર કરવામાં કર્મ વગેરેની મહેનત નકામી છે. એનાથી ભ્રમનો નાશ થતો નથી. પોતાના સ્વરૂપ (સ્વસ્વરૂપ)નું જ્ઞાન થવાથી મૂળમાંથી ભ્રમનો નાશ થાય છે. (૪૨). આ જ્ઞાનયોગ જ સર્વશ્રેષ્ઠ (ઉત્તમ) છે. એ જ ભ્રાંતિને ભગાડે છે, દ્વૈતના અંકુર (ફણગો)નો નાશ કરે છે અને પરમાનંદ આપે છે. (૪૩).

આ સાંભળીને વંદન કરીને અર્જુન બોલ્યો કે હે પ્રભુ ! આવું જ્ઞાન હું કેવી રીતે મેળવી શકું તે મને ચોક્કસ કહો. (૪૪). સૂર્ય અને ચંદ્ર જે પ્રકાશે છે તેને તું જ પ્રકાશ આપે છે. (તું એને પ્રકાશ આપે છે તેથી તેઓ પ્રકાશી શકે છે.) મારા હૃદયનો અજ્ઞાનરૂપી અંધકાર ટાળીને મને પણ જ્ઞાનનો પ્રકાશ આપ. (૪૫). જો મૂળમાં બ્રહ્મ એક જ હતું તો શા માટે અનેક થયું? આ દુ:ખ ક્યાંથી આવ્યું? મને આ જ્ઞાનરૂપી વિવેક સમજાવો. (૪૬).

દત્ત પ્રભુ બોલ્યા કે હે રાજા ! તું સ્વસ્થ થઇને શાસ્ત્રાનુસાર બધી વાત સાંભળ. મૂળ સ્વરૂપમાં આ બધું છે જ નહિ. આવી અન્ય કલ્પના કરવી એ હાથે કરીને દુ:ખી થવા જેવું છે. (૪૭). બ્રહ્મ નિત્ય મુકત છે અને નિર્વિકાર છે. એની આ નિત્યમુકતતાનો ભંગ થતો નથી કે એને વિકારનો રંગ લાગતો નથી. (૪૮). પોતાની શુદ્ધ સાત્ત્વિક શકિતમાં એ બ્રહ્મનું જે પ્રતિબિંબ પડે છે તે જ ઇશ્વર છે અને આ સૃષ્ટિનું સર્જન કરે છે અને બાળકની જેમ આ બધું જોઇને આનંદ પામે છે. (૪૯). બ્રહ્માના સ્વરૂપથી એ જગતની ઉત્પત્તિ (સર્જન)નું કાર્ય કરે છે, વિષ્ણુ સ્વરૂપે એનું પાલન (સંવર્ધન) કરે છે અને શિવ સ્વરૂપે એનો સંહાર કરે છે. (૫૦). પ્રાણીમાત્રના અંતરમાં એ જ વસે છે. એ ભકતોનું રક્ષણ કરે છે (તારે છે) અને દુષ્ટોને શિક્ષા કરે છે. (પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્.) (૫૧). આ શુદ્ધ સત્ત્વગુણ પ્રકૃતિ એ જ વિદ્યા અથવા માયાના નામથી ઓળખાય છે. એનો આશ્રય કરવાથી ઇશ્વર સર્વજ્ઞતા પામે છે. (૫૨). મલિન સત્ત્વ પ્રકૃતિ (શકિત)માં બ્રહ્મનું જે પ્રતિબિંબ પડે છે તે જ પરતંત્ર જીવ કહેવાય છે. આ મલિન સત્ત્વ પ્રકૃતિને જ અવિદ્યા કહેવામાં

આવે છે.②(૫૩). જીવ અલ્પજ્ઞ છે અને વ્યક્તિના શરીરમાં રહે છે. (વ્યક્તિના શરીરથી વિંટળાયલો છે.) જ્યારે ઈશ્વર સમષ્ટિમાં વ્યાપીને રહેલો છે. એ સ્વતંત્રપણે અજ્ઞાની જીવને અદ્‌ભુત રીતે નચાવે છે. (જીવ સંસારને વશ છે અને સંસાર ઈશ્વરને વશ છે. આટલો ફેર છે.) આવરણ (ઢાંકવું) અને વિક્ષેપ (ચંચળતા) એ માયાની બે શક્તિ છે. સ્વરૂપને ઢાંકવું એ જ આવરણનું કામ (ચેપ-અસર) છે.③(૫૪-૫૫). ઈશ્વર પોતે મુકત છે. એ સિવાયના બીજા જે પામર જીવો છે તેને હું અજ્ઞાની છું એવું આવરણ પડે છે. (૫૬). 'હું તે છું', 'હું શુદ્ધ છું' એવું ભૂલી જઈને તે એમ પૂછે છે કે હું કોણ છું? અને અજ્ઞાનતાને કારણે આ બધું હું કરું છું એવું કર્તાપણાનું અભિમાન માથા ઉપર લઈને ફરે છે. (૫૭). વિક્ષેપનું કાર્ય છે સુખ અને દુ:ખની લાગણીઓ જન્માવવી અને એના પરિણામે જ ભૂત-ભૌતિકની વિવિધ યોનિમાં જીવ ભટકે છે. (૫૮). એ જીવ અદ્વૈતપણાને ભૂલી જાય છે તેથી દ્વૈતનો વિક્ષેપ આવીને ઊભો રહે છે. મોહને વશ થઈને નશો કર્યા પછી એ નશામાં પોતે બ્રાહ્મણ હોવા છતાં 'હું તો ચાંડાળ છું' એવું કહે છે. (૫૯). મંદ (ઝાંખા) અંધકારમાં પડેલી હાથ જેવડી દોરડીને દોરડી ના જાણીને આ તો સાપ છે એવી ભ્રમણા થાય છે. તેવો આ બધો ખેલ છે. (એકદમ અંધારું હોય તો તેમાં દોરડી દેખાતી જ નથી અને પૂરો પ્રકાશ હોય તો દોરડી દોરડી જ દેખાય છે. દોરડીને બદલે સાપનો ભ્રમ મંદ અંધકાર હોય ત્યારે થાય છે.) (૬૦). અજ્ઞાનાત્મક મનનો વિકલ્પ તે જ આ આવરણ છે અને ભય-કંપાદિ થાય છે તે વિક્ષેપને કારણે થાશ છે. (૬૧). દોરીનું જ્ઞાન થવાથી સાપનો ભ્રમ દૂર થાય છે અને ધીમે ધીમે વિક્ષેપ પણ દૂર થાય છે. કદાચ ક્ષણભર રહી જાય તો પણ પછી તો કોણ એની ચિંતા કરે? એ જ રીતે જીવનું અજ્ઞાન નાશ પામતાં ત્યાં વિક્ષેપવશ પણ ભ્રમ રહેતો નથી. (૬૨-૬૩).

બ્રહ્મની અંદર અહંનું સ્ફૂરણ ના થવા છતાં થયું અને એને જ તું પ્રકૃતિ જાણ, જે સાચે જ બ્રહ્મથી અભિન્ન છે. (૬૪). એમાંથી મહત્ તત્ત્વ થયું. એમાંથી ક્રમાનુસાર અહંકાર થયો. અને પાંચ ભૂતો થયાં (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ ભૂતો અહંકારમાંથી થયાં.) (૬૫). આકાશનો ગુણ શબ્દ છે. વાયુનો ગુણ શબ્દ અને સ્પર્શ બે છે. વાયુમાંથી તેજ (અગ્નિ)ની ઉત્પત્તિ થઈ. તેથી શબ્દ, સ્પર્શ ને રૂપ એવા ત્રણ ગુણો તેજના છે. એ તેજમાંથી જળ ઉત્પન્ન થયું જેનો મહત્ત્વનો ગુણ રસ છે. એ જળમાંથી પાંચમું તત્ત્વ એવી પૃથ્વી ઉત્પન્ન થઈ. એનો મુખ્ય ગુણ ગંધ છે પરંતુ શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ વગેરે ગુણો પણ છે. આમ એમાં પાંચે ગુણો છે. (૬૬-૬૮). આ પાંચે ભૂતોના સત્ત્વાંશમાંથી અનુક્રમે કાન, ત્વચા (ચામડી), આંખ, જીભ અને નાક એમ જુદી જુદી જ્ઞાનેન્દ્રિયો થઈ.④(૬૯). પાંચે ભૂતોના બધા સત્ત્વાંશો એકઠા થઈને એમાંથી વિકલ્પ રહિત અંત:કરણ થયું. (૭૦). આ જ અંત:કરણ જુદી જુદી વૃત્તિને કારણે પાંચ પ્રકારે ઓળખાય છે. એ સંકલ્પ વિકલ્પ કરે ત્યારે મન કહેવાય છે, નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય છે, ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય અને આ હું કરું છું એવો ભાવ અનુભવે ત્યારે અહંકાર કહેવાય છે. ઘણા ચિત્તનો મનમાં ને અહંકારનો બુદ્ધિમાં સમાવેશ કરીને અંત:કરણને મન અને બુદ્ધિ એવા બે નામે ઓળખે છે. (૭૧-૭૨). પંચ ભૂતોના રજોગુણમાંથી અનુક્રમે વાણી, હાથ, પગ, લિંગ અને ગુદા એવી પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઈ.⑤(૭૩). આ પાંચ ભૂતોના રજોગુણ ભેગા થયા તેમાંથી પાંચ પ્રાણો ઉત્પન્ન થયા. પ્રાણની ક્રિયાના ભેદને લીધે એના પાંચ પ્રકાર પડ્યા. આ પ્રાણ જે શરીરમાં સતત વહ્યા કરે છે તેને લોકો 'પ્રાણ' તરીકે ઓળખે છે. જ્યારે એ નીચે વહે ત્યારે અપાન કહેવાય છે અને એનાથી ઝાડો-પિશાબ વગેરે ક્રિયા થાય છે. આખા શરીરમાં વ્યાપીને અંગોને વાળે છે ત્યારે તેને વ્યાન કહેવામાં આવે છે. જ્યારે પ્રાણ ઉદ્‌ગારમાં (બોલવામાં) વહે ત્યારે તેને ઉદાન કહેવામાં આવે છે અને નાભિમાં રહીને સમાન રીતે વહીને અન્ન વગેરેનું પાચન કરે છે

અને ગર્ભનું પોષણ કરે છે. આ સત્તર તત્ત્વનો દેહ સૂક્ષ્મ શરીર (લિંગ દેહ) તરીકે ઓળખાય છે. (પાંચ જ્ઞાનેન્દ્રિય+પાંચ કર્મેન્દ્રિય+પાંચ પ્રાણ+મન અને બુદ્ધિ મળીને સત્તર તત્ત્વો.) (૭૪-૭૭). જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, પંચ પ્રાણ અને મન તથા બુદ્ધિ સાથેનો સૂક્ષ્મ નામે ઓળખાતો એ લિંગ દેહ (સૂક્ષ્મ શરીર) પણ કેવળ જડ જ છે.(૬) (૭૮). જ્યાં સુધી જ્ઞાન થતું નથી ત્યાં સુધી ભવની ભ્રમણા ભાંગતી નથી અને આ સૂક્ષ્મ શરીર (લિંગ દેહ) ત્યાં સુધી આ બ્રહ્માંડમાં વિવિધ યોનિમાં ભટક્યા કરે છે. (૭૯). અજ્ઞાન એ શરીરનું કારણ છે. (કારણ શરીર છે.) અને એ આનંદમય કોશ છે. સૂક્ષ્મ શરીરમાં રહેલા ત્રણ કોશો આનંદમય કોશને ઢાંકે છે. (૮૦). રજોગુણમાંથી જન્મેલી પાંચ કર્મેન્દ્રિય અને પાંચ પ્રાણનો એ પ્રાણમય કોશ ખરેખર રજોગુણી છે. (૮૧). પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન મળીને મનોમય કોશ બને છે અને પાંચ જ્ઞાનેન્દ્રિય અને બુદ્ધિ મળીને વિજ્ઞાનમય કોશ બને છે. (૮૨).

આકાશ વગેરે (વાયુ, અગ્નિ, જળ અને ભૂમિ) ભૂતના પહેલા બે બે ભાગ કરી એ દરેકના અડધા ભાગના ચાર સરખા ભાગ કરીને બાકી રહેલા અર્ધા ભાગમાં અન્ય અડધાના કરેલા ચાર સરખા ભાગોને ઉમેરતાં દરેક ભૂત તત્ત્વમાં પાંચે ભૂતના તત્ત્વો ભળે છે. આને જ પંચીકરણ કહેવામાં આવે છે. આ પંચીકૃત થયા પછીના ભૂતોમાંથી ચારે પ્રકારના બધા સ્થૂલ શરીરો જન્મે છે. હે જ્ઞાની શિષ્ય ! આ શરીર અન્નમય કોશ છે. (૮૩-૮૫).(૬) સ્થૂળ શરીરમાં રહેલા રોમ, ચામડી (ત્વચા), માંસ, નાડી અને હાડકાં એ પાંચ વસ્તુ પૃથ્વી તત્ત્વના અંશ છે. એ તું ચોક્કસપણે સમજી લે. (૮૬). લાળ, લોહી, પરસેવો, શુક્ર (વીર્ય) અને મૂત્ર એ પાંચે જળતત્ત્વના અંશ છે તેજ તત્ત્વના પાંચ અંશ છે. ભૂખ, તરસ, કાંતિ (તેજ), નિદ્રા અને આળસ. જવું (ગમન), દોડવું (ધાવન), ઓળંગવું (કુદવું-લંઘન), સંકોચાવું અને ફેલાવવું એ પાંચ વાયુના અંશો છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને ભય એ આકાશ તત્ત્વના પાંચ અંશો છે. (૮૭-૮૯).(૬)

આ ત્રણ પ્રકારના શરીરવાળા ત્રણ માળના મહેલમાં આ જીવ રૂપી રાજા ઉપર-નીચે જઇને આનંદથી રમે છે.(૯૦). જ્યારે જીવ જાગ્રત અવસ્થામાં સ્થૂળ દેહ દ્વારા સ્થૂળ ઇંદ્રિયથી વિષયો ભોગવે છે ત્યારે તે 'વિશ્વ' નામથી ઓળખાય છે. (૯૧). જાગ્રત અવસ્થાની વાસનાવાળો એ જીવ જ્યારે સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ દેહમાં કલ્પિત (મનોમય) ભોગ ભોગવે છે ત્યારે તે **'તૈજસ'** નામથી ઓળખાય છે. એ ત્યાં એકમાંથી અનેક બનીને મનોમય રાજ્યમાં સત્ય વિવેકને ભૂલીને રમે છે. (૯૨-૯૩). નિદ્રામાં (સુષુપ્તિમાં) આ જ જીવ કારણ દેહ (કારણ શરીર)માં રમે છે ત્યારે એ 'પ્રાજ્ઞ' નામથી ઓળખાય છે. એ પાછો જાગે એટલે 'વિશ્વ' નામથી ઓળખાય છે. (૯૪). આ સ્થૂલ દેહનો આશ્રય કરીને અહંકાર કર્તા બનીને બધું કરે છે. ઇન્દ્રિયો એ સાધન છે અને પ્રાણ એ સાચે જ આ બધું કરાવનાર છે. (૯૫). ઇન્દ્રિયોનાં પાંચે દેવતા એકઠા થતાં કાયા, વાણી અને મનથી સારું - નરસું કર્મ થાય છે.(૭)(૯૬). શુભકર્મ કરવાથી પુણ્ય મળે છે જેને લીધે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને અશુભ કર્મના ફળરૂપે પાપ મળે છે. તેનાથી જીવ નરકમાં જાય છે. પાપ અને પુણ્ય બન્ને હોય ત્યારે મનુષ્ય જન્મ મળે છે. (૯૭). ચોર્યાસી લાખ યોનિમાં સ્વેદજ (પરસેવામાં જન્મનારા જંતુ), અંડજ (ઇંડામાંથી જન્મનાર પક્ષી), ઉદ્ભિજ્જ (પૃથ્વીને ફોડીને ઉગતા વૃક્ષો, વનસ્પતિ વગેરે), જરાયુજ (ઓરથી વીંટળાયેલા જીવો - પશુ અને માણસો), અને દિવિજ (દેવ લોકો) એમ પાંચ ખાણો છે. (૯૮).

પોતાના કર્મો ભોગવવા માટે મૂઢ જીવ આમાં ભ્રમણ કરે છે. જેમ દીવાના પ્રકાશ વિના અંધારું દૂર થતું નથી તેમ જ્ઞાન મેળવ્યા વિના હજારો કર્મો કરવા છતાં પણ આ ભ્રમણ પરંપરા કરોડો કલ્પો વીતે તો પણ ટળતી નથી. (જ્ઞાન વિના મુક્તિ નથી.) (૯૯-૧૦૦). વેદ, શાસ્ત્ર બધા જ સૃષ્ટિના ક્રમ વિશે આમ કહે છે, છતાં પણ ભ્રાંતિને સાચું માનીને

મૂઢ બુદ્ધિવાળો ભમ્યા કરે છે. (૧૦૧). દયા, ક્ષમા, શાંતિ, ધીરજ, વગેરે દૈવી સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી, અમાની થઇને સદ્‌ગુરુના શરણે જવું. (૧૦૨). ફળની ઇચ્છા અને અભિમાન છોડીને ધર્મનું આચરણ કરવાથી ઇશ્વરની કૃપા થશે અને પરિણામે સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે. (સદ્‌ગુરુનાં દર્શન થશે.) (૧૦૩). ગુરુને સાક્ષાત્ ઇશ્વર માનીને અને એનામાં અખંડ શ્રદ્ધા રાખીને ગરમી-ઠંડી સહન કરીને એની ખંતથી સેવા કરવી. (૧૦૪). એમની પાસે બેસીને પ્રેમથી શાસ્ત્રનું શ્રવણ કરવું. જે ક્ષણે જ્ઞાન સુદૃઢ થશે તે જ ક્ષણે સાધક (શિષ્ય) નિર્વાણ (મોક્ષ)નો અનુભવ કરશે. (૧૦૫). કેવળ ગુરુની કૃપા માત્રથી જ્ઞાન સુદૃઢ થશે. જેમ પાણીમાં લાકડી મારવાથી બે ભાગ થતા નથી (એટલે કે એવી મહેનત વ્યર્થ છે.) તેમ ગુરુકૃપા વિનાની બીજી બધી મહેનતો નકામી છે. (ગુરુકૃપાહિ કેવલમ્ | શિષ્ય પરમ મંગલમ્) (૧૦૬). હે રાજા ! તેં જે તે આશ્રમ (ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ)ને યોગ્ય બધા સત્કર્મો કર્યા છે. અનાસક્તભાવે મારા ચરણમાં આવીને તારું કલ્યાણ થઇ ગયું છે. (૧૦૭). તું મારો ભક્ત થયો હોવાથી તને આજે આ સાચો રસ્તો સૂઝ્યો છે. હવે તારા દુઃખનો અંત આવશે. (૧૦૮). તને આ ભ્રમ, મોહ વગેરે પાપને હરી લેનાર (પાપનો નાશ કરનાર) તીવ્ર વૈરાગ્ય થયો છે. હે બાળ ! હવે તારા હૃદયમાં ઝડપથી વિદ્યા (જ્ઞાન) પ્રકાશશે. (વૈરાગ્યના બે પ્રકાર છે- એક મંદ વૈરાગ્ય અને બીજો તીવ્ર વૈરાગ્ય.) (૧૦૯).

વિદ્યા શબ્દનો અર્થ તું ચોક્કસપણે જ્ઞાન એમ સમજ. પરોક્ષ જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન એમ જ્ઞાનના બે પ્રકાર છે. (૧૧૦). સદ્‌ગુરુના શ્રીમુખેથી વેદાન્તનું સફળતાપૂર્વક શ્રવણ વગેરે કરવાથી જે બુદ્ધિ પ્રાપ્ત થાય છે તેને પરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. (૧૧૧). નિદિધ્યાસ તેમજ યોગ વગેરેથી જાતે બ્રહ્મસ્વરૂપ થવું એ અનુપમ સાક્ષાત્કારને જ અપરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. (૧૧૨). 'જાણવું' તે પરોક્ષ જ્ઞાન છે, જ્યારે 'થવું' એ અપરોક્ષ જ્ઞાન છે. સદ્‌ગુરુની કૃપા વગર બંને પૈકી એક પણ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. (૧૧૩). ગુરુના શ્રીમુખે સત્ત્વશાસ્ત્રોના એક માત્ર તાત્પર્યને ઉપક્રમાદિ લિંગથી ધારણ કરવું તેને જ શ્રવણ કહેવામાં આવે છે. (૧૧૪).

આવા શ્રવણથી 'બ્રહ્મ નથી' એવી અસત્ત્વના આવરણવાળી મતિ નાશ પામે છે અને 'તે છે' એવું માણસ માનવા માડે છે. (૧૧૫). બ્રહ્મ છે તો પછી એક છે કે અનેક છે તેવી શંકા ઊઠે છે. શ્રવણથી આવી સંશય ભાવના દૂર થાય છે. (૧૧૬). (ગુરુના શ્રીમુખે શાસ્ત્રોનું) શ્રવણ કર્યા પછી તે પ્રમાણે તેનું મનન કરવાનો અભ્યાસ કરવાથી અસંભાવના દૂર થાય છે અને ખાસ કરીને ચિત્ત સ્થિર થાય છે. (૧૧૭). મૂઢ માણસને એવું લાગે કે હું તો અપરોક્ષ અને અલ્પજ્ઞ છું અને પામર કીડા જેવો છું. જ્યારે ઇશ્વર તો પરોક્ષ અને સર્વજ્ઞ છે. તો એ બંને એક કેવી રીતે હોઇ શકે? આવી જણાતી અસંભાવના મનન કરવાથી ચોક્કસ દૂર થાય છે.© (૧૧૮-૧૧૯).

આ પછી ત્રણે અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ)માં જ્ઞાનને કારણે બ્રહ્મ અખંડ છે, અનંત છે, સર્વ વ્યાપક છે અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે એનો અનુભવ થાય છે. (૧૨૦). આંતર અને બાહ્ય ઉપાધિને લીધે, અજ્ઞાનને કારણે પોતાના આત્મામાં બધું મિથ્યા ભાસે છે. (૧૨૧). આત્મા પોતે પૂર્ણ છે, એક છે, અદ્વૈત છે. એવો વિવેક જાગતાં આ જગત ક્ષણભંગુર અને સ્વપ્ન જેવું તેમજ માયિક અને છેક મિથ્યા ભાસે છે. (૧૨૨). માણસ જાગી જાય એટલે સ્વપ્ન રહેતું નથી, તેમ જ્ઞાન થતાંની સાથે આ જગત પણ રહેતું નથી. એ કેવળ અજ્ઞાનને કારણે ઉપાધિવાળું દ્વૈતરૂપ નાહકનું ભાસે છે. (૧૨૩). ઉપક્રમ અને ઉપસંહારથી ઉપાધિ ભેદનો ત્યાગ કરીને જોતાં વચ્ચે એકદમ શુદ્ધ ચૈતન્ય જ જણાય છે. (૧૨૪). અધ્યારોપને છોડી દેતાં અને અપવાદરૂપ આત્મ વિવેક કરતાં એ એકત્વનું પૂરેપૂરું (અશેષ) ભાન થાય છે. (૧૨૫). વસ્તુ હોવા છતાં ના દેખાય એ જ અભાનાવરણ છે. શ્રવણ પ્રમાણે એનું ચિંતન કરતાં મનન દ્વારા તરત

જ એ દૂર થાય છે. (૧૨૬). નિદિધ્યાસન કરવાથી બધા આવરણો નષ્ટ થઇ જાય છે અને સાધક ધ્યાન દ્વારા સ્પષ્ટ રીતે અદ્વિતીયતા - અદ્વૈતપણુ અનુભવે છે. (૧૨૭). સદા એકાંતમાં બેસીને, બધા સંકલ્પો ત્યજીને ધ્યાનનો અભ્યાસ કરવાથી માણસ પોતે જ બ્રહ્મ (શિવરૂપ) રૂપ થઇ જાય છે. (૧૨૮). ભમરીનું સતત ધ્યાન ધરવાથી કીડો પોતે સાક્ષાત્ ભમરી થઇ જાય છે એવો ધ્યાનનો ચોક્કસ પ્રભાવ છે અને લોકો એ પ્રભાવને જાણે છે. (૧૨૯). પરંતુ જીવ તો મૂળે સ્વયં બ્રહ્મ જ છે એટલે એ પોતાના સ્વરૂપનું (સ્વ સ્વરૂપનું) ધ્યાન કરે અને બ્રહ્મ સ્વરૂપ બની જાય તો એમાં શું નવાઇ જેવું ગણાય? (૧૩૦). જો જીવ બ્રહ્મ જ છે તો પછી નાહક ધ્યાનની શું જરૂર? જો તને કદાચ આવી શંકા થાય તો હું કહું તે સારા માટે સાંભળ. (૧૩૧). કોઇ પણ રીતથી વર્ણવી ન શકાય એવી ઇશ્વરની માયાશક્તિને લીધે પોતાના સ્વરૂપમાં જે ભ્રાંતિ થાય છે તેને લીધે પોતાના સ્વરૂપ વિશે શંકા થાય છે. (૧૩૨). દોરડીમાં થતો સાપનો આભાસ મિથ્યા હોવા છતાં એ ભયંકર પીડાકારક છે. એ મહા અનર્થકારી છે અને એનાથી બધા હેરાન હેરાન થાય છે. (૧૩૩). જીવ અવિદ્યા, કામ અને કર્મ સાથે જોડાવવાથી રાગ દ્વેષવાળો થઇને યોગ્ય અયોગ્ય કર્મો કરે છે. (૧૩૪). ત્રણ પ્રકારના કર્મના આચરણથી જીવ નિરંતર ભમ્યા કરે છે અને એની જન્મ મરણની ઘટમાળ બંધ થતી નથી. (૧૩૫). જેમ સૂર્યગ્રહણ થાય ત્યારે મૂઢ માણસ અજાણ હોવાથી એમ માને છે કે રાહુ સૂર્યને ગળી ગયો છે પરંતુ ખરેખર એવું હોતું નથી. એ તો એવું દેખાય છે એટલું જ. તેવું જ આ જીવ ઉપરનું આવરણ છે. (૧૩૬). ગમે તેટલા કરોડો ઉપાયો કરવાછતાં આ આવરણ જ્ઞાન વિના દૂર થતું નથી. શ્રવણ વગેરે (મનન,નિદિધ્યાસન)થી જ્ઞાન થતાં એ આવરણ જાતે જ હટી જાય છે. (૧૩૭). વેદ-શાસ્ત્રના અભ્યાસથી થતું શાબ્દિક જ્ઞાન એ પરોક્ષ જ્ઞાન છે અને ધ્યાન દ્વારા એનું અપરોક્ષજ્ઞાન- અનુભવ-થાય છે અને એ થવાથી તે સ્વરૂપમાં મળી જાય છે. માટે ધ્યાન કરવું જોઇએ. (૧૩૮).

હે રાજા ! તું મારો બડો ભાગ્યશાળી એવો ભક્ત છે. એટલે તું ભોગો પ્રત્યે ઉદાસીન (નિર્વિણ્ણ) થયો છે અને તેથી તું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યોગ્ય છે. (૧૩૯). તું મહાવાક્યનું ચિંતન કરીને સમાધિમાં લીન થઇને અપરોક્ષજ્ઞાનનો અનુભવ કર. એટલે તું એકદમ મુક્તિ પામીશ. (૧૪૦). જ્ઞાનને જલ્દીથી સ્થિર (દૃઢ) કરીને તું મનનો ભંગ (મનોભંગ) કર. તું બધી વાસનાને (વાસનાના જંગલને) બાળીને નિર્વિઘ્ને અસંગ થા. (૧૪૧). હે રાજા ! આ રીતે જીવતે જીવ મુક્તિનો અનુભવ કર્યા પછી (જીવન મુક્ત થયા પછી) બાકીનો પ્રારબ્ધભોગ પૂર્ણ થતાં જ તું મૃત્યુ પછી મારા જ સ્વરૂપમાં તરત જ કૈવલ્ય યોગ પામીશ. આ વાતને તું તદ્દન સાચી માન. મારી તને શુભાશિષ છે. તું મનમાં શંકા લાવીશ નહિ. (૧૪૨-૧૪૩). આ સાંભળીને બન્ને હાથ જોડીને અર્જુન જે કાંઇ બોલ્યો એ કથા હવે પછી ઉદાર સ્વભાવવાળા રંગ કરશે. (૧૪૪). આ અધ્યાયમાં અર્જુનના પ્રશ્નને કારણે જ્ઞાનનો થોડો સરખો વિચાર કર્યો અને પંચીકરણ વગેરેનો સાર કહ્યો. (૧૪૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અર્જુનજ્ઞાનપ્રદાન'** નામનો **સોળમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૬

(૧) જ્યારે વ્યક્તિ સુષુપ્તિ (ગાઢ નિદ્રા)માં હોય છે ત્યારે એને કોઇ વસ્તુનું ભાન હોતું નથી. તે પરમાનંદ માણતો હોય છે. પરંતુ જાગ્રત થતાંની સાથે એ પાછો કર્તાપણાનો અને ભોક્તાપણાનો ભાવ અનુભવવા લાગે છે. એ પરમાનંદમાં **સમરસ** થતો નથી. જ્યારે જ્ઞાની પુરુષ સમરસ થયેલો હોય છે. આ વાતની વિગતે સમજ અધ્યાય- ૧૨૦ થી ૧૨૨માં છે.

(૨) શુદ્ધ સત્ત્વનિજ શક્તિ એટલે માયા. એમાં સત્ત્વગુણ મુખ્ય છે. જ્યારે બ્રહ્મ માયાથી વિંટળાયલું હોય ત્યારે એને ઇશ્વર કહેવાય. ઇશ્વર એટલે માયાવેષ્ટિત ચૈતન્ય. મલિન સત્ત્વ-પ્રકૃતિ એટલે જેમાં સત્ત્વગુણ ઉપર તમોગુણનું વર્ચસ્વ હોય. શૂદ્ર વર્ણના રાજાના હાથ નીચે બ્રાહ્મણ દીવાન હોય તેમ. આવી મલિન સત્ત્વ શક્તિથી વિંટળાયેલું ચૈતન્ય-બ્રહ્મ-એટલે જીવ. આમ અવિદ્યાવેષ્ટિત બ્રહ્મ એટલે જીવ. ઇશ્વર અને જીવ-બન્નેમાં બ્રહ્મ જ છે પરંતુ એનું આવરણ જુદું છે.

(૩) મળ, વિક્ષેપ અને આવરણ દૂર કરવા માટે અનુક્રમે નિષ્કામ કર્મ, ઉપાસના અને જ્ઞાનની જરૂર છે. ખરેખર તો જ્ઞાન મેળવવાનું હોતું નથી, પરંતુ અજ્ઞાન દૂર કરવાનું હોય છે.

(૪) આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વીના સત્ત્વગુણમાંથી જ્ઞાનેન્દ્રિય થઇ. આકાશનો ગુણ શબ્દ. એ સાંભળવાની ઇન્દ્રિય કાન, તે આકાશના સત્ત્વગુણમાંથી થઇ. વાયુ (પવન)નો મુખ્યગુણ સ્પર્શ. એ સ્પર્શ ચામડી દ્વારા જાણી શકાતો હોય છે. તેથી વાયુના સત્ત્વગુણમાંથી જ્ઞાનેન્દ્રિય-ચામડી-ત્વચા ઉત્પન્ન થઇ. અગ્નિ (તેજ) નો મુખ્ય ગુણ રૂપ છે. એ જોવાની જ્ઞાનેંદ્રિય 'આંખ' અગ્નિના સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થઇ. જળનો મુખ્ય ગુણ રસ. એ ઓળખવા માટેની જ્ઞાનેંદ્રિય 'જીભ' જળના સત્ત્વગુણમાંથી થઇ અને પૃથ્વીનો મુખ્ય ગુણ ગંધ. એ નાક દ્વારા પારખી શકાય. તેથી પૃથ્વીના સત્ત્વગુણમાંથી જ્ઞાનેંદ્રિય 'નાક' ની ઉત્પત્તિ થઇ.

વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીના મુખ્ય ગુણ લખ્યા છે કારણકે એમાં બીજા ગૌણ ગુણ પણ છે.

	મુખ્યગુણ	ગૌણ		મુખ્યગુણ	ગૌણ
આકાશ ---	શબ્દ ----	----	જળ ---	રસ ----	સ્પર્શ, શબ્દ, રૂપ.
વાયુ ----	સ્પર્શ ----	શબ્દ.	પૃથ્વી ---	ગંધ ----	સ્પર્શ, શબ્દ, રૂપ અને રસ.
અગ્નિ ---	રૂપ ------	સ્પર્શ, શબ્દ.			

આ અપંચીકૃત પંચભૂતોના સત્ત્વગુણમાંથી અંત:કરણ થયું છે.

(૫) રજોગુણ ક્રિયાશીલ છે તેથી એમાંથી કર્મેન્દ્રિયની ઉત્પત્તિ થઇ. આકાશના રજોગુણમાંથી વાણી ઉત્પન્ન થઇ. વાયુના રજોગુણમાંથી હાથ, તેજના રજોગુણમાંથી પગ, જળના રજોગુણમાંથી લિંગ (ઉપસ્થ-શિશ્ન) અને પૃથ્વીના રજોગુણમાંથી ગુદાની ઉત્પત્તિ થઇ.

આ પાંચે ભૂતોના ભેગા રજોગુણમાંથી પાંચ પ્રાણો ઉત્પન્ન થયા. એ પ્રાણ કર્મના આધારે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન તરીકે ઓળખાય છે.

પાંચે ભૂતોના તમસ્‌ગુણોનો સરવાળો એટલે આપણું આ સ્થૂળ શરીર, જે અન્નમય કોષનું બનેલું છે, અન્નથી પોષાય છે.

(૬) અપંચીકૃત પંચમહાભૂત.

આકાશ	વાયુ	અગ્નિ	જળ	પૃથ્વી

આ દરેકના બે સરખા ભાગ કર્યા.

૧/૨ આકાશ	૧/૨ આકાશ	૧/૨ વાયુ	૧/૨ વાયુ	૧/૨ અગ્નિ	૧/૨ અગ્નિ	૧/૨ જળ	૧/૨ જળ	૧/૨ પૃથ્વી	૧/૨ પૃથ્વી

આ દરેકના બે ભાગમાંથી એક ભાગ એમને એમ રહેવા દઇ બીજા ભાગના ચાર સરખા ભાગ કર્યા.

૧	૧/૨	૧	૧/૨	૧ ૧/૨	૧ ૧/૨	૧ ૧/૨
૨	આકાશ	૨	વાયુ	૨ અગ્નિ	૨ જળ	૨ પૃથ્વી
૩		૩		૩	૩	૩
૪		૪		૪	૪	૪

હવે આ ચાર કરેલા ભાગો જે ભૂતના હોય તે ભૂત સિવાયના અન્ય ભૂતોમાં ભેળવી દીધા. આકાશના ચાર ભાગો અનુક્રમે વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીમાં ભેળવી દીધાં. વાયુના ચાર ભાગો અનુક્રમે આકાશ, અગ્નિ, જળ અને પૃથ્વીમાં ભેળવી દીધા. જે ભૂતના ચાર ભાગો લઇએ તે ચાર ભાગોને એ ભૂત સિવાયના ચાર મહાભૂતોમાં મેળવી દેવા.

હવે પંચીકૃત મહાભૂત આ રીતે થશે.

આકાશ				
૧/૨	+	વાયુ	૧/૮	
		અગ્નિ	૧/૮	= પંચીકૃત આકાશ
		જળ	૧/૮	
		પૃથ્વી	૧/૮	

રહેવા દીધું હતું તે

વાયુ				
૧/૨	+	આકાશ	૧/૮	
		અગ્નિ	૧/૮	= પંચીકૃત વાયુ
		જળ	૧/૮	
		પૃથ્વી	૧/૮	

રહેવા દીધું હતું તે

આ પંચીકરણ થયા પછી પંચ મહાભૂતોના અંશ આ પ્રમાણે છે.

આકાશ :- કામ, ક્રોધ, લોભ, મોહ અને ભય.

વાયુ :- જવું, દોડવું, ઓળંગવું, સંકોચાવું અને ફેલાવવું.

અગ્નિ :- ભૂખ, તરસ, કાંતિ, નિદ્રા અને આળસ.

જળ :- લાળ, લોહી, પરસેવો, શુક્ર અને મૂત્ર.

પૃથ્વી :- રોમ, ચામડી, માંસ, નાડી અને હાડકાં.

(૭) ઇંદ્રિયોના દેવતા :

(૧) જ્ઞાનેન્દ્રિયોના દેવતા :

- કર્ણ (કાન)ના દેવતા દિશા છે.
- ત્વચાના દેવતા વાયુ છે.
- ચક્ષુ (આંખ)ના દેવતા સૂર્ય છે.
- રસના (જીભ)ના દેવતા વરુણ છે.
- નાકના દેવતા બે અશ્વિનીકુમાર છે.

(૨) કર્મેન્દ્રિયના દેવતા :

- વાણીના દેવતા અગ્નિ છે.
- હાથના દેવતા ઇન્દ્ર છે.
- પગના દેવતા વિષ્ણુ છે.
- પાયુના દેવતા મૃત્યુ (યમ) છે.
- ઉપસ્થના દેવતા પ્રજાપતિ છે.

(૩) અંત:કરણના દેવતા :

- મનના દેવતા ચંદ્રમા
- બુદ્ધિના દેવતા બ્રહ્મા
- ચિત્તના દેવતા વાસુદેવ
- અહંકારના દેવતા રુદ્ર

(૮) શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા ત્રણ પરિસ્થિતિ દૂર કરવાની છે.

(૧) અસત્ત્વાવરણને સત્શાસ્ત્રોના શ્રવણથી દૂર કરવાનું છે. 'બ્રહ્મ છે જ નહિ' એવી બુદ્ધિ એટલે અસત્ત્વાવરણ.

(૨) બ્રહ્મ છે એવું સ્વીકારે પરંતુ બ્રહ્મ એક હશે કે અનેક હશે એવી શંકા થાય તેને સંશયભાવના કહેવાય. જે શ્રવણથી દૂર થાય છે.

(૩) શાસ્ત્રોનુ શ્રવણ કર્યા પછી, એનું મનન કરવાથી ચિત્ત સ્થિર થતાં અસંભાવના દૂર થાય છે. બ્રહ્મ છે એવું સ્વીકારે, બ્રહ્મ એક છે એવું પણ સ્વીકારે પરંતુ જીવ અલ્પજ્ઞ છે, અપરોક્ષ છે અને પામર છે, જ્યારે ઇશ્વર પરોક્ષ, સર્વજ્ઞ અને સમર્થ છે તો એ બે કેવી રીતે એક હોય શકે. એ બન્ને એક હોય એવું સંભવિત જણાતું નથી. આવી મતિને અસંભાવના કહે છે.

ટૂંકમાં -----

૧. બ્રહ્મ નથી----- અસત્ત્વાવરણ.

૨. બ્રહ્મ છે પણ એક છે કે અનેક? આવો સંશય થાય---સંશયભાવના.

૩. બ્રહ્મ છે, એક છે પણ ઇશ્વર અને જીવ બે કેવી રીતે એક હોઇ શકે? જીવ ઇશ્વર છે એવું સંભવિત જણાતું નથી. એ અસંભવ છે એવી ભાવના તે જ અસંભાવના કહેવાય.

(૧) સ્થૂલ દેહનાં તત્ત્વોનું કોષ્ટક

આકાશ	વાયુ	અગ્નિ	જળ	પૃથ્વી
કામ	ચલન	ક્ષુધા	શુક્ર	હાડકાં
ક્રોધ	વલન	તૃષા	લોહી	માંસ
શોક	ધાવન	આળસ	લાળ	ત્વચા
મોહ	પ્રસારણ	નિદ્રા	મૂત્ર	નાડી
ભય	આકુંચન	કાંતિ	પરસેવો	રોમ

(૨) પંચીકૃત પંચમહાભૂતોના પચ્ચીસ તત્ત્વોનું કોષ્ટક

પંચભૂત	પૃથ્વી	જળ	અગ્નિ	વાયુ	આકાશ
પૃથ્વી	અસ્થિ	લોહી	આળસ	સંકોચન	કટિ આકાશ
જળ	માંસ	શુક્ર	કાંતિ	ચલન	ઉદર આકાશ
અગ્નિ	નાડી	મૂત્ર	ભૂખ	ઊકમણ	હૃદય આકાશ
વાયુ	ત્વચા	પરસેવો	તરસ	દોડવું	કંઠ આકાશ
આકાશ	રોમ	લાળ	નિદ્રા	પ્રસારણ	શિર આકાશ

(૩) સૂક્ષ્મ દેહનું કોષ્ટક

પંચ મહાભૂત	આકાશનાં અંત:કરણ પંચક કર્તા-ભોક્તા	વાયુના પ્રાણપંચક વાહન	તેજનાં જ્ઞાનેન્દ્રિય પંચક દ્વારા	જળનાં કર્મેન્દ્રિય પંચક સેવક	પૃથ્વીનાં વિષય પંચક ભોગ
આકાશ	અંત:કરણ કર્મ-સ્ફુરણ દેવતા-વિષ્ણુ	વ્યાન-સર્વાંગમાં રહે છે. બધી સંધિને વાળે છે.	કાન દેવતા-દિશા સંભળાય છે.	વાણી દેવતા-અગ્નિ શબ્દ બોલે છે.	શબ્દ
વાયુ	મન-સંકલ્પ વિકલ્પાત્મક દેવતા-ચંદ્રમા	સમાન નાભિમાં રહે છે. અન્નરસને રોમેરોમમાં નાડી દ્વારા પ્રવેશ કરાવે છે.	ત્વચા (ચામડી) દેવતા-વાયુ ઠંડી-ગરમીનો સ્પર્શનો અનુભવ થાય છે.	હાથ દેવતા-ઇંદ્ર વસ્તુની લેવડ દેવડ કરે છે.	સ્પર્શ
તેજ	બુદ્ધિ-નિશ્ચયાત્મક દેવતા-બ્રહ્મા નિશ્ચય કરે છે.	ઉદાન કંઠ સ્થાનમાં રહે છે. સ્વપ્ન હેડકી દેખાડે છે.	આંખ દેવતા-સૂર્ય રૂપ જુએ છે.	પગ દેવતા-ઉપેન્દ્ર આવ-જા કરે છે.	રૂપ
જળ	ચિત્ત-ચિંતનાત્મક દેવતા-નારાયણ ચિંતન કરે છે.	પ્રાણ હૃદયસ્થાનમાં રહે છે. ૨૧૬૦૦ શ્વાસોચ્છવાસ કરે છે.	જીભ દેવતા-વરુણ રસ,સ્વાદ જણાય છે.	શિશ્ન દેવતા-પ્રજાપતિ રતિભોગનો આનંદ અનુભવે છે.	રસ
પૃથ્વી	અહંકાર-અહંપણુ દેવતા-રુદ્ર અહંકાર થાય છે.	અપાન ગુદા સ્થાનમાં રહે છે. મળનો ઉત્સર્ગ કરે છે.	નાક દેવતા-અશ્વિનીકુમાર સુગંધ-દુર્ગંધ પારખે છે.	ગુદા દેવતા-યમ મળ વિસર્જન કરે છે.	ગંધ

(૪) પંચભૂતનાં તત્ત્વોનું કોષ્ટક

પંચભૂત	સાત્ત્વિક ભાગ		રાજસ ભાગ		તમસ ભાગ
પંચ અંત:કરણ	પંચ જ્ઞાનેન્દ્રિય	પંચ વાયુ	પંચ કર્મેન્દ્રિય	પંચ વિષયો	
આકાશનાં	અંત:કરણ	શ્રોત્ર(કાન)	વ્યાન	વાચા	શબ્દ
વાયુનાં	મન	ત્વચા	સમાન	હાથ	સ્પર્શ
તેજનાં	બુદ્ધિ	ચક્ષુ	ઉદાન	પગ	રૂપ
જળનાં	ચિત્ત	જિહ્વા	પ્રાણ	શિશ્ન	રસ
પૃથ્વીનાં	અહંકાર	નાક	અપાન	ગુદા	ગંધ

(૫) અંત:કરણની ત્રિપુટીનું કોષ્ટક

અધ્યાત્મ	અધિભૂત	અધિદૈવ
અંત:કરણ	સ્ફુરણ	વિષ્ણુ
મન	સંકલ્પ-વિકલ્પ	ચંદ્રમા
બુદ્ધિ	નિશ્ચલ	બ્રહ્મા
ચિત્ત	ચિંતન	નારાયણ
અહંકાર	અભિમાન	રુદ્ર

(૬) પાંચ જ્ઞાનેન્દ્રિયોની ત્રિપુટી

અધ્યાત્મ	અધિભૂત	અધિદૈવ
શ્રોત્ર	શબ્દ	દિશા
ત્વચા	સ્પર્શ	વાયુ
ચક્ષુ	રૂપ	સૂર્ય
જીભ	રસ	વરુણ
નાક	ગંધ	અશ્વિનીકુમાર

(૭) પાંચ કર્મેન્દ્રિયોની ત્રિપુટી

અધ્યાત્મ	અધિભૂત	અધિદૈવ
વાણી	વચન (બોલવું)	અગ્નિ
હાથ	આદાન-પ્રદાન (લેવું-દેવું)	ઇંદ્ર
પગ	ગમન (જવું-આવવું)	ઉપેન્દ્ર
શિશ્ન	આનંદ (રતિભોગ)	પ્રજાપતિ
ગુદા	વિસર્ગ (મળત્યાગ)	યમ

●

અધ્યાય : ૧૭

આ અધ્યાયનું નામ '**મહાવાક્યવિવરણ**' એવું છે. આ અધ્યાયમાં **૧૩૨** દોહરા છે.

આ અધ્યાયમાં અર્જુનના પ્રશ્નના ઉત્તર રૂપે મહાવાક્યો પૈકી સામવેદના મહાવાક્ય તત્ત્વમસિની ચર્ચા દત્ત પ્રભુ શરુ કરે છે. (૧-૭).

મહાવાક્ય સમજવા માટે, સાધનચતુષ્ટય (વિવેક,વૈરાગ્ય, ષટ્સંપત્તિ ને મુમુક્ષુપણુ) સિદ્ધ કરવા પડે છે એની સમજ આપે છે. (૮-૧૨). આ પછી સદ્‌ગુરુને શરણે જઇને ષડ્‌લિંગ દ્વારા ચિત્તામાં તાત્પર્યનું ગ્રહણ કરવાનું જણાવી ષડ્‌લિંગની વિગતે ચર્ચા કરે છે. (૧૩-૮૫).

તત્ત્વમસિ એ સામવેદનું મહાવાક્ય છે. એમાં તત્ અને ત્વં પદની સમજ આપી, એમાં દેખાતો વિરોધાભાસ દૂર કરવા જહદાજહલ્લક્ષણાનો ઉપયોગ કેવી રીતે કરવો તે દૃષ્ટાંત આપીને સમજાવવામાં આવ્યું છે. (૮૬-૧૨૭).

અંતમાં હું (જીવ) અખંડ છું, બ્રહ્મ છું, નિશ્ચલ છું, સત્ય છું, અદ્વૈત છું, વિશુદ્ધ છું અને આનંદામૃત છું એનો અનુભવ કરવા યોગાભ્યાસ જરૂરી છે એવાં સૂચન સાથે અધ્યાય સમાપ્ત થાય છે.

અલખે નિરંજનને કહ્યું કે, અર્જુને દત્તાપ્રભુને વંદન કરીને, પ્રાર્થના કરીને સદ્‌ભાવપૂર્વક એમ પૂછ્યું કે, હે પ્રભુ ! મહાવાક્ય કોને કહેવાય? એનું કેવી રીતે ચિંતન કરવું જોઇએ કે જેથી ચોક્કસ અપરોક્ષાનુભાવ થાય. (૧-૨). હે પ્રભુ ! હું તો મૂઢ છું. મને કૃપા કરીને બધું વિસ્તારથી કહો. મોં મલકાવીને દત્તાપ્રભુ બોલ્યા કે, હે અર્જુન ! તું ગહન (રહસ્યમય) વાત સાંભળ. (૩).

હે સમજુ અર્જુન ! મહાનથી પણ મહાન એવું જે એક બ્રહ્મ છે તેનું વિવરણ કરીને, બ્રહ્મ અને આત્માનું એકત્વ જણાવતા વાક્યને મહાવાક્ય કહેવાય.①(૪). ચાર વેદનાં ચાર મુખ્ય મહાવાક્ય છે. તેમાં સામવેદનું મહાવાક્ય જે બોધકારક છે તે મહત્ત્વનું છે.②(૫). હે રાજા ! અરુણે પોતાના પૌત્ર શ્વેતકેતુને (અરુણનો પુત્ર ઉદ્દાલક અને તેનો પુત્ર શ્વેતકેતુ) 'તે તું છે' એ મહાવાક્ય ફરી ફરીને કહીને બોધ કર્યો હતો. (૬).

તું ધ્યાન દઇને સાંભળ. જેથી એ મહાવાક્યનો તને સાક્ષાત્‌કાર થશે. સાધનસિદ્ધિ થતાં જ મૂઢ પણ સુખેથી સંસાર પાર કરે છે. (૭). નિત્ય અને અનિત્ય વચ્ચેનો વિવેક એ પહેલું સાધન છે. લૌકિક (દુન્યવી) અને પારલૌકિક વિષયોમાં વૈરાગ્ય એ બીજું સાધન છે. (૮). જો ચિત્તામાં વિષયો વસતા હોય તો કોઇ દિવસ ધ્યાન થઇ શકતું નથી. એટલા માટે શ્રેષ્ઠ પુરુષો વિષયત્યાગને (વૈરાગ્યને) માન આપે છે. (૯). શમ (મનનું શાંત થવું), દમ (ઇંદ્રિયોને કાબુમાં રાખવી.) ઉપરતિ (ઉપરામ વૃત્તિ), તિતિક્ષા (ઠંડી-ગરમી વગેરે દ્વંદ્વો પ્રેમથી સહન કરવાં), શ્રદ્ધા (ગુરુના વચનમાં વિશ્વાસ) અને સમાધાન (સમયાનુસાર જે આવી મળે તેમાં સંતોષ હોવો) એ છ સંપત્તિ (ષટ્સંપત્તિ) ત્રીજું સાધન છે અને મોક્ષેચ્છા (મુક્તિ માટેનો તલસાટ અનુભવવો અને તે માટે આકુળ-વ્યાકુળ થવું.) એ ચોથું સાધન છે. (૧૦-૧૨).

આ ચારે સાધન (સાધન ચતુષ્ટય) સિદ્ધ કર્યા પછી સદ્‌ગુરુના શરણે જવું અને સદ્‌ભાવપૂર્વક એની સેવા કરીને એ મહાવાક્યનું વિવરણ ગુરુમુખે સાંભળવું.③(૧૩). જે હંમેશાં સદાચરણમાં રચ્યો પચ્યો હોય, પૂર્ણ જ્ઞાન ધરાવતો હોય, નિજાનંદમાં મસ્ત હોય અને બ્રહ્મનિષ્ઠ હોય એવા ગુરુના શરણમાં ભ્રમ ક્યાંથી રહી શકે? આવા ગુરુના સ્વૈર વિહારમાં થતી આડી અવળી વાતો પણ શાસ્ત્રો જ ગણાય અને તે માયાની પોલને દૂર કરે છે. (૧૪-૧૫).④

ષડ્‌લિંગ દ્વારા તાત્પર્યને (તત્ત્વજ્ઞાનને) ચિત્તામાં સમજવું એ જ સાચુ શ્રવણ છે અને એવા શ્રવણથી ક્ષણ માટે પણ ભ્રાંતિ રહેતી નથી. (૧૬). ઉપક્રમ (શરૂઆત) અને ઉપસંહાર (સમાપ્તિ)માં એક જ વાત કરવી એ પ્રથમ લિંગ છે. (લિંગ એટલે જ્ઞાનના સત્યપણાનું પ્રકાશક ચિન્હ.) અભ્યાસ બીજું લિંગ છે. ત્રીજુ લિંગ અપૂર્વતા. ચોથું લિંગ છે ફળ. પાંચમું લિંગ છે અર્થવાદ અને છઠ્ઠું લિંગ છે ઉપપત્તિ. આ ષડ્ (છ) લિંગ (જ્ઞાનના સત્યપણાનું ચિહ્ન) વિવેક છે. એ પ્રમાણે સત્‌નું (શાસ્ત્રોની વાતોનું) શ્રવણ કરવાથી કોઇ શંકા રહેતી નથી. (૧૭-૧૮). આ સૃષ્ટિનું સર્જન થયું તે પહેલાં આ એક અને અદ્વિતીય એવું સત્ (બ્રહ્મરૂપ) જ હતું એવા કથનથી શરૂઆત કરીને આ બધું બ્રહ્મમય જગત એ જ મારું સ્વરૂપ છે અને આત્મા સત્ય તેમજ અખંડ છે એવું કથન અંતે કરવું એ ઉપક્રમ-ઉપસંહાર કહેવાય. એ બંને મળીને પહેલું લિંગ કહેવાય છે. હવે હું તને બીજું લિંગ (અભ્યાસ)⑤ કહું છું. આ દેહ (શરીર) અન્નમય કોશનો બનેલો છે. (અન્નથી ટકે છે.) અન્નનું કારણ પાણી છે. (પાણી વગર અનાજ પાકે નહિ.) પાણીનું કારણ ગરમી છે અને ગરમીનું કારણ સત્ છે. આ બધા જીવોનું મૂળ સત્ છે. (સત્‌માંથી બધાંનો પ્રાદુર્ભાવ છે.) સત્‌માં જ બધું પ્રતિષ્ઠિત (ટકી રહેલું) છે. સત્ બ્રહ્મ છે અને સત્ જ રહેવાનું સ્થાન છે. આ પ્રથમ **અભ્યાસ** છે. (શાન્તં (સત્+એક) નિલયં (રહેવાનું સ્થળ) નિલયાદિહીનં. એવી દત્તાપ્રાત:સ્મરણમાં એક પંક્તિ છે.) (૧૯-૨૩).

ગંગા,જમુના, ગોદાવરી, નર્મદા એવી નદીઓને લોકો જુદાં જુદાં નામને કારણે જુદી જુદી માને છે, પરંતુ એ બધી જ્યારે સમુદ્રમાં ભળી જાય છે ત્યારે એનાં નામ રૂપને કોણ ઓળખે છે? પછી તો એ એક જ અને અભિન્ન જળ બની જાય છે. એ જ રીતે જીવને જ્ઞાન થતાં તે બ્રહ્મમાં લીન થઇ જાય છે અને એનો જુદાપણાનો આભાસ રહેતો નથી. આ બીજો અભ્યાસ છે. (૨૪-૨૬).

ખૂબ મહેનત કરીને મધમાખી વિધવિધ પ્રકારનાં ઝાડો ઉપરનાં ફૂલોને શોધીને, એ ફૂલનો રસ એકઠો કરીને મધ બનાવે છે. આ બધો રસ એક થતાં જે મધપૂડો બને છે તેમાં કયા ઝાડના ફૂલનો કયો રસ છે એ કોણ જુદો પાડીને ઓળખી શકે? એ જ રીતે જ્યારે જીવ બ્રહ્મમય થઇ જાય છે ત્યારે એનું જુદાપણાનું ચિહ્ન શોધવા છતાં જણાતું નથી. આ ત્રીજો અભ્યાસ છે. હવે તું ચોથો અભ્યાસ સાંભળ. વડના ઝાડનું બી રાઇના જેવું એકદમ નાનું (સૂક્ષ્મ) હોય છે. પરંતુ એને અનુકૂળ જમીન, ઋતુ, અને પૂરતું જળ મળતાં પ્રચંડ વૃક્ષ બને છે અને એ જેમાંથી જન્મ્યું તે 'બી' તો શોધવા છતાં જડતું નથી. એ જ રીતે સત્-બ્રહ્મ એ જગતનું સૂક્ષ્મ કારણ છે. કાળ અને દેવ વગેરેથી આ ગહન વિશ્વનું સર્જન થાય છે. 'તે (તત્) તું (ત્વમ્) છે (અસિ)''તે બ્રહ્મ તું છે' એ ચોથો અભ્યાસ છે. હવે તું પાંચમો અભ્યાસ સાંભળ જેથી મિથ્યા આભાસ દૂર થાય. (૨૭-૩૨). દરિયાના પાણીમાંથી મીઠું બને છે ત્યારે તે નામ અને આકાર ધારણ કરે છે. એ જ મીઠું પાછું દરિયાના પાણીમાં ઓગળી જાય ત્યારે દરિયાના રૂપમાં ભળી જાય છે. (દરિયો બની જાય છે.) એ જ પ્રમાણે જ્યારે જીવ નામ અને રૂપ ત્યજીને બ્રહ્મમાં મળે છે ત્યારે તે બ્રહ્મમય થઇ જાય છે. આ અજોડ અભ્યાસ છે. (૩૩-૩૪).

વૃક્ષની ડાળી તોડવાથી વૃક્ષ મરી જતું નથી. પરંતુ તૂટેલી ડાળી નિર્જીવ થઇ જાય છે. તેમ જીવ પણ તટસ્થ-સુખદુ:ખથી નિર્લેપ (ઉદાસ) થઇ જાય છે. (૩૫). શરીર પડવાથી એ પડતો નથી કે શરીરનું મૃત્યુ થવાથી એનું મૃત્યુ થતું નથી. એ તો બ્રહ્મરૂપે અખંડ રહે છે અને એ તો શરીરથી જુદો જ છે. (૩૬). એ તો જન્મ મરણથી અસ્પૃષ્ટ છે. 'તત્ત્વમસિ' વાક્ય એનું પ્રમાણ છે, આ છઠ્ઠો અભ્યાસ છે. સાતમો અભ્યાસ તું આગળ ઉપર સાંભળ. (૩૭).

એક માણસને આંખે પાટા બાંધીને ચોરો બીજા પ્રદેશના ગાઢ જંગલમાં (વન-વગડામાં) લઇ ગયા. (૩૮). એના બધાં જ વસ્ત્રો અને અલંકારો લૂંટી લઇને, એને એકલો મૂકીને ચોરો પોતપોતાના ઘરે જતા રહ્યા. (૩૯). એ દુ:ખનો માર્યો જંગલમાં રડવા લાગ્યો. એનું રડવાનું સાંભળીને એક સજ્જન પાસે આવ્યો. અને એની બધી વાતો સાંભળ્યા પછી એની આંખેથી પાટા છોડી નાંખ્યા. અને પછી એને એના ગામનું નામ અને બીજી નિશાની પૂછી, એણે કઇ દિશામાં જવું એનું માર્ગદર્શન આપ્યું. (જે રસ્તે જતાં એનું ગામ આવી જશે.) (૪૦-૪૧). એ માર્ગદર્શન મુજબ પેલો પૂછતો પૂછતો એ રસ્તે ચાલીને ઘરે આવી પહોંચ્યો. એ જ રીતે સાધક પણ ગુરુની કૃપા થતાં પોતાના લક્ષ્ય સ્થાને પહોંચે છે. (૪૨). જ્યારે મુમુક્ષુ ત્રિતાપથી ત્રાસી જઇને રડે છે ત્યારે આ રુદન સાંભળીને, સદ્‌ગુરુ કૃપા કરીને પાસે દોડી આવે છે. માયાનો પડદો ચીરી નાંખીને, એને ભયસ્થાનો બતાવીને, આશિષ આપીને એને સ્વદેશમાર્ગે (મોક્ષપ્રાપ્તિ માટે) પ્રેરણા આપીને આગળ જવા પ્રેરે છે. (૪૩-૪૪). ગુરુએ બતાવેલા રસ્તે સાવધાનીપૂર્વક જતાં, ગુરુકૃપાથી મુમુક્ષુ ભૂલ કર્યા વગર પોતાના ઘરે આવી પહોંચે છે. (મોક્ષ પામે છે.) (૪૫). માર્ગદર્શક (દિશા ચિંધનાર) શ્રીગુરુ સત્વર જ્ઞાન આપે છે અને એ જ્ઞાનને કારણે, નિરભિમાની બનીને જીવ તે જ ક્ષણે બ્રહ્મમાં ભળે છે. (૪૬). માટે વેદ અને અનુભવ બંને એમ કહે છે કે ગુરુ વિના મોક્ષ મળતો નથી. હવે હું તને સંસારને મૂળમાંથી દૂર કરે એવો આઠમો અભ્યાસ કહું છું. (૪૭).

મરણ સમયે રોગીને ત્રિદોષ (વાત,પિત અને કફ) થતાં એ ખૂબ દુ:ખી થાય છે અને બેભાન થઇ જાય છે. (૪૮). એ સમયે બધી ઇંદ્રિયો ખેંચાઇને મનમાં લીન થઇ (સમાઇ જતી) જાય છે. પછી મનનો પ્રાણમાં લય થાય છે અને પ્રાણનો તેજમાં લય થાય છે. પછી તેજ દેવસ્વરૂપે પરતેજમાં ભળી જાય છે. પછી ત્યાં કોણ કોને ઓળખે? મૂઢ લોકો આ સમયે રડારોળ કરે છે. (૪૯-૫૦). પત્ની અને પુત્રો બધાં રડે છે. ઘરમાં રડારોળ મચી જાય છે. એ સમયે કોણ કહે કે હું કોણ છું અને મને જુઓ. એ ચંચળ (લોલ) દૃષ્ટિ પાછી ફરતી નથી. (૫૧). જેમ લીન થયેલી દૃષ્ટિ પાછી ફરતી નથી તેમ અભ્યાસને લીધે દેહનું સમૂળ ભાન ભૂલાતાં ઇન્દ્રિયો ચિત્તામાં લીન થાય છે, ચિત્ત પ્રાણમાં અને પ્રાણ પણ તેજમાં લીન થાય છે. તેજ પરતેજમાં- પરબ્રહ્મમાં લીન થાય છે. અનુકૂળ અભ્યાસ થતાં ક્ષણવારમાં જીવ બ્રહ્મ સાથે સમરસ થઇ જાય છે. (૫૨-૫૪). જ્યાં દ્વૈતપણું જ ન રહે ત્યાં પછી કોણ કોને ઓળખે? મૃત્યુને કારણે આ બધું ભૂલાઇ જતાં ફરી પાછો કલેશ (દુ:ખ) ભોગવે છે. (૫૫). અને એની કાયમ માટે જન્મ મરણની પરંપરા ટળતી નથી. અભ્યાસને લીધે (જ્યારે જીવ બ્રહ્મમાં લીન થાય છે ત્યારે) મૂળમાંથી ભ્રાંતિ દૂર થાય છે. (૫૬). શરીરનું અભિમાન (દેહાભિમાન) ગળી જતાં માણસનું ક્યારે પણ મરણ આવતું નથી અને એનો પુનર્જન્મ પણ થતો નથી. દેહાભિમાન ન રહે એ જ જીવતે જીવ મૃત્યુ ગણાય. (૫૭).

આ આઠમો અભ્યાસ છે. હવે તું નવમો અભ્યાસ સાંભળ. ચોરને શોધીને રાજદૂતો પકડે છે અને પછી એ ચોર ચોરી કબૂલ ના કરે તો એને 'તુ આ ગરમ ગરમ (તગતગતો) ભાલો પકડ' એમ કહીને એની પાસે ભાલો (શૂલ) પકડાવે છે. જેથી તરત જ એનો હાથ દાઝે (બળે) છે. પાપનું ફળ પણ એવું જ છે. યમના દૂતો એને ચોર માનીને એના પર દયા

કર્યા સિવાય શિક્ષા કરે છે. (૫૮-૬૦). જો એ ચોર ન હોય તો એનો હાથ ભાલાથી બળતો નથી. આવું જોઇને રાજદૂતો એને માન આપીને છોડી મૂકે છે. (૬૧). જે માણસ નિરભિમાની (નિરા ભિમાની એ ખોટો શબ્દ છે.) અને નિર્લેપ છે તે પણ બંને લોક (આ લોક અને પર લોક)થી છૂટે છે અને યમ પણ તેને મુક્ત કરે છે. આ નવમો અભ્યાસ તું ધ્યાનથી સાંભળ. આ દરેક અભ્યાસ તે બ્રહ્મ તું છે તે તું સમજ. (૬૨-૬૩).

આ (નવ અભ્યાસ) એ બીજું લિંગ છે. ત્રીજું લિંગ અપૂર્વતા છે. બ્રહ્મ એ ઇન્દ્રિયથી પર છે એટલે ત્યાં પ્રત્યક્ષ પ્રમાણ- ઇંદ્રિયજન્ય અનુભવ શક્ય નથી. (૬૪). બ્રહ્મ અખંડ, અવયવરહિત (નિરવયવી - નિષ્કળ) અને છેક નિરંશ છે. એ અંગે અનુમાન થઇ શકતું નથી. એથી એ અગમ્ય (ઇંદ્રિયગમ્ય નથી) છે. (૬૫). એ તો કેવળ નિરૂપમ (જેને કોઇની ઉપમા આપી શકાય નહિ તેવું) એટલે એને કોની સાથે સરખાવી શકાય? એ એક અને અદ્વિતિય હોવાથી એનો જોટો ત્રિભુવનમાં મળે નહિ. (જોટો એટલે એક સરખી બે વસ્તુ. દા.ત. ધોતીજોટો.) (૬૬). માટે એ અગમ્ય એવું બ્રહ્મ કેવળ વેદ વાક્યોથી- (શબ્દ પ્રમાણથી) જ ગમ્ય (જાણી શકાય તેવું.) છે. વેદાંતનાં મહાવાક્યો એનો પરોક્ષ રીતે બોધ કરે છે. (૬૭).

એ પરોક્ષ બોધ પ્રમાણે ધ્યાન કરતાં એનો અનુભવ થાય છે. આ સિવાય બીજો કોઇ રસ્તો (ઉપાય) જ નથી. આને અપૂર્વતા લિંગ કહેવામાં આવે છે. (અપૂર્વ એટલે આના જેવું પહેલા કશું હતું નહિ.) 'ફળ' એ ચોથું લિંગ છે. (૬૮). વેદ વાક્યોથી જાણીને, પછી એનો સ્વાનુભવ- (વિજ્ઞાન) થતાં પછી વાર લાગતી નથી. આવો અનુભવ થયા પછી શેષ પ્રારબ્ધ ભોગવી દેહ છૂટ્યા (વિદેહ) પછી એ માણસ કૈવલ્યને વરે છે. (કૈવલ્ય એટલે બ્રહ્મસ્વરૂપ થવું તે.) (આ ચોથું લિંગ ફળ છે.) (૬૯). સર્જન (સૃષ્ટિ), સ્થિતિ, સંહાર (પ્રલય), પ્રવેશ, પદાર્થ શોધન, નિયમન અને સાતમું ફળ એ સાતે મળીને પાંચમું લિંગ અર્થવાદ બને છે. બ્રહ્મમાંથી જ આ વિશ્વનું સર્જન થાય છે એમ તું માન. (અર્થવાદ એટલે વિધિરૂપ વાક્યોમાં રુચિ કરાવવા તે તે વિધિઓની સ્તુતિ વગેરે કરવી.) અને બધાની સ્થિતિ અને પ્રલય પણ બ્રહ્મમાં જ થાય છે એ એક જ બ્રહ્મ બધામાં વ્યાપેલું છે અને એણે જ બધામાં પ્રવેશ કરેલો છે. આ એક જ બ્રહ્મ બધા જીવોમાં કેવી રીતે પ્રવેશ પામ્યું એવી શંકા થાય તો જેમ એક બિંબના અનેક પ્રતિબિંબ હોઇ શકે છે એ રીતે આ પણ હોઇ શકે. તેથી આવી શંકા કરીશ નહિ. (૭૦-૭૩). આ નિર્વિકારી, અરૂપી, અપરિછિન્ન બ્રહ્મ શરીરમાં જીવભાવે કેવી રીતે રહે છે એવી શંકા થાય તો એ કેવી રીતે રહે છે એના ચિહ્નો (નિશાની) સાંભળ. (૭૪). જોવું, સાંભળવું, સૂંઘવું, ચાખવું, સ્પર્શવું, બોલવું, લેવું અને આપવું, જવું-આવવું, ઝાડા પિશાબ કરવો, મૈથુનકર્મ કરવું આ બધા વ્યવહારો જેની સત્તાથી (જેને કારણે) ઇન્દ્રિયો કરે છે તે બધાનું કારણ આ અગોચર (ગો - ઇન્દ્રિય, ઇન્દ્રિયથી જાણી ન શકાય એવું) બ્રહ્મ છે. એટલે બ્રહ્મ બધામાં વ્યાપેલું છે એ સિદ્ધ થાય છે. (૭૫-૭૭). શરીરમાં દાખલ થયેલું આ બ્રહ્મ બધા વ્યવહારોનું નિયંત્રણ કરે છે. એની સત્તા (અસ્તિત્ત્વ) વગર પ્રાણ, મન અને ઇંદ્રિયો જડ હોય છે. (૭૮). તત્ અને ત્વં તત્ત્વ (પદાર્થ)નો વિચાર કરતાં બ્રહ્મ જ અભેદ લક્ષ્ય છે. એ જ પદાર્થ શોધન અને એને વેદ સાતમું ફળ કહે છે. (૭૯). જ્ઞાન (શાબ્દિક સમજ) અને વિજ્ઞાન (સ્વાનુભવ) થતાં બધી ઇચ્છા સમાપ્ત થઇ જાય છે. (વ્યક્તિ ઇચ્છા વિનાનો-નિરીહ- થઇ જાય છે.) બ્રહ્મના જ્ઞાનનું એ જ ફળ છે અને એને પરિણામે તરત જ નિર્વાણ-મોક્ષપદ- પ્રાપ્ત થાય છે. (૮૦).

છેલ્લું લિંગ ઉપપત્તિ છે એ હવે તને કહું છું એ પ્રમાણે કરવાથી શંકા રહેતી નથી. (૮૧). ઘડાના સર્જન પહેલાં માટી હતી. સર્જાયેલા ઘડામાં પણ માટી જ છે અને ઘડો ફૂટી જાય એટલે આખરે પણ પહેલાંની જેમ જ માટી જ

થઇ જાય છે. (૮૨). એક માટીને બરાબર જાણી લેવાથી એના બધા જ વિકારો (એ માટીમાંથી બનતો ઘડો, કોડિયું કે રમકડાં.) બધું જ જાણી શકાય છે. આ માનવી પણ માટીનો જ બનેલો છે અને જ્યાં નામ હોય છે ત્યાં આકાર પણ હોય છે. (માટીમાંથી બનતી વસ્તુઓ એ માટીનો વિકાર કહેવાય.) (૮૩). નામ અને આકાર બંને નાશવંત છે. ફક્ત એક માટી જ સારરૂપ છે. એ જ પહેલાં, મધ્યમાં અને અંતમાં રહેલી છે. એજ પ્રમાણે બ્રહ્મને પણ ચોક્કસપણે સમજી લે. (પહેલાં એકલું બ્રહ્મ હતું, સૃષ્ટિના સર્જનમાં પણ બ્રહ્મ જ છે અને પ્રલયકાળે સૃષ્ટિનો નાશ થશે ત્યારે પણ બ્રહ્મ જ રહેશે.) (૮૪). એ એક બ્રહ્મનું જ્ઞાન થતાં જ બધાનું જ્ઞાન થઇ જાય છે. આમ ષડ્ (છ) લિંગ દ્વારા શ્રવણ કરવાથી ચિત્ત સંશય વિનાનું થઇ જાય છે. (૮૫).

હે રાજા ! (ચિત્ત સંશય વગરનું થઇ જાય પછી) તે પછી વાક્યનું વિવરણ સમજવું. તત્ત્વમસિમાં **તત્** પદ દ્વારા પરબ્રહ્મનો સંકેત છે એ પહેલાં નિશ્ચિતપણે સમજી લે. (૮૬). **ત્વં પદથી** અંતરાત્મા (ચિદાભાસ) (પ્રત્યગ્ બ્રહ્મ) લક્ષિત છે એવું પ્રસિદ્ધ શ્રુતિ (વેદ) ઉપદેશે છે અને **અસિ** પદથી એ બન્નેની સિદ્ધ થઇ ચૂકેલી ઐક્યતા સૂચવે છે.[૬] (૮૭). અંત:કરણ (અંત: = અંદર રહેલું, અને કરણ = સાધન) અને એની વૃત્તિઓને જે સાક્ષી - ચૈતન્ય જાણે છે તેને જ ત્વં પદાર્થથી સૂચિત કરવામાં આવે છે. (ત્વં એટલે અંત:કરણમાં રહેલું સાક્ષી ચૈતન્ય.) (૮૮). જેમ વ્યવહારમાં ઘડાને જોનારો એ ઘડાથી જુદો હોય છે તેમ દેહને જોનારો એ દેહથી જુદો છે. એ દેહને જોનારો તે જ ત્વં પદથી સૂચિત છે. (૮૯). સ્ત્રી, પુત્ર વગેરે બધા જ પોતાના સુખ માટે ગમે છે તેમ એ બધા તત્ - બ્રહ્મની પ્રીતિ માટે કદી હોતા નથી. સ્વાત્મા સૌથી વધારે પ્રિય - પ્રાણપ્રિય હોય છે. (૯૦). 'ત્વં' તત્ત્વ (પદાર્થ) સુખ (આનંદ) રૂપ છે માટે એ બ્રહ્મસ્વરૂપ છે. એ જ સત્ અને ચિત્ સ્વરૂપ છે. આવું એનું અનુપમ ઐક્ય છે. (૯૧). દેહનું મૃત્યુ થાય તો પણ સ્વ-પ્રેમ તૂટતો નથી. હું હંમેશાં જ હોઉં છું એવું લાગ્યા જ કરે છે તેથી ત્વં પદાર્થ એ સત્ જ છે. (સત્ એટલે ત્રિકાલાબાધિત સત્ય. પહેલાં હતું, અત્યારે છે અને ભવિષ્યમાં પણ હશે જ.) (૯૨). જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ (નિદ્રા)માં મનનું જવું આવવું અને બુદ્ધિમાં થતા વિકારો (કાર્યો)નો બધાને અનુભવ છે. આ કાર્યો (વિકાર)ને સ્પર્શ્યા વગર (લેપાયા વગર) બુદ્ધિ વગેરેને જે ચુંબકની જેમ ગતિ આપે છે એ ત્વં પદાર્થ જ ચિત્ છે. (૯૩-૯૪). શરીર, ઇન્દ્રિય, ચિત્ત, એ બધું જડનો સમૂહ (સંઘાત) છે. એને અચલ ચેતન આ ત્વં પદાર્થ જ આપે છે. (૯૫). ત્વં પદાર્થ એ નિર્વિકાર છે, સ્વયં સાક્ષીરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે. તેથી એ ચિત્ત વગેરે (ચિત્ત, મન, બુદ્ધિ, અહંકાર)થી તદ્દન જુદો છે એ તું માન. (૯૬).

હવે હું તને તત્ પદાર્થ (તત્ત્વ) વિશે કહું છું તે ધ્યાન દઇને સાંભળ. એનાથી યથાર્થ જ્ઞાન થતાં એ બધા અનર્થને ટાળી દેશે. (૯૭). બ્રહ્મ એક છે અને તે જ તત્ પદથી સૂચિત છે. અનેક પ્રકારના દ્વૈત તો અતત્ છે. આ અતત્ને દૂર કરવાનું- નિષેધ કરવાનું જ અતત્ વ્યાવૃત્તિ કહેવાય છે. (૯૮). વિધિ વાક્યો દ્વારા અતત્નો નિષેધ (વ્યાવૃત્તિ) કરીને, તત્ (બ્રહ્મ) તત્ત્વને જાણીને, જાતે અજાત એવું બ્રહ્મ થવાનું હોય છે. (૯૯). જે એક, અખંડ અને અરૂપ (બ્રહ્મ) બધે જ વ્યાપીને રહ્યું છે તે સ્થૂળ અને સૂક્ષ્મ વગેરે ચિહ્નો વિનાનું અજોડ તત્ત્વ છે. (૧૦૦). સચ્ચિદાનંદરૂપ, સર્વ વ્યાપક, સ્વયં પ્રકાશરૂપ એ પરબ્રહ્મ પરમાત્મા જ ખાસ પણે તત્ તત્ત્વ છે. (૧૦૧). સર્વેશ્વર, સર્વજ્ઞ, સર્વ શક્તિશાળી અને સમાન પરમાત્મા (અનંત)ને જાણ્યા પછી બધી વસ્તુનું જ્ઞાન થઇ જાય છે. (૧૦૨). બધા જીવોમાં પ્રવેશ કરીને એ બધાનું નિયંત્રણ કરે છે અને જે પોતે નિર્વિકાર છે તે સ્વયં જીવોને નિર્લેપ ભાવે એમનાં કર્મોનું ફળ આપે છે. એ પરબ્રહ્મ પરોક્ષ છે. તે જ નિર્મળ - તત્ પદાર્થ છે. (૧૦૩-૧૦૪).

ત્વં પદાર્થ અને તત્ પદાર્થ અનુક્રમે અપરોક્ષ અને પરોક્ષ છે, જે બન્ને એક બીજાથી તદ્દન વિરૂદ્ધ છે. તો તે બન્ને કેવી રીતે એક હોઇ શકે? (૧૦૫). જો તને એવી શંકા થાય તો તને એક દૃષ્ટાંત કહું છું, જેનો સમ્યક્ ચિત્તાથી વિચાર કરતાં બધી જ શંકા દૂર થાય છે. (૧૦૬). ઉજ્જૈન નગરમાં દેવદત્તા નામનો એક રાજા હતો. જુવાનીમાં હાથી પર બેસીને, એ લ્હેરી થઇને ફરતો હતો. એ રાજા ઘરડો થતાં વૈરાગ્ય આવવાથી સાધુ થઇ ગયો અને તીર્થાટનના બહાને રામેશ્વરમાં આવી પહોંચ્યો. (૧૦૭-૧૦૮). બે સાધુએ એને આ પહેલાં, એ જ્યારે રાજા હતો ત્યારે એને જોયો હતો. (રાજા તરીકે હાથી પર ફરતો જોયો હતો.) પછી એને આ સાધુના વેશમાં (રામેશ્વરમાં) જોઇને એક સાધુએ બીજાને કહ્યું કે 'જો પેલો.' 'પેલો દેવદત્ત આ.' એ સાંભળીને પેલા સાધુને જોઇને એને એ જ રાજા તરીકે ઓળખ્યો. (૧૦૯-૧૧૦). 'પેલો' અને 'આ' (એકબીજાથી વિરૂદ્ધ પદો છે.) બંન્ને પદોનો આધાર 'દેવદત્ત' છે. 'પરોક્ષ' અને 'અપરોક્ષ' બન્નેનો એક જ સાર 'દેવદત્ત' છે. (૧૧૧). 'પેલો' એ પદ (શબ્દ)થી અહીં ભૂતકાળ અને સ્વદેશ સમજવાનું છે. (ઉજ્જૈનમાં રાજા હતો તે વાત.) અને 'આ' પદથી અત્યારનો (વર્તમાનકાળ) રામેશ્વરનો સાધુ સમજવાનો છે. (૧૧૨). 'પેલો' અને 'આ' પદના એકબીજાથી વિરુદ્ધ વાચ્યાર્થ છોડી દઇને 'દેવદત્ત નામની વ્યક્તિ' એવો ઉપાધિરહિત નિશ્ચલ લક્ષ્યાર્થ સમજવાનો છે. (૧૧૩). ઉજ્જૈન (અવંતિકા)ની યુવાની ક્યાં અને ત્યારનું રાજાપણું ક્યાં? અને રામેશ્વરનો આ વૃદ્ધ ક્યાં? અને ક્યાં આ સાધુપણાનો આનંદ? (૧૧૪). આમ છતાં લક્ષ્યાર્થ એવો દેવદત્ત એ એક જ વ્યક્તિ છે. એ જ રીતે દૃષ્ટાંતમાં જીવ અને બ્રહ્મને યથાર્થ રીતે સમજવું. (૧૧૫).

જીવ અલ્પજ્ઞ છે જ્યારે ઈશ્વર સર્વજ્ઞ છે. જીવ અપરોક્ષ છે જ્યારે ઈશ્વર પરોક્ષ છે. બન્ને વચ્ચેના વિરોધાભાસનો ત્યાગ કરવો. (૧૧૬). ત્વં પદનો (જીવનો) વાચ્યાર્થ જીવનું સુખ-દુ:ખ પણું, કર્તૃત્વ-ભોકતૃત્વપણું અને અપરોક્ષાદિપણું સૂચવે છે. (૧૧૭). દુ:ખાત્મક દેહ વગેરેથી ભિન્ન (જુદા) એવા સચ્ચિદાનંદ અને પ્રત્યક્ આત્મા 'ત્વં' પદનું લક્ષ્યાર્થ છે. (૧૧૮). તત્ પદનો વાચ્યાર્થ સર્વજ્ઞતાવાળો ઈશ્વર છે જે સનાતન બ્રહ્મ છે. (૧૧૯). સત્ય, જ્ઞાન, આનંદ, નિત્ય અને નિરંજન છે એ સનાતન બ્રહ્મ જ તત્ પદનો લક્ષ્યાર્થ છે. (૧૨૦).

વાચ્યાર્થમાં (શબ્દાર્થમાં) વિરોધાભાસ છે. પરંતુ એ (વિરોધાભાસ)માં અભિન્ન (એક જ) લક્ષ્યાર્થ રહેલો છે. અને એ અભિન્ન લક્ષ્યાર્થને લક્ષણાવૃતિથી આત્મ-ઐક્યાર્થે સમજવાનો છે. (૧૨૧). જહલ્લક્ષણામાં શબ્દ પોતાનો વાચ્યાર્થ છોડી દે છે. 'ગંગા પર ઘર'માં ગંગાનદીના કિનારે ઘર એવો અર્થ સમજવાનો છે. (૧૨૨). અજહલ્લક્ષણામાં શબ્દ પોતાનો વાચ્યાર્થ છોડતો નથી. વાચ્યાર્થ-પોતાના અર્થ ઉપરાંત બીજો વધારાનો પણ બોધ કરે છે. એ સમજવા એક દૃષ્ટાંત સાંભળ. (૧૨૩). 'રાખ ધાન ચકલા થકી' કહેવાથી અનાજનું ચકલાથી રક્ષણ કર એ અર્થ ઉપરાંત 'ઢોર' (પશુ)થી પણ રક્ષણ કર એવો બુદ્ધિમાન માણસ અર્થ સમજે છે. (જહદ્ એટલે છોડવું અને અજહદ્ એટલે છોડવું નહિ, અર્થ પકડી રાખવો.) (૧૨૪). બંને શબ્દોના વિરુદ્ધાંશ છોડી દઇને (જહદ્) સમાન લક્ષ્યાર્થ સાચવી રાખવો (અજહદ્) એવી લક્ષણાને જહદજહલ્લક્ષણા કહે છે અને તે અનર્થને દૂર કરે છે.[૭](૧૨૫). 'પેલો દેવદત્ત આ' એમાં ત્રીજી આ જહદજહલ્લક્ષણાનો ઉપયોગ કરવાનો છે. એ જ રીતે તત્ત્વમસિમાં તત્ અને ત્વંનો વિરુદ્ધાંશ છોડી દઇને એના અવિરુદ્ધ અંશ ધ્યાનમાં લેતાં વાક્યમાં ઐક્યપણુ જણાય છે અને જીવ બ્રહ્મ એક છે એ સમજાય છે. (૧૨૬-૧૨૭). હું અખંડ, નિશ્ચલ, સત્ય, અદ્વૈત, વિશુદ્ધ, આનંદ અને અમૃત સ્વરૂપ બ્રહ્મ છું એ સમજને યોગના અભ્યાસથી સ્થિર કરી, આ રીતે અખંડ પણે ધ્યાન કરતાં ચિત્ત અક્ષયધામ પામે છે. (૧૨૮-૧૨૯). અર્જુને કરેલા પ્રશ્નના સંદર્ભમાં આગળ ઉપર યોગીન્દ્રવર દત્ત

યોગામૃતનું રસપાન કરાવશે. (૧૩૦). આ અધ્યાયમાં ષડ્લિંગ વગેરે વર્ણવીને મહાવાક્યનું વિવરણ કર્યું છે જે જન્મમરણ ટાળે છે. (૧૩૧). શ્રીદત્ત એ કલ્પવૃક્ષ છે અને અર્જુન એ યાચક છે. જ્ઞાનના ઐશ્વર્યની સમૃદ્ધિનું રંગ શું વર્ણન કરી શકે? (૧૩૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મહાવાક્યવિવરણ'** નામનો **સત્તરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૭

(૧) આત્મા અને બ્રહ્મનું ઐક્ય સમજાવે તે વાક્યને મહાવાક્ય કહેવાય. વાક્ય બે પ્રકારના છે :

(૧) અવાંતર વાક્ય અને (૨) મહાવાક્ય.

અવાંતર વાક્ય એટલે એવું વાક્ય કે જેમાં બ્રહ્મ વિશે અથવા જીવ વિશે બોધ આપવામાં આવતો હોય. આમ બ્રહ્મ અથવા જીવ સ્વરૂપનો બોધ આપનાર વાક્યને અવાંતર વાક્ય કહેવામાં આવે છે. સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ। એ અવાંતર વાક્ય છે. કારણકે એમાં બ્રહ્મ વિશે જ કહેવામાં આવ્યું છે. એ જ રીતે ચ એષ હૃદ્યન્તર્જ્યોતિ: પુરુષ:। એ પણ અવાંતર વાક્ય છે. કારણકે એમાં જીવ વિશે જ કહેવામાં આવ્યું છે.

મહાવાક્યો પણ બે પ્રકારના છે. (૧) અનુભવ મહાવાક્ય અને (૨) બોધ મહાવાક્ય.

અનુભવ વાક્ય એટલે એવું મહાવાક્ય કે જેમાં વ્યક્તિ પોતાના અનુભવરૂપ કશું બોલે છે. એટલે જેણે અનુભવ કર્યો છે એ વ્યક્તિ પોતાના અનુભવ મુજબ જીવ અને બ્રહ્મનાં ઐક્ય વિશે બોલે છે અહં બ્રહ્માસ્મિ, અયમાત્મા બ્રહ્મ કે પ્રજ્ઞાનં એ આવા અનુભવ મહાવાક્ય છે. જ્યારે બોધવાક્યમાં ગુરુ (અનુભવ કરનાર) શિષ્યને (જેને અનુભવ નથી થયો) બ્રહ્મ અને જીવની એકતાના ઉપદેશરૂપ-બોધરૂપ કશું કહે છે અને આવા મહાવાક્ય દ્વારા ગુરુ શિષ્યને બ્રહ્મ-જીવની એકતાનો અનુભવ કરાવે છે અને તેથી એવા બોધવાક્યનું મહત્ત્વ ઘણું છે. સામવેદનું **'તત્ત્વમસિ'** એ આવું બોધવાક્ય છે અને એ સમજાવવાનો પ્રયત્ન શ્રીગુરુલીલામૃતના ૧૭માં અધ્યાયમાં ગુરુમહારાજે કર્યો છે.

(૨) ઋગ્વેદનું મહાવાક્ય **અહં બ્રહ્માસ્મિ** |
યજુર્વેદનું મહાવાક્ય **પ્રજ્ઞાનં બ્રહ્મ** |
સામવેદનું મહાવાક્ય **તત્ત્વમસિ** |
અથર્વવેદનું મહાવાક્ય **અયમાત્મા બ્રહ્મ** |

(૩) બ્રહ્મજિજ્ઞાસા પૂર્વે ચાર સાધનો સિદ્ધ કરવાં જોઇએ જેને સાધનચતુષ્ટય તરીકે ઓળખવામાં આવે છે. આ ચાર સાધનો એટલે (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) ષટ્સંપત્તિ (છ (ષટ્) સંપત્તિમાં શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન આવે.) અને (૪) મુમુક્ષુપણું. (મોક્ષ માટેનો તલસાટ).

વિવેક એટલે નિત્ય અને અનિત્ય વચ્ચેનો ભેદ સમજી, નિત્યને વળગી રહેવું. એક હાથમાં ઘીનો લોટો છે (આત્મા) અને બીજા હાથમાં છાસનો લોટો (શરીર) છે એમ માની એક લોટો ફેંકવો પડે એવી ઠોકર વાગે ત્યારે

છાસનો લોટો ફેંકી દેવાની જે સમજ છે તે જ વિવેક શક્તિ. દુ:ખરૂપ, અપવિત્ર અને ક્ષણભંગુર દેહને સુખરૂપ, પવિત્ર અને શાશ્વત માનવો એ જ અવિવેક. વૈરાગ્ય એટલે આલોક અને પરલોકના વિષયોને છોડી દેવાની વૃત્તિ. વિષયો પ્રત્યેનો સમજ પૂર્વકનો તિરસ્કાર. ષટ્સંપત્તિમાં મન ઉપર કાબુ મેળવવો તે શમ, ઇંદ્રિયો ઉપર કાબૂ (દેહ દમન) તે દમ, વિષયોમાંથી મનને વાળી લેવું તે ઉપરતિ, ઠંડી-ગરમી વગેરે દ્વંદ્વોને આનંદપૂર્વક સહી લેવા તે તિતિક્ષા, ગુરુવચનમાં વિશ્વાસ તે શ્રદ્ધા અને જે સમયે જે કાંઇ મળે તે બરાબર જ છે એવું સંતોષપૂર્વક માનવું તે સમાધાનનો સમાવેશ થાય છે. મુમુક્ષા એટલે મુક્તિ (મોક્ષ) માટે તરફડવું, તલસાટ અનુભવવો.

(૪) ગુરુ કેવો હોવો જોઇએ? જે સદાચરણમાં રચ્યો પચ્યો રહેતો હોય. ખોટું કરવાની વૃત્તિ નહીં એટલું જ નહિ, પણ સાચું કરવાની જ વૃત્તિ. આ સદાચરણ એ એનો સ્વભાવ બની ગયો હોય છે.એને માટે એણે પ્રયત્ન કરવો પડતો નથી. જ્ઞાનમાં પૂરો હોય એટલે શ્રુતિ અને સ્મૃતિ બંનેનું જ્ઞાન હોય. બ્રહ્મમાં નિષ્ઠ હોવો જોઇએ. બ્રહ્મજ્ઞ અને બ્રહ્મનિષ્ઠમાં ફેર છે. બ્રહ્મનિષ્ઠ વ્યક્તિ બહારથી ગમે તે કાર્ય કરતી હોય પણ મન તો બ્રહ્મમાં જ સ્થિર હોય અને જે નિજાનંદની મસ્તી માણતો હોય. નિજાનંદમાં મસ્ત હોય તેને આનંદ માટે બાહ્ય સાધનોની જરૂર પડતી નથી.

આડકતરી રીતે આપણને પૂ.બાપજીએ મોટી ચેતવણી આપી છે. ગુરુ કરતાં પહેલાં આ બધું ધ્યાનમાં રાખવાનું છે જેથી ગમે તેના ચરણમાં લોભ,લાલચથી માથું મૂકી મૂરખ ના બનીએ. આ દોહરો દીવાદાંડી સમાન છે.

(૫) અભ્યાસ એટલે એક જ કાર્ય, એક જ પ્રવૃત્તિ વારંવાર કર્યા કરવી. વારંવાર એકની એક વસ્તુ કરવાથી મનમાં સંસ્કારનું દઢીકરણ થાય છે અને પછી એ કાર્ય સહજતાથી, પ્રયત્ન કર્યા વગર થયા કરે છે. અહીં એક જ વાત સમજાવવા નવ ઉદાહરણો આપ્યાં છે તે અભ્યાસ કહેવાય.

(૬) તત્ત્વમસિમાં ત્રણ શબ્દો છે. તત્, ત્વમ્ અને અસિ. તત્ એ પરબ્રહ્મ વાચક શબ્દ છે. તત્ એ દૂરની વસ્તુનું સૂચક છે. ગીતામાં પણ પરબ્રહ્મનાં ત્રણ નામ આપ્યાં છે. તે છે ૐ, તત્ અને સત્. ત્વમ્ એ જીવસૂચક શબ્દ છે.

તત્ત્વમસિમાં મહત્ત્વનું પદ એ અસિ છે. ત્વમ્ એટલે કે તું-જીવ એ તત્-પરબ્રહ્મ છે (અસિ). એટલે જીવે શિવ થવાનું નથી. પણ પોતે શિવ જ છે એ સત્યતાને સમજવાની છે અને એને દઢ કરવાની છે, જીવનના વ્યવહારમાં ઉતારી બતાવવાની છે.

(૭) દરેક શબ્દને તેનો અર્થ સૂચવવાની શક્તિ છે જેને વાચ્યાર્થ કહેવામાં આવે છે. જ્યારે શબ્દ દ્વારા કોઇ બીજી જ વસ્તુનું સૂચન થતું હોય ત્યારે તેને લક્ષ્યાર્થ કહેવાય છે. આવી રીતે કહેવું એને લક્ષણા કહેવાય છે. "આ તો ધગધગતો અંગારો છે" એમ કોઇ વ્યક્તિ માટે કહીએ તો એનો લક્ષ્યાર્થ છે કે એ વ્યક્તિ બહુ ક્રોધી છે.

લક્ષણા ત્રણ પ્રકારની છે. જ્યારે શબ્દ પોતાનો અર્થ છોડી દે (જહદ્=છોડવું) અને બીજો જ અર્થ સૂચવે તો એને જહદ્લક્ષણા (જહલ્લક્ષણા) કહેવાય. જ્યારે શબ્દ પોતાનો અર્થ છોડે નહિ પણ રહેવા દે અને તદુપરાંત કાંઇ વધારાનું સૂચવે તો એ અજહલ્લક્ષણા (અજહદ્=છોડ્યા વગર) કહેવાય. અનાજને ચકલાં ખાઇ ન જાય એનું ધ્યાન રાખજે એટલે ચકલાં, કાગડા, કબૂતર કે પશુ પણ ખાઇ ન જાય એમ સમજવાનું. જ્યારે બન્ને શબ્દોના વિરૂદ્ધ અંશો છોડીને પોતાનો અર્થ સાચવી રાખે તો એને જહદજહલ્લક્ષણા કહે છે. એ વિરૂદ્ધ અંશ છોડે છે (જહદ્) પરંતુ પોતાનો અર્થ સાચવી રાખે છે, છોડતો નથી (અજહદ્) તેથી એને જહદજહલ્લક્ષણા (જહત્+અજહત્+લક્ષણા) કહે છે.

ત્વં એટલે અવિદ્યાથી વિંટળાયેલું ચૈતન્ય અને તત્ એટલે ઇશ્વરવેષ્ટિત ચૈતન્ય. આમાં ચૈતન્ય તો બંનેમાં છે જ. આમ ઇશ્વર સમર્થ છે, સર્વજ્ઞ છે પણ પરોક્ષ છે. જ્યારે જીવ પામર છે અને અલ્પજ્ઞ છે પણ પ્રત્યક્ષ છે. આવો વિરોધાભાસ દેખાય છે તે અવિદ્યા-માયાનું પરિણામ છે. એ બેને દૂર કરીએ તો બંનેમાં ચૈતન્ય જ જણાશે.

જીવ એ જ શિવ છે-આમ જીવ (ત્વમ્) શિવ (તત્) છે (અસિ). એણે કશું બહારથી પ્રાપ્ત કરવાનું નથી. એની પાસે જે છે તેને ઓળખવાનું છે. પેન્ટના પાછળના ખિસ્સામાં સ્કૂટરની ચાવી મૂક્યા પછી, બીજાં કામો કરવામાં એ વાત ભૂલી ગયા. એટલે મારી સ્કૂટરની ચાવી ખોવાઇ ગઇ એવો ભ્રમ ઊભો થાય. પેન્ટ સિવાય બીજે શોધવાથી જડતી નથી. પેન્ટના આગળના ખિસ્સા શોધતાં પણ જણાતી નથી. પછી કોઇ વૃદ્ધ વ્યક્તિ (સદ્‌ગુરુ) એમ કહે કે પાછળના ખિસ્સામાં તો નથી ને? ત્યારે પાછળનું ખિસ્સું જોતાં 'સ્કૂટરની ચાવી જડી' એવું આપણે કહીએ છીએ. હકિકતમાં ચાવી ખોવાઇ જ ન હતી. આપણી પાસે જ હતી. પણ આપણે એ વાત ભૂલી ગયા હતા. જે આપણી પાસે જ હતું તે મળ્યું-પ્રાપ્તસ્ય પ્રાપ્તિ-એમ વેદાંત સમજાવે છે.

આ બધી વાત વાંચવાથી લાભ નથી આપતી. એ પ્રમાણે જીવન જીવવાથી જ લાભકારક બને છે. આ માટે જ સાચા સદ્‌ગુરુની જરૂર પડે છે. નહિતર 'રામ રામ' નું રટણ કરતો પોપટ પણ બિલાડીને જોઇને ફડફડી ઊઠે છે.

●

અધ્યાય : ૧૮

આ અધ્યાયનું નામ **'અષ્ટાંગયોગકથન'** છે. એમાં **૧૨૦** દોહરા છે.

અર્જુનનો પ્રશ્ન છે કે મન ખૂબ ચંચળ છે તો એ કેવી રીતે સ્થિર થાય? એના જવાબમાં દત્તાપ્રભુ વૈરાગ્યની સમજ આપે છે. (૧-૪). અને પછી એને યોગાભ્યાસના યમ-નિયમો સમજાવે છે. (૫-૩૮). ત્યાર પછી આસનના પ્રકારો અને ક્યાં યોગાભ્યાસ કરવો જોઇએ એની સમજ આપે છે. (૩૯-૫૩). ત્યાર બાદ પ્રાણાયમનું મહત્ત્વ અને તેના અંગો પૂરક, કુંભક, રેચક સમજાવે છે. (૫૪-૮૪). ત્યાર પછી પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિની વિગતે સમજ આપે છે. (૮૫-૧૨૦).

અષ્ટાંગયોગ દ્વારા કેવી રીતે સાક્ષાત્કાર કરાય છે તેનું આમ આ અધ્યાયમાં કથન-વર્ણન આવે છે.

દત્તાપ્રભુનાં વચન સાંભળીને ધીરજવાન અર્જુન બોલ્યો કે, હે પ્રભુ ! આ ચિત્ત એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. તો કાંઇ કૃપા કરો. (૧). વાયુને રોકી શકાય, આકાશનું ખંડન કદાચ થઇ શકે, કે સમુદ્રના તરંગને બાંધી શકાય પરંતુ ચિત્તને વશ કરી શકાતું નથી. (૨). હે સ્વામી ! આ અતિ ચંચળ મન ઉપર વિજય મેળવવો ખૂબ મુશ્કેલ છે. એ કેવી રીતે શાંત થાય તે કહો. દત્તાપ્રભુએ કહ્યું કે વૈરાગ્યથી અને યોગાભ્યાસથી એ શાંત થઇ શકે છે.① (૩).

વિષયોમાં દોષો જોઇને તેને છોડી દેવાની જે બુદ્ધિ જન્મે છે તે વૈરાગ્ય જ મુક્તિનું કારણ છે એ તું શંકા કર્યા વિના સાંભળ. (સ્વીકાર). (૪). હવે હું તને યોગાભ્યાસ વિષે કહું છું. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એવાં યોગનાં આઠ અંગો છે એમ યોગીજનો કહે છે. (અષ્ટાંગયોગ). જયારે કેટલાક યમ અને નિયમને સ્વાભાવિક ગણીને એને છ અંગ વાળો (ષડંગ) પણ કહે છે. તો વળી કેટલાક સમાધિને ફળ (પરિણામ) ગણીને એના સાત અંગ છે એમ કહે છે. (૫-૭). સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ એવા સમાધિના બે ભેદ પૈકી કેટલાક સવિકલ્પ સમાધિને યોગનું અંગ ગણીને નિર્વિકલ્પ સમાધિને ફળ માનીને યોગના આઠ અંગો દર્શાવે છે. (૮).

સ્થાવર અને જંગમ એવાં, આત્માનાં, બે રૂપ છે. ત્યાં ઇશ્વરબુદ્ધિ રાખીને કોઇને પણ દુ:ખ આપવું નહિ. (૯). કોઇને પણ કાયા (શરીર), વાચા (વાણી) કે મનથી (વિચારમાં) જરા સરખું પણ દુ:ખ ન આપવું એને જ શ્રેષ્ઠ અહિંસા કહેવામાં આવે છે અને એ જ (દશ યમો પૈકીનો) પ્રથમ મહાન ધર્મ છે. (૧૦). જેવું હોય તેવું અને પ્રિય બોલવું એને જ **સત્ય** કહેવામાં આવે છે. (સત્ય કડવું હોતું નથી, એને કહેવાની રીત જ કડવી હોય છે.) બીજાનું તણખલું સરખું પણ ચોરવું નહિ. એને **અસ્તેય** કહેવામાં આવે છે. દરેક પ્રાણી પ્રત્યે લાગણી-કરુણા રાખવી એ **દયા** છે અને હંમેશ માટે મૈથુનનો ત્યાગ કરવો એ વ્રતોમાં મુકુટરૂપ એવું બ્રહ્મચર્ય છે. (૧૧-૧૨). હંમેશાં નિષ્કપટી થઇને રહેવું એને જ આર્જવ (સરળતા) કહેવામાં આવે છે. દુ:ખ વગેરે ક્રોધ કર્યા વગર (પ્રસન્ન મનથી) સહન કરવાં એને જ ક્ષમા કહેવામાં આવે છે. (૧૩). પોતાને નુકસાન થવા છતાં પણ મનમાં વિકાર (ખળભળાટ) ન થાય એને જ **ધીરજ** (ધૃતિ) કહેવામાં આવે છે અને શરીરને અનુકૂળ હોય (પથ્ય) તેવું પ્રમાણસર (મિત) જમવું એને જ **મિતાહાર** કહેવામાં આવે છે. (ઉપવાસ કરવો કે પેટ ભરીને

વધુ પડતું જમવું બંને સરળ છે, પરંતુ માપસર જમવાનો સંયમ રાખવો ખૂબ અઘરો છે.) (૧૪). પેટના બે ભાગો અન્નથી ભરી, ત્રીજો ભાગ જળથી ભરીને પેટનો ચોથો ભાગ સાધકે ખાલી રાખવો. (૧૫). પાણી અને માટીથી આ બાહ્ય શરીરને અને ધ્યાન દ્વારા અંતરને સાફ રાખવું એને જ **શૌચ** (પવિત્રતા) કહેવામાં આવે છે. આ દશ **યમ** છે એમ તું માન. (૧૬).

હે અર્જુન ! હું તને હવે દશ નિયમ કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. ચાંદ્રાયણાદિથી શરીરની શુદ્ધિ કરવી એને ઉત્તમ **તપ** ગણવામાં આવે છે. (૧૭). પ્રારબ્ધવશાત્ (નસીબમાં જે હોય તે) જે મળે તેમાં પ્રસન્નતા થવી એ જ સંતોષ છે અને વેદ તથા ગુરુના વાક્યમાં વિશ્વાસ રાખવો એને જ **આસ્તિક્ય** (શ્રદ્ધા) કહેવામાં આવે છે. (૧૮). વેદાંત ઇત્યાદિનો વિચાર કરવો એને જ ઉત્તમ **શ્રવણ** કહેવામાં આવ્યું છે અને યોગ્ય વ્યક્તિ માટે સ્વાર્થ જતો કરવો તેને જ ઉત્તમમાં ઉત્તમ **દાન** કહેવામાં આવ્યું છે. (૧૯). પ્રભુનાં ચરણમાં સર્વસ્વનું સમર્પણ કરવું એ જ સાચું **પૂજન** જાણ અને સત્કાર્યમાં હંમેશાં પ્રેમ રાખવો એને જ **નિર્મળ શ્રદ્ધા** ગણવામાં આવી છે. (૨૦). ખરાબ કાર્યોમાં શરમ આવવી એને જ તારી દેનારી હ્રીં કહેવામાં આવી છે. અગિયારસ વગેરે પવિત્ર દિવસે ઉપવાસ રાખવો એને જ **વ્રત** કહેવામાં આવે છે. વેદમાન્ય (વેદથી અવિરૂદ્ધ એટલે કે વિરૂદ્ધ ના હોય તે) એવો, ગુરુએ આપેલા મંત્રના નિત્ય અભ્યાસને **જપ** કહેવામાં આવે છે.ⓩ(૨૧-૨૨). મોટેથી બોલીને કરવામાં આવતો જપ એ જપનો હલકો પ્રકાર છે. હોઠ ફફડાવીને (ઉપાંશુ) જપ કરવો તે મધ્યમ પ્રકાર છે અને માનસિક રીતે (મનમાં ને મનમાં) જપ કરવો તે જપનો ઉત્તમ પ્રકાર છે. એમ બધાં જ શાસ્ત્રો કહે છે. (૨૩).

દેશ (સ્થળ), કાળ (સમય) અને જાતિથી અમર્યાદિત હોય તે ઉત્તમ છે અને આવા યમ-નિયમોનું પાલન-મહાવ્રતોનું પાલન-ઉત્તમ ફળ આપે છે. (૨૪). ગાય કે મનુષ્યને મારી નાખીએ તો એ હિંસા કહેવાય, પરંતુ એ સિવાય બીજાને (માંકડ, ચાંચડ કે સાપ, વીંછી) મારવા એ હિંસા ન કહેવાય આવી સમજ એ અહિંસાને-જાતિથી બદ્ધ કરે છે, મર્યાદિત કરે છે. (એટલે મહાવ્રત ના કહેવાય.) (૨૫). તીર્થક્ષેત્રમાં હિંસા કરીએ તો એનું પાપ લાગે, પરંતુ એ સિવાયના સ્થળે કરવામાં હિંસા નથી એવી સમજમાં અહિંસા સ્થળથી મર્યાદિત થાય છે. માટે તે મહાવ્રત નથી. (૨૬). તહેવાર (પર્વ) હોય ત્યારે કે શ્રાદ્ધના દિવસે કદી હિંસા કરવી નહિ એવી સમજમાં અહિંસા સમયથી મર્યાદિત થાય છે. (એટલે એ મહાવ્રત નથી.) (સાચી અહિંસા તેને કહેવાય કે કોઇને જ મારવું નહિ, કોઇ પણ સ્થળે મારવું નહિ કે કોઇ પણ દિવસે મારવું નહિ.)(૨૭). પ્રાણી માત્રને (માણસથી માંડીને મચ્છર સુધી) કોઇ પણ સ્થળે અને કોઇપણ સમયે જરા સરખી પણ પીડા આપવી નહિ એ જ સાચી અહિંસા છે અને એ જ મહાવ્રત છે. (૨૮).

આ રીતે દશ યમનું અને દશ નિયમનું પાલન કરવાથી અને એને સિદ્ધ કરવાથી તરત જ અપૂર્વ એવો લાભ આપે છે. (૨૯). આ રીતે અહિંસા હસ્તગત (સિદ્ધ) થાય એટલે એની પાછળ દયા અને ક્ષમા પણ સિદ્ધ થાય છે અને એને પરિણામે જીવો પરસ્પર વેરભાવ ત્યજીને (પ્રેમપૂર્વક) સાથે રહે છે. (૩૦). આને કારણે ઋષિના આશ્રમમાં વાઘ અને ગાય બન્ને સાથે રહે છે અને સાપ તેમજ ઉંદર, વેર વિનાના થઇને પ્રેમથી રમે છે. (૩૧). સત્ય અને આર્જવનું પાલન કરતાં ક્રિયાનુષ્ઠાન અને મંત્ર ફળે છે. વળી અસ્તેયનું પાલન કરવાથી પુષ્કળ ધન અને સંપત્તિ પામે છે. (૩૨). દાન, ધીરજ અને અપરિગ્રહ (કોઇ આપે તો પણ ન સ્વીકારવું.)નું પાલન કરતાં એને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે. બ્રહ્મચર્યનું સુસ્થિરપણે પાલન થતાં તરત જ વીર્યલાભ થાય છે. (૩૩). હ્રીં અને શૌચનું પાલન કરતાં પોતાના દેહ ઉપર જ અભાવ-ઘૃણા (ચિતરી ચઢવી) થાય છે અને અંતર શુદ્ધ થતાં ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. (૩૪). ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતી આવી અંત:કરણની શુદ્ધિ સાધક પ્રાપ્ત કરે છે. આ બધા પ્રકારની પવિત્રતા (શૌચ) પ્રાપ્ત કરવાથી આત્મદર્શન માટે સાધક યોગ્યતા પ્રાપ્ત

કરે છે. (આત્મદર્શન માટે યોગ્ય બને છે.) (૩૫). મિતાહાર (માપસરનું પથ્ય ભોજન), તપ અને વ્રત વગેરેથી દેહની અશુદ્ધિઓ નષ્ટ થાય છે અને કાયા તથા ઇંદ્રિયોની સિદ્ધિ મળે છે અને સંતોષમાં ઇષ્ટ સુખનો અનુભવ કરે છે. (૩૬). શ્રવણ અને આસ્તિક્યથી દેવનું સાનિધ્ય અનુભવાય છે. (દેવ મારી જોડે છે એમ લાગે છે.), શ્રદ્ધા, જપ અને પૂજનથી સમાધિની પ્રાપ્તિ થાય છે. (૩૭).

યમ અને નિયમો એ યોગાભ્યાસનો પાયો છે. જો એ મજબૂત નહિ હોય તો મૂઢ માણસ મહેનત કરી કરીને મરી જાય તો પણ યોગમાં આગળ વધી શકતો નથી (યોગમહેલ ચઢી શકતો નથી. મહેલ અનેક માળવાળો હોય છે, તેથી ધીરે ધીરે એક માળ પરથી બીજે માળ અને બીજે માળેથી ત્રીજે માળ ચઢવાનું હોય છે.) હવે પછી તું આસન વિષે સાંભળ. સુખપૂર્વક સ્થિરતાથી બેસી શકાય તે જ આસન છે. આવાં ચોર્યાશી આસનોમાં ચાર આસનો જ મુખ્ય છે એ નિર્વિવાદ (ચોક્કસ) વાત છે. (૩૮-૩૯). ઘૂંટણની વચ્ચે પગની પાની રાખીને ટટાર તેમજ સ્થિર (નિશ્ચલ) રીતે અંગો રાખીને બેસવામાં આવે તો તેને **સ્વસ્તિકાસન** (પહેલું આસન) કહેવામાં આવે છે. (૪૦). બીજું આસન **પદ્માસન** છે જેમાં ડાબી સાથળ ઉપર જમણો પગ અને જમણી સાથળ ઉપર ડાબો પગ ચઢાવીને શરીરના પાછળના ભાગથી હાથ દ્વારા અંગુઠાને પકડવાનો છે. જમણા હાથથી જમણા પગનો અંગુઠો અને ડાબા હાથથી ડાબા પગનો અંગુઠો પકડવાનો છે અને નાકના આગળના ભાગ ઉપર સ્થિર દૃષ્ટિ રાખવાની હોય છે. (૪૧-૪૨). આસનોમાં ઉત્તમ એવું **ભદ્રાસન** એ ત્રીજું આસન છે. બન્ને પગની એડીને ઉપસ્થ (પુરુષની ગુહ્યેંદ્રિય) અને ગુદાને જોડતી નસ ઉપર બંને પગની એડી મૂકીને ત્યાં બંને હાથ જોડીને રાખીને હંમેશા સ્થિર બેસે એને **ભદ્રાસન** કહેવામાં આવે છે. (૪૩). ગુહ્યાંગની ગોળી (અંડ)ની નીચે ડાબો પગ અને શિશ્ન (લિંગ) ઉપર જમણો પગ રાખીને હડપચીને હૃદયે લગાડીને, ભવ્ય દૃષ્ટિ રાખીને બેસે તો એને સિદ્ધાસન (ચોથું આસન) કહેવામાં આવે છે. આ સર્વોત્તમ આસન છે અને સિદ્ધ પુરુષો એ આસન સિદ્ધ કરે છે. મૂળ બંધ, જાલંદર બંધ અને ઉડ્ડિયાન બંધ એમ ત્રણે બંધને સાધીને સિદ્ધો સમાધિમાં જાય છે. (૪૪-૪૫). એક જ આસન ઉપર લાંબા સમય સુધી થાક ના લાગે એ રીતે (પ્રસન્નતાપૂર્વક) બેસી રહેવાને આસન સિદ્ધિ કહેવાય છે અને તે રોગને દૂર કરે છે. (લાંબો સમય એટલે સામાન્ય રીતે ત્રણ કલાક સુધી.) (૪૬).

જ્યાં સહેજ પણ ઉપદ્રવ (ત્રાસ) થતો ન હોય કે ઘોંઘાટનો ત્રાસ ન હોય એવા એકાંત અને પવિત્ર સ્થળે યોગનો અભ્યાસ કરવો. (૪૭). જે વ્યક્તિ ખૂબ ખાતો હોય કે વધારે પડતા ઉપવાસ કરતો હોય, અજગરની જેમ ઊંઘ્યા કરતો હોય કે જાગરણ કર્યા કરતો હોય તેને માટે હે અર્જુન ! આ યોગાભ્યાસ દુષ્કર છે. યોગ્ય પ્રમાણમાં આહાર-વિહાર કરનાર માટે એ સુખકારક અને સારુ કરનાર (એનું ભલુ કરનાર) છે. (**અતિશયં સર્વત્ર વર્જયેત્**- બધે જ આ પાર કે પેલે પાર એવી આત્યંતિક વૃતિ છોડીને વચ્ચેનો રસ્તો પકડવો- ખાયા જ કરવું કે ઊંઘ્યા જ કરવું એ ખોટું છે. તે જ રીતે ઉપવાસ પર ઉપવાસ કર્યા કરવા કે રાતોની રાત જાગ્યા કરવું એ પણ ખોટું છે.) (૪૮-૪૯). સ્થાનની પવિત્રતા જોઇને સુંદર મઠ બનાવવો. નાનું બારણું રાખીને મઠમાંના ખાડો, દર અને છિદ્રો પૂરી દેવા. (એવી ગુફા બનાવવી) (૫૦). હાથથી લીંપણ (છાણ તથા માટીથી લીંપવું) ગુંપણ કરીને, મઠને સારી રીતે સ્વચ્છ કરવો અને મઠની પાસે અગ્નિ, પાણી કે ભેખડ ન હોય તેનું ધ્યાન રાખવું. આ બધી વસ્તુથી નિશ્ચિંત થઇને, સાત્ત્વિક ભાવથી સદ્‌ગુરુને અને ઇષ્ટદેવને પગે લાગીને સાધકે યોગાભ્યાસ માટે બેસવું. (૫૧-૫૨).

સૌથી નીચે દર્ભનું આસન પાથરવું. એના પર કાળા હરણનું પહોળું ચામડું પાથરવું અને સૌથી ઉપર મુલાયમ સળંગ વસ્ત્ર (ફાટેલું નહિ હોય તેવું) પાથરવું. (૫૩). કમર, છાતી અને માથાને સીધાં (ટટાર) રાખીને આમ તેમ જોયા વગર દૃષ્ટિ નાકના આગળના ભાગ પર રાખવી. (૫૪). બધી ચિંતા છોડી દઇને ધીરજ રાખીને બેસવું અને મકકમ નિશ્ચય કરીને (દૃઢ મનોબળથી) પ્રાણાયામ કરવાની શરૂઆત કરવી. (૫૫). જેમ જેમ પ્રાણની ગતિ વધતી જાય તેમ તેમ મનની ચંચળતા પણ વધતી જાય છે અને ચિત્તની ચંચળતા વધતાં તે જ ક્ષણે પ્રાણની ગતિ પણ વધી જાય છે. (૫૬). માટે પ્રાણ અને ચિત્ત (મન) બંને પૈકી એકના પર કાબૂ મેળવીને બન્ને પર કાબૂ મેળવવો (બંનેને શાંત કરવા-સ્થિર કરવા.) અને એ જ સમાધિનું શ્રેષ્ઠ સાધન છે એવું ધૈર્યવાન યોગી જાણે છે. (૫૭). પ્રાણ ઉપર વિજય મેળવવાની સાથે જ મન ઉપર પણ વિજય પ્રાપ્ત થાય છે. એકને કાબૂમાં લેતાં બન્ને કાબૂમાં આવે છે એવું યોગશાસ્ત્રનું પ્રમાણ છે. (૫૮). નવે દ્વારો રોકવાથી પ્રાણ વશ થાય છે. વૈરાગ્ય વગર ચિત્ત કદી પણ વશ થતું નથી. (૫૯). ચંચળ મન તરત જ ઇન્દ્રિયોના સમૂહને આકુળ વ્યાકુળ (અસ્થિર) કરે છે. બળ વાપરવાથી (બળજબરીથી) એ રોક્યું રોકાતું નથી અને માણસ અધવચમાં થાકી જાય (કંટાળી જાય) છે. (૬૦). આને કારણે પ્રાણાયામ વગેરેથી ચંચળ મનને જીતવાનું હોય છે. એનાથી ચંચલ મન પણ જલદીથી સારી રીતે સ્થિર (એકદમ શાંત) થાય છે. (૬૧).

આ ચંચળ મનને કોઇ સગુણ ધ્યાનથી અને કોઇ વળી જપથી વશ કરે છે. જો મન બ્રહ્મરસનું એ રસાયણ પીએ તો ઠરે ઠામ (શાંત) થાય. (૬૨). ડાબા નસકોરા (નાસાપુટ)માં ઇડા નાડી વહે છે. ચંદ્ર એનો દેવતા છે અને શુભ કાર્યો એમાં સિદ્ધ થાય છે. (૬૩). જમણા નસકોરામાં પિંગલા નાડી વહે છે. તેનો દેવતા સૂર્ય છે અને તેનાથી ઉગ્રકાર્યો સિદ્ધ થાય છે. (૬૪). આ બે નાડી વચ્ચે સુષુમણા નામની ત્રીજી નાડી વહે છે જે બ્રહ્મરંધ્રમાં જાય છે અને દેવકાર્ય સિદ્ધ કરે છે. (૬૫). આ નાડીના મૂળમાં, સર્પાકારે કુંડલિની રહેલી છે જે સુષુમણા નાડીનું મુખ બંધ કરીને નિશ્ચેષ્ટ થઇને રહેલી છે. (૬૬). પ્રાણના ઉત્ક્રમણના રસ્તાને રોકીને એ ત્યાં પડી છે અને એ દુષ્ટ કુંડલિની સુષુમણામાં પ્રાણને ઉપર જવા દેતી નથી. (પ્રાણ સુષુમણામાં જઇ શકે એટલા માટે) એને જાગ્રત કરવાની રહે છે. (૬૭). અભ્યાસ કરવાથી એ ફુત્કાર (ફુંફાડો મારીને) કરીને તરત જ ત્યાંથી ખસે છે. પછી યુક્તિથી પ્રાણ ઉપર ચઢે છે અને ચિત્ત સ્થિર થાય છે. (૬૮). ડાબો અપાન અને જમણો પ્રાણ જાણવો. બંને સમાન થાય તેને સુષુમણા કહેવામાં આવે છે. (૬૯).સોળમાત્રાથી શ્વાસ લેવો (પૂરક), ચોસઠ માત્રાથી શ્વાસને રોકી રાખવો (કુંભક) અને બત્રીસ માત્રાથી શ્વાસ છોડવો (રેચક). આ પ્રકારનો પ્રાણાયામ એ ઉત્તમ પ્રાણાયામ છે. (૭૦). ઈડાથી (ડાબા નસકોરાથી) શ્વાસ લેવો (પૂરક). એનાથી ગુદા સંકોચાય (મૂલબંધ થાય) છે. કુંભકના અંતે કંઠમાં કંઠ સંકોચાય (જાલંદર બંધ થાય) છે. પિંગળા (જમણા નસકોરાથી)થી શ્વાસ છોડવો (રેચક). એ દ્વારા પેટને અંદર ખેંચવાનું રહે (ઉડ્ડિયાન બંધ થાય) છે. ધીમે ધીમે આ રીતે (પૂરક-કુંભક-રેચક) કરી પછી તેનાથી ઉલટું કરવું. (એટલે જમણા નસકોરાથી શ્વાસ લેવો, શ્વાસ રોકવો અને ડાબા નસકોરાથી શ્વાસ છોડવો.) (૭૧-૭૨). જે નસકોરા (નાડી)થી શ્વાસ (પ્રાણ) લે તે જ નસકોરા (નાડી)થી શ્વાસ છોડવો નહિ. યોગ્ય રીતે થતો પ્રાણાયામનો અભ્યાસ બધા જ પાપ (અઘ) અને દુ:ખ (અક, ક = સુખ, અક = સુખ નહિ તે એટલે દુ:ખ) દૂર કરે છે. (૭૩).

શ્વાસ બહાર છોડીને પેટને ખાલી કરવું એ (કેવળ કુંભકમાં) પૂરક છે, શ્વાસને ત્યાં જ થંભાવી દેવો એ કુંભક છે. પછી ધીમે ધીમે શ્વાસ અંદર લેવો તે રેચક છે. એ સાધીને કેવળ કુંભક કરવામાં આવે છે. (કેવળ કુંભકમાં પહેલા શ્વાસ

કાઢવો, હવે શ્વાસ નીકળી ગયા પછી શ્વાસ લીધા) વગર થોભવું એ કુંભક છે અને પછી શ્વાસ લેવો તે રેચક છે. પ્રાણાયામમાં શ્વાસ લીધા પછી એ પ્રાણને - લીધેલા શ્વાસને રોકવાનો છે. જ્યારે કેવળ કુંભકમાં શરીરમાંથી શ્વાસ કાઢ્યા પછી થોભવાનું છે. અહીં કુંભકમાં ખાલી પેટે, શ્વાસ લીધા વિના રહેવાનું છે. (૭૪-૭૫).③

જેમ જેમ પૂરક અને રેચકની માત્રા વધતી જાય તેમ તેમ બધી નાડી શુદ્ધ થવા માંડે છે. અને બધી નાડી શુદ્ધ થતાં ચિત્ત પણ ઠરે છે-શાંત થાય છે. (૭૬).વાત, પિત્ત અને કફ એ ત્રણેના દોષ સારી રીતે ક્ષીણ થતાં જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને રોગ નાશ પામે છે. (૭૭). કનિષ્ઠ (હલકા-અધમ) પ્રકારના પ્રાણાયામથી ખૂબ પરસેવો (ઘર્મ) છૂટે છે. મધ્યમ પ્રકારના પ્રાણાયામથી શરીરના બધાં અંગોમાં ખૂબ કંપારી થાય છે અને ઉત્તમ પ્રાણાયામથી પ્રાણ તરત જ બ્રહ્મરંધ્રમાં જઇને ત્યાં ઠરે છે. પછી શ્વાસોચ્છશ્વાસ બંધ થાય છે અને આખું શરીર નિશ્ચેષ્ટ (જડ) બની જાય છે. આ સ્થિતિમાં ધીર યોગી મેઘનાદ જેવી ગર્જના સાંભળે છે. (૭૮-૮૦). જો નાડીની શુદ્ધિ ન થાય તો પછી કુંડલિની જાગ્રત થતી નથી અને સુષુમ્ણામાં પ્રાણ કીડીની (પિપીલિકાવત્) જેમ ચઢતો નથી. (૮૧). આવું થાય તો બધી મહેનત નકામી છે એમ જાણીને વધારે પ્રયત્ન કરવો. પ્રાણની ઉર્ધ્વગતિ થવાથી બધો ત્રાસ મૂળમાંથી દૂર થાય છે. (૮૨). જો શરીરમાં ચરબી (મેદ) અને કફ (શ્લેષ્મ) વધારે પ્રમાણમાં હોય તો ષટ્ક્રિયાનો વિશેષ અભ્યાસ કરવો. (ષટ્ક્રિયામાં બ્રહ્મ દાતણ, નેતિ, ધોતિ વગેરે છ ક્રિયા કરી નાડી શુદ્ધ કરવાની હોય છે.) અથવા વધારે પ્રમાણમાં પ્રાણાયામ કરવાથી પણ નાડી શુદ્ધ થાય છે અને અમુક રીતે આસન કરવાથી પણ નાડી શુદ્ધ થાય છે. (૮૩-૮૪).④ જપ-ધ્યાન વગેરે વિનાનો પ્રાણાયામ નિર્બિજ પ્રાણાયામ કહેવાય છે જ્યારે ધ્યાન-જપ વગેરે સાથેનો પ્રાણાયામએ સબીજ પ્રાણાયામ કહેવાય છે. (૮૫). સબીજ પ્રાણાયામ ઉત્તમ પ્રાણાયામ ગણાયો છે. કારણ કે એનાથી યોગીનો પ્રાણ જલદીથી બ્રહ્મરંધ્રમાં ગતિ કરે છે અને સમાધિનો લાભ મળે છે. (૮૬). રોજ રોજ પાંચ પાંચથી પ્રાણાયામમાં વધારો કરીને એંશી સુધી પહોંચવું અને આવી રીતે રોજ ચાર વાર પ્રાણાયામ કરવો આ પ્રમાણે ત્રણ માસ સુધી દઢ નિશ્ચયથી પ્રાણાયામનો અભ્યાસ કરતાં સુષુમ્ણા નાડીનો માર્ગ બધી રીતે ખાસ પ્રકારે શુદ્ધ થાય છે. (૮૭-૮૮). આનાથી કુંડલિની ચોક્કસપણે જાગ્રત થાય છે અને સુષુમ્ણા દ્વારા પ્રાણ ઊંચે ચઢે છે. એનાથી છ (ષટ્) ચક્રો ભેદાય છે અને મહાનગ્રંથીઓ તૂટે છે. (છ ચક્રોના નામ છે: મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક: મહાનગ્રંથીઓ ત્રણ છે. બ્રહ્મગ્રંથી, વિષ્ણુગ્રંથી અને રુદ્રગ્રંથી) (૮૯). નાભિમાં રહેલા અગ્નિને ત્યારે સંકોચવો (આકુંચન) અને તર્જની આંગળીને નાભિ (ડૂંટિ) પર રાખીને રોજ ત્રણવાર થોડીવાર માટે પગને હાથથી પકડીને મનને સ્થિર (નિશ્ચલ) રાખીને રોજ આઠ ભસ્રા કરીને તાડન કરવું. (મારવું.) (૯૦-૯૧). લય વિક્ષેપનો ત્યાગ કરીને સ્વસ્વરૂપનું અનુસંધાન કરવાથી પ્રાણની ઉર્ધ્વગતિ થાય છે અને મન ઉન્મની બને છે. (૯૨). બ્રહ્મરંધ્રમાં બાર દિવસ સુધી નિશ્ચલ (સ્થિર) રૂપથી પ્રાણ ઠરે તો એ નિર્વિકલ્પ સમાધિ શ્રેષ્ઠ સમાધિ ગણાય છે. (૯૩). નિશ્ચયપૂર્વક પ્રાણ ઉપર કાબૂ મેળવી મનથી ઇંદ્રિયોને પોતાના વિષયોમાંથી પાછી ખેંચવી. (૯૪). આળસ છોડીને વારે ઘડી આ અભ્યાસ કરવાથી પ્રત્યાહાર સિદ્ધ થાય છે અને કોઇપણ પ્રકારનો જરા સરખો ત્રાસ રહેતો નથી. (૯૫). જેમ કાચબો પોતાને આધીન પોતાના અંગોને અંદર ખેંચી લે છે તેમ યોગીઓ પોતાને વશ એવી બધી ઇન્દ્રિયોને અંદર ખેંચી લે છે. (૯૬). કદાચ ઇન્દ્રિયો પાછી પોતાના વિષયોમાં દોડે તો એને ફરી પાછી ખેંચી લે છે. આ રીતે બધી ઇન્દ્રિયો પોતાને વશ થતાં એ માણસ સ્થિતપ્રજ્ઞ થાય છે. (૯૭). પ્રજ્ઞા સુસ્થિર થવાથી બધી જ વિષયેચ્છા જતી રહે છે. અને બધી સિદ્ધિઓ દાસી થાય છે. આવા ધીર યોગિશ્રેષ્ઠને ધન્ય હો. (૯૮). આવો આ પ્રત્યાહાર સિદ્ધ કરીને પછી હે અર્જુન ! સગુણ અને નિર્ગુણ એવી બન્ને પ્રકારની

ધારણા તરત જ કરવી. (૯૯). વારે વારે અભ્યાસથી ચિત્તને એક જ સ્થળે રોકી રાખવાની ક્રિયાને ધારણા કહે છે. (૧૦૦). પોતાના ચિત્તને આત્મસ્વરૂપ (સ્વસ્વરૂપ)માં સ્થિર કરવું. જો વિક્ષેપને કારણે ન ઠરે તો વારંવાર પ્રયત્નો કર્યા કરવા. (૧૦૧). જો મન નિર્ગુણમાં સ્થિર ન થતું હોય (ઠરતું ન હોય) તો પછી સગુણમાં સ્થિર કરવું. ગંભીરતાપૂર્વક પ્રયત્નો કરીને મનને લક્ષ્યમાં લાવીને સ્થિર કરવું. (૧૦૨). (દત્તાપ્રભુ કહે છે કે) હું નિર્ગુણરૂપ હોવા છતાં ભક્તોની રક્ષા કરવાને માટે આવું અનુપમ (અજોડ) રૂપ ધારણ કરીને સગુણ બન્યો છું. (૧૦૩). મારી સુંદર મૂર્તિ અતિશય આનંદ આપનારી (આસ્ચેનક) છે. એ જોતાં આંખડી ધરાતી નથી અને એના એક એક અંગ પણ એવાં જ સુંદર છે. (૧૦૪). વારે વારે એ સગુણ સ્વરૂપમાં એ રીતે ધારણા કરવી. એના પરિણામે ત્યાં ચિત્ત સારી રીતે સ્થિર થાય, પછી એ સરળતાથી નિર્ગુણમાં સ્થિર થશે. (૧૦૫). ધ્યાન શરૂ થાય તે પહેલાં ધારણા કરવાની હોય છે અને પછી ધ્યાનની વિસ્મૃતિ થાય તેને જ યોગીઓ સમાધિ કહે છે. આ ધારણા, ધ્યાન અને સમાધિ ત્રણે અખંડ- સળંગ-છે. (૧૦૬). ધારણા સિદ્ધ કર્યા પછીથી ધ્યાન કરવામાં આવે છે. સગુણનું ધ્યાન અને નિર્ગુણનું ધ્યાન એવા ભેદથી ધ્યાનના બે પ્રકાર છે. (૧૦૭). પોતાની જાતી-એક જાતની (આત્માની) વૃત્તિનો તેલની ધારાની જેમ એકરસ અખંડ પ્રવાહ વહે તે જ નિર્મલ ધ્યાન ગણાય છે.[૫] (૧૦૮). ધ્યાન કરનાર (ધ્યાતા), જેનું ધ્યાન કરવામાં આવે તે (ધ્યેય), અને એ અંગેનો અભ્યાસ (ધ્યાન) જ્યાં સુધી અલગ રહે ત્યાં સુધી ધ્યાન કરે છે એવું કહેવાય એવું યાગિજનો માને છે. (૧૦૯). અભ્યાસ થતાં થતાં ચિત્ત સ્થિર થઇ જાય અને ધ્યાન કરનારનું મન, પવન વિનાના સ્થળે રાખેલા દિવાની જેમ ધ્યેયાકારમાં સ્થિર થાય અને ધ્યાનને ભૂલી જાય એ જ સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે અને એ જ યાગોભ્યાસના મહેલનું શિખર (ટોચ) છે. માત્ર ધ્યેય જ બાકી રહે છે અને ચિત્તનો પણ વિલય થઇ જાય છે. (૧૧૦-૧૧૧). દેહનું ભાન રહે નહિ અને અંદર-બહારનું જ્ઞાન પણ રહેતું નથી. મન જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર થઇ જાય છે જેને ઉન્મની અવસ્થા કહેવામાં આવે છે. (૧૧૨). આત્મા આત્માને જોઇને આત્મામાં જ વિલીન થઇ જાય છે અને આત્યંતિક (અતિશય) આનંદ અનુભવતાં વાસના ક્ષીણ થઇ જાય છે. (૧૧૩). એને નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે અને ત્યાં ધર્મનું અમૃત વરસે છે. એને યોગીઓ ધર્મમેઘ કહે છે. આનાથી મુમુક્ષુને સંતોષ (ધરપત) થઇ જાય છે. (જે જોઇતું હતું તે મળ્યુ એમ થાય.) (૧૧૪). જીવ અને બ્રહ્મને એક કરીને, એમના વિયોગનું ભયંકર દુઃખ દૂર કરનાર યોગ એ શ્રેષ્ઠ વસ્તુ છે. (યોગ એ **યુજ્** ધાતુ પરથી બનેલો શબ્દ છે જેનો અર્થ થાય છે જોડવું.) (૧૧૫).

આ સાંભળીને અર્જુનને આનંદ થયો અને પગે લાગીને બોલ્યો કે હે પ્રભુ ! મારા મનમાં એક શંકા ઊઠે છે તો આપ તેનું નિવારણ કરો. (૧૧૬). જો યોગથી આત્મસાક્ષાત્કાર થતો જ હોય તો પછી મહાવાક્ય (તત્ત્વમસિ)નું વિવરણ (વિચાર) શા માટે કરવું જોઇએ? આ બેમાં સાચું શું તે એક વાત નિશ્ચિતરૂપથી કહો. (૧૧૭). આ બધું અટપટું (ન સમજાય તેવું, ગૂંચવાડો કરે તેવું) જણાય છે. મને એ પૈકી એક વાત વિવેકસભર કહો જેથી ચિત્ત ભ્રાંતિ વિનાનું થઇને સ્થિર થાય અને અંતે વિલિન થાય. (૧૧૮). અર્જુનની આ શંકા સાંભળીને દયાળુ દત્તાપ્રભુ બોલ્યા તે વાત અલખ નિરંજનને આગળ ઉપર વિસ્તારથી કહેશે. (૧૧૯). આ અધ્યાયમાં યોગનું વિવરણ કર્યું (યોગ વિશે સમજાવ્યું). શ્રદ્ધાપૂર્વક એ સાધના કરવાથી રંગ કહે છે કે ભય ક્યાંથી રહી શકે? (૧૨૦).

શ્રી દત્તાપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અષ્ટાંગયોગકથન'** નામનો **અઢારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૮

(૧) મન એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તે સારું છે. એ 'ચલ' રહે ત્યાં સુધી સારું, પણ ચંચળ બને તે ખોટું. ગીતામાં પણ ભગવાન કૃષ્ણ અર્જુનને ચંચલ ચિત્તને 'ચલ' કરવાનું કહે છે. આને માટે અભ્યાસ અને વૈરાગ્ય બે સાધનો છે. વૈરાગ્ય એટલે વિષયોમાં દોષનું દર્શન કરી એનો ત્યાગ કરવાની વૃત્તિ, બુદ્ધિ અને અભ્યાસ એટલે એકની એક ક્રિયા વારેવારે કર્યા કરવી જેથી દૃઢ સંસ્કાર પડે.

(૨) જપની વ્યાખ્યા સમજવા જેવી છે. એ પ્રમાણેનો જપ જ ફળદાયી નીવડે છે. જે મંત્રનો જપ કરવાનો હોય તે મંત્ર ગુરુએ ઉપદેશેલો હોવો જોઇએ. વળી ગુરુએ આપેલો મંત્ર વેદ સાથે સંમત થાય એવો હોવો જોઇએ. અહીં સાચા ગુરુનું મહત્ત્વ છે. વેદથી વિરુદ્ધનું કરવાનું કહે એવા ગુરુ ન હોવા જોઇએ અને આ મંત્રનો નિત્ય અભ્યાસ કરવો જોઇએ. એક આસન, એક સમય અને એક સ્થળનો આગ્રહ રાખવો જોઇએ.

(૩) શ્વાસ લેવો (પૂરક), શ્વાસ રોકવો (કુંભક) અને શ્વાસ છોડવો (રેચક) એ પ્રાણાયામનો અભ્યાસ છે. જ્યારે કેવળ કુંભક્માં પૂરક, કુંભક, રેચકના અર્થો જુદા છે. કેવળ કુંભકમાં પહેલા શ્વાસ બહાર કાઢીને પેટ ખાલી કરવાનું છે. એને પૂરક કહે છે. ત્યાર પછી શ્વાસને થંભાવી દેવાનો છે. પેટ ખાલી છે, અંદર શ્વાસ નથી અને બહારથી લેવાનો પણ નથી. આને કુંભક કહે છે. આ કુંભકમાં પ્રાણાયામના કુંભકની જેમ લીધેલો શ્વાસ રોકવાનો પ્રશ્ન જ નથી. ત્યાર પછી ધીરે ધીરે શ્વાસ લેવો એને રેચક કહે છે. આમ કેવળ કુંભક્માં શ્વાસ બહાર કાઢી પેટ ખાલી કરવું, પછી શ્વાસને થંભાવવો અને છેલ્લે શ્વાસ લેવો.

(૪) નાડી શુદ્ધ કરવા માટેની ષટ્ક્રિયામાં ધૌતિ, બસ્તી, નેતિ, નૌલિ, ત્રાટક અને કપાલભાતી એવી છ ક્રિયા કરવાની હોય છે.

(૫) આત્માના વિધેયાત્મક અને નિષેધાત્મક લક્ષણોનો સતત પ્રવાહ, સતત વિચાર એટલે સજાતીય વૃત્તિનો તેલની ધાર જેવો પ્રવાહ. આત્મા સત્ય છે, જ્ઞાન સ્વરૂપ છે, શાંત છે, પરબ્રહ્મ છે, શુદ્ધ છે, બુદ્ધ છે એ બધા વિધેયાત્મક ગુણ છે. એટલે કે આત્મા શું છે તેનો વિચાર છે. આત્માને સ્પર્શ કરી શકાય નહિ, શબ્દથી સમજાવી શકાય નહિ, દ્વૈત નથી, એને રૂપ નથી, એને હાથ નથી, એને પગ નથી વગેરે નિષેધાત્મક લક્ષણો છે, આત્માને શું નથી એ વિચાર છે.

●

અધ્યાય : ૧૯

આ અધ્યાયનું નામ **'યોગચર્યાદિકથન'** છે. આ અધ્યાયમાં **૧૩૦** દોહરા છે.

આ અધ્યાયમાં દત્તાપ્રભુ અર્જુનને અષ્ટાંગ યોગની ક્રિયાને ધ્યાનમાં રાખીને કહે છે કે આવી ક્રિયા કરવાથી કલ્પે પણ ભ્રાંતિ ટળતી નથી. આ ક્રિયાની પાછળ જે જ્ઞાન રહેલું છે તે ધ્યાનમાં રાખીને જીવવાનું છે તો જ સંસારનો રોગ દૂર થાય છે. સ્થૂલ ક્રિયાયોગને બદલે સૂક્ષ્મ જ્ઞાનયોગની સમજ આપી છે. (૧-૩). અષ્ટાંગ યોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિનો સાચો અર્થ શું થાય તે સમજાવે છે. દા.ત. પ્રાણાયામમાં પૂરકમાં શ્વાસ લેવો, કુંભકમાં શ્વાસ રોકવો અને રેચકમાં શ્વાસ છોડવો. આ ક્રિયા થઇ. એની પાછળ સમજવાનું એવું કે બુદ્ધિથી ચિદાત્માનું અંતરમાં ગ્રહણ કરવું તે પૂરક. આ સમજને સ્થિર કરવી તે કુંભક અને નામ તેમજ રૂપ એવું આ જગત માયિક છે એનો ત્યાગ કરવો તે રેચક અને તેથી અષ્ટાંગ યોગ સાથે મહાવાક્ય વિવરણ પણ જરૂરી છે. (૪-૪૦). આત્મસાક્ષાત્કાર વિશેની સમજ આપીને કહ્યું કે આ દુર્ગમ માર્ગ છે અને દેવ તથા ગુરુની સંપૂર્ણ કૃપા હોય તો જ નિર્વિઘ્ને પતે છે. (૪૧-૬૦). સિદ્ધિઓ વિઘ્ન ન કરે તેનું ધ્યાન રાખવું અને યોગીએ કેવી રીતે જીવન જીવવું તે અંગે સમજાવ્યું છે. (૬૧-૮૦). અર્જુનને આશીર્વાદ આપતાં કહ્યું કે તું આ જન્મે જ મોક્ષપદ પામીશ. (૮૧-૮૬).

ભગવાનનાં આવાં વેણ સાંભળીને અર્જુને સ્તુતિ કરી અને જગદીશ અને જગત વિષેનું વર્ણન કર્યું. (૮૭-૧૦૪). પછી દત્તાપ્રભુએ એને ગુફામાં યોગાભ્યાસ કરવાનું કહ્યું. પહેલા ત્રણ દિવસ, પછી બાર દિવસ અને અંતે ત્રણ મહિના સમાધિમાં બેસી એણે પોતાના અનુભવની વાત દત્તાગુરુને કહી. (૮૭-૧૩૦).

દત્ત ભગવાન બોલ્યા કે, હે રાજા ! તું એક વાત સાંભળી લે, કે કેવળ ક્રિયાયોગ કરવાથી કલ્પે પણ ભ્રાંતિ ટળતી નથી અને મુક્તિ મળતી નથી. (કેવળ ક્રિયા કરનારને કર્મઠ કહેવાય.) (૧). જ્ઞાન વિના મોક્ષ નથી એ સત્ય વચનનો તું સ્વીકાર કરી લે. હે સમજુ (અર્જુન) ! કેવળ ક્રિયાયોગ કરવાથી મનને શાંતિ મળતી નથી. (૨). તું યોગ યોગ શું કરે છે? બ્રહ્મ અને આત્માનું ઐક્ય થવું એ જ યોગ છે. (**યુજ્** =જોડવું.) જ્ઞાનયોગ સભર અષ્ટાંગયોગ જ જન્મ મરણનો ફેરો (સંસૃતિ રોગ) ટાળે છે.(૧)(૩).

આ શરીર વગેરે બધું મિથ્યા છે એમ નિશ્ચયપૂર્વક જાણીને દેહ, ઇંદ્રિય અને તેના વિષયો પ્રત્યે ઉદાસીન રહેવું એ જ **યમ** છે. (જીવનમાં ઉદાસ ન થવું, ઉદાસીન થવું.) (૪). સ્વાત્મા એક અને નિર્મળ છે અને એ કેવળ બ્રહ્મ સ્વરૂપ છે એવું જાણી એ આત્મામાં પ્રેમ કેળવવો એને જ હે રાજા ! નિયમ કહેવાય છે. (આપણે તો દેહને આત્મા માનીને જીવીએ છીએ. એટલે એ ભ્રમણા દૂર કરવા સાધના કરવી પડે.) (૫). બહારના વિષયો પ્રત્યે વૈરાગ્ય (ઉદાસીનતા) કેળવીને અંતરમાં દૃષ્ટિ સ્થાપવી એને જ હે જ્ઞાની રાજા ! તું **આસન** સમજ. (૬). મોર અને કુકડાની માફક (મયૂરાસન કે કુક્કુટાસન) બેસવાથી જ જો મુક્તિ મળતી હોત તો તો પછી આ મોર અને કુકડા-પ્રાણીજાત રડી રડીને મરી જાત જ નહિ (સાધક તો ત્રણ કે છ કલાક મયૂરાસન કે કુક્કુટાસન કરે જ્યારે આ પ્રાણીજાત તો ચોવીસે કલાક આજ આસનમાં

જીવે છે ને ! છતાં એનો ક્યાં ઉદ્ધાર થાય છે? (શું કરો છો એના કરતાં શું સમજીને કરો છો એ જ મહત્ત્વનું છે.) (૭). ચિદાત્માનું બુદ્ધિથી અંતરમાં ગ્રહણ કરવું એને જ પૂરક કહેવામાં આવે છે. અને એ સમજનું-એ તત્ત્વનું સ્થિરીકરણ કરવું એને જ તું કુંભક જાણ. (૮). આ નામ તેમજ રૂપ એવું જગત માયાવી છે અને તેનો ત્યાગ કરવો એને જ રેચક કહેવામાં આવે છે. આ ત્રણ અંગવાળો પ્રાણાયામ તને સાચા અર્થમાં સમજાવ્યો. હે અર્જુન ! હવે તું સાવધાન થા (જાગ) અને એ રીતે વર્તજે. (ઊઠ.) (૯). કેવળ નસકોરાને ત્રાસ આપવાથી અને પ્રાણ (વાયુ)ને અવરોધવાથી જ જો માણસ મુક્તિ પામતો હોત તો એ શ્રવણનો શ્રમ નાહકનો શું કામ ઊઠાવે? (૧૦). માટે જ ત્યાં સબીજ પ્રાણાયામ ઉત્તમ ગણાય છે જેનાથી મન સ્થિર થાય છે અને માણસ જ્ઞાની થઇને નિર્વાણપદ (મોક્ષને) પામે છે. (૧૧).

વિષયોને ગ્રહણ કરવા એ ઇંદ્રિયોનો સ્વભાવ જ છે. આ વાતને સમજીને સદ્ધને વિષયાધ્યાસથી દૂર રહેવું. આવી અનાસક્તિ કેળવવી એને જ **પ્રત્યાહાર** જાણવો. મનમાંથી અસંભાવના વગેરેના દુષ્ટ ખ્યાલો જેનાથી દૂર થાય છે તે સ્વાત્મામાં નિષ્ઠા રાખવી એ જ ધારણા છે. (આને માટે વૃતિને સ્વસ્વરૂપ પ્રત્યે વાળવી પડે છે.) (૧૨-૧૩). નાભિ વગેરેમાં ચિત્તબંધની ક્રિયા આમ ભલે લાભકારક નિવડે પરંતુ હે અર્જુન ! એનાથી તો કલ્પના અંતે પણ મુક્તિ તો ના જ મળે. (ક્રિયાયોગ લાભકારક છે. પરંતુ મુક્તિ અપાવનાર નથી.) (૧૪). હું (અહં) બ્રહ્મ છું (બ્રહ્માસ્મિ) એવી વૃત્તિનો અખંડ પ્રવાહ એ જ **ધ્યાન** છે. અને ત્યાં માયાને કારણે થતા વિકારનું અને મૂર્તિ વગેરેનું તોફાન ચાલતું નથી. (માયાનું કાંઇ ઉપજતું નથી.) (૧૫). જેમ માણસ અજ્ઞાનતાને કારણે 'હું દેહ છું' (દેહાત્મ બુદ્ધિ ધરાવવી) એવું માને છે તેમ જ્ઞાન થયા પછી એ ચોકકસપણે એવું માને છે કે હું બ્રહ્મ છું અને એક પરાત્મા છું. (૧૬). જ્ઞાનને કારણે દેહાત્મબુદ્ધિ દૂર થાય છે અને આત્મબુદ્ધિ સ્થિર થાય છે. હે ધૈર્યવાન અર્જુન ! આને જ સમાધિ કહેવાય. (૧૭). માટે હઠાભ્યાસથી કે પ્રાણાયામથી મનને સ્થિર કરીને મહાવાક્યનો વિચાર કરવો. (૧૮).

ગુરુના શ્રીમુખે મહાવાક્યનું જે શ્રવણ કર્યું હોય તેનું પછી શ્રદ્ધાપૂર્વક મનન કરવું. (૧૯). વેદને માન્ય હોય (વેદથી અવિરૂદ્ધ) એવી યુક્તિથી, પરમાત્માનું એક વૃત્તિથી અખંડપણે ચિંતન કરવું એને જ સર્વોત્કૃષ્ટ (ઉત્તમમાં ઉત્તમ) મનન કહ્યું છે. પછી નિદિધ્યાસ, ધ્યાન અને સવિકલ્પ સમાધિને સાધક સાધે છે. (૨૦-૨૧). વિજાતીય અને દ્વૈત વગેરે જે વૃત્તિના અનુભવ છે તેનો ત્યાગ કરીને, સજાતિય અને અદ્વૈતનું પ્રવાહીકરણ (સતત ચિંતન)ને સ્વીકારવું. (૨૨). આત્માના બે પ્રકારના ગુણો કહ્યા છે. એક વિધેયાત્મક અને બીજા નિષેધાત્મક. એના ધ્યાનથી નિર્ભય થઇને માણસ નિર્વાણ પામે છે. (વિધેયાત્મક એટલે આત્મા અંગે હકારાત્મક ખ્યાલો અને નિષેધાત્મક એટલે આત્મા અંગે નકારાત્મક ખ્યાલો.) (૨૩). આત્મા સત્ય છે, જ્ઞાન સ્વરૂપ છે, પ્રશાંત છે, પરબ્રહ્મ છે, શુદ્ધ અને બુદ્ધ છે એ બધા વિધેયાત્મક ગુણ છે. (૨૪). આત્માને સ્પર્શ કરી શકાતો નથી, એને શબ્દાદિથી જાણી શકાતો નથી, એ બે નથી (અદ્વય છે.), એને રૂપ નથી (અરૂપ), એને હાથ (પાણિ) કે પગ (પાદ) વગેરે અવયવો નથી. આ નિષેધાત્મક ગુણ છે. (૨૫). આ બન્ને ગુણો આત્માના સજાતીય ગુણો છે એ નકકી છે. એનું સુખપૂર્વક તેલની, અખંડ ધારાની જેમ ચિંતન કરવું. (૨૬).

ષડ્‌લિંગ દ્વારા તત્ત્વમસિ વાક્યનો જે અર્થનો નિર્ણય થાય તેનો લક્ષ્યાર્થ ચિત્તામાં પવિત્રપણે સ્થિર થાય. (૨૭). આ લક્ષ્યાર્થ મનન અને ધ્યાન વગેરેથી યોગીના શ્વાસેશ્વાસમાં અખંડપણે સુદૃઢ થાય છે એ નકકી છે. (૨૮). 'હું - આત્મા એ પરબ્રહ્મ છું' અને અખંડ એકરસનું સ્થાન છે. એ કેવળ સચ્ચિદાનંદ સ્વરૂપ છે,શુદ્ધ છે, બુદ્ધ છે અને

એનામાં કોઇ ઇચ્છા નથી. એવી વૃત્તિનું અખંડ મનન થવાથી ધ્યાતા અને ધ્યાન વિલય પામે છે અને અંતે મન ધ્યેયાકાર અને નિર્ભય થઇને રહે છે. આજ નિર્વિકલ્પ સમાધિ છે જે મૂળ અજ્ઞાનને હરી લે છે અને વાસનાના જંગલને બાળી નાંખીને પ્રારબ્ધ ઉપર અંકુશ મેળવે છે. (૩૦-૩૧). સર્વ વ્યાપી જે ચૈતન્ય છે અને જે સ્વયં પ્રકાશનારો છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ એકમાત્ર અને અદ્વૈત ત્યાં જણાય છે. (૩૨). આનો સાક્ષાત્કાર થતાં, યોગી બહારનું અને અંદરનું કશું જ જાણતો નથી અને એ પણ ચૈતન્યમય જ થઇ જાય છે. (૩૩). સૂર્યકાન્તમણિનો ઉપયોગ કરવાથી સૂર્યના કિરણોના પ્રતિબિંબથી રૂ સળગી ઊઠે છે અને સ્વયં અગ્નિરૂપ થાય છે તેવું જ અહીં પણ થાય છે. (રૂ ઉપર સૂર્યના કિરણોને સૂર્યકાન્ત મણિમાંથી પસાર કરીને પાડીએ તો રૂ સળગી ઊઠે છે.) (૩૪). આ પ્રમાણે મનોવૃત્તિ પોતે બ્રહ્માકાર થઇને અજ્ઞાનરૂપી અંધારું હરી લે છે અને તે બ્રહ્મમય થઇને રહે છે. (૩૫). એનાથી કાર્ય સહિત અજ્ઞાનનો નાશ થાય છે. અને ત્યાં એક અને અદ્વૈત એવું નિરંજનરૂપ બ્રહ્મ જ રહે છે. (૩૬). જેમ ગંદા પાણીમાં ફટકડી (કલ્ક) નાંખવાથી, ફટકડી પાણીને નિર્મળ કરીને પોતે એ જળમાં લીન થઇ જાય છે તેમ સ્વયં વૃત્તિ પણ કાર્ય સહ અજ્ઞાનનો નાશ કરીને સ્વાત્મામાં વિલીન થઇ જાય છે. (૩૭). જેમ ઘડો ફૂટવાથી એ ઘડામાં રહેલું અવકાશ (ઘટાકાશ) મહાકાશ (મહા અવકાશ) થઇ જાય છે તેમ અજ્ઞાનરૂપી ઉપાધિનો નાશ થતાં જીવ બ્રહ્મ થઇ જાય છે. (૩૮).

ઉપાધિનો (અજ્ઞાનનો) નાશ થવાથી પ્રતિબિંબ પોતે બિંબ બની જાય છે. એ જ રીતે ચૈતન્યના પ્રતિબિંબ સમાન જીવ પણ સ્પષ્ટપણે ચૈતન્ય (બ્રહ્મ) બની જાય છે. (૩૯). બહારની જે અજ્ઞાત વસ્તુ હોય છે તેને ઇંદ્રિય, મન અને બુદ્ધિ વગેરેથી જાણી શકાય છે પરંતુ અંતરમાં રહેલું જે સ્વયં જ્યોતિ સ્વરૂપ ચિદ્‌ઘન બ્રહ્મ છે તેને મન-બુદ્ધિ જાણી શકતાં નથી અને ત્યાં જોનારો (દ્રષ્ટા) કે જોવાની વસ્તુ (દ્રશ્ય) હોતાં નથી તો એને કોણ જાણે અને કેવી રીતે જાણે એવી શંકા જો તારા મનમાં ઊઠે તો તને એક વાત કહું તે તું હે સમજુ ! સાંભળ. આપણું મોં આપણા મોંને જોઇ શકતું નથી, માટે તેને જોવા માટે દર્પણ (અરીસો) લાવીને બતાવતાં તેમાં સુંદર મોં જુએ છે. દર્પણની અંદર પડતા પ્રતિબિંબને જોતાં તરત જ આનંદ થાય છે. (૪૦-૪૩). પરંતુ જડ દર્પણ (આયનો) એ મુખને શું જાણી શકે? એને શું સમજ પડે? પરંતુ મોં જ પોતાના પ્રતિબિંબને જુએ છે. એ જ રીતે આ બ્રહ્મ - અને - આત્માની શોધ છે. (૪૪). જો દર્પણ મેલું હોય તો મોંનું પ્રતિબિંબ પણ મેલું જ દેખાય છે. અને જો દર્પણમાં તિરાડ (ચિરાડો), ફાટ હોય તો મોં ઉપર પણ તિરાડ દેખાય છે. (મોં મેલું નથી કે એના ઉપર ચિરાડો પડયો નથી પણ અરીસાની જેવી સ્થિતિ હોય તેવું પ્રતિબિંબમાં દેખાય છે.) (૪૫). જો આયનાને (ચાટલું) સ્વચ્છ કરવામાં આવે તો મુખ પણ સ્વચ્છ દેખાય છે. એ જ રીતે બુદ્ધિનો મેલ દૂર કરતાં સ્વાત્માનું દર્શન થાય છે. (એટલે બુદ્ધિરૂપી અરીસામાં આત્માનું પ્રતિબિંબ પડે છે. જેવી બુદ્ધિ તેવું પ્રતિબિંબ.) (૪૬). દર્પણ ઉપર ચઢેલા મેલની જેમ બુદ્ધિ પર ચઢેલા મેલને યોગાદિથી ધોઇ નાંખતાં (સાફ કરતાં) સમ્યક્ (યોગ્ય પ્રકારે) રીતે દર્શન થાય છે. (૪૭). બ્રહ્મનું બુદ્ધિમાં પડેલું પ્રતિબિંબ જ જીવ તરીકે ઓળખાય છે અને અજ્ઞાત વસ્તુને જોવા માટે ઇંદ્રિયોને મદદરૂપ બને છે. (૪૮). અંધારામાં રહેલા ઘડાને જોવા માટે દીવાની અને આંખની એમ બંનેની જરૂર પડે છે પરંતુ અંધારામાં દીવો જોવા માટે ફક્ત આંખની જ જરૂર પડે છે, બીજી વસ્તુ જરૂરી નથી. એ જ રીતે સ્વાત્મનાં દર્શન માટે પણ અહીં ફક્ત બુદ્ધિવૃત્તિની જ જરૂર રહે છે. એને વૃત્તિ વ્યાપ્યત્વ કહેવામાં આવે છે. જ્યારે બાહ્ય વિષયો વિષે ચિદાભાસ (ફલ) વ્યાપ્યત્વ કહેલું છે. (૪૯-૫૦). સ્વાત્મા જ સ્વાત્માને જુએ છે. એમ હે સમજુ ! તું સમજ. સ્વાત્માને જોવા માટે ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરેની જરૂર પડતી નથી એમ વેદ-ઉપનિષદ (શ્રુતિ) કહે છે. (૫૧). જેમ (સળગતા) દીવાને જોવા માટે દીવાની જરૂર

પડતી નથી તેમ સ્વયં પ્રકાશક આત્માને જોવા માટે અન્યની જરૂર પડતી નથી. (૫૨). ખાસ કરીને બુદ્ધિ વૃત્તિથી જ આડું આવતું અજ્ઞાન નાશ પામે છે. અને શ્રવણ વગેરે એના માટે જ કરવાનાં હોય છે. (૫૩).② જ્યારે એ બ્રહ્માકાર વૃત્તિ સ્વસ્વરૂપમાં લીન થાય છે ત્યારે તેને નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે. ત્યારે બીજા કશાનું ભાન રહેતું નથી. (૫૪). બ્રહ્મ તો અખંડ અને એકરસ છે. ત્યાં એના સિવાય બીજું કંઇ જરા સરખું પણ હોતું નથી. એમાં આરૂઢ થયા પછી તેનું જરા સરખું પણ પતન થતું નથી. (૫૫). સ્વાભાવિક નિદ્રામાં સ્વસ્વરૂપનું જ્ઞાન રહે છે (અને તેથી જ ઘસઘસાટ ઊંઘમાં આનંદનો અનુભવ થાય છે.), પરંતુ જાગ્રત અવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં એ જ્ઞાન પાછું મૂળ વૃત્તિ સમાન થાય છે. (ઘસઘસાટ ઊંઘમાં થતું જ્ઞાન જાગ્રત અવસ્થા થતાં જતું રહે છે તેથી એ સામાન્ય જ્ઞાન છે.) (૫૬). આવું સામાન્ય જ્ઞાન અજ્ઞાનને દૂર કરતું નથી. આવું સામાન્ય જ્ઞાન સૂર્યના તડકાની માફક અજ્ઞાનનું અવિરોધી છે. (વિરોધ કરનારું નથી, દૂર કરનારું નથી.) (૫૭). રૂઉને તડકામાં મૂકવાથી સૂર્યના તાપથી તે સળગી ઊઠ્તું નથી. પરંતુ જો સૂર્ય અને રૂઉની વચ્ચે સૂર્યકાંતમણિ રાખવામાં આવે તો સૂર્યનો તાપ હવે રૂ ને સળગાવી મૂકશે. (૫૮).③ હું અદ્વૈત બ્રહ્મ છું એવા વૃત્તિજ્ઞાનથી પળવારમાં અજ્ઞાન દૂર થાય છે. પરંતુ સામાન્ય જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થતો નથી. (૫૯).

યોગનો આ માર્ગ ખૂબ જ કપરો છે. દેવની અને ગુરુની સંપૂર્ણ કૃપા હોય તો જ આ અભ્યાસ વિઘ્ન વગર પૂર્ણ થાય છે. (૬૦). આ અભ્યાસ કરતાં રસ્તામાં વિઘ્ન કરે એવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. એ જ વખતે જે ધીરજ ધરીને અને સાવધાન થઇને એના મોહમાં નથી પડતો (મારે એને લાત) એ જ સાક્ષાત્ મુક્તિને પામે (વરે) છે. (૬૧). અણિમા વગેરે (અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિતા અને વશિતા એવી અષ્ટ સિદ્ધિઓ) સિદ્ધિઓમાં જે લપટાઇ જાય છે (મોહ પામે છે) તે ભલે સમૃદ્ધિવાન (ભૌતિક સમૃદ્ધિવાળો) થાય, પરંતુ મોક્ષનું સુખ તે ગુમાવે છે. (૬૨). સિદ્ધિનું ફળ નશ્વર છે જ્યારે મોક્ષ તો નિશ્ચલ છે. માટે સાવધાન થઇને પ્રયત્નપૂર્વક સાધના કરવી જોઇએ. (૬૩).

નિદ્રામાં ચિત્ત લીન થતાં જ તેને ત્યાં જાગ્રત કરવું. જો ચિત્ત વિષયોથી વિક્ષિપ્ત થાય તો તેને તરત જ શાંત કરવું. (૬૪). જ્યારે ચિત્ત રાગ અને દ્વેષથી વ્યાકુળ થાય ત્યારે તેનો (રાગ-દ્વેષનો) વિવેકથી ત્યાગ કરીને સ્વસ્થ થવાથી એને છટકી જવાની તક મળતી નથી. (૬૫). પછી સમાધિસુખમાં પણ એ કોઇ દિવસ આસકત થતો નથી. જ્ઞાનથી નિ:સંગ થઇને એ સુસ્થિર રહે છે. (૬૬). અભ્યાસથી, પવન વિનાના સ્થળે રહેલા દીવાની જેમ, ચિત્ત સ્થિર થતાં વૃત્તિઓ એકદમ શાંત થાય છે અને યોગી કૃતકૃત્ય થઇ જાય છે. (૬૭). હૃદયગ્રંથીઓ (બ્રહ્મ ગ્રંથી, વિષ્ણુ ગ્રંથી અને રુદ્ર ગ્રંથી) તૂટી જાય છે અને બધા સંશયો દૂર થાય છે. બધા કર્મો ક્ષીણ થઇ જાય છે અને શોક તેમજ ભય ટળી જાય છે. (૬૮). જ્ઞાન થતાંની સાથે જ સંચિત અને ક્રિયમાણ નાશ પામે છે. તેમ છતાં પ્રારબ્ધ તો યોગીએ ભોગવવાનું રહે છે. પરંતુ એ તો જીવન્મુક્ત બનીને ભોગવે છે. (૬૯). જેમ સાપ પોતાની કાંચળીનું અંતરમાં જરા સરખું પણ અભિમાન નથી રાખતો તેમ આત્મામાં જ વિશ્રાંતિ પામેલા જ્ઞાનીને શરીરનું સહેજ પણ અભિમાન હોતું નથી. (જેટલી સહજતાથી ને સરળતાથી સાપ પોતાની કાંચળી ઉતારી નાંખે છે તેટલી જ સહજતાથી જ્ઞાની શરીર છોડી દે છે.) (૭૦).

યોગની આ ભૂમિકાને પ્રાપ્ત કરીને યોગી અસંગ રહીને મોહ પામેલ (મુગ્ધ) અને અંધ વગેરેની જેમ વર્તાને પ્રારબ્ધ ભોગવે છે. (૭૧). બધી જ ઇંદ્રિયો તાકાતવાન હોવા છતાં વિષયો ભોગવવામાં એ નિદ્રામાં રહેલા માણસની જેમ (અલિપ્ત-પણે) વર્તે છે. તેથી એને મોહ પામેલ (અજ્ઞાની) જાણ. (૭૨). બેસતાં, ઊઠતાં અને ચાલતાં જેની દૃષ્ટિ ચાર હાથથી વધારે દૂર જતી નથી એ શૂર (તાકાતવાન) યોગી આંધળાની જેમ વર્તે છે. (૭૩). મીઠું (પ્રશંસા) કે કડવું

(ટીકા-ટીપ્પણી-નિંદા), સારું કે ખરાબ એવું સાંભળવા છતાં યોગી સાંભળતો નથી. એટલે એને બહેરો જ જાણ. (કોઇ વખાણ કરે કે ટીકા કરે તેની કોઇ અસર થતી જ નથી.) (૭૪). એ માપસરનું (જરૂરી હોય તેટલું જ), હિતકારક અને સત્ય હોય તે જ બોલે. સારું અને નરસું (કદ્) અન્ન ખાતાં કદી પણ ના વખાણ કરે કે ના વખોડ કરે. એવો એ જીભના સ્વાદ વિનાનો અને અનાસકત હોય છે. (૭૫). ઝાડો-પિશાબ કરવા પૂરતું કે ભિક્ષા પૂરતું એ બહાર જાય. એ સિવાય બહાર નીકળતો નથી, ફરતો નથી. એ અર્થમાં તે પાંગળો છે. (૭૬). બે દિવસની નાની બાળકી હોય, ભર જોબનવાળી તરૂણી હોય કે વૃદ્ધા હોય એ બધાને એક સરખી દષ્ટિથી જુએ છે અને અંતરમાં ચલાયમાન થતો નથી. એવો એ નિર્વિકારી હોય છે. એ અર્થમાં હે અર્જુન ! એને નિશ્ચિતપણે નપુંસક માન. (૭૭-૭૮). આવી યોગચર્યા સ્વીકારીને એ સાવધાની પૂર્વક વર્તે છે અને હંમેશાં આત્મદષ્ટિથી અંતર્નિષ્ઠ રહે છે. (૭૯). આવો જીવન્મુકત સ્મશાનમાં રહે, લોકોની વચ્ચે રહે કે જંગલમાં એકલો રહે પરંતુ એ નિર્ભય છે અને બીજાને તારનારો છે એમાં કોઇ શંકા નથી. (૮૦).

મેં તને યોગ વિષે જે, આ બધું કહ્યું તે તું પણ શ્રદ્ધાવાન અને વિનમ્ર હોય તેવા સત્પાત્રને કહેજે. (ગમે તેને કહીશ નહિ પણ યોગ્ય વ્યકિતિ હોય-(સત્પાત્ર હોય) તો તેને જરૂર કહેજે.) (૮૧). જે મારો અનન્ય ભકત છે, જેને સોનું અને માટી બંને સરખા છે, જે વિષયો પ્રત્યે સમજપૂર્વક વિરકત (ઉદાસીન) રહે છે, જે હિંસા વગેરે દુર્ગુણો ત્યજીને હંમેશાં મને ભજે છે એવો યોગી મને પ્રાણથી પણ પ્રિય છે. અને બધામાં એ મને સૌથી વધારે પ્રિય છે. (૮૨-૮૩). હે રાજા ! તું પણ મારો એકનિષ્ઠ અને સુભકત છે. તારી વૃત્તિ હંમેશાં મારા ચરણમાં જ આસકત રહે છે. (૮૪). તું વિષયો પ્રત્યે અનાસકત છે, તારું અંત:કરણ નિર્મળ છે અને ચિત્ત શુદ્ધ છે, તેમજ તું નિ:સંગ છે તેથી જ મેં તને આ યોગ કહ્યો છે. (૮૫). આ યોગનો યથાસાંગ અભ્યાસ કરીને તું આ જન્મે જ મારી કૃપાથી મોક્ષ પામીશ અને મારું સાયુજ્ય પામીશ. (ભગવાન પ્રસન્ન થાય તો ભકતને પોતાના ધામમાં રાખે (સાલોક્ય.), અથવા પોતાની નજદિક રાખે (સામીપ્ય), અથવા પોતાની જોડે-ભેગો રાખે (સાયુજ્ય) અથવા એને પોતાનું સ્વરૂપ આપી દે (સારૂપ્ય). અર્જુનને સાયુજ્ય મુકિતિ આપી છે.) (૮૬).

ભગવાનના આ વચનો સાંભળીને અર્જુને વંદન કર્યાં અને આંસુભરી આંખે અને ગદ્‌ગદિત વેણથી એ પ્રાર્થના કરવા લાગ્યો ! (૮૭).

ગીત (પ્રાર્થના)

સચ્ચિત્સુખનું મૂળ કારણ જોતાં ખૂબ આનંદ થયો. માયાના કાવતરા રૂપ પાપ અને તાપ પળવારમાં સંતાઇ ગયાં, મોહ અને શોક મનમાં ગભરાયાં, દુ:ખ અને દૈન્ય કયાંય પણ જણાયાં નહિ. (૧). જ્ઞાનરૂપી સૂર્ય અંતરમાં ઉગ્યો અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કર્યો. એની ઓથે રહેલો પ્રિયતમ નજરે ચઢ્યો. પરમાત્માને ધન્ય છે. (૨). જંગલમાં આ મંગલમય પરમાત્માના દર્શનથી ક્ષણવારમાં જન્મો જન્મની ભૂખ ભાગી ગઇ અને આધિ, ઉપાધિ પળવારમાં નાસી ગઇ. હે ભગવાન ! હું તમને પ્રણામ કરું છું. (૩). જેને સત્પુરુષોનું વૃંદ (સમૂહ-ટોળું) સેવે છે એવું તારું નામ સાંભળીને હું અહીં દોડીને આવ્યો, જોતાની સાથે જ તારા ચરણ કમળમાં લપટાઇ ગયો અને (એ ચરણકમળની) એની દિવ્ય સુગંધમાં મન ખૂબ લલચાઇ ગયું. (૪).

હે નિર્વિકલ્પ પરમાત્મા (રંગ) !

હું જન્મો જનમ તારી સેવા માંગુ છું. તારો પ્રેમ-અમૃત એ અક્ષયરૂપ મેવા છે. જે માણસ એ ચાખે છે તે એના આનંદનો અનુભવ વર્ણવી શકતો નથી. (૫).

* * *

તરત જ ગુફામાં ગયો. (૧૦૮-૧૦૯). ઝડપથી આસન સિદ્ધ કરીને પ્રાણાયામથી શ્વાસોચ્છવાસને જીતીને સુસ્થિર થયો.(૧૧૦). કુંડલીની જાગ્રત થઇ અને તેથી ષટ્ચક્ર ભેદાતાં શુષુમ્ણાનું દ્વાર (સુષુમ્ણા નાડીનું મુખ) ખૂલી ગયું અને પ્રાણ બ્રહ્મરંધ્રમાં સ્થિર થતાં પ્રાણ-અપાનનો ભેદ જતો રહ્યો. ચિત્ત સ્થિર થયું (ઇંદ્રિયની ચંચલતા વિનાનું.) અને એ રીતે સમાધિમાં ત્રણ દિવસ પસાર કર્યા. (૧૧૧-૧૧૨). પછી એ પાછો યોગાભ્યાસમાં બેઠો. તરત જ ચિત્ત સ્થિર થયું અને એ સંપૂર્ણ સમાધિ બાર દિવસ સુધી રહી. (૧૧૩). વળી પાછો અભ્યાસથી ત્રણ માસ સમાધિમાં રહ્યો. એમાંથી ઉત્થાન થતાં ગુરુ પાસે આવીને એને વંદન કર્યા. (૧૧૪). દત્તપ્રભુએ અર્જુનને પ્રેમથી આલિંગન આપીને પૂછયું કે હે અર્જુન ! તને ત્યાં (સમાધિમાં) શું અનુભવ થયો તે બોલ. આ સાંભળીને શિષ્ય મૌન (ચૂપ) રહ્યો. (૧૧૫).

દત્તપ્રભુને વંદન કરીને એ તરત જ બોલ્યો કે, હે ગુરુનાથ ! હું શું બોલું? આકાશમાં આકાશની જેમ બધે જ સાક્ષાત્ હું જ હતો. (૧૧૬). જયારે વૃત્તિ શૂન્ય અનુભવ થયો ત્યારે અનુભવ કરનાર અને અનુભવ એ બે જુદા ન હતા. હવે એનું વર્ણન કોણ કરે? (૧૧૭). તો પણ વૃત્તિનું ઉત્થાન થવાથી એ બધું યાદ આવે છે. એ અનુવૃત્તિનું પરિણામ છે. એ તો ગુરુદેવની બલિહારી છે. મારું ચિત્ત તો ત્યારે એકદમ સ્થિર હતું. (૧૧૮). એવી સ્થિતિમાં જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિનું નામ નિશાન ન હતું. ઇન્દ્રિયો બધી જડ (નિશ્ચેષ્ટ) હતી અને કેવળ સ્વાત્મારામ જ હતો. (૧૧૯). પહેલાં જે મન ઉદ્વિગ્ન રહેતું હતું તે હવે સ્વસ્વરૂપમાં જોડાઇ ગયું-લીન થઇ ગયું અને સંકલ્પો ભાગી જતાં મન પરમાનંદમાં ડૂબી ગયું. (૧૨૦). એ આનંદનું હું શું વર્ણન કરું? દેહભાન હતું નહિ. ત્યારની સ્થિતિ કેવળ અવાચ્ય (કહી ન શકાય) હતી. હું પાંગળું અનુમાન કરું છું. (૧૨૧). પ્રારબ્ધવશાત્ આમ દેહભાન આવ્યું છે તો પણ તારા ચરણે હોવાથી કોઇ પ્રકારનું નુકસાન નથી. મને એજ આનંદધામ તારા ચરણમાં પણ જણાય છે. (૧૨૨). અંદર અને બહાર બધે તું જ સત્ય, જ્ઞાન, અને આનંદરૂપે રહે છે. એને જોતા ત્રિતાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ) ટળે છે અને પાપ-વિકાર ટળી જાય છે. (૧૨૩). આ સ્વાત્માનંદને છોડીને મન બીજે ક્યાંય જવા ઇચ્છતું નથી. એની આગળ રાજયના સુખની પણ શી વિસાત? એ પણ ગરીબડું જણાય છે. એમાં કોણ આસકત થાય? (૧૨૪). તારી કૃપાથી આત્મા વ્યાપક છે અને તું એક જ સગુણ અને નિર્ગુણ છે એ અક્ષય તત્ત્વ જાણ્યું. (૧૨૫). એમ કહીને ફરી ફરીથી તેમને વંદન કરવા લાગ્યો અને પ્રભુના ચરણમાં આળોટવા લાગ્યો. (૧૨૬).

દત્તગુરુએ જલદીથી એનો હાથ પકડીને પ્રેમથી ઊઠાડયો અને સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ એવા એને ભેટીને આનંદથી જે બોલ્યા એ અમૃત કથા આગળ ઉપર યોગીશ્વર અલખ કહેશે અને નિરંજન ભાવથી સાંભળશે. એ કથા સાંભળવાથી દત્તપ્રભુ પ્રસન્ન થશે. (૧૨૭-૧૨૮). આ અધ્યાયમાં યોગચર્યા વગેરેનું વર્ણન કર્યું છે અને જ્ઞાનયોગનું વિસ્તારથી વર્ણન કરીને શંકાનું નિવારણ કર્યું છે. (૧૨૯). આ તો ગુરુદેવની જ બલિહારી છે કે જે આ પ્રમાણે બોલાવે છે. બિચારો બાપડો રંગ તો આમાં શું જાણે? એ તો કેવળ ગુરુનું નામ જપ્યા કરે છે. (૧૩૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યોગચર્યાદિકથન'** નામનો **ઓગણીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદ ટીપ :

અધ્યાય : ૧૯

(૧) ક્રિયા કરવી અને તે પાછળની સમજ કેળવવી એ બંને જરૂરી છે. સમજવું એટલે જીવનમાં ઉતારવું, એ પ્રકારે જીવનનો વ્યવહાર ગોઠવવો. આવી સમજ વિના ક્રિયા કર્યા કરનાર કર્મઠ થઇ જાય. ક્રિયાયોગ એ આપણા શરીર જેવો છે, જ્યારે જ્ઞાનયોગ એ એનો આત્મા છે. બંનેનું મહત્ત્વ છે પરંતુ આત્માનું મહત્ત્વ શરીરની અપેક્ષાએ વધારે છે.

આ અધ્યાયમાં યમ, નિયમ વગેરેના લક્ષ્યાર્થ સમજાવ્યા છે. પ્રાણાયામમાં શ્વાસ લેવો (પૂરક), લીધેલો શ્વાસ રોકવો (કુંભક) અને શ્વાસ (ઉચ્છવાસ) છોડવો (રેચક). ક્રિયા છે એવી પરંતુ શ્વાસ લેવો એટલે બુદ્ધિપૂર્વક ચિદાત્માનું બુદ્ધિથી અંતરમાં ગ્રહણ કરવું, શ્વાસ રોકવો (કુંભક) એટલે આ તત્ત્વનું સ્થિરીકરણ કરવું અને શ્વાસ છોડવો (રેચક) એટલે આ નામ-રૂપ બધું માયિક છે એમ સમજી, તેનો ત્યાગ કરવો. આવું સમજ્યા વગરના પ્રાણાયામથી લક્ષ્ય સિદ્ધ થતું નથી. **સમજવું એટલે જાણ્યા મુજબ જીવવું.**

(૨) આત્મા જ્યોતિ સ્વરૂપ છે, એ સ્વયં પ્રકાશિત છે. આમ છતાં અજ્ઞાનની આડાશને કારણે આ પ્રકાશ દેખાતો નથી. આ અજ્ઞાન દૂર થાય તો પ્રકાશરૂપ આત્માના દર્શન થાય. શ્રવણ, મનન, નિદિધ્યાસન, અષ્ટાંગ યોગ વગેરે દ્વારા બુદ્ધિને નિર્મળ કરી અજ્ઞાન દૂર કરવાનો પ્રયાસ થાય છે. ખનીજ તો ધરતીમાં હોય જ છે, ફક્ત માટી અને પથ્થરથી એ ઢંકાયેલું છે તે માટીને અને પથ્થરને ખસેડવાના છે.

(૩) રૂને સૂર્યના તાપમાં મૂકી રાખીએ તો એ ગરમ થાય પણ સળગી ના ઊઠે. પરંતુ સૂર્યના કિરણને સૂર્યકાંતમણિમાંથી પસાર કરીને રૂ ઉપર પાડીએ તો તે સળગી ઊઠે છે. આમ સૂર્યના સીધા કિરણથી રૂ સળગે નહિ, પરંતુ સૂર્યકાંતમણિમાંથી પસાર થયેલા કિરણો એને સળગાવી મૂકે છે. આ જ રીતે જયારે આપણે ગાઢ નિદ્રા (સુષુપ્તિમાં) માં હોઇએ છીએ ત્યારે જીવને સ્વરૂપજ્ઞાન થાય છે અને તેથી આપણને ગાઢ નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે. પરંતુ અહીં જીવ સ્વસ્વરૂપમાં લીન થઇ જતો નથી, સમરસ થતો નથી, તેથી જાગ્રત અવસ્થામાં ફરી પાછો અજ્ઞાન દશાનો અનુભવ કરે છે. આમ સુષુપ્તિનું જ્ઞાન એ સામાન્ય જ્ઞાન છે, સૂર્યના કિરણ સીધેસીધા રૂ ઉપર પડે તેવું. જેમ રૂ બળતું નથી તેમ આવા સામાન્ય જ્ઞાનથી અજ્ઞાન નાશ પામતું નથી. પરંતુ નિદિધ્યાસ દ્વારા જ્ઞાનવૃત્તિ થવાથી અજ્ઞાન નાશ પામે છે અને આત્મા પરમાત્મામાં એકરસ થઇ જાય છે. ઉપાસના કાંડના અધ્યાય- ૧૨૨માં પૂ.શ્રીએ દૃષ્ટાંત આપ્યું છે તે આવું છે. એક ઘડામાં પાણી ભરી ઉપરથી બંધ કરી દઇએ. પછી એ ઘડાને સમુદ્રમાં ડૂબાડીએ તો ઘડો સમુદ્રમાં ડૂબે છે પરંતુ ઘડાનું જળ સમુદ્રના જળમાં ભળી જતું નથી. તેથી જયારે ઘડાને સમુદ્રની બહાર કાઢીએ ત્યારે ફરી પાછી મૂળ સ્થિતિ જ સર્જાય છે. ગાઢ નિદ્રામાં જીવને થતું સ્વસ્વરૂપનું જ્ઞાન આવું છે જે જાગ્રત અવસ્થામાં જતું રહે છે. આને બદલે સમુદ્રમાં ઘડો ડૂબાડી, પછી હાથમાં પથ્થર લઇ, એ પથ્થર ઘડાને મારીને, ઘડો ફોડી નાંખીએ તો હવે ઘડાનું જળ, સમુદ્રના જળમાં ભળી જશે અને ફૂટેલા ઘડાને બહાર કાઢતાં તેમાં જળ હશે નહિ. આ વૃત્તિ જ્ઞાન છે. લોહીનું પાણી કરે એવી તપશ્ચર્યા વગર અનુભવ થતો નથી અને કેવળ વાંચેલું કે લખેલું ખાસ લાભ કરતું નથી.

(૪) આ માયામય સંસાર રૂપી ઝાડની ડાળી ઉપર જીવ અને શિવરૂપી બે પક્ષી બેઠા છે. જીવ ગીધરૂપે અને શિવ હંસરૂપે બેઠા છે. આ બેમાં ફેર એટલો જ છે કે લંપટ જીવરૂપી ગીધ આ સંસાર રૂપી ઝાડના સુખ-દુ:ખરૂપી ફળ ચાખે છે જયારે શિવરૂપી હંસ ફળ જોયા કરે છે, પરંતુ ચાખતો નથી. ફળની ઇચ્છાથી કામ કરી પાપ-પુણ્ય અને તેના ફળ સ્વરૂપ સુખ-દુ:ખ ચાખે છે તે જીવ છે. ફળની ઇચ્છા છોડીને નિષ્કામ ભાવથી કર્મ કરે તેને પાપ-પુણ્ય કે તેના ફળ સ્વરૂપ સુખ-દુ:ખ ચાખવાં પડતાં નથી અને એ શિવરૂપ થઇ જાય છે, મુક્ત થઇ જાય છે.

●

નરમાંથી નારાયણ

રંગ પીલાવે અમૃત તે પી, બન નરમાંથી નારાયણ,
ભાવ, ભક્તિ, શ્રદ્ધાથી કર તું ગુરુલીલામૃત પારાયણ.
પારાયણથી પલમાં ટળશે, જન્મમરણની રામાયણ...ભાવભક્તિ.

સત્ત્વ, રજસ ને તમથી પર થઈ, અત્રિ જેવું જીવન હજો,
રાગ દ્વેષ ને કાઢ અસૂયા અનસૂયા સમ ભક્તિ હજો,
ત્યાગ, ભક્તિ, વૈરાગ્ય હોય ત્યાં, પ્રગટે છે અત્રિનંદન...ભાવભક્તિ.

સહુ ભ્રમણાનું મૂળ અવિદ્યા, બ્રહ્મ મળે તો ભ્રમ ટળે,
એ બ્રહ્મ હું પોતે એવા જ્ઞાન વિના નવ મોક્ષ મળે,
કોણ હું ? ક્યાંથી આવ્યો ? ને ક્યાં જવાનો એનું કર ચિંતન...ભાવભક્તિ.

સુખ - વૈભવની છોળો ઉછળે, અર્જુન જેવું જીવન હજો,
દુઃખના ડુંગર તૂટી પડે ત્યારે અલર્ક સમ સત્સંગ હજો,
આયુ સમ નિષ્કામ બનો તો, નડે નહિ માયા-બંધન...ભાવભક્તિ.

અર્જુન, અલર્ક, આયુ જેવી હોય નહિ તુજમાં શક્તિ,
તંતુક જેવી ગુરુચરણમાં અનન્ય તારી હો ભક્તિ,
સઘળા દેવો, સઘળા તીર્થો, વસી રહ્યા સદ્‌ગુરુચરણ...ભાવભક્તિ.

વંધ્યા પ્રસવે પુત્ર વળી ને સતી પતિ જીવતો થાયે,
સૂકા કાષ્ટને ફૂટે પાંદડાં પેટ પીડા પળમાં જાયે,
જેવી જેની હોય ભાવના, તેવી સિદ્ધિ મળે તત્ક્ષણ...ભાવભક્તિ.

દત્તપ્રભુ જેની સંગાથે હરહંમેશાં વાત કરે,
વાસુદેવ સ્વામી જેની આજ્ઞા વિણ એકે ડગ ન ભરે,
ભક્તને વશ આ જુઓ જગતમાં, પ્રભુ સ્વીકારે છે બંધન...ભાવભક્તિ.

જ્ઞાન, કર્મ ને ઉપાસનાનો આ ત્રિવેણી સંગમ છે,
ગુરુલીલામૃત પાને પાને ગુરુનાં દર્શન હરદમ છે,
પાપીગણ જો સ્નાન કરે તો, પલમાં થઈ જાયે પાવન...ભાવભક્તિ.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

ભજન

પૂ.શ્રીનો મુકામ સરખેજ જામફળીમાં હતો ત્યારે પૂ. શ્રીને સ્વામી મહારાજે સ્વપ્નમાં દર્શન આપીને દત્તલીલાનું વર્ણન કરતો ગ્રંથ રચવાની આજ્ઞા આપી. હાથમાં ચરિતામૃત ઘટ આપી, માથે વરદ હસ્ત મૂક્યો. આ સ્વપ્ન દર્શનનાં આનંદના અનુભવનું વર્ણન કરતું આ ભજન રચાયું.

ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં- ટેક
બ્રહ્માહરિહરમૂર્તિ મનોહર, દંડકમંડલુ શોભિત વર[1] કર;
કંથાકૌપીન અક્ષમાલધર[2], સુરવર ધાયા. વિઘ્નો...૧.
આનંદાબ્ધિ ઉર છલકાએ, દુઃખનામ ક્યાંયે ન જણાએ;
આધિવ્યાધિ સહુ મન ગભરાએ, સુકૃત ફાલ્યાં. વિઘ્નો..૨.
વાણી સુધાસમ[3]શી મધુરી આ, જાણે કુસુમો મુખદ્રુમ[4]ખરિયાં;
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયાં, મનસુખ પામ્યા. વિઘ્નો..૩.
સ્વાગતની શી કરું તૈયારી ? તનમનધન સહુ તુજ પર વારી !
જ્યાં દેખું ત્યાં તુજ બલિહારી, રંગ ચઢાયા !!વિઘ્નો..૪.

૧. સુંદર ૨. રુદ્રાક્ષની માળા ધારણ કરનાર ૩. અમૃત જેવી ૪. વૃક્ષ

રંગ અવધૂત

•

રંગપત્રમંજૂષામાંથી

ભાઈ અંબાલાલ,

અમદાવાદ, ૩૦-૯-૨૪

દસબાર દિવસ નર્મદાતટે ફરી, કાલે સ્હાંજે ઘેર આવ્યો. કબીરવડ વગેરે સ્થળો જોયાં. દૃશ્યફળમાં વાસુદેવાનંદ સરસ્વતીએ લખેલા ન્હાના મોટા મળીને દસબાર ગ્રંથો જોવા મળ્યા. એક ગ્રંથ દત્તપુરાણ ભેટ મળ્યો. મેં તો સ્વામીજીનો - દત્ત મહારાજનો પ્રસાદ જ માની લીધો. અદૃશ્ય ફળ વર્ણવ્યું જાય તેમ નથી.

બ્હેન મૂળી,

એક વખત તેં મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો. ગુરુલીલામૃત એ સાત્ત્વિક વિનંતીનું જ ફળ છે. એમાંનો શિષ્ય નિરંજન તે તું જ છે એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વીજળી ભરેલી છે.

ભાઈ મોદી,

આપણો ગ્રંથ પૌરાણિક નથી, ઔપાસનિક છે. એનો મૂળ આધાર ફાવે તેણે, ફાવે તેમ મચડી નાંખેલાં પુરાણો નથી, પણ અનેક સંતોની દૈવી પ્રેરણા અને સ્વયંપ્રભ આત્મચિત્કલા તથા દત્તપુરાણ, દત્તમાહાત્મ્ય (મરાઠી ને સંસ્કૃત), દત્તાત્રેય સર્વસ્વ વ. તેમજ યામલગ્રંથો અને ત્રિપુરારહસ્યાદી પ્રસિદ્ધ અનેક પ્રાસાદિક ગ્રંથો છે. કોઈપણ પાનું ઉઘાડતાં અવધૂત માત્ર લહીયો છે, લખાવનાર બીજો છે, અવધૂત યંત્ર છે, યાંત્રિક કોઈ બીજો જ છે એ વાત સહૃદય વાચકના ધ્યાનમાં આવ્યા વગર નહિ રહે. પણ આ બધું તમારે માટે લખ્યું છે. એનો ઉપયોગ કરવા નથી લખ્યું. પંડિતો અને વિદ્વાનો માટે તો મારે બે હાથ ને ત્રીજું માથું જ અર્પવાનું છે અને તે મેં જાહેર રીતે પ્રથમાધ્યાયમાં અર્પી જ દીધું છે.

•

રંગ અવધૂત